| ૬૫૮ | ગાળ સાંભળું પણ ગાળ દઉં નહીં. | ૪૭૬ | ૬૮૪ | ધર્મમિત્રમાં માયા રમું નહીં. | ૪૯૦ |
| ૬૫૯ | શુક્લ એકાંતનું નિરંતર સેવન કરું છું. | ૪૭૭ | ૬૮૫ | ચતુર્વર્ણી ધર્મ વ્યવહારમાં ભૂલીશ નહીં. | ૪૯૧ |
| ૬૬૦ | સર્વ ધાક મેળાપમાં જઉં નહીં. | ૪૭૭ | ૬૮૬ | સત્યવાદીને સહાયભૂત થઈશ. | ૪૯૨ |
| ૬૬૧ | ઝાડ તળે રાત્રે શયન કરું નહીં. | ૪૭૭ | ૬૮૭ | ધૂર્ત્ત ત્યાગને ત્યાગું છું. | ૪૯૨ |
| ૬૬૨ | કૂવા કાંઠે રાત્રે બેસું નહીં. | ૪૭૮ | ૬૮૮ | પ્રાણી પર કોપ કરવો નહીં. | ૪૯૨ |
| ૬૬૩ | ઐક્ય નિયમને તોડું નહીં. | ૪૭૮ | ૬૮૯ | વસ્તુનું તત્ત્વ જાણવું. | ૪૯૩ |
| ૬૬૪ | તન, મન, ધન, વચન અને આત્મસમર્પણ કરું છું. | ૪૭૮ | ૬૯૦ | સ્તુતિ, ભક્તિ, નિત્યકર્મ વિસર્જન કરું નહીં. | ૪૯૪ |
| | | | ૬૯૧ | અનર્થ પાપ કરું નહીં. | ૪૯૫ |
| ૬૬૫ | મિથ્યા પરદ્રવ્ય ત્યાગું છું. | ૪૭૮ | ૬૯૨ | આરંભોપાધિ ત્યાગું છું. | ૪૯૬ |
| ૬૬૬ | અયોગ્ય શયન ત્યાગું છું. | ૪૭૯ | ૬૯૩ | કુસંગ ત્યાગું છું. | ૪૯૬ |
| ૬૬૭ | અયોગ્ય દાન ત્યાગું છું. | ૪૭૯ | ૬૯૪ | મોહ ત્યાગું છું. | ૪૯૯ |
| ૬૬૮ | બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજું નહીં. | ૪૮૧ | ૬૯૫ | દોષનું પ્રાયશ્ચિત્ત કરીશ. | ૫૦૦ |
| ૬૬૯ | દાસત્વ—પરમ—લાભ ત્યાગું છું. | ૪૮૧ | ૬૯૬ | પ્રાયશ્ચિત્તાદિકની વિસ્મૃતિ નહીં કરું. | ૫૦૩ |
| ૬૭૦ | ધર્મધૂર્ત્તતા ત્યાગું છું. | ૪૮૨ | ૬૯૭ | સઘળાં કરતાં ધર્મવર્ગ પ્રિય માનીશ. | ૫૦૫ |
| ૬૭૧ | માયાથી નિવર્તું છું. | ૪૮૪ | ૬૯૮ | તારો ધર્મ ત્રિકરણ શુદ્ધ સેવવામાં પ્રમાદ નહીં કરું. | ૫૦૭ |
| ૬૭૨ | પાપમુક્ત મનોરથ સ્મૃત કરું છું. | ૪૮૪ | | | |
| ૬૭૩ | વિદ્યાદાન દેતાં છલ ત્યાગું છું. | ૪૮૫ | ૬૯૯ | (આ સ્થાને વાક્ય નથી). | ૫૦૭ |
| ૬૭૪ | સંતને સંકટ આપું નહીં. | ૪૮૫ | ૭૦૦ | (આ સ્થાને વાક્ય નથી). | ૫૦૭ |


શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ.
ભાદરવા સુદ ૬, સં.૨૦૦૭

''પ્રશ્ન—કૃપાળુદેવે વચનામૃતમાં કહ્યું છે કે —
**''વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો''** આનો અર્થ શો હશે?
પૂજ્યશ્રી કહે—તત્ત્વજ્ઞાનમાં કૃપાળુદેવે મહાનીતિના સાતસો વચનો (વચન સપ્તશતી) લખ્યાં છે તેનું અવલોકન કરવું. તેમાં સ્ત્રીને કેમ વર્તવું? પુરુષને કેમ વર્તવું? મુનિ આદિને કેમ વર્તવું? એ બધું છે. તે વિચારવું.''

—પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત નોટ-૧ (પૃ.૧૧૭)



શ્રીમદ્ રાજચંદ્ર


અનેક વ્યક્તિઓના હિતાર્થે સાતસો મહાનીતિનું
સર્જન કરતા શ્રીમદ્ રાજચંદ્ર
શ્રીમદ રાજચંદ્ર



# સાતસો મહાનીતિ

## ૧. સત્ય પણ કરુણામય બોલવું.

કૃપાળુદેવે આ સૂત્રો લખ્યા છે. તેના ઉપર કોઈ ટીકા લખે તો વિસ્તાર થાય.

જેમાં સ્વહિત અને પરહિત સમાયેલું હોય એવું સત્ય બોલવું, પણ તે કરુણામય બોલવું. જેમ કોઈ કાણો હોય, તેને તું કાણો છે એમ કહેવું તે કરુણામય સત્ય નથી. તેમ કહેવાથી તે જીવની પર્યાય દૃષ્ટિ હોવાથી તેના આત્મામાં દુઃખ થાય, તેની લાગણી દુભાય. માટે કહેવું તો એમ કહેવું કે આંખ શાથી ગઈ? કે આંખે શું થયું? વગેરે કરુણામય સત્ય કહેવું.

વનમાં કોઈ દિશામાં હરણો ગયાની જાણ હોય અને શિકારી આવી પૂછે કે હરણાં કઈ દિશામાં ગયા? ત્યાં પોતે સત્ય દિશા બતાવે તો તે અસત્ય છે. કારણ કે તે દિશામાં જઈ તેને તે નક્કી મારી નાખે. માટે સત્ય પણ કરુણામય બોલવું. કર્મનો બંધ આપણા આશય સાથે છે.

જેમ એક બીજ વાવ્યું હોય અને છોડ ઊગે, તેની રક્ષા માટે વાડ કરે તેમ અહિંસારૂપ છોડ ઉછેરવા માટે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગ એ ચાર વાડો છે.

સમકિતનાં પાંચ લક્ષણો કૃપાળુદેવે લખ્યા છે. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા (કરુણા).

સમકિત પ્રગટાવવા પોતાના આત્માની પણ કરુણા રાખી સત્ય બોલવું. જેમકે જેટલા ક્રોધાદિ કષાય પોતે ન કરે પણ શમાવે તેટલો શમ અને જેટલી અહિંસા કે અનુકંપા-કરુણા રાખી તેટલી પોતાના આત્માની દયા ખાધી ગણાય. એમ વિચારે કે '' ક્રોધાદિથી કર્મ બંધાત તો મારો આત્મા રીબાત.'' કારણ કે આત્માના સ્વભાવને ભૂલવો તે ભાવમરણ છે.

**''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?''** -શ્રીમદ્ રાજચંદ્ર

ક્રોધાદિ થાય ત્યારે આત્માનું માહાત્મ્ય ભૂલી જવાય છે અને દેહ તે હું એમ પરનું માહાત્મ્ય જીવને થઈ જાય છે. તે વખતે એમ વિચારવું કે ક્રોધાદિ પર વસ્તુ છે, તે મારો સ્વભાવ નથી. હું તો માત્ર તેનો જાણનાર જ્ઞાતા દ્રષ્ટારૂપે છું. એમ તટસ્થ રહે તો કષાય ન થાય. એમ આત્મામાં રહે તો આત્માને હિંસાથી બચાવી તેની દયા ખાધી ગણાય.

**આત્મસિદ્ધિમાં — ''કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.''** -શ્રીમદ્ રાજચંદ્ર

આખી આત્મસિદ્ધિ કરુણામય સત્યનું દૃષ્ટાંત છે. જીવોની કરુણા ઊપજવાથી પરમકૃપાળુદેવે આ સત્ય પ્રકાશ્યું છે.



## ૨. નિર્દોષ સ્થિતિ રાખવી.

પુષ્પમાળાના ૧૦૭ પુષ્પમાં **'દોષને ઓળખી દોષને ટાળવા'**- એમ કહ્યું તેના ફળરૂપે આ સૂત્ર કહ્યું કે **'નિર્દોષ સ્થિતિ રાખવી'**. નિર્દોષ સ્થિતિ રાખવી હોય તો પહેલાં દોષો ઓળખવા પડે અને પોતાનામાં હોય એટલા ટાળવા પડે. દોષ ટાળવાનો ક્રમ હાથ ધર્યો હોય તો તેનું ફળ નિર્દોષ સ્થિતિ આવે. કર્મોને લઈને અનંત દોષો છે. અનંત પ્રકારના કર્મોમાંથી મુખ્ય આઠ પ્રકારના કર્મ કહ્યાં. તેમાં મોહનીય કર્મ મુખ્ય કહ્યું. જેને દોષો ટાળવાનો ઉપાય કરવો છે તેણે મોહનીય કર્મનું સ્વરૂપ સમજવું જોઈએ. તેમાં પહેલો દર્શનમોહ ટાળવો જોઈએ. તે ટાળવા માટે પહેલાં સત્પુરુષનાં બોધની જરૂર છે. પ્રભુશ્રીજી કહેતા-'શ્રવણે નાણે વિન્નાણે'. શ્રવણથી જ્ઞાન થાય અને જ્ઞાનથી વિજ્ઞાન થાય છે. માટે પ્રથમ શ્રવણ કરે એટલે સાંભળે. સાંભળવાથી હિત અહિત શું છે તેનું ભાન થાય. પછી સદ્‌ગુરુ કે જેમને ભેદજ્ઞાન છે તેમણે પોતાના અનુભવ દ્વારા દેહને આત્મા ભિન્ન છે એમ જણાવ્યું. તેનો ખૂબ ઊંડો વારંવાર વિચાર કરે તો એને પોતાને પણ પોતાના આત્માની ઓળખાણ થાય. તે વિજ્ઞાન અથવા સમ્યક્‌જ્ઞાન છે. તે સમ્યક્‌જ્ઞાનથી જ જીવને નિર્દોષ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

## ૩. વૈરાગી હૃદય રાખવું.

હૃદયમાં ઊંડામાં ઊંડુ શું છે? વૈરાગ્ય. પ્રભુશ્રીજીએ હૃદય ચોખ્ખું કરી રાખ્યું છે. અંદરમાં હૃદય હથેલી જેવું ચોખ્ખું કરી મૂક્યું છે. હથેળીની બીજી બાજુ વાળ ઊગે પણ અંદર બાજુ રોમ માત્ર પણ ઊગે નહીં. તેમ ઉદયાધીન બહાર ગમે તેમ દેખાય, લેવું, દેવું, વ્યવહાર, વેપાર વગેરે; પણ અંદરથી ખારી જમીન જેવું કરી દેવું કે જેથી જગતની વસ્તુઓ પ્રત્યે મોહ કે વિષય વિકારના ભાવો ઊગે નહીં. પરમકૃપાળુ દેવે કહ્યું છે કે **''બાહ્ય ભાવે જગતમાં વર્તો અને અંતરંગમાં એકાંત શીતલીભૂત-નિર્લેપ રહો.''** (વ.પૃ.૧૯૪) એમ આત્માનો શીતલીભૂત સ્વભાવ, પાણી જેમ ઠંડુ હોય તેવો છે, તેમ રહેવું. બાહ્યમાં વર્તતા છતાં ગમે તેવા નિમિત્ત આવે તો પણ અંતરમાં શીતલીભૂત રહેવું. ગૃહસ્થવેશમાં વર્તવું પડતું હોય ત્યારે જેમ ઢોંગી લોકો ઉપરથી ઉદાસીનતા બતાવે તેમ આપણે અંતરંગમાં નિઃસ્નેહપણું કે વૈરાગી હૃદય રાખવું. જેથી ઉપરથી તો સંસારી કે વહેવારી દેખાય અને ધર્મનો ડોળ ન થાય, તથા અંદર ધર્મ છે તેની ખબર ન પડે. ઘરના સ્નેહીઓ વગેરે આપણી અંતરંગ વૈરાગ્યદશા જાણે તો તે બાહ્યદૃષ્ટિવાળા હોવાને લીધે ખેદ કરે અથવા તો મોહમાં ખેંચવાનો પ્રયત્ન કરે. જેથી પોતાને કરવું છે તેમાં વિઘ્ન આવે. માટે ગુપ્ત આચરણ અંતરમાં રાખવું. જો કે તે ભયંકર દશા છે, ઘણું મુશ્કેલ કામ છે. **''વ્યવહારમાં વર્તી અપ્રેમ (ઉદાસ) દશા રાખવી તે ભયંકર વ્રત છે''** -શ્રીમદ્ રાજચંદ્ર. (વ.પૃ.૪૪૯)



**પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનું દૃષ્ટાંત –** અયોધ્યાના રાજા હરસિંહના પુત્ર પૃથ્વીચંદ્ર હતા. તે બાળપણથી જ વૈરાગી હતા. છતાં માતાપિતાના આગ્રહથી સોળ કન્યા સાથે લગ્ન ગ્રંથિથી જોડાયા હતા. પણ મન જળકમળવત્ હતું. પુત્રને સંસારમાં મોહ થાય માટે રાજા રાજગાદી આપે છે.

એક દિવસ સિંહાસન પર બેસી પૃથ્વીચંદ્ર ચિંતનમાં ડૂબ્યા છે. ત્યાં એક સુધન નામનો વ્યાપારી આવ્યો. તેમણે એક અદ્‌ભુત



કૌતુક જોયું. તેનું વર્ણન તે પૃથ્વીચંદ્ર પાસે કરતાં જણાવે છે કે—

ગજપુર ગામમાં રત્નસંચય નામના શેઠને ગુણસાગર નામનો પુત્ર છે. બાળપણથી ઉચ્ચ સંસ્કારી છે. સંસાર પ્રત્યે ઉદાસીન રહે છે. માતાપિતા લગ્નની વાત મૂકતા તે કહે—જો લગ્ન કરીશ તો પણ બીજે દિવસે દીક્ષા લઈશ. કન્યાઓએ તે જાણ્યું છતાં તેની સાથે પરણવા તૈયાર થઈ. ચોરીમાં લગ્ન વિધિ ચાલી રહી છે, ત્યાંજ ગુણસાગરનો આત્મા ચિંતન કરતો ક્ષપકશ્રેણી માંડે છે અને કેવળજ્ઞાન પામે છે. આવા ઉત્તમ પતિને પામી આઠેય કન્યાઓ પણ શુભ ભાવ ભાવતાં કેવળજ્ઞાનને પામી.



સુધનના મુખથી આવું મંગળમય વૃત્તાંત સાંભળતા પૃથ્વીચંદ્ર પણ ચિંતનમાં પડી જઈ કેવળજ્ઞાનને પામે છે. (દિવ્ય જીવનના પગલે પગલેમાંથી)

માટે અંતરમાં વૈરાગ્ય હૃદય રાખવું એમ પરમ કૃપાળુદેવ જણાવે છે.

## ૪. દર્શન પણ વૈરાગી રાખવું.

ત્યાગ દશા આવ્યે સાધુ થાય ત્યારે સંસારી સંબંધ છૂટી જવાથી સંસારી ફરજોથી મુક્ત થયા. માટે હવે જેવું હૃદયમાં હોય તેવું જ ઉપર રાખવું. જેથી બીજાને પણ એનાં દર્શન કરતાં વૈરાગ્યની છાપ પડે.

## ૫. ડુંગરની તળેટીમાં વધારે યોગ સાધવો.

એકાંત સ્થાનમાં પરમાત્મા સાથેનો યોગ એટલે જોડાણ કરવું; અર્થાત્ જગત ભૂલી પ્રભુમાં તન્મય થવું. બહિરાત્મપણું મૂકી અંતરાત્મા થઈ પરમાત્મામાં તન્મયપણું સાધવું તે યોગ છે.

પહેલાં હું દેહ છું, તેને આધારે દેહને સુખે સુખી ને દેહને દુઃખે દુઃખી એમ પોતાને માનતો હતો; તે બહિરાત્મપણું મૂકીને હવે જ્ઞાતાદ્રષ્ટા એવો હું આત્મા છું એમ અંતરાત્મા થયો. અંતરાત્માની ભૂમિકામાં જીવનું લક્ષ ક્યાં છે? તો કે પરમાનન્દમય - પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં. માટે તેમાં લીન થવાનો પુરુષાર્થ કરે છે. જ્યારે આત્મા નિર્વિકલ્પ પરમાનંદભાવમાં રહે છે ત્યારે તેને જ તે સુખ માને છે. પહેલાં દેહના આધારે સુખી દુઃખી થતો હતો તે પલટાઈ ગયું. હવે તો પરમાનંદમય આત્મભાવ છૂટી જાય ત્યારે એને ગમે નહીં.

પ્રભુશ્રીજી કહે - આ બધાને કેમ ગમતું હશે? એમને તો જેમ બને તેમ ત્વરાથી એ આત્માના સ્વરૂપમાં જવા ઇચ્છા થાય છે. પણ બીજાને દેહભાવમાં ગમ્મત પડતી હોય ત્યાં સુધી પોતાના આત્માના સુખસ્વરૂપમાં જવાની ઉતાવળ ક્યાંથી થાય? પ્રભુશ્રીજી ઉપર કૃપાળુદેવે લખેલા પત્રમાં, ધ્યાનમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય કરવો અને ફરી પાછું ધ્યાનમાં ચાલ્યા જવું; એમ યોગ સાધવાનો ઉપદેશ છે.

## ૬. બાર દિવસ પત્નીસંગ ત્યાગવો.

સુદ અને વદની બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારસ, બે ચૌદસ,પૂનમ અને અમાસ, મહિનામાં એ બાર દિવસ ગૃહસ્થે બ્રહ્મચર્ય પાળવાની શરૂઆત કરવી. પવિત્ર દિવસોએ બ્રહ્મચર્યની



ભાવના પોષવા યોગ્ય છે. પ્રમાદી જીવો જે નિરંતર ધર્મ ન કરી શકે તેને જગાડવા માટે આ બાર તિથિઓએ તો ધર્મ કરવો જ. જો કે ધર્મ તો નિરંતર કરવા યોગ્ય છે. મુનિઓને તો બધા દિવસ ધર્મ માટે જ છે. **''નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગ્રત રહે.''** (વ.પૃ.૪૫૧) બબ્બે દિવસને આંતરે બીજ, પાંચમ, આઠમ વગેરે મૂક્યાં છે. સંસારના કામ પતાવીને ધર્મની ભાવના રાખે કે આ તિથિ આવવાની છે. સારી રીતે તિથિ ગાળી હોય તો એની અસર એક દિવસ પણ રહે. બીજા એક દિવસ પછી બીજી તિથિ પાંચમ આવવાની છે, તેથી બીજે દિવસે વળી ભાવના રહે કે તે દિવસ શી રીતે ગાળીશું. એમ બીજો દિવસ પણ ધર્મધ્યાનમાં જાય. ધર્મના સંસ્કાર નિરંતર ચાલુ રહે તે માટે આ બાર તિથિઓ રાખી છે.

પરમકૃપાળુદેવે જણાવ્યું કે - **''એક વિષયને જીતતાં જીત્યો સહુ સંસાર.''** એક સ્પર્શેન્દ્રિયને જીતતાં બધી ઇન્દ્રિયો જિતાય છે. ઇન્દ્રિયો મન બધાને વશ રાખવાની જરૂર છે. ''ઉપમિતિ ભવ પ્રપંચ'' ગ્રંથમાં સ્પર્શેન્દ્રિયને વશ જીવોને કેટલાં બધાં દુઃખ ભોગવવા પડ્યા તેનું વર્ણન છે; તે સ્પર્શેન્દ્રિયને જીતવા માટે કહ્યું છે.

## ૭. આહાર, વિહાર, આળસ, નિદ્રા ઇ૦ ને વશ કરવાં.

આહાર સૌથી પહેલો અલ્પ કરવો. આહારની અસર શરીર તથા મન પર થાય છે. વધારે ખાધું હોય તો પચાવવા માટે ફરવું પડે; નહિં તો આળસ થાય કે નિદ્રા આવે. માટે પહેલાં આહાર સાચવવો જોઈએ. પછી વિહાર કહ્યો. વિહાર પણ વધારે કરે તો થાકી જાય અને બહુ ઊંઘ આવે. જેને કામ ન હોય અને આળસ હોય તો ઊંઘ પહેલી આવે છે. કામ લઈને બેસે અને આળસ ન હોય તેની પાસેથી ઊંઘને ખસવું પડે. જેમ વૃદ્ધાવસ્થા મરણની આગાહી છે તેમ આળસ, બગાસા ઊંઘના આગાહી છે.

નિદ્રા આદિને આપણે વશ થઈ જઈએ છીએ. તેને બદલે આપણને વશ તે રહે તેમ કરવાની જરૂર છે. જરૂર પડે તો આખી રાત જાગી શકાય. પોતાને વશ આહાર, વિહાર, આળસ, નિદ્રાદિ કર્યા હોય તો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તી શકાય. પછી તે વિઘ્ન ન કરે. જેમ આસનનો જય જેને થયો હોય તે બેઠો હોય તો તેની તે સ્થિતિમાં આખી રાત કે કલાકોના કલાકો બેસી શકે કે ઊભો હોય તો ઊભો રહી શકે. તેને આસનફેર કરવાની જરૂર ન પડે. એવી ટેવ પડી ગઈ હોય તેને શરીરની ચિંતા મનમાં પ્રવેશ કરતી નથી. એવા જીવો કાઉસ્સગ્ગ કરે તો ચિત્ત, શરીરને કારણે ચંચળ રહેતું નથી પણ સ્થિર રહે છે.

**આહાર** — ઉપવાસ વગેરે આહાર જય કરવા માટે છે. આહાર ન મળ્યો હોય તો પણ રોજની પેઠે તેનો નિયમિત કાળ જાય. ક્ષુધા (ભૂખ) તેને વિઘ્ન ન કરે. મુનિઓ મહિનાઓ સુધી કે આખું ચોમાસું આહાર લેતા નથી અને ધર્મધ્યાનમાં લીન હોય છે, કારણ એવો અભ્યાસ કરેલ છે. મહાવીર ભગવાન અનાર્ય-મ્લેચ્છ ભૂમિમાં ગયેલા. ત્યાં અચિત્ત, નિર્દોષ આહાર ન મળે એટલે આહાર વિના એમ ને એમ ચલાવતા અને ઉપસર્ગો પણ વધારે પડતા, કારણ કે તે અનાર્ય લોકો નિર્દયી હતા.

**વિહાર** — વિહાર પણ વશ જોઈએ. ચાલવું હોય તો ગમે એટલું ચાલી શકાય અને સ્થિર રહેવું હોય તો સ્થિર રહી શકે, શરીર અકડાઈ ન જાય. કેટલાકને એમ હોય છે કે ફર્યા વિના ચાલે નહીં. પણ જ્યારે સ્થિતિ કે વિહાર કોઈ વિઘ્નકારક ન થઈ શકે ત્યારે એ વશ થયા કહેવાય.

**આળસ** — કરવા યોગ્ય કામમાં અનાદર થાય તે આળસ; પણ આત્મજાગૃતિ રહે તો તે આળસ એટલે પ્રમાદનો જય કર્યો કહેવાય. પરમકૃપાળુદેવે કહ્યું - **''હે શિથિલતા ! (પ્રમાદ) તમે શા માટે અંતરાય**



**કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ, અનુકૂળ થાઓ.''** (વ.પૃ.૮૨૩) એટલે ઇન્દ્રિયોના વિષયોમાં જે ઉત્સુકતા છે તેને બદલે વિષયભોગોમાં શિથિલતા આવો અને ધર્મના કાર્યમાં હાલ શિથિલતા છે ત્યાં જાગૃત થાઓ. આત્મજાગૃતિ આવે તો એમ થાય કે બહુ ખાધું, બહુ પીધું, બહુ જોયું, બહુ ભોગવ્યું, હવે કોણ એની ઇચ્છા કરે! એવી કોઈ મનમાં વિષયોની વૃત્તિ ઊઠે તો થાય કે જવા દે હવે, કોણ એ પંચાતમાં પડે. વિષયકષાય પ્રત્યે આવી શિથિલતા આવે તો તે કામની છે. જેને એ આવે, તેને ઉનો પવન આવતો હોય તો કોણ બારણું વાસવા જાય, થોડું સહન જ કરી લેવા દે, એમ થાય.

**નિદ્રા** – વ્યવહારમાં ઊંઘવુ અને પરમાર્થમાં જાગ્રત રહેવું.

**''વ્યવહાર સૂતો મૂકે, તો જાગે આત્મકાર્યમાં;**
**ચિંતવે વ્યવહારો જે, તે ઊંઘે આત્મકાર્યમાં;''** –શ્રી સમાધિશતક

કેવળજ્ઞાનીઓ જેમના ચારેય ઘાતિ કર્મનો ક્ષય થયો છે તે ઊંઘતા નથી. જેને જેને એ દર્શનાવરણીય વગેરે કર્મનો ક્ષય કરવો છે તે પણ નિદ્રાની સામે પડે છે.

**'નિશદિન નયનમેં નીંદ ન આવે, તબ નરહી નારાયણ પાવે.''**

સાધક શું કરે છે? જેને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તે—

**''અહર્નિશ અધિકો પ્રેમ લગાવે, જોગાનલ ઘટમાંહિ જગાવે;**
**અલ્પ આહાર આસન દઢ ધરે, નયન થકી નિદ્રા પરહરે. ''** –શ્રી ચિદાનંદજી

(**'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં'** તેના જેવું છે. જોગાનલ=યોગરૂપ અગ્નિ)

**અર્થ** – રાત્રિ દિન ધ્યાન વિષયમાં ઘણો પ્રેમ લગાવ્યાથી યોગરૂપ અગ્નિ જે કર્મને બાળી દેનાર છે તેને ઘટમાં જગાવે. હવે તેને સહાયક એવા સાધન બોધે છે —

થોડો આહાર અને આસનનું દૃઢપણું કરે. પદ્મ, વીર, સિદ્ધ કે ગમે તેવું આસન કે જેથી મનોગતિ વારંવાર ન ખેંચાય તેવું આસન આ સ્થળે સમજાવ્યું છે. એ પ્રમાણે આસનનો જય કરી નિદ્રાનો પરિત્યાગ કરે. અહીં પરિત્યાગ શબ્દથી દેશપરિત્યાગ સમજાવ્યો છે. મન, વચન, કાયાના યોગની સ્થિરતામાં જે નિદ્રાથી બાધ થાય છે તે નિદ્રા અર્થાત્ પ્રમત્તપણાનું કારણ એવી દર્શનાવરણીય કર્મથી ઉત્પન્ન થતી નિદ્રા અથવા અકાલિક નિદ્રા એટલે ગમે ત્યારે ઊંઘ આવી જાય છે તેનો ત્યાગ કરે.

પહેલી જરૂર પ્રમાદ ઓછો કરવાની છે. પ્રમાદના પંદર ભેદ છે — ૫ વિષય, ૪ કષાય, ૪ વિકથા, ૧ સ્નેહ અને ૧ નિદ્રા. આ પ્રમાદ ઓછો કરવો જ છે એટલું રહે તો વિચાર સ્ફુરે.

માટે આત્મહિત ઇચ્છનારે આહાર, વિહાર, આળસ, નિદ્રા ઇત્યાદિને વશ કરવાં.

## ૮. સંસારની ઉપાધિથી જેમ બને તેમ વિરક્ત થવું.

ગૃહસ્થ અવસ્થામાં પણ વેપારાદિકની ઉપાધિથી જેમ બને તેમ નિવૃત્તિ મેળવવી, એને નિવૃત્તિની ભાવના કહે છે. કૃપાળુદેવના પત્રમાં અનેકવાર આવે છે કે સર્વસંગ પરિત્યાગ ન બને તો વેપારરૂપ પ્રવૃત્તિથી તો નિવૃત્ત થવું અને સત્સંગ કરવો. **''જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે.''** (વ. પૃ. ૪૫૨)

**''તજ તજ બન્ને પરિગ્રહો, આરંભ ઝટ નિવાર;**
**પરિહર પરિહર મોહ તું, કર કર આત્મવિચાર.**



**નિષ્કારણ કરુણા કરી, સંત કરે પોકાર;**
**અગ્નિ આરંભ-પરિગ્રહ, બળી મરશો, નિર્ધાર.''** -પૂ. શ્રી બ્રહ્મચારીજી

## ૯. સર્વ - સંગ ઉપાધિ ત્યાગવી.

સર્વ સંગ ઉપાધિને ત્યાગી સાધુ થવું. બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ થવું.

**''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?'' અપૂર્વ૦**

**અર્થ** — અપૂર્વ સમકિત થતાં પહેલાં, પ્રથમ કોઈ કાળે નહીં થયેલો એવો ભાવ આવે તે. બાહ્ય અને અભ્યંતર ગ્રંથિ, બાહ્ય સગાં સંબંધી ધનધાન્ય આદિ; અભ્યંતર એટલે અંતરની મિથ્યા માન્યતા, વાસના, કષાય વગેરે. તે બધાને તપાસી મિથ્યાત્વજનિત મૂળ સહિત સૂક્ષ્મ વાસના ક્યારે કઢાશે? મહાપુરુષોનો માર્ગ - સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ - મોક્ષપંથ; વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ માને, જાણે અને પોતાના સ્વભાવમાં સ્થિર થાય, એ માર્ગે ક્યારે ચલાશે? (નિત્યનિયમાદિ પાઠ પૃ.૬૭)

## ૧૦. ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો.

ગૃહસ્થાશ્રમમાં રહેવું પડે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમની મર્યાદામાં રહેવું. બીજા સદ્ગૃહસ્થો વર્તતા હોય તેમ વર્તવું. ભીખ માગીને ગૃહસ્થ ન ખાય, પણ સાધુ ભીક્ષા લે. ગૃહસ્થાશ્રમ તે મુનિધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવાનો આશ્રમ છે. તેમાં મુખ્યપણે જ્ઞાની પુરુષોના ઉપદેશ અનુસાર ગૃહસ્થાશ્રમને યોગ્ય વર્તન કરવું. માયા કપટ કરવા નહીં. જેવું અંતરમાં હોય તેવું બહાર રાખવું. મુંબઈમાં કૃપાળુદેવને કોઈએ પૂછ્યું કે શ્રાવકોની નીતિ કેવી હોય? ત્યારે સામે રાજાબાઈ ટાવર દેખાતો હતો તે બતાવીને કૃપાળુદેવે કહ્યું કે - આ ન્યાયાધીશના કરેલા ફેંસલા પર લોકોને જેવો વિશ્વાસ હોય તેવો ઓછામાં ઓછો વિશ્વાસ લોકોને શ્રાવકો પર હોવો જોઈએ. શ્રાવક અનીતિમાં ન જ પ્રવર્તે એવું પ્રત્યેકના હૃદયમાં હોવું જોઈએ. જેમ ન્યાયાધીશ કાયદાને લઈને નીતિ પાળે તેમ સમજુ શ્રાવક ધર્માત્મા હોય, તે પોતાનું કરેલું પોતાને જ ભોગવવું પડશે એમ યથાર્થ જાણતો હોવાથી અન્યાયમાં કદી પ્રવર્તે નહીં, પણ ગૃહસ્થાશ્રમના આચાર પ્રમાણે વર્તે. આવો શ્રાવકનો ગૃહસ્થાશ્રમ વિવેકી હોવો જોઈએ.

## ૧૧. તત્ત્વધર્મ સર્વજ્ઞતા વડે પ્રણીત કરવો.

સર્વજ્ઞને આધારે સર્વ તત્ત્વધર્મ એટલે તત્ત્વનું સ્વરૂપ નિર્ણય કરીને કહેવા યોગ્ય છે. પોતાની બુદ્ધિથી નિર્ણય કરેલા પદાર્થો બુદ્ધિ ફરતાં જુદા રૂપે ભાસે છે. પણ સર્વજ્ઞના આધારે વસ્તુનું સ્વરૂપ જણાયું હોય તો વસ્તુનો જે સ્વભાવ ત્રણે કાળ રહેવાવાળો છે તેવો જ જણાય છે, તેથી ભૂલ રહેતી નથી. માટે આત્માદિ તત્ત્વોનો ધર્મ સર્વજ્ઞ પ્રણીત એટલે તેમના કહેલા સ્યાદ્વાદ વડે જ સમજવા યોગ્ય છે.

## ૧૨. વૈરાગ્ય અને ગંભીરભાવથી બેસવું.

ત્રીજું વાક્ય ''વૈરાગી હૃદય રાખવું'' અને ચોથું વાક્ય ''દર્શન પણ વૈરાગી રાખવું''. હવે આ બારમું વાક્ય વૈરાગ્ય સાથે ગંભીરભાવ રાખવા જણાવ્યું. કોઈ ઉત્તમ બોધનો હૃદયમાં પ્રવેશ થવાથી હૃદયમાં પ્રથમ વૈરાગ્ય આવે છે. તે ઉત્તરોત્તર આગળ વધી ગંભીરતા પ્રગટાવે છે. જેમકે પ્રથમ શ્રદ્ધા કે માન્યતા જીવને થાય તે હૃદયમાં રહે છે. પછી તે પ્રમાણે આચરણ થાય ત્યારે તે શ્રદ્ધા પ્રદર્શિત થાય છે



અને વિશેષ અભ્યાસના ફળસ્વરૂપ ઉત્તમ આચરણ જેમ જેમ થાય છે તેમ તેમ સહેજે બેસતાં, ઊઠતાં, ફરતાં પણ એ જ વૈરાગ્યમય દશા રહે છે અને પછી ગંભીરતા આવે છે.

**વૈરાગ્યથી બેસવું** - સામાન્ય રીતે વૈરાગ્યથી બેસવું એટલે કોઈ આવીને બેસે, ત્યારે કોઈ તેને કહે કે આ આસન પર બેસો. તો કહે, ના, હું તો આટલું કહેવા જ આવ્યો હતો, મારે તો જવું છે; એટલે એનો કહેવાનો ભાવ એમ છે કે મારે અહીં બેસી રહેવું નથી. તડકે કે ગમે ત્યાં બેઠો હોય પણ આટલું કામ પતાવીને મારે તો જતું રહેવું છે એમ તેના મનમાં હોય. તેમ જેને આ જિંદગીમાં મોક્ષનું જ કામ કરી લેવું છે એમ રહેતું હોય તે પછી બીજાું ગમે તેવું ખાવાપીવાનું હોય કે અનુકૂળતા પ્રતિકૂળતા હોય તેના તરફ લક્ષ આપતા નથી. માત્ર મોક્ષને અર્થે જ હું તો જન્મ્યો છું, એમ જેને ભાવ રહેતો હોય તે વૈરાગ્યથી બેઠો છે એમ કહેવાય. એને જન્મમરણ થાય એવા સંસારમાં બેસી રહેવું નથી પણ મોક્ષે જવું છે.

**ગંભીરભાવથી બેસવું** - ઉપર કહેલ વૈરાગ્યમાં મોક્ષે જવાની ઉતાવળ છે જયારે ગંભીરતામાં વિચાર છે, સહનશીલતા છે. ગંભીરતા હોય તો કશું કામ બગડે નહીં. વૈરાગ્ય હોય તેની સાથે ઉતાવળીયો સ્વભાવ હોય, ગંભીરતા ન હોય તો કંઈક ભૂલ કરી બેસે અને મોક્ષ લેવાને બદલે સંસાર વધારે, એમ થઈ જાય. જેમકે કોઈને ઉપલક વૈરાગ્ય આવ્યો હોય અને દીક્ષા લેવાનું મન થઈ ગયું હોય, ત્યારે તેમાં જે જે વિઘ્નરૂપ લાગતો હોય એવો છોકરો કે સ્ત્રી વગેરે મરી જાય કે ધન હોય તે લૂંટાઈ જાય એવી ઇચ્છા કરે તો પાપ બાંધે અને નરકે જાય. માટે સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જોઈએ. તે વૈરાગ્ય હોય પણ જો સાથે ગંભીરતા ન હોય તો વખતે આર્તધ્યાન થઈ જાય, વિઘ્ન કરતી વસ્તુઓનો વારંવાર વિચાર આવે અને ક્લેશિત પરિણામ થાય. પણ ગંભીરતા છે તે મૂળ વસ્તુ સમજાવનાર છે કે મેં પોતે જ બાંધેલા આ કર્મ છે. તે મારે પોતાને જ ભોગવવાના છે. ભોગવ્યા વિના છૂટે નહીં. એમ ગંભીરતા હોય તો વિચાર આવે અને સહન કરે. નહીં તો સંસારથી કંટાળેલો હોય અને કોઈ કંઈ કહી જાય તો તરત છંછેડાઈ જાય. જેમકે કોઈને ઉતાવળું કામ હોય અને કંઈ પૂછવા આવે, સલાહ લેવા આવે તો એને લાગે કે આ બધા મારો જીવ ખાય છે. પણ ગંભીર સ્વભાવ હોય તો જેવો પ્રસંગ આવી પડે ત્યાં કેમ વર્તવું તે સમજે છે અને તેનો ઉકેલ લાવે છે, પણ મુંઝાય નહીં અને એમ જાણે કે આ તો મારા જ પૂર્વ કર્મનો દોષ છે. તેનું અત્યારે આ ફળ આવ્યું છે. પણ ફરી નવો સંબંધ રાગ, દ્વેષ, આસક્તિ કરીને ન જોડીએ તો ફરી એવાં કર્મ ઉદયમાં આવે નહીં. માટે વૈરાગ્ય અને ગંભીરભાવથી બેસવા માટેની યોગ્યતા કેળવું.

## ૧૩. સઘળી સ્થિતિ તેમજ.

ઉપર કહેલી દશા પ્રાપ્ત થાય તો બધું હરવું, ફરવું, બોલવું વગેરે વૈરાગ્ય એટલે આસક્તિ રહિત અને ગંભીરતા સહિત થાય. જેમ નોકર શેઠનું બધું કામ કરે, વિચાર કરે, બધી યોજનાઓ ઘડી આપે પણ તેને પોતાપણું કશામાં લાગતું નથી. શેઠે પૈસા ક્યાં રોક્યા છે એ બધું જાણે છે છતાં એ મારા નથી એમ એને અંતરમાં રહેલું છે, તેથી કોઈ વાતની ભારે ચિંતા ફીકર કે હર્ષ શોક તેને થતા નથી. તેમ જેને સાચો વૈરાગ્ય હોય તેની સઘળી સ્થિતિ તેમજ હોય છે.

## ૧૪. વિવેકી, વિનયી અને પ્રિય પણ મર્યાદિત બોલવું.

વચન કેવું હોવું જોઈએ તે સંબંધી કહે છે.

**વિવેકી** — વિવેકી એટલે વચન બોલતાં પહેલાં તેથી પોતાનું કે બીજાનું હિત થશે કે અહિત થશે



તેનો વિચાર કરી પછી બોલવું તે વિવેકી વચન.

**વિનયી** – માન ત્યજીને બોલે તે નમ્રતાવાળું વચન બધાને રુચે છે, પણ આગ્રહ હોય તો ખૂંચે છે.

**પ્રિય** – પ્રિય એટલે કર્ણપ્રિય. જે વડે બીજાની લાગણી ન દુભાય પણ સદ્ભાવ પ્રગટ કરે તેવું વચન તે પ્રિય વચન.

**પણ મર્યાદિત બોલવું** - જયાં જેમ ઘટે તેમ મર્યાદામાં રહીને બોલવું. જેમકે સ્ત્રી પતિને કહેતી હોય તો તે રીત જાુદી અને પિતા પુત્રને કહેતો હોય તે રીત જાુદી. એક જ વસ્તુ કહેવાની હોય પણ કહેવાની પદ્ધતિમાં ફેર હોય છે, કારણકે દરેકની અવસ્થા જાુદી જાુદી છે. તે પ્રકારે કહેવાય તો તે ગ્રાહ્ય થાય છે. મર્યાદાનું ઉલ્લંઘન થાય ત્યાં સાચી વાત પણ મારી જાય છે. પ્રભુશ્રીજીએ કહ્યું કે કૂવા પર જઈને પાણી માંગતી વખતે પુત્ર પોતાની માને કહે કે 'માજી, પાણી પાવ.' તો ખુશીથી પાણી પાય; પણ 'મારા બાપની બૈરી પાણી પા' એમ કહે તો ગમે નહીં. એને જોઈએ છે પાણી,પણ વિનય કે અવિનયને લઈને તેનું ફળ સવળું કે અવળું આવે છે.

મર્યાદિતનો બીજો અર્થ–જોઈએ તેટલું જ; તેથી વધારે બોલ બોલ કરવાની જરૂર નથી. કૃપાળુદેવે કહ્યું કે – **'અલ્પભાષી થવું.'** થોડું બોલીને હિત ઘણું કરે એવો ભગવાનનો ગુણ છે. સ્તવનમાં આવે છે કે -

**''સવિ જાણે થોડું કહે રે, પ્રભુ તું ચતુર સુજાણ રે, ગુણરસીયા''** - શ્રી યશોવિજયજી

માટે વચન વિવેકી, વિનયી અને પ્રિય બોલવું પણ મર્યાદિત બોલવું.

## ૧૫. સાહસ કર્તવ્ય પહેલાં વિચાર રાખવો.

સાહસના કામમાં ધનનો કે કીર્તિ મેળવવાનો કે આઠ મદમાંથી કોઈનો આશય છે? કે કોઈની પ્રેરણાથી આ સાહસ કરીએ છીએ તે પહેલાં વિચારવું. એ કામ પૂરું કરવા જેટલી આપણી શક્તિ છે? કે આમાં કેટલો સમય આપી શકીશું? કે એનું શું પરિણામ આવશે? વગેરે પ્રથમ વિચારીને પગલું ભરવું. પુષ્પમાળાના પુષ્પ-૩૪માં પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે -

**''આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.''**

કોઈ પણ કામ માટે સાહસ કરીએ તે પહેલા જ વિચારી લેવું, જેથી પાછળ પસ્તાવું ન પડે.

## ૧૬. પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.

જે જે કારણોથી પ્રમાદ થાય તે કારણો તપાસીને દૂર કરવાં. મુખ્યત્વે આત્માને ભૂલી જવું તે પ્રમાદ છે. સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક છે. ત્યાં પ્રમાદ નથી; કારણ ત્યાં નિરંતર આત્માનો ઉપયોગ છે. આઠમા ગુણસ્થાનકથી જીવ શ્રેણી માંડે છે, પછી કેવળજ્ઞાન થાય છે.

પ્રમાદના લક્ષણ – મોક્ષમાળામાં **'પ્રમાદ'**નામના પાઠમાં પરમકૃપાળુદેવ જણાવે છે - **''(૧) ધર્મની અનાદરતા (૨) ઉન્માદ (ઉન્મત્તપણું) (૩) આળસ અને (૪) કષાય એ સઘળા પ્રમાદના લક્ષણ છે.''**

પ્રમાદને શ્રી તીર્થંકર કર્મ કહે છે. પ્રમાદના આઠ ભેદો :- (૧) અજ્ઞાન (૨) સંશય (૩) વિપર્યય (૪) રાગ (૫) દ્વેષ (૬) સ્મૃતિભ્રંશ (૭) યોગ પ્રવૃત્તિની અસાવધાનતા અને (૮) ધર્મની અનાદરતા.

પ્રમાદના બીજી રીતે પંદર ભેદો – ૫ વિષય, ૪ કષાય, ૪ વિકથા, ૧ નિદ્રા, ૧ સ્નેહ (રાગ).



**''પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે''.** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૩૯૧)

**''ઓછો પ્રમાદ થવાનો ઉપયોગ એ જીવને માર્ગના વિચારમાં સ્થિતિ કરાવે છે, અને વિચાર માર્ગમાં સ્થિતિ કરાવે છે.''** (વ.પૃ.૩૬૧) મારે પ્રમાદ ઓછો કરવો છે એ પહેલાં નિર્ણય કરી આખા દિવસમાં તેનું લક્ષ રાખ્યા કરે કે પ્રમાદ ઓછો થાય છે કે નહીં એમ ઘડીએ ઘડીએ તપાસતો રહે. જે નિર્ણય કર્યો તેની વારંવાર સ્મૃતિ થવાથી તે પ્રમાણે વર્તાય છે. **''એ વાત ફરી ફરી વિચારી, તે પ્રયત્ન ત્યાં વિયોગે પણ કોઈ પ્રકારે કરવું ઘટે છે. એ વાત ભૂલવા જોગ્ય નથી.''** (વ.પૃ.૩૬૧) તાત્પર્ય એ કે આત્મામાં લીનતા હોય, આત્માની વિસ્મૃતિ ન થાય, સ્મૃતિમાં બીજી વાત ન રાખે, તેમ વર્તવાથી પ્રમાદ દૂર થાય છે.

**''આત્મજ્ઞાન વિના ક્યાંય, ચિત્ત ઘો ચિરકાળ ના;**
**આત્માર્થે વાણી-કાયાથી, વર્તો તન્મયતા વિના.''** -શ્રી સમાધિશતક

એમ કોઈપણ રીતે પ્રમાદને દૂર કરવો, કારણ એના જેવો જીવનો કોઈ બીજો શત્રુ નથી.

## ૧૭. સઘળું કર્તવ્ય નિયમિત જ રાખવું.

પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે - **''નિયમથી કરેલું કાર્ય ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે.''** (વ.પૃ.૧૫૫) ગમે એટલું કામ હોય પણ ક્રમે ક્રમે, થોડું થોડું થતું હોય તો ભાર લાગે નહીં. કાંકરે કાંકરે પાળ બંધાય. શરૂઆતમાં અઘરૂં લાગતું હોય પણ જો રોજ કરવાની ટેવ પડી જાય તો પછી સહજ થઈ જાય છે. અશક્ય લાગે એવા કામો પણ નિયમિત કાર્ય કરનારાઓ કરી શકે છે.

૩૩ વર્ષની ઉંમરમાં કૃપાળુદેવે કેટલાં બધાં કામો કર્યાં છે. કેટલા વિચારો કર્યાં છે, કેટલાં લખાણો કર્યાં છે. હજારેક પરમાર્થ સંબંધી પત્રો લખ્યા છે અને કેવી આત્માની સિદ્ધિ કરી! સાથે કેટલાં કામો-સંસાર, સગાં, કુટુંબીના કરવા પડ્યા. કેટલાય કામો તો વૈરાગ્યની વૃત્તિ હોવાથી પત્રો લખવા વગેરેના પડ્યા રહેતા! એવી કામની ભીડ વચ્ચે પણ કેવા અદ્ભુત કામો કર્યાં છે!

## ૧૮. શુક્લ ભાવથી મનુષ્યનું મન હરણ કરવું.

'પુષ્પમાળા' ૧૦૪મું પુષ્પ - **''સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરુ છું.''** શુક્લભાવથી એટલે જે ભાવથી બીજાને તમારા પ્રત્યે મોહ થવાને બદલે તેના હૃદયમાં પવિત્રતા વધે તે શુક્લભાવ. શ્રીબાહુ જિનના સ્તવનમાં પણ કહ્યું છે કે -

**''રૂપ અનુત્તર દેવથી, અનંતગુણ અભિરામ; પ્રભુજી**
**જોતાં પણ જગી જંતુને, ન વધે વિષય વિરામ. પ્રભુજી'' બાહુ૦** -શ્રી દેવચંદજી

અરિહંતનું રૂપ સર્વાર્થસિદ્ધિના દેવો કરતાં પણ સુંદર છે. છતાં તેથી વિષય વધે નહીં પણ ઊલટા વિરામ પામે છે.

**''કર્મ ઉદય જિનરાજનો, ભવિજન ધર્મ સહાય; પ્રભુજી**
**નામાદિ સંભારતા, મિથ્યાદોષ વિલાય, પ્રભુજી'' બાહુ૦** -શ્રી દેવચંદજી



શુદ્ધ આત્મા જેના અંદર છે, જેનું હૃદય ધર્મભાવનાથી શુક્લ એટલે પવિત્ર છે; તેના પ્રત્યે જેનો ભાવ વળે છે તે ધર્મ અર્થે થાય છે. કારણ કે તે ભગવાન તો વિષયને પોષનાર હોતા નથી; પણ વિષયનું વિરેચન કરાવનારા છે.

સારાંશ કે એવા સારા શુદ્ધ ભાવ રાખવા, લોહચુંબક જેવા. પોતાના સારા ભાવથી બીજા જીવો પણ આકર્ષાઈ ધર્મમાર્ગમાં જોડાય, તે રૂપ થાય. સત્પુરુષનું સ્વરૂપ કેવું હોય છે, સત્પુરુષ કેવા હોય છે તે ટૂંકમાં કહ્યું કે તે શુક્લભાવથી ભરેલા હોય છે. જેમ દીવો કરીએ છીએ ત્યાં બીજા જીવડાંઓ ખેંચાઈને આવે છે, તેમ જ્ઞાનજ્યોતિ જયાં પ્રગટ હોય ત્યાં બીજા અજ્ઞાની જીવો મિથ્યાત્વરૂપી અંધકારમાંથી આકર્ષાઈને જ્ઞાની પ્રત્યે આવે છે અને સુખી થાય છે. તે જીવડાઓ તો દીવાની જ્યોતમાં મરી જાય છે. તેમ **''આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે.''** પણ તેમાં સત્પુરુષનાં વચન શીતળતા આપનારાં છે. માટે તે વચનો વડે અંતઃકરણને શુક્લ કરવું.

## ૧૯. શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.

**''ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.'' મનમોહન૦** -શ્રી યશોવિજયજી

દેહ તજવો પડે તો ધર્મ કે પ્રતિજ્ઞા અર્થે તજવો સારો છે, કેમ કે દેહ તો ફરી મળશે પણ ધર્મને જતો કર્યો તો ધર્મ મળશે કે નહીં તે નક્કી નથી. હાથીના દાંત જેમ બહાર નીકળ્યા પછી પાછા અંદર પેસતા નથી, તેમ એક વખત સત્પુરુષને જે વચન આપ્યું, પ્રતિજ્ઞા લીધી તે પ્રાણ જતાં પણ તોડવી નહીં.

**'પ્રાણ જતાં પણ ન કરું ન્યારું'**

હે પ્રભુ! મારી શ્રદ્ધા વધે એમ જરૂર કંઈ કરશો. તમારે શરણે આવ્યો છું, તમે મને પાળતા રહ્યા છો અને અંત સમયે તો જરૂર મારું રક્ષણ કરવા કૃપા કરજો. સદ્ગુરુમાં જે મારી શ્રદ્ધા છે તેનું ફળ નિર્ભયતા આવે કે હવે મરણ આવે તો પણ કંઈ હરકત નથી અથવા મરણ આવવાનું જ નથી - હું મરી શકું એમ જ નથી; હું અવિનાશી આત્મા છું એમ મને રહે. મરણ એ તો એક પર્યાય છે, પર્યાયો તો ક્ષણે ક્ષણે પલટાય છે. એમ પર્યાયદૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ એટલે હું આત્મા છું એ ભાવ દૃઢ થાય એવી માગણી કરું છું તથા અંત સમય ઉપકારી વહેલા આવજો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરું છું.

પ્રતિજ્ઞા જેટલી પળે તે પ્રમાણમાં જ લેવી. લઈને તોડવાથી ઘણું નુકશાન થાય છે. જેમકે સરોવરની પાળ હોય અને એક જગાએથી તોડી હોય તો પાણી બધું જતું રહે છે; તેમ કોઈ પણ એક પ્રતિજ્ઞા તોડવાથી આત્મબળને હાનિ પહોંચે છે, ધક્કો લાગે છે કે જેથી બીજી પ્રતિજ્ઞા પાળવાનું પણ બળ રહેવું મુશ્કેલ બને, ડગમગ થાય. માટે વિચાર કરીને પ્રતિજ્ઞા લેવી, અને તેને પ્રાણના જોખમે પણ પાળવી. કોઈ ઉપવાસનું પચખાણ (પ્રતિજ્ઞા) લે અને એક દાણો પણ મોઢાંમાં નાખે તો વ્રત તોડવાનું પાપ લાગે, અને કોઈ એકાસણાનું વ્રત લઈને એકવાર ધરાઈને ખાય તો પણ એને ધર્મ થાય. એમ વ્રતભંગનું મહાપાપ કહ્યું છે. માટે શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.

## ૨૦. મન વચન અને કાયાના યોગ વડે પરપત્ની ત્યાગ.

કાયા છે તે પણ પર વસ્તુ છે. તે પરપત્ની જેવી છે.

**''કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવાં;**
**નિર્ગ્રંથનો પંથ ભવ - અંતનો ઉપાય છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર



૧૦માં વાક્યમાં **'ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો'** એમ કહ્યું તેમાં પરપત્નીનો ત્યાગ એ ગૃહસ્થ જીવનમાં મુખ્ય છે. ગૃહસ્થ-અવસ્થામાં આદર્શરૂપ શ્રી રામ અને સીતા ગણાય છે. તે એક પત્નીવ્રતથી અને સતીપણાને લઈને છે. બધી પરવસ્તુઓમાં કાયા એ વિશેષ મોહ ઉપજાવનારી વસ્તુ છે. તેથી જ્ઞાનીએ પોતાની કાયા કે પરની કાયામાં આસક્તિ નહીં રાખવા માટે વારંવાર કહ્યું છે. તુલસીદાસે પણ કહ્યું કે –

**''પરધન પત્થર માનવું, પરસ્ત્રી માત સમાન;**
**ઇતના કિયે જો હરિ ન મિલે, તો તુલસીદાસ જમાન.''**

જમાન=જામીન, જવાબદાર, જોખમ લેનાર છે. દેહાધ્યાસ ઘટાડવા માટે આટલું કહ્યું. કાયા એ પરવસ્તુ છે. દેહાધ્યાસ હોય ત્યાં સુધી સ્વ કે પર કાયા પ્રત્યે આકર્ષણ થયા કરે છે. માટે સાતમું પરસ્ત્રી ત્યાગ વ્યસન કહ્યું. તે પહેલું ત્યાગવા યોગ્ય છે. સામાન્ય સદ્ગૃહસ્થને આટલું તો હોય જ. જેની વૃત્તિ કાબૂમાં આવી છે તે ધારે તે કરી શકે. માટે પરસ્ત્રીનો ત્યાગ મન, વચન અને કાયા ત્રણે યોગ વડે સેવવો. **''સ્ત્રીને જોઈને સંસારી વિષયલંપટી જીવને મોહ થાય, તે ગાઢ કર્મ બાંધે; ત્યાં જ્ઞાનીને તે જોઈને વૈરાગ્ય થાય છે.''** (બો.૩ પૃ.૧૫૬)

**શિવાજીનું દૃષ્ટાંત – પરસ્ત્રી માત સમાન.** ''શિવાજી છત્રપતિ મહારાષ્ટ્રના ભક્તરાજા વિષે કહેવાય છે કે એક વખતે લૂંટમાં ધનમાલ, ઘોડા તથા સ્ત્રીઓ વગેરે જે પકડાયાં હતાં તે કચેરીમાં હાજર કર્યાં. ત્યારે એક રૂપવંતી બાઈ પકડાઈ હતી. તેના સામું શિવાજી થોડીવાર જોઈ રહ્યા પછી બોલ્યા કે મારી મા જીજીબાઈ પણ આવી જ હતી. તે સાંભળી સર્વ સામંતો આશ્ચર્ય પામી બોલી ઊઠ્યા કે અહો! આપણાં ધનભાગ્ય છે કે આવા પવિત્ર નાયક આપણે માથે છે. મોગલ રાજાઓને હાથે આવું સ્ત્રીરત્ન ચઢ્યું હોય તો તે જનાનામાં મોકલી રાણી બનાવત અને ભોગમાં મગ્ન થાત. પણ શિવાજીએ તેને તેના પતિને ત્યાં ભેટ સાથે પાછી મોકલાવી, એમ કહેવાય છેજી. આ દૃષ્ટાંત ઉપરથી સત્પુરુષના શિષ્યને ઘણું વિચારવાનું છે કે બંધન કરાવે તેવાં જગતનાં કારણો તો ચારે બાજુ ઘેરીને રહ્યાં છે, તેમાંથી બચવાનું સાધન એક સત્પુરુષે કરેલી આજ્ઞા, સ્મરણ, વૈરાગ્ય, બોધની સ્મૃતિ આદિ છે. તે સાધનને જીવ જો પ્રમાદને લઈને ન વાપરે તો કર્મબંધ થતાં વાર ન લાગે તેવા સંજોગો આ કાળમાં જીવની ચારે બાજુ ગોઠવાયેલા છે.'' (બો.-૩ પૃ. ૧૫૬)

## ૨૧. વેશ્યા, કુમારી, વિધવાનો તેમજ ત્યાગ.

ઉપરના વાક્યોની પૂર્તિરૂપ આ વાક્ય છે. પરસ્ત્રી તે પારકી માલિકીની વસ્તુ ગણાય છે. જયારે વેશ્યા, કુમારી, વિધવા પરની ગણાતી નથી, તો પણ વિષયાધિનને તો પોતાની વૃત્તિ બગડવાથી તે જ દોષ લાગે છે. ૨૦માં વાક્યમાં પરપત્નીથી પોતાના આત્મગુણનો ઘાત થાય છે તથા બીજાની લાગણી દુભાય છે, જેની પત્ની હોય તેને આઘાત લાગે છે; એમ બે દોષ થાય છે. ૨૧માં આ વાક્યમાં પણ પહેલો દોષ આત્મગુણનો ઘાત ગણાવ્યો તે તો છે જ, તેમજ બીજો દોષ કુમારી, વિધવાના જે નિકટના સગાં હોય તેમને પણ આઘાત લાગે છે. માટે જેને ધર્મ કરવો હોય તેને તો આ સર્વ તજવા યોગ્ય જ છે.

**ધમ્મિલકુમારનું દૃષ્ટાંત – વેશ્યામાં લુબ્ધ.** ધમ્મિલકુમાર શેઠ પુત્ર જન્મથી વૈરાગી હતો. નિરંતર ધર્મધ્યાન કરતો. બીજા શેઠની પુત્રી યશોમતિ સાથે તેના લગ્ન થયાં છતાં તેની પાસે જાય નહીં;



પણ ધર્મધ્યાન કર્યા કરે. તેથી માતાએ પિતાને કહ્યું, એને વ્યસનીઓ સાથે સંગ કરાવો તો એ ઠેકાણે આવશે. શેઠે કહ્યું પુત્ર હાથમાંથી જશે. છતાં શેઠાણીના હઠથી વ્યસની છોકરાઓ સાથે મિત્રતા કરાવી. તેથી ધીમે ધીમે તે વેશ્યાને ત્યાં જવા લાગ્યો. પછી વેશ્યાને ત્યાં જ રહેવા લાગ્યો. એ જે પૈસા મંગાવે તે મોકલવા લાગ્યા. પિતા બિમાર થયા તો ય આવ્યો નહીં. મરી ગયા તોય આવ્યો નહીં. પછી માતા પણ મરી ગઈ. પૈસો બધો પૂરો થવાથી છેલ્લે પોતાની સ્ત્રીના ગળે પહેરેલ મંગળસૂત્ર વેશ્યાની અક્કા પાસે આવ્યું. તેથી હવે તેને સાવ નિર્ધન થયેલો જાણી ખૂબ દારૂ પીવડાવી, મૂર્છિત અવસ્થામાં જંગલમાં મૂકાવી દીધો. પછી પરદેશ ગયો ત્યાં ઘણી કન્યાઓ પરણ્યો. પાછો પોતાના નગરે આવ્યો રાજાએ નગરશેઠની પદવી આપી. અંતે પુણ્યબળે ફરીથી ધર્મધ્યાન કરી દીક્ષા લઈ સ્વર્ગે ગયો. કુસંગથી કેવી ભયંકર સ્થિતિ થાય છે તે જાણી માતાપિતાએ બાળકોની પૂરી સંભાળ રાખવી.

**અનંતમતિનું દૃષ્ટાંત – કુમારી કન્યામાં લુબ્ધ.** ચંપાનગરીમાં પ્રિયદત્ત શેઠ તથા શેઠાણી અંગવતીએ એકવાર આચાર્ય ભગવંત પાસે આઠ દિવસનું બ્રહ્મચર્ય વ્રત લેતાં પુત્રી અનંતમતિને પણ હાથ જોડવા કહ્યું. તેણે મનથી આજીવન બ્રહ્મચર્ય વ્રત લઈ લીધું. એક દિવસ બગીચામાં સખીઓ સાથે તે હીંચકા ઉપર બેઠી હતી. તેને જોઈ વિદ્યાધર મોહ પામ્યો. તેથી તેને ઊંચકી પોતાના વિમાનમાં બેસાડી લઈ જતાં સામેથી પોતાની સ્ત્રીને આવતાં જોઈ અનંતમતિને જંગલમાં મૂકી દીધી. ત્યાં ભીલરાજ તેના ઉપર બળાત્કાર કરતાં તેના શીલના પ્રભાવે વનદેવતા ભીલને મારવા માંડ્યો. તેથી ભીલે તેને એક વ્યાપારીને આપી. તેણે પણ પોતાની સ્ત્રી કરવા પ્રયત્ન કરતાં, નહીં માનવાથી વેશ્યાને આપી. વેશ્યા બનવાનું ના પાડતા તેણીએ રાજાને આપી. રાજા બળાત્કાર કરવા જતાં નગરદેવતાએ રાજાને ઉપસર્ગ કર્યો, તેથી ભય પામી તેને ઘરની બહાર છોડી દીધી. ત્યાં કમલશ્રી સાધવીએ જોઈ તેને પોતાની પાસે રાખી. માતાપિતા અયોધ્યાની યાત્રાએ આવતાં અનંતમતિનું ફરીથી મિલન થયું. આવા કષ્ટો વેઠીને પણ પોતાના શીલની રક્ષા કરી. જે કુમારી કન્યામાં મોહ કરે તેને પાપના દંડ ભોગવવા પડે; માટે તેવાં પાપ કરવા નહીં.

**કપિલનું દૃષ્ટાંત – વિધવામાં લુબ્ધ.** કપિલ વિદ્યા પ્રાપ્ત કરવા જતાં વિધવા સ્ત્રીમાં મોહ પામ્યો. તેથી તૃષ્ણાના પુરમાં ગળકા ખાવા લાગ્યો. જ્યારે વિચારે કરી પાછો ફર્યો તો તૃષ્ણાનું શમન થયું અને કેવળજ્ઞાન પામ્યો. આવા મોહના ફંદમાં ફસાવાથી વ્યવહારમાં તે નિંદાને પાત્ર થાય છે તથા પરભવમાં દુર્ગતિએ જાય છે. માટે આવા નિમિત્તોથી સદા દૂર રહેવું યોગ્ય છે. -મોક્ષમાળા પાઠ ૪૬, ૪૭, ૪૮માં આ કથા છે.

## ૨૨. મન, વચન, કાયા અવિચારે વાપરું નહીં.

**મન** - મનથી આર્ત રૌદ્ર ધ્યાન થયા કરે છે. તે સહજ થઈ ગયું છે. જીવ ટેવાઈ ગયો છે. એને માટે પુરુષાર્થ કરવો પડતો નથી. વગર વિચારે જ એટલે અવિચારે એમ થયા કરે છે. જેમ નીક ન બાંધી હોય તો જ્યાં ઢાળ હોય ત્યાં પાણી ચાલ્યું જાય છે, તેમ મનનો ઢાળ નીચો છે; તેને ઉચ્ચ વિચારે કરીને નીકની જેમ મર્યાદા બાંધી વશમાં રાખવા યોગ્ય છે.

પાંચે ઇન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષ કરનાર તો મન છે. તેને જીતવું હોય તો **"તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દ સ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં."** -શ્રીમદ્ રાજચંદ્ર



**તંદુલમત્સ્યનું દૃષ્ટાંત —** તંદુલમત્સ્ય મોટા મત્સ્યના આંખની પાંપણ ઉપર ઉત્પન્ન થાય છે. તેનું શરીર ચોખાના દાણા જેટલું જ હોય છે. તેનું વજ્રઋષભ-નારચ સંઘયણ હોય છે. મોટા માછલાના મુખમાંથી કેટલાક નાના માછલાઓ આવ જાવ કરતા જોઈ તંદુલમત્સ્ય વિચારે છે કે હું એ જગ્યાએ હોઉં તો એક પણ માછલાને જીવતો જવા દઉં નહીં, બધા ખાઈ જઉં. પોતે નાનો હોવાથી ખાઈ શકતો નથી પણ આવા મનના ભાવથી મરીને સાતમી નરકે જાય છે. (ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-રના આધારે)



**વચન** - અવિચારી વચન બોલવાથી પાછળ પસ્તાવું પડે. વેર બંધાઈ જાય તો ભવોભવ પાછું દુઃખ ઊભું થાય અને ભટકવું પડે છે. માટે વિચાર કરીને બોલવાની ટેવ રાખવા યોગ્ય છે.

**ચંદ્રા અને પુત્ર સર્ગનું દૃષ્ટાંત —** ચંદ્રા અને તેનો પુત્ર સર્ગ હતો. તે બહારથી ઘેર આવ્યો. ભૂખ બહુ લાગેલી હતી અને મા પણ કામ કરવા બહાર ગયેલી હોવાથી જ્યારે તે ઘેર આવી ત્યારે પુત્રે ક્રોધથી કહ્યું- શું તને કોઈએ ફાંસીએ ચઢાવી હતી? ત્યારે માએ પણ ગુસ્સામાં કહ્યું - શું તારા હાથ ભાંગી ગયા હતા કે શીકામાંથી ખાવાનું પણ ન લેવાય? આયુષ્ય પૂર્ણ થયે બન્ને મૃત્યુ પામ્યા. બીજા ભવમાં એકના હાથ કપાયા અને એકને શૂળીએ ચઢવું પડ્યું. બન્નેને અવધિજ્ઞાની ગુરુ મળવાથી તેમનો પૂર્વ ભવ કહ્યો તેથી જાતિસ્મરણજ્ઞાન પામ્યા. પછી અનશન ગ્રહણ કરી દેહ છોડી બન્ને સ્વર્ગે ગયાં. (ઉ.પ્રા.ભા.રના આધારે)

**ઉત્સૂત્ર પ્રરૂપણા —** એ વચનનો મોટો દોષ ગણાય છે. ભગવાનના વચનથી વિરુદ્ધ કહેવું તે ઉત્સૂત્ર પ્રરૂપણા છે. જેમકે પોતાને ગમતો અર્થ કરવો અથવા પોતાની શિથિલતા પોષવા માટે શાસ્ત્રના વચનને મરડીને પોતાના વર્તનને અનુકૂળ દર્શાવવું. પણ ભવભીરુ હોય તે તો પોતાની અશક્તિ દર્શાવે છે કે ભગવાને તો આમ કહ્યું છે પણ મારાથી તે પળાતું નથી; એમ પોતાના દોષ કહી સત્ય વાત કહે. જ્યારે ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર તો ભગવાનના વચનોને પણ ફેરવી નાખે અને કહે કે ભગવાનના કહેલાં વચન પ્રમાણે જ અમે વર્તીએ છીએ.

**સુમતિ અને નાગિલનું દૃષ્ટાંત —** મગધ દેશમાં કુશસ્થલ નામના નગરમાં જીવાજીવાદિક તત્ત્વોને જાણનારા સુમતિ અને નાગિલ નામના બે ધનાઢ્ય ભાઈ રહેતા હતા. કેટલેક કાળે કોઈ પાપકર્મના ઉદયથી તેઓ નિર્ધન થયાં. ત્યારે તે બન્નેએ પરસ્પર વિચાર કર્યો કે 'આપણે દ્રવ્યરહિત થયા છીએ, તેથી ધન ઉપાર્જન કરવા માટે પરદેશ જઈએ.' એમ વિચારીને તેઓ શુભ દિવસે નીકળ્યા. માર્ગે ચાલતાં એક દિવસ તેમણે એક શ્રાવક સાથે પાંચ સાધુઓને જતા જોયા. સારો સંગાથ મળ્યો જાણીને તેઓ તેમની સાથે ચાલ્યા. કેટલેક દિવસે તે સાધુઓની ચેષ્ટા તથા વાણી ઉપરથી તેમને કુશીલીયા જાણી નાગિલે સુમતિને કહ્યું કે 'આપણે આ સાધુઓ સાથે ચાલવું યોગ્ય નથી; કેમકે મેં શ્રી નેમિનાથના મુખથી એકવાર એમ સાંભળ્યુ હતું કે ''अेवंविहे अणगाररुवे भवंति ते कुसीले, ते दिट्ठिअे वि निरख्खिओ न कप्पंति - એવા પ્રકારના સાધુઓ વેષધારી હોય છે, તેઓને કુશીલીયા જાણવા; તેઓ દૃષ્ટિથી પણ જોવા યોગ્ય નથી. માટે



હે ભાઈ! આપણે આ કુદૃષ્ટિ (મિથ્યાદૃષ્ટિ) ઓને છોડી આગળ જઈએ.' તે સાંભળીને સુમતિએ કહ્યું કે 'હે નાગિલ! તું વક્ર દૃષ્ટિએ દોષ જોનારો દેખાય છે. આ સાધુઓ સાથે વાતો કરવી તથા ગમન કરવું મને તો યોગ્ય લાગે છે.' નાગિલે જવાબ આપ્યો કે ''હે ભાઈ! હું મનથી પણ સાધુના દોષને ગ્રહણ કરતો નથી; પરંતુ મેં ભગવાન તીર્થંકરની પાસે કુશીલીયાને નહીં જોવાનો નિશ્ચય કર્યો છે.' સુમતિ બોલ્યો '' જેવો તું બુદ્ધિ વિનાનો છે તેવા તીર્થંકર પણ હશે કે જેણે તને આવો નિષેધ કર્યો.'' એ પ્રમાણે બોલતા સુમતિના મુખને નાગિલે પોતાના હાથવડે બંધ કર્યું અને કહ્યું કે ''હે બંધુ! અનંત સંસારના કારણરૂપ આવું વાક્ય તું ન બોલ. તીર્થંકરની આશાતના તું ન કર. આ સાધુઓમાં બાળતપસ્વીપણું જણાય છે, કેમકે તેઓ અનેક ગુપ્ત વિષયાદિ દોષોથી દૂષિત છે, માટે હું તો તેમનો સંગ મૂકીને જાઉં છું.'' સુમતિ બોલ્યો કે '' હું તો પ્રાણાંત થતાં સુધી પણ એમનો સંગ છોડવાનો નથી.'' તે સાંભળીને નાગિલ એકલો જુદો પડ્યો. પછી સુમતિએ તે સાધુઓ પાસે દીક્ષા ગ્રહણ કરી. તે પાંચ સાધુઓમાંથી ચારસાધુઓ તો અનેક ભવમાં પરિભ્રમણ કરી છેવટે મોક્ષપદને પામશે અને પાંચમો તો અભવ્ય હોવાથી અનંત સંસાર ભટકશે.

શ્રી ગૌતમ ગણધરે જિનેશ્વરને પૂછ્યું કે ''હે ભગવાન! સુમતિ ભવ્ય છે કે અભવ્ય?'' ભગવાન બોલ્યા ''હે ગૌતમ! સુમતિનો જીવ ભવ્ય છે.'' ગૌતમે પૂછ્યું '' ત્યારે તે હાલ કઈ ગતિમાં છે?'' ભગવાન બોલ્યા કે ''હે ગૌતમ! કુશીલીયાની પ્રશંસા તથા જિનેશ્વરની આશાતના કરવાથી તે પરમાધાર્મિક દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાંથી ચ્યવીને તે અંડગોલિક મનુષ્ય થશે. તેની અંડગોલી લેવા માટે વેપારીઓ રસ્તામાં માંસ અને મદીરા મૂકતા મૂકતા તેને મોટી દળવાની ઘંટી ઉપર લાવી દેશે. તે ઘંટીનું પડીયુ પહેલાથી ઊંચુ રાખશે. તે આવ્યા પછી તેના ઉપર તે નાખી દઈ તેને પીલશે. બાર મહિના સુધી તે ઘંટીમાં પીલાતા તેના પ્રાણ છુટશે. આવા ભયંકર દુઃખોને તે ભોગવશે. ત્યાંથી મરી-ફરી પરમાધાર્મિક દેવ થશે. તથા ફરી અંડગોલિક મનુષ્ય થશે. એ રીતે સાત ભવ અંડગોલિકના કર્યા પછી અનુક્રમે વ્યંતર, વૃક્ષ, પક્ષી, સ્ત્રી, છઠ્ઠી નરકે નારકી અને કુષ્ટી મનુષ્ય એવા ભવોમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરીને છેવટે કર્મનો ક્ષય થતાં ચક્રવર્તી પદ પામી દીક્ષા ગ્રહણ કરી મુક્તિને મેળવશે. જ્યારે નાગિલ તો તે જ ભવમાં બાવીશમાં તીર્થંકર નેમિનાથ ભગવાન પાસે દીક્ષા લઈ મુક્તિને પામ્યો. (આ પ્રબંધ વિસ્તારથી મહાનિશિથસૂત્રના ચોથા અધ્યયનમાંથી જાણવો.) સુમતિના અવિચારે વચન બોલવાનું આવું ફળ જાણી ભવ્યોએ કુશીલીયાની પ્રશંસા કરવી નહીં. (ઉ.પ્રા. ભા.૧ના આધારે)

**કાયા** - પુષ્પમાળામાં **''પગ મૂકતા પાપ છે.''** અવિચારે એટલે અયત્નાથી પાપનો વિચાર કર્યા વિના એમને એમ વર્તે તો પાપના ઘણા કાર્યો થાય છે. જેમકે લેવામાં, મૂકવામાં, બેસવા, ઊઠવા, ફરવા-હરવામાં, નાહવામાં - એમાં જો વિચારપૂર્વક વર્તે તો ઘણાં પાપ અટકી જાય એવાં છે. તેથી અવિચારે કાયા પણ વાપરવી નહીં એક કહ્યું. જેમ તલવાર હોય અને વગર વિચારે ફેરવે તો પોતાને વાગી જાય, તેમ પોતાની કાયા પણ વગર વિચાર્યે વાપરે તો તે જ પોતાને પરિભ્રમણનું કારણ થાય છે. તરવા માટે મનુષ્ય દેહ મળ્યો છે તે કર્મ બાંધવા માટે થઈ પડે.

**મહેશ્વર વણિકનું દૃષ્ટાંત –** મહેશ્વર નામના કોઈ વણિકે જૂ ને હાથમાં લઈ મારી નાખી. તેથી કુમારપાળે તેને શિક્ષા કરી અને કહ્યું - પરભવનો ભય ન લાગ્યો પણ મારો ભય પણ ન લાગ્યો કે મને રાજા શિક્ષા કરશે. મહેશ્વરે જીવિતની ભિક્ષા માગી ત્યારે કુમારપાળે કહ્યું - તારું સર્વ ધન ખર્ચીને


સુમતિ અને નાગિલ
સુમતિ
નાગિલ
અંડગોલિક મનુષ્ય



યુકાવિહાર નામનું પ્રાસાદ કરાવ; જેને જોઈ બીજા જીવો પણ જીવ વધ ન કરે. (ઉ.પ્રા.ભાષાંતર ભાગ-૨ના આધારે)

માટે મન, વચન, કાયા અવિચારે વાપરું નહીં.

## ૨૩. નિરીક્ષણ કરું નહીં.

મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૯માં બ્રહ્મચર્યની નવ વાડ લખી છે. તેમાં અંગોપાંગનું નિરીક્ષણ ન કરવું એમ જે લખ્યું તે ભાવાર્થનું આ વાક્ય છે. અંગોપાંગનું નિરીક્ષણ વિકારનું કારણ હોવાથી રોકવા માટે આ વાક્ય કહ્યું. હવે વાક્ય ૨૩થી ૪૩ સુધીમાં બ્રહ્મચર્યની રક્ષા સંબંધી વાડોનું વર્ણન કરે છે.

''સ્ત્રીમાં એવી મોહિની છે કે પ્રથમ જીવને તેને નીરખવાનું મન થાય છે; પછી તેની સાથે વાતચીત કરવાનું મન થાય છે, પછી પોતાનાં યશ, કીર્તિ હોય તેને ધૂળમાં મેળવવા નિર્લજ્જ બને છે, પછી ભ્રષ્ટ થઈ આ લોક, પરલોક બન્ને બગાડે છે. માટે જે મનુષ્યે આત્મહિત કરવું હોય તેણે સ્ત્રી તરફ દૃષ્ટિ પણ ન કરવી, તેના અંગોનું નિરીક્ષણ ન કરવું અને તેના સંસર્ગમાં કદી આવવું નહીં. સ્ત્રીઓની કથાવાર્તા સાંભળવી નહીં. નિર્વિકારી પુરુષોનો સંગ કરવો. જેવા પુરુષોનો સંગ કર્યો હોય તેવા ગુણો પ્રાપ્ત થાય છે.'' (બોધામૃત ભાગ-૧ પૃ.૧૪)

**કિરણરાણીનું દૃષ્ટાંત –** ઉદયપુરના મહારાણા પ્રતાપના ભાઈ સત્યસિંહની કિરણ નામની પુત્રી હતી. તેને પૃથ્વીરાજ ચૌહાણને પરણાવી હતી. દિલ્હીમાં મીનાર નામની બજાર હતી. ત્યાં સ્ત્રીઓ સિવાય કોઈ આવી શકે નહીં. સ્ત્રીઓ જ વેપાર કરે. અકબરની રાણીઓ વગેરે પણ ત્યાં વસ્તુ ખરીદવા આવે. એક વખત અકબર બાદશાહે કિરણ બહુ સુંદર છે એમ સાંભળેલુ. તેથી એક દુતીને તૈયાર કરી રાણી કિરણ પાસે મોકલી. અને કહ્યું કે મીનાર બજારમાં તેને લાવી મને સોંપીને તું જજે. તું જે માગીશ તે હું આપીશ.

તેથી તે દુતીએ કિરણ પાસે આવીને કહ્યું–મીનારમાં બહુ સુંદર વસ્તુઓ આવેલી છે, ચાલો આપણે ત્યાં જઈએ. તેથી કિરણરાણી તે દુતી સાથે મીનારમાં આવી. બાદશાહ પણ સ્ત્રીનો વેષ લઈ ત્યાં આવ્યો. તેને આપીને તે દુતી ત્યાંથી ચાલી ગઈ. કિરણે જોયું તો તે દુતી મળે નહીં. બાદશાહ સ્ત્રી રૂપમાં તેની પાસે આવ્યો. તેણે જોયું તો તે પુરુષ છે. પછી એને ખબર પડી કે આ તો બાદશાહ છે. તરત જ તેને નીચે પાડી દઈ તેની છાતી ઉપર ચઢી બેઠી. અને તલવાર કાઢીને બતાવી કહ્યું–આવા કામો કરે છે. હમણા મારી નાખીશ. બાદશાહે મોઢામાં દશે આંગળીઓ ઘાલી દીધી. તેથી તે બોલી કે આજથી જ આ મીનારબજાર બંધ કર તો જ તને છોડું; નહિ તો નહીં. આવી સતી સ્ત્રીઓ પણ હોય છે. સતી સ્ત્રીમાં માનસિક બળ હોય છે. દુરાચારીની શક્તિ નાશ પામે છે. શીલ તે જ તેની શોભા અને શણગાર છે.

## ૨૪. હાવભાવથી મોહ પામું નહીં.

ઉપરના વાક્યમાં પોતાની ઇચ્છાથી બીજાને જુએ છે, તે વિકારી વૃત્તિ પોતાની છે અને આ વાક્યમાં પોતાને વિકાર નથી, અથવા પોતે ધ્યાનમાં બેઠો છે એટલે વિકાર અવસ્થામાં નથી પણ તે દશા ટકાવી રાખવા માટે કહ્યું કે કોઈ ઉપસર્ગ, હાવભાવવડે દેવ કે મનુષ્ય ચળાવવા ઇચ્છે તો પણ વિકારને આધીન ન થાઉં, એવી પ્રતિજ્ઞા તે કરે છે.



## ૨૫. વાતચીત કરું નહીં.

નિરીક્ષણ કરે, હાવભાવથી મોહ પામે એ બે વાડ કદાપિ તૂટે તો ત્રીજી વાડ, વાતચીત કરું નહીં, કેમકે તે મોહ વધવાનું કારણ છે. વાતચીતમાં એકબીજાને પ્રસન્ન કરવાનો લક્ષ હોય છે. એ વાગ્બાણ કહેવાય છે; જે હૃદયમાં વાગે છે. જેમકે કોઈએ દ્વેષથી ગાળ ભાંડી હોય તે પછીથી પણ સાંભર સાંભર થાય છે. તેમ રાગ કે મોહરૂપ વિષવાળું વચન હોય તો એનું પણ ઝેર ચઢે છે. મારા પ્રત્યે એને રાગ છે એમ લાગે એટલે એ પણ તેને પોષવા માટે વચન, ક્રિયા, ધન વગેરે વાપરીને રાગની વૃદ્ધિ કરવા ઇચ્છે છે. પણ તે કર્તવ્યરૂપ નથી.

**વિવેકાનંદનું દૃષ્ટાંત –** વિવેકાનંદ સ્કૂલમાં ભણતા હતા ત્યારે એમની બુદ્ધિ ઔત્પાતિક બુદ્ધિ હતી. માસ્તર જે ભણાવે તે એમને વગર લખ્યે મોઢે થઈ જાય. એક દિવસ એક છોકરી સ્કૂલમાં કંઈ લખી શકી નહીં. તેથી સ્કૂલ છૂટી ત્યારે ગેટ આગળ આવીને ઊભી રહી. જ્યારે વિવેકાનંદ આવ્યા ત્યારે તેણીએ કહ્યું—ભાઈ, આજે માસ્તરે જે લેકચર આપ્યું તે હું લખી શકી નથી, તેથી ચાલતા ચાલતા મને થોડું સમજાવી દોને. તેથી વિવેકાનંદે રસ્તામાં ચાલતા ચાલતા તે સમજાવી દીધું. બન્નેના ઘરના રસ્તા જુદા હોવાથી તે છુટા પડ્યાં. પણ વિવેકાનંદને તેથી અત્યંત વિકાર થયો. પણ પાછો વિચાર કર્યો કે આમ કેમ થયું? પછી ઘરે આવી માતાને કહ્યું લાલ મરચા લાવ. તે લઈને આંખમાં ઘાલી દીધા. પછી માએ પૂછ્યું—આમ કેમ કરે છે? ત્યારે તેણે પોતાની બધી બનેલી હકીકત કહી. ત્યારપછી બ્રહ્મચર્યમાં તેઓ બહુ દૃઢતાવાળા થયા.

એક અંગ્રેજ લેડીએ વિવેકાનંદનું મજબૂત શરીર જોઈને કહ્યું કે આપકે જૈસા મુઝે લડકા ચાહિએ. ત્યારે વિવેકાનંદે જવાબમાં કહ્યું—મા! મૈં આપકા હી લડકા હૂં ઐસા માન લિજીએ.

## ૨૬. એકાંતે રહું નહીં.

અજ્ઞાની માણસોને એકાંત એ બહુ બૂરી ચીજ છે. લોકલાજથી જે નીતિ પાળતો હોય તે પણ એકાંતમાં નિરંકુશ બને છે અને ગમે તેવું અકાર્ય કરી બેસે છે. આ બધી બ્રહ્મચર્ય સંબંધી વાતો છે. સ્ત્રી, પુરુષ સાથે કે પુરુષ સ્ત્રી સાથે એકાંત સેવે તે અનર્થકારી છે. એમ જણાવવા માટે આ કહ્યું છે. વિકાર પોષે તેવી વસ્તુઓનો નિષેધ કર્યો છે.

## ૨૭. સ્તુતિ કરું નહીં.

જેની સ્તુતિ કરવાથી વિકાર વધે તેની સ્તુતિ કરું નહીં. જેમ યજ્ઞમાં ઘી હોમવાથી ભડકો થાય તેમ જેના પર રાગ હોય તેની સ્તુતિ કરવાથી રાગ વૃદ્ધિ પામે છે.

ભગવાન પર રાગ હોય અને તેમની સ્તુતિ કરે તો ભગવાન પ્રત્યે રાગ વધે છે. સૌધર્મેન્દ્ર અનેક તીર્થંકરોની પોતાના એક જ ભવમાં સ્તુતિ કરે છે. એનો ધર્મરાગ એટલો બધો વધ્યો હોય છે કે પાંચે કલ્યાણકમાં તે પહેલો ચેતે છે. કુબેર પાસે તીર્થંકરોના જન્મ થતાં પહેલાં છ મહિનાથી રત્નવૃષ્ટિ કરાવે છે. જન્મ થયા પછી ભગવાન સાથે રમવા દેવોને એ જ ઇન્દ્ર મૂકે છે. આ પ્રમાણે ભક્તિના અનેક પ્રકાર તે કરે છે. પોતાનું આયુષ્ય પુરું થતાં મનુષ્યભવ મળે છે અને તે જ ભવમાં ઘણો પુરુષાર્થ કરી મોક્ષે જાય છે.

**ભરતના પુત્રોનું દૃષ્ટાંત –** આપણને પણ ભક્તિ ગમે છે, આત્માની વાત ગમે છે, તે સત્પુરુષની કૃપાનું ફળ છે. ભગવાનની દર્શન સ્તુતિ કરવા જતાં ભરતના હાથી નીચે કચરાઈ ગયેલા



મખમલ જેવા ઇન્દ્રગોપ=ગોકળગાય તે મનુષ્યભવ પામી ભરતના પુત્રો થઈ ઋષભદેવ પાસે દીક્ષા લીધી અને ઘરમાં હતા ત્યારે પણ મનુષ્યભવમાં એટલો વૈરાગ્ય હતો કે બોલે નહીં. ત્યારે ભરતે ઋષભદેવને પૂછ્યું કે આ છોકરાઓ કેમ બોલતા નથી? ઋષભદેવે કહ્યું કે એ બધા આ ભવે મોક્ષે જવાના છે. મોક્ષગામી જીવ નવા કર્મ શું કરવા બાંધે? ભગવાનની દર્શન સ્તુતિ કરવા જનાર એવા સત્પુરુષ ભરતરાજાના હાથીના પગ નીચે આ જીવો દબાઈ જવાથી સીધા મનુષ્યભવ પામી મોક્ષે ગયા. માટે સાંસારિક રાગ વધે એવી સ્તુતિ કરું નહીં. પણ જેથી અંતે રાગનો નાશ થાય એવા પ્રભુની સ્તુતિ કરુ.

## ૨૮. ચિંતવન કરું નહીં.

ચિંતવનથી એકાગ્રતા થાય છે; તેથી આત્મા બળવાન થાય છે. પણ તે બળને મોહાધીન જીવો મોહ વધારવામાં વાપરે છે. સ્ત્રી આદિનું ચિંતવન આર્ત - રૌદ્રધ્યાન થવાનું કારણ છે. તે પ્રત્યે મોહની કલ્પનાઓ કરી કરીને જીવ કર્મ બાંધે છે. માટે તેવું ચિંતવન કરું નહીં.

**ચિત્ર અને સંભૂતિનું દૃષ્ટાંત –** ચિત્ર અને સંભૂતિ બેય ચંડાળના પુત્રો હતા. મુનિ ભગવંતના



ઉપદેશથી વૈરાગ્ય પામી બન્નેએ દીક્ષા લીધી. ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરતાં હસ્તિનાપુર આવ્યા. સનત્કુમાર ચક્રવર્તીની પટરાણી તેમના દર્શન કરવા આવી ત્યારે વંદન કરતાં રાણીનો ચોટલો સંભૂતિમુનિને પગે અડી ગયો. તેથી મુનિ ચિંતવવા લાગ્યા કે જો મારા તપનું ફળ હોય તો આવું સ્ત્રીરત્ન મને પ્રાપ્ત થાઓ એવું નિયાણું કર્યું. પુણ્યરૂપી ઘડો ઢોળી નાખી પાપનો ઘડો ભર્યો. ચિત્રમુનિએ સંભૂતિમુનિને સમજાવ્યા છતાં માન્યું નહીં. અહિંથી દેહ છોડી દેવલોકે ગયાં. પછી સંભૂતિનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી થઈ સાતસો વર્ષનું આયુષ્ય ભોગવી સાતમી નરકે ગયો. સાતમી નરકે તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીનું સાતસો વર્ષનું પાંચ ઇન્દ્રિયનું સુખ શું ભાવ પડ્યું? તો કે એક શ્વાસોશ્વાસના બદલામાં ૧૧લાખ ૫૮ હજાર પલ્યોપમનું લગભગ દુઃખ ભોગવવાનું આવ્યું, તે પણ સાતમી નરકનું.

## ૨૯. શૃંગાર વાંચુ નહીં.

શૃંગારરસના વર્ણનવાળા પુસ્તકો વાંચુ નહીં. કેમકે તે મોહને પોષે છે. થોડી કલ્પનાને પણ વધારી દે છે. રાજા મહારાજાઓને પણ ન મળે એવી કાલ્પનિક વસ્તુઓનું વર્ણન એમાં હોય છે. આ બધી વસ્તુઓનું નિષેધ કરવાનું કારણ કે આમાં પડી જાય તો આત્મહિત એને સૂઝે નહીં અને વખતે આત્મહિત કરતો હોય તો ચૂકી પણ જાય; અનાદિનો જીવને અભ્યાસ છે તેથી તેમાં ચિત્ત રમ્યા કરે.

## ૩૦. વિશેષ પ્રસાદ લઉં નહીં.

જરૂર કરતાં વધારે આહાર લઉં નહીં. નવ વાડમાં સાદો આહાર પણ વિશેષ ન લેવો એમ કહ્યું છે. વિશેષ આહાર બ્રહ્મચર્યને બાધક છે અને ઊંઘને પ્રેરક છે. મિતાહાર એટલે માપસર જોઈએ એટલો જ આહાર લેવો. **"મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો."** (પુષ્પમાળા-૫૮)



## ૩૧. સ્વાદિષ્ટ ભોજન લઉં નહીં.

**અકબર બીરબલનું દૃષ્ટાંત –** અકબરે બીરબલને પૂછ્યું કે માણસનો આહાર કેટલો હોય? બીરબલે કહ્યું 'બશેર.' અકબર બાદશાહને આ માનવામાં ન આવ્યું. ત્યારે બીરબલે કહ્યું 'કોઈક દિવસ આપને બતાવીશ.' એક દિવસે બીરબલે ઘણી જુદી જુદી ખાવાની વાનગીઓ પોતાને ઘેર તૈયાર કરાવી. પછી તે રાજાને ત્યાં લઈ આવ્યો. રાજા જમીને ઊઠ્યો ત્યારે જુદી જુદી વાનગીઓના બધા થાળ રાજાની આગળ મૂક્યા. રાજાએ કહ્યું મેં તો જમી લીધું છે. ત્યારે બીરબલે કહ્યું ઘણા દિવસથી આ બધું તૈયાર કરતા હતા જેથી મોડું થઈ ગયું, હવે જરી જરી દરેકમાંથી ચાખવાની કૃપા કરો. ૫૦-૬૦ થાળ હતા. એમાંથી ચમચો ચમચો આપતો ગયો, તે રાજાને ખબર પડી નહીં. પછી બીરબલે કહ્યું આ બધા થાળો ઘેરથી તોલીને આણ્યા છે અને અહીં ફરી તોલવા છે. તોળ્યું તો બશેર ઓછું થયું. ત્યારે રાજાને બીરબલે કહ્યું કે તમે જમ્યા ઉપરાંત બશેર ખાઈ ગયા.



**પ્રભુશ્રીજીનું દૃષ્ટાંત –** સ્વાદિષ્ટ ભોજન જીવને લલચાવનાર છે. કેટલો આહાર લીધો એની ખબર પડે નહીં. બધી ઇન્દ્રિયોને વશ કરવી હોય તો રસના ઇન્દ્રિયને પહેલી જીતવાની જરૂર છે. પરમકૃપાળુદેવે પ્રભુશ્રીજીને કહ્યું એકાંતરે ઉપવાસ કરવા કરતાં નીરસ આહાર લેવો. ગમે તેવો આહાર લેવા બેઠા હોઈએ તેમાં આપણને ગમતું આવ્યું હોય તો ચેતી જવું. દાળ સારી લાગી હોય તો તેમાં પાણી નાખવું, શાક તો શાકમાં. જેને રસ રોકવો છે તેણે જે બહુ સારુ લાગે તે ન ખાવું. પાણી નાખીને નીરસ ખાવું. પાણી નાખીને રસ વિનાનું ન ભાવતું ખાવું તે સારુ ખાવાનું પડતું મૂકવા કરતાં પણ વધારે અઘરુ છે. મુનિ જીવનમાં ટાઢું, લુખું, સુકું બધું મળી આવે ત્યાં સ્વાદિષ્ટ ભોજન ત્યાગનો અભ્યાસ કરવો હોય તો સહેજે થાય છે. કૃપાળુદેવે કહ્યું કે આખા છ ખંડને જીતવા સહેલા છે પણ રસના ઇન્દ્રિય અને ઉપસ્થ (સ્પર્શ) ઇન્દ્રિયને જીતવી મુશ્કેલ છે. ઉપસ્થ=ઉપ એટલે પાસે. જે મળ ઇન્દ્રિયની પાસે છે તે કામેન્દ્રિય.

## ૩૨. સુગંધી દ્રવ્ય વાપરું નહીં.

ફૂલ અત્તર વગેરે સુગંધી દ્રવ્ય વાપરું નહીં. ઘ્રાણ ઇન્દ્રિયને આવા દ્રવ્ય આપવાથી મન ચંચળ થાય છે અને કામની ઇચ્છા કરે છે. તેથી બધી ઇન્દ્રિયોમાં ઉન્મત્તતા આવે છે. માટે જ્ઞાનીઓએ તેનો નિષેધ કર્યો છે. જેને વિષયભોગની કે બીજાના ચિત્તને આકર્ષણ કરવાની ઇચ્છા છે તે આવા પદાર્થોનો ઉપયોગ કરે છે. તેવું સંસારમાં દેખાય છે પણ જેને કામને જીતવો હોય તેણે આવા પદાર્થોનો ઉપયોગ કરવો નહીં.



## ૩૩. સ્નાન મંજન કરું નહીં.

શરીરની શોભા કરું નહીં. એ બ્રહ્મચર્યની નવમી વાડ છે. સ્નાન મંજન એ શરીરને સારું દેખાડવાનો એક પ્રકાર છે. પ્રભુશ્રીજી કહેતા કે મેલ છે તે સાધુનું ઘરેણું (શોભા) છે. જે ગૃહસ્થ અવસ્થામાં સુંદર ગણાય છે તે મુનિ અવસ્થામાં શિથિલતા કે કલંકરૂપ ગણાય છે. ગૃહસ્થને જે લજ્જારૂપ લાગે તે મુનિને અલંકારરૂપ છે. ગૃહસ્થે ચીંથરા પહેર્યા હોય કે મેલ શરીર ઉપર હોય તો તે અશોભ્ય ગણાય છે અને તે જ મુનિની શોભા છે. જમીન ઉપર સૂવું, નાહવું નહીં, ભૂખ્યા રહેવું તે મુનિને માટે શોભા છે. જે સંસારીને શોભે નહીં, તે જ મુનિને માટે પ્રશંસા યોગ્ય ગણાય. કારણ કે સંસારનો નાશ કરનાર મુનિધર્મ છે. ગૃહસ્થ અવસ્થામાં સંસાર પોષાય છે.

**૩૪.** .............(આ સ્થાને વાક્ય નથી).

આ બધું સ્વાદિષ્ટ ભોજનાદિ ન કરે અને ઉપરથી બધા નિયમો પાળે. પણ જો બ્રહ્મચર્યનો ભંગ કરે તો બધા નિયમો પાળેલા નકામા છે. ''ખાળે ડૂચા ને દરવાજા ઉઘાડા'' જેવું થાય. સાપ કે એવું કંઈ ન પેસે એના માટે નાના નાના કાણાઓ બંધ કરે પણ દરવાજા તો ખુલ્લા એટલે ચોર વગેરે બધાં પેસે, તો પછી સાપ વીંછી કેમ ન પેસે.

## ૩૫. કામ વિષયને લલિત ભાવે યાચું નહીં.

કામ વિકારને લલિતભાવે એટલે પ્રિયભાવે સારા જાણી અન્ય પાસે યાચું નહીં. આ ગૃહસ્થ અવસ્થા વિષે વાત છે. વિવાહિત જીવન હોય તેણે અન્યના આગ્રહને વશ થવું નહીં. પૌદ્ગલિક સુખોની ઇચ્છા કરવી નહીં. કામ વિષયને યાચવામાં વિશેષ મોહભાવની જાગૃતિ છે. તેથી બીજાને પણ એ દિશામાં દોરવાનું થાય છે. સમજુ હોય તે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજે છે. તેથી પૌદ્ગલિક વસ્તુને લલિતભાવે એટલે આસક્તિપૂર્વક યાચતો નથી.

**શીલવતીનું દૃષ્ટાંત – શિયળનું અખંડ પાલન.** જંબુદ્વીપને વિષે નંદન નામના નગરમાં અજિતસેન નામે શેઠ રહેતો હતો. તેને શીલવતી નામે સ્ત્રી હતી. તે શીલવતી શકુનશાસ્ત્ર અને પશુઓની ભાષા વગેરે જાણતી હતી. અજિતસેન પણ બુદ્ધિના બળથી રાજાનો મંત્રી થયો. એક વખત રાજાએ સીમાડાના રાજા ઉપર ચડાઈ કરવા જતાં મંત્રીને સાથે આવવા કહ્યું. મંત્રીએ શીલવતીને કહ્યું : હું રાજા સાથે જાઉં છું તો તું તારા શીલની રક્ષા કેવી રીતે કરીશ? કારણ પતિ ઘેર ન હોય ત્યારે સ્ત્રીઓ સ્વેચ્છાએ ક્રીડા કરે છે. પતિના આવા વચન સાંભળી નેત્રમાં આંસુ લાવી શીલવતીએ શીલની પરીક્ષાને બતાવનારી પોતાના હાથે પુષ્પની માળા બનાવી પતિના ગળામાં પહેરાવી અને કહ્યું કે જ્યારે આ માળા કરમાય ત્યારે સમજજો કે મારા શીલનું ખંડન થયું.

અજિતસેન રાજા સાથે રવાના થયો. બીજા મંત્રી, રાજા વગેરે, અજિતસેનના ગળામાં પુષ્પની માળા કેમ કરમાતી નથી? તે પાસે રહેલા માણસોને પુછ્યું; ત્યારે તેઓએ તેની સ્ત્રીનું સતીપણું વર્ણવી બતાવ્યું. એ સાંભળી રાજાએ હાસ્યમાં સભા મધ્યે અજિતસેનની સ્ત્રી સતી છે તે સંબંધી વાત કરી. તે સાંભળી અશોકનામનો મંત્રી કહે હું તેને ચળાવી આપું. તેથી અર્ધ લાખ દ્રવ્ય આપી તેને શીલવતી પાસે મોકલ્યો.



અશોકમંત્રીએ માળણને મળી કહ્યું કે તું શીલવતીને કહે કે સૌભાગ્યવાન પુરુષ તને મળવા ઇચ્છે છે. શીલવતીએ કહ્યું અર્ધ લાખ દ્રવ્ય લાવ. તે તેણે આપ્યું. અને અમુક દિવસ નક્કી કર્યા પ્રમાણે તેને



મળવા માટે અશોકમંત્રી આવ્યો. શીલવતીએ વિચાર્યું કે એને એના પાપના ફળ દેખાડું. તેને અંદર ઓરડામાં લઈ ગઈ અને પાટી વગરના માચા ઉપર સુંદર પથારી પાથરેલી હતી ત્યાં બેસવા કહ્યું. જેવો બેઠો કે તરત જ ખાડાની અંદર પડી ગયો. એમ થોડા દિવસોની અંદર બીજા ત્રણ મંત્રીઓ પણ આવ્યા. બધાને તે ખાડામાં નાખી દીધા.

અનુક્રમે સિંહરાજા શત્રુનો જય કરી પાછો આવ્યો. એક દિવસે તે ચારે મંત્રી શીલવતીને કહેવા લાગ્યા કે અમે પાપના ફળ ભોગવી લીધાં; હવે અમને બહાર કાઢો. ત્યારે તેણીએ કહ્યું કે હું જયારે 'ભવતુ' (થાઓ) કહું ત્યારે તમારે પણ બધાએ 'ભવતુ' એમ કહેવું. પછી શીલવતીએ પોતાના પતિને બધી વાત કરી. રાજાને જમવા બોલાવ્યા. રસોઈ કંઈ બહાર દેખાઈ નહીં. તેથી ઓરડામાં જઈ શીલવતી બોલી નાના પ્રકારના પકવાન તૈયાર થઈ જાઓ, ત્યારે અંદરથી અવાજ આવ્યો 'ભવતુ'.

રાજાના પૂછવાથી અજિતસેન શેઠ કહે કે અમારે ઘેર ચાર યક્ષ છે. તેથી જે જોઈએ તે મળે. રાજા કહે આ યક્ષો મારે જોઈએ. પછી ગુપ્ત રીતે તે ચારેને ખાડામાંથી બહાર કાઢી સારા મોટા કરંડિયામાં નાખ્યા અને સારા વસ્ત્રથી તેને ઢાંકી રાજાને અર્પણ કર્યાં. રાજા રથમાં વાજતે ગાજતે પોતાના મહેલમાં લઈ ગયો. પછી બપોરે જમવાનો સમય થયો ત્યારે રાજાએ કહ્યું પકવાન વગેરે બધું આપો. ત્યારે ચારે જણે 'ભવતુ' એમ કહ્યું પણ કંઈ થયું નહીં. તેથી કરંડિયા ખોલીને જોયું તો ચારે મંત્રી નીકળ્યા.

રાજાએ બધી વાત જાણી, આશ્ચર્ય પામી તેની બુદ્ધિની તેમજ શીલની બહુ પ્રશંસા કરી. અનુક્રમે ચારિત્ર પાળી પાંચમા દેવલોકમાં બન્ને શેઠ શેઠાણી દેવ થયાં. ત્યાંથી મનુષ્ય અવતાર લઈ મોક્ષને પામશે.

માટે કામ વિષયને લલિત ભાવે યાચું નહીં. નહીં તો એવા બુરા હાલ થશે. (ઉ.પ્રા. ભા.રના આધારે)

## ૩૬. વીર્યનો વ્યાઘાત કરું નહીં.

યુવાનોમાં કેટલીક ખરાબ ટેવો હોય છે. હસ્તક્રિયા વગેરે વિકારને વશ થઈને નકામી ચેષ્ટા કરે; તેથી શરીર નિર્બળ, રોગી થઈ જાય. માટે એવું કદી કરું નહીં.

## ૩૭. વધારે જળપાન કરું નહીં.

આહારની પેઠે વિશેષ જળપાન કરવાથી અજીર્ણ થાય છે. વિકારનું કારણ પણ થાય છે. મુનિઓને તો નિયમિત જળપાન કહ્યું છે. દિગંબરી મુનિઓ તો એકવાર આહાર લે તેની સાથે જ પાણી પીએ છે, પછી પીતા નથી. જળપાનનો નિયમ કેટલાક રાખે છે. બે કે ત્રણવાર જ પાણી પીએ. ચાર પ્રકારના



આહારમાં જળ એ પણ આહાર ગણાય છે. આહાર નિહારની જેટલી જરૂરિયાત ઓછી તેટલો વખત આત્મધ્યાનમાં વિશેષ ગળાય. તે અર્થે બધો સંયમ છે.

## ૩૮. કટાક્ષ દૃષ્ટિથી સ્ત્રીને નીરખું નહીં.

**''મોહિનીભાવ વિચાર અધીન થઈ, ના નીરખું નયને પરનારી''** -શ્રીમદ્ રાજચંદ્ર

એજ ભાવ અહીં કહેવો છે. મોહ ઉપજાવે તેવી રીતે ત્રાંસુ જોવું તે કટાક્ષ દૃષ્ટિ. એ શબ્દ બે અર્થમાં વપરાય છે. પુષ્પમાળામાં પુષ્પ ૯૬માં કહ્યું - **''તે ઘર આપણી કટાક્ષદૃષ્ટિની રેખા છે.''** ત્યાં અભાવવાળી દૃષ્ટિ કે તિરસ્કારની દૃષ્ટિ છે જે અણગમો દર્શાવે છે. જ્યારે અહીં આ સૂત્રમાં કટાક્ષ દૃષ્ટિ એટલે મોહવાળી દૃષ્ટિ અર્થાત્ મોહભાવે સ્ત્રીને નીરખું નહીં. ''સ્ત્રીનાં નેત્રોમાં શીતળતા માનવામાં આવે છે. પરંતુ તેના કટાક્ષ મનુષ્યને અગ્નિની જ્વાળા માફક બાળનાર છે. તેનું બોલવું મધુર લાગે પરંતુ તે વિષતુલ્ય છે. તેનો સમાગમ મૃત્યુ સમાન દુઃખદાયી છે''. (બોધામૃત-ભાગ-૧ પૃ.૧૪)

## ૩૯. હસીને વાત કરું નહીં. (સ્ત્રીથી)

હાસ્ય પ્રકૃતિ સમ્યગ્દૃષ્ટિને પણ હોય. તે ચારિત્રમોહની પ્રકૃતિ છે. તેનો ક્ષય ક્ષપકશ્રેણી ચઢતાં આઠમા ગુણસ્થાનકમાં થાય છે. હાસ્ય છે તેટલો અસંયમભાવ છે. બીજાને શંકાનું કારણ થાય. જેને એ ટેવ પડી ગઈ હોય તે અસભ્ય વચનોવડે પાપ કરીને પણ બીજાને હસાવે. એ રીતે બીજાને પણ હસાવી પાપમાં દોરે છે. હાસ્યથી વૈર પણ બંધાઈ જાય; દ્રૌપદીની પેઠે તેનું આકરું ફળ આવે છે. અસંયમ ભાવથી વિકારના ઉદયમાં હાસ્ય વડે કોઈને આકર્ષવામાં વૃત્તિ જાય છે. અહીં તો બ્રહ્મચર્યની રક્ષાનો લક્ષ રાખીને વાક્ય લખ્યું છે. કોઈ હસીને વાત કરે તો સામા વ્યક્તિ ઉપર એવી છાપ પડે કે મારા ઉપર એને આસક્તિ છે, રાગ છે. માટે સ્ત્રીથી હસીને વાત કરું નહીં.

## ૪૦. શૃંગારી વસ્ત્ર નીરખું નહીં.

આંખને આકર્ષણ કરે તેવા કપડાં પહેરનાર ઉપર લોકોની દૃષ્ટિ પડે છે. તે ઉપરથી તેના અંગોપાંગનો ચિતાર હૃદયમાં આવે છે અને મોહ થાય છે. જેમ વસ્ત્ર તેમ અલંકાર વગેરે પણ ચિત્તને અત્યંત આકર્ષણ કરે છે. એના વિના જીવી શકું નહીં એમ કેટલાકને થઈ જાય છે.



**અંજનચોરનું દૃષ્ટાંત –** અંજનચોરની કથામાં આવે છે કે એક વેશ્યા બાગમાં ફરવા ગઈ. ત્યાં એણે એક રાજાની રાણીના ગળામાં સુંદર હાર જોયો એટલે એને થયું કે આવો હાર જો મને પહેરવાને ન મળે તો મારું જીવન નકામું છે. જ્યારે અંજનચોર તે વેશ્યાને ઘેર આવ્યો ત્યારે તેણીએ તેને તે રાણીનો હાર ચોરી લાવવા કહ્યું. અંજનચોર પોતાની આંખમાં એક જાતનું અંજન આંજતો જેથી તેને કોઈ જોઈ શકતું નહીં. અંજનચોર તે હાર ચોરી લઈ જતો હતો ત્યારે તે હારના રત્નનો પ્રકાશ ઘણો હોવાથી કોટવાળના જોવામાં આવ્યો તેથી તે તેની પાછળ પડ્યો. અંજને જાણ્યું કે કોટવાળ મારી પાછળ પડ્યો છે તેથી ગલી ગૂંચીમાં થઈ સ્મશાનમાં ચાલ્યો ગયો. ત્યાં સ્મશાનમાં એક બાગનો માળી આકાશગામિની



વિદ્યા સાધ્ય કરવા ડરનો માર્યો સીકા ઉપર ચઢ ઊતર કરતો હતો. તેની હિમ્મત ન ચાલવાથી તેણે બતાવેલ મંત્ર બોલી અંજનચોરે બધી દોરડીઓ એકસાથે કાપી નાખી જેથી વિદ્યા સિદ્ધ થઈ. વિદ્યાને, જ્યાં મૂળ મંત્ર આપનાર શેઠ છે ત્યાં લઈ જવા કહ્યું. શેઠ શાશ્વતા સુદર્શનમેરુના ચૈત્યાલયમાં પૂજા કરતા હતા. ત્યાં વિદ્યા તેને લઈ ગઈ. ત્યાં ચારણમુનિ મળ્યા. તેમનો ઉપદેશ સાંભળી દીક્ષા લઈ મોક્ષે ગયો. પણ વેશ્યા તો માત્ર હાર ન મળવાથી દુઃખી જ થઈ.

## ૪૧. દંપતી સહવાસ સેવું નહીં.

ભીંત કે પડદાના અંતરે કોઈ દંપતી સૂતા હોય તો તે ભણી ચિત્ત દઉં નહીં. કારણ તેવાં નિમિત્ત ચિત્તને વિકારી બનાવનાર છે. સહવાસ એટલે એવા લોકો સાથે રહેવાથી, એવી વાતચીત કે ચેષ્ટાઓ કે અવાજો મનને ભ્રષ્ટ કરે છે. માટે દંપતી સહવાસ સેવું નહીં.

## ૪૨. મોહનીય સ્થાનકમાં રહું નહીં.

મોક્ષમાળામાં બ્રહ્મચર્યની પહેલી વાડ વસતિ નામે છે. તેમાં સ્ત્રી, પશુ કે નપુસંક જ્યાં રહેતા હોય તેવા સ્થાનમાં રહું નહીં. જેથી મોહ ઉત્પન્ન થાય તેવા મોહનીય સ્થાનકમાં રહું નહીં.

## ૪૩. એમ મહાપુરુષોએ પાળવું. હું પાળવા પ્રયત્ની છું.

બ્રહ્મચર્ય સંબંધી બધા વાક્યો કહ્યા. તે મહાપુરુષોએ પાળવા યોગ્ય છે. મહાપુરુષ થવામાં બ્રહ્મચર્ય એ એક પરમસાધન છે. પરમકૃપાળુદેવે પોતાની ભાવના પ્રગટ કરી કે તે વાડો પાળવાનો હું પ્રયત્ની છું અને મહાપુરુષોએ પણ તેમ પાળવું. નાનપણમાં કૃપાળુદેવ વવાણિયામાં સાધ્વીઓના કહેવાથી ઉપાસરે તેમની પાસે જતા ત્યારે પણ સાથે પોપટલાલને લઈ જતા હતા. ત્યાં મોક્ષમાળાના પાઠો સમજાવતા તથા શાસ્ત્રોના પરમાર્થ જણાવતા હતા.

## ૪૪. લોક નિંદાથી ડરું નહીં.

ધર્મકાર્યમાં લોકલાજનો અંતરાય જીવ ગણે છે, તે અનંતાનુબંધીકષાયનું કારણ છે. ધર્મ પામવા ન દે એવી લોકલાજ છે. લોકલાજ મનમાં હોય તો જાણે કે મને કોઈ કહેશે તો, અથવા કોઈ દેખી જશે તો મારી નિંદા કરશે, એમ મનમાં ભય રહ્યા કરે છે. લોકનિંદા થતી હોય તેમાં ટકી રહેવું એ બહુ મુશ્કેલ છે. ધર્મમાં કેવી પકડ થઈ છે તેની એ કસોટી છે.

રામ જાણતા હતા કે સીતા નિર્દોષ છે છતાં લોકનિંદાથી ડરીને સગર્ભા સીતાને ભયંકર જંગલમાં તજી દીધી. લોકો આપણને સારા કહેવાથી સારા થઈ જતા નથી, અને લોકો ખોટા કહે તેથી આપણે કંઈ પાપી થઈ જતા નથી. ઊલટો જે લોકનિંદાનો ડર રાખે તે આત્મહિત કરવાનું ચૂકી જાય છે. પરમકૃપાળુદેવે પત્રાંક ૧૯૪માં ચાર પ્રતિબંધ કહ્યાં છે — **"લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબરૂપ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન"** સ્વચ્છંદ રોકે તો પણ આ ચાર પ્રતિબંધ ઓળંગ્યા સિવાય જીવનું કલ્યાણ થતું નથી. **" ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદને પ્રતિબંધ".** – શ્રીમદ્ રાજચંદ્ર

**સતી સીતાનું દૃષ્ટાંત –** રાવણના ઘેર સીતા રહેવાના કારણે લોકનિંદાથી શ્રી રામે ગર્ભવતી સતી સીતાને જંગલમાં મૂકાવી. ત્યાં સીતા સેનાપતિ પ્રત્યે બોલ્યા કે રામ લોકાપવાદથી ભય પામ્યા હતા તો તેમણે મારી પરીક્ષા દિવ્ય વગેરેથી કરવી હતી. ફરી રામને કહેજો કે લોકાપવાદથી મારો ત્યાગ કર્યો તેમ મિથ્યાદૃષ્ટિલોકોની વાણીથી શ્રી જિનભાષિત ધર્મને છોડશો નહીં. સેનાપતિ સીતાને પ્રણામ કરી માંડ

# સતી સીતાજી



૧ રાવણના બગીચામાં સીતાજી
૨ સીતાજીને જંગલમાં મૂકતા.
૩ સીતાજીની અગ્નિ પરીક્ષા
૪ સીતાજીને વૈરાગ્ય, રામને મૂર્છા
૫ સીતાજીની દીક્ષા



માંડ ત્યાંથી પાછો ફર્યો. સીતા જંગલમાં એકલી આમતેમ ફરવા લાગી. વજ્રજંઘ નામે રાજા સૈન્યસહિત જંગલમાં આવ્યો. તે સીતાને જોઈ તેની પાસે આવ્યો. સીતાને ભય લાગ્યો. ત્યાં સુમતિ નામે મંત્રી બોલ્યો કે આ રાજા પરનારીના સહોદર છે માટે તમે નિર્ભય રહો. પછી રાજાએ કહ્યું મને તમારા ભાઈ ભામંડલ જેવા ગણી મારા ઘરે ચાલો. પછી રાજાએ પોતાને ઘેર રાખી. ત્યાં લવકુશનો જન્મ થયો. રામ લક્ષ્મણની સાથે યુદ્ધ કરતાં લવકુશનો જય થયો.

પછી લોકોને સીતાના સતીત્વની પ્રતીતિ કરાવવા માટે અગ્નિમાં પ્રવેશ કરાવ્યો. ત્યારે વિશાળ અગ્નિકુંડ તે સતીત્વના પ્રભાવથી જળનો કુંડ બની ગયો. તેના મધ્યે સુવર્ણકમળ ઉપર સીતાજી વિરાજમાન થયા. પછી રામે કહ્યું હવે ઘરે ચાલો. ત્યારે સીતાજી કહે - જગતના આવા પ્રપંચથી હું વૈરાગ્ય પામી છું. માટે હવે હું દીક્ષા લઈશ. દીક્ષા માટે સીતાજીને કેશલોચ કરતાં જોઈ શ્રી રામને મૂર્ચ્છા આવી ગઈ. પછી સીતાજી શ્રી ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી તપ સંયમ આરાધી બારમા દેવલોકમાં ઇન્દ્રની પદવીને પામ્યા.

## ૪૫. રાજ્યભયથી ત્રાસું નહીં.

કોઈ નિયમ અમુક વખત સુધી લે છે. તેમાં આગાર એટલે છૂટ. રાજા કે લૂંટારા વગેરેથી વ્રત વિરુદ્ધ વર્તવું પડે તો તેમાં મારે આગાર એટલે છૂટ છે, તેથી વ્રતભંગ ન થાય. તેમાં રાજભય એક આગાર છે, પણ એ સામાન્ય મનુષ્યો માટે છે. મહાપુરુષો તો નિર્ભય હોય છે. તેથી કહ્યું કે 'રાજ્યભયથી ત્રાસું નહીં.' એટલે રાજાના ભયથી ડરીને સત્યને છોડું નહીં. સમ્યગ્દૃષ્ટિના વર્ણન વિષે સમયસારમાં કહ્યું કે ત્રણ લોકમાં ક્ષોભ થાય તેવો કોઈ અકસ્માત થાય તો પણ સમ્યગ્દૃષ્ટિનું રોમ ફરકે નહીં. તે જાણે છે કે આત્મા મરતો નથી. બહુ થાય તો દેહ જે પર્યાયરૂપ છે તે છૂટી જાય. તે તો ગમે ત્યારે છૂટવાનો જ છે. એક વખત મરણ તો અવશ્ય આવવાનું છે. તેની શંકા રાખીને આખી જીંદગી ડર્યા કરવું, એ વિચારવાન જીવનું કર્તવ્ય નથી. **''લાખો વર્ષો તક જીઉં યા મૃત્યુ આજ હી આ જાવે''** એવા ભાવમાં વર્તવા યોગ્ય છે.

**કાલિકાચાર્યનું દૃષ્ટાંત – નિડરપણે સત્ય કહેવું.** દત્ત રાજા મિથ્યાત્વી હતો. પશુઓને યજ્ઞમાં હોમી ધર્મ માનતો. એકદા કાલિકાચાર્ય ત્યાં પધાર્યા. ભદ્રા માતાના આગ્રહથી દત્ત રાજા વંદન કરવા આવ્યો. ગુરુમહારાજે તેને ધર્મદેશના આપી. તે સાંભળી દત્તે યજ્ઞનું ફળ પૂછ્યું. ગુરુએ કહ્યુંઃ જયાં હિંસા હોય ત્યાં ધર્મ નથી. ફરી પૂછ્યું ત્યારે કહેઃ હિંસા દુર્ગતિનું કારણ છે. દત્ત કહે યજ્ઞનું ફળ જેવું હોય તે સત્ય કહો. ત્યારે આચાર્યે વિચાર્યું કે આ રાજા છે, યજ્ઞમાં પ્રીતિવાળો છે, છતાં નિડરપણે સત્ય જ કહ્યું કે હે દત્ત! હું નિશ્ચયપૂર્વક કહું છું કે આ હિંસામય યજ્ઞનું ફળ નરકગતિ છે. દત્તે કહ્યું : '' એ કેવી રીતે જણાય? ગુરુએ કહ્યુંઃ આજથી સાતમે દિવસે ઘોડાના પગથી ઉડેલી વિષ્ટા તારા મુખમાં પડશે. પછી તું લોઢાની કોઠીમાં પૂરાઈશ. પછી નરકગતિ પામીશ. દત્તે કહ્યું તમારી શી ગતિ થશે? ગુરુએ કહ્યું : ધર્મના પ્રભાવથી સ્વર્ગે જઈશ.

તે સાંભળી ગુરુની આસપાસ સિપાઈઓ ગોઠવી દત્ત રાજા મહેલમાં ગયો. સાત દિવસ સુધી બહાર નીકળવું નહીં એમ ધારી મહેલમાં રહ્યો. પણ કર્માનુસાર સાતમાં દિવસને આઠમો દિવસ જાણી ગુરુને મારવા માટે બહાર નીકળ્યો. ત્યાં રસ્તામાં માળીને હાજત થવાથી વિષ્ટા કરી તેના પર ફુલનો ઢગલો કર્યો હતો. તેના ઉપર દત્તના ઘોડાનો પગ પડતાં વિષ્ટા ઊછળીને તેના મોઢામાં પડી. ગુરુના વચન ઉપર વિશ્વાસ આવવાથી તે દત્ત રાજા પાછો ફર્યો. પણ જીતશત્રુ રાજાના સેવકોએ તેને પકડી લીધો. પછી



લોઢાની કોઠીમાં નાખી પકાવ્યો. અહીં પણ નરકની વેદના ભોગવીને સાતમી નરકે ગયો. (ઉપદેશમાળા)

એમ કાલિકાચાર્યની જેમ સત્ય ઉપદેશ આપું. પણ ડરનો માર્યો કદી અસત્ય ઉપદેશ આપું નહીં.

## ૪૬. અસત્ય ઉપદેશ આપું નહીં.

અસત્ય ઉપદેશ એટલે ઉત્સૂત્ર પ્રરૂપણા. એ મોટો દોષ છે. કેટલાક રાજ્યના ત્રાસ કે ભયથી કે લાલચથી પોતાની માન્યતાની વિરુદ્ધ ઉપદેશ આપે છે; તે પોતાનું અંતઃકરણ વેચ્યા જેવું છે. રાજાના ડરથી કોઈને પ્રસન્ન કરવા અસત્ય કહેવું તે ન્યાય નથી. સાચું હોય તે નિર્ભયપણે જણાવવું જોઈએ. મૌન રહેવું પણ અસત્યનો ઉપદેશ તો ન જ આપવો. સત્ય પર જેને વિશ્વાસ છે તે ડરતો નથી. અસત્ય પક્ષનો તે દાસ થતો નથી.

**લુથરનું દૃષ્ટાંત –** લુથર નામનો અંગ્રેજ એક વખત પોપ અને યુરોપના બધા ધર્માચાર્યોની સામે એકલે હાથે લડ્યો. તેણે બધા માણસો પોતાના પક્ષમાં હોય તો અસત્યની સામું થવું એવો વિચાર કર્યો નહીં; પણ પોતે સત્ય હોવાથી એના પક્ષમાં પછી આખું યુરોપ આવી ગયું.

## ૪૭. ક્રિયા સદોષી કરું નહીં.

દોષ ટાળવા માટે ક્રિયા છે, અને ક્રિયા દોષ સહિત કરવાથી તે દોષ કાયમ રહે છે. કેટલાક એમ કહે છે કે ગમે તેવી દોષવાળી ક્રિયા પણ લોકો કરતા રહેશે તો ધર્મ ટકશે. તેના ઉત્તરમાં સામા પક્ષવાળાએ કહ્યું કે દોષવાળી ક્રિયા તે જ ધર્મનો પાયો ડગાવનાર છે. કલ્યાણ તો સત્પુરુષ કે ભગવાનના વચનથી છે. તેમાં દોષ ઉમેરવા એટલે કે દોષવાળી ક્રિયા કરવી તે ઉત્તમ રસોઈમાં ઝેર નાખવા જેવું છે. થોડું કરવું પણ સારું કરવું, દોષરહિત કરવું એમ બીજા પક્ષવાળાનું માનવું છે.

**ભાવ સહિત ક્રિયાનું ઉત્કૃષ્ટ ફળ –** જેમ આકાશમાં તારા ઘણા હોય પણ પ્રકાશ પડતો નથી. જ્યારે ચંદ્ર કે સૂર્ય એક હોય તો પણ પ્રકાશ આપે છે. માટે ધર્મમાં સંખ્યાની જરૂર નથી. ઘણી સંખ્યા હોય તેથી મોટો કે સારો ધર્મ ગણાય નહીં. પ્રભુશ્રીજી કહેતા કે સાચી અગ્નિની એક ચિનગારી હોય તે પણ કરોડો મણ રૂને બાળી નાખે; પણ કાગળ પર કરોડો વાર અગ્નિ શબ્દ લખી તે કાગળ રૂમાં નાખે તેથી એક પૂણી સરખી પણ બળે નહીં. તેમ સાચા ભાવરૂપ અગ્નિ સહિતની ક્રિયા જો થોડી પણ હશે તો તે ઘણા કર્મને બાળી નાખશે અને ઉત્કૃષ્ટ ફળ આપશે.

પહેલા પક્ષવાળા કહે છે કે સદોષવાળી પણ સામાયિક, પ્રતિક્રમણ કરવાની ટેવ રાખી હશે તો કોઈક વખતે સાચી સામાયિકાદિ ક્રિયા કરશે. કોઈ પક્ષ એકાંતે ગ્રહણ કરવા યોગ્ય નથી. પણ બનતાં સુધી સદોષી ક્રિયા થતી હોય તો પણ દોષ ટાળવાની બુદ્ધિ રાખવા યોગ્ય છે. બને તો દોષ રહિત ક્રિયા કરવી. મહાપુરુષોનો સ્વભાવ તો એવો હોય છે કે કોઈ ક્રિયા કરવા જેટલી પોતાનામાં શક્તિ ન હોય ત્યાં સુધી તે કરવાની ઉતાવળ કરતા નથી. જ્યાં સુધી અપ્રત્યાખ્યાનાવરણીય કે પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ઉદય હોય ત્યાં સુધી દેશવ્રત કે મહાવ્રત લેતા નથી, પણ તે વ્રતોની ભાવના રાખીને કષાય ટાળવાનો પુરુષાર્થ કરે છે. કોઈએ વ્રત ન લેવું એમ એકાંતે કહેવું નથી. પણ જેને પોતાના કષાયની ખબર છે તે કષાય ટાળવા પહેલો પ્રયત્ન કરે છે. વ્રતને માટે ઉતાવળ કરતાં નથી. કષાયના અભાવે વ્રત સહેજે પ્રાપ્ત થશે. એ વિષે



પરમકૃપાળુદેવ જણાવે છે —

**"ઉદાહરણ દાખલ કે જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢિ પ્રમાણે સામાયિક વ્રત તો કરે છે, તેનો નિષેધ નહીં કરતાં, તેનો તે વખત ઉપદેશના શ્રવણમાં કે સત્શાસ્ત્રઅધ્યયનમાં અથવા કાયોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્‌માત્ર આભાસે પણ તેને સામાયિક વ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી. ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે; અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારાં પ્રત્યે દોષ દઈ તે ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે, અને લોકોની દૃષ્ટિમાં એમ આવે કે તમે જ ક્રિયાનો નિષેધ કર્યો છે. માટે મતભેદથી દૂર રહી, મધ્યસ્થવત્ રહી સ્વાત્માનું હિત કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ તેમ પ્રવર્તવું, અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એ જ નિર્જરાનો સુંદર માર્ગ છે."** (વ.પૃ. ૬૫૩)

## ૪૮. અહંપદ રાખું કે ભાખું નહીં.

ઉપરના વાક્યમાં સદોષ ક્રિયા કહી તેનું કારણ ક્રિયાની વિધિનું અજ્ઞાન હોય અથવા જાણતો હોય છતાં અશક્તિને લઈને દોષ થઈ જાય તેને માટે કહ્યું છે. પણ ક્રિયા કરી તેનું અભિમાન રાખવું તે મોટો દોષ છે. મેં કર્યું, મેં કેવું સારુ કર્યું, મારા જેવું કોઈ કરી શકે નહીં વગેરે અહંપણાનો દોષ રાખું નહીં કે ભાખું નહીં એટલે કહી બતાવું નહીં. સારા માણસો સારા કામ કરે છે પણ ગુપ્ત રાખે છે. બીજાના ગુણો પ્રગટ કરવા અને પોતાના ગુણો ઢાંકવા એ સજ્જન પુરુષના લક્ષણ છે. જેના અંતરમાં અહંભાવ નથી તેના વચનમાં વખતે કારણસર સત્યવાત જણાવે તો પણ આ અહંકાર કરવા બોલે છે એમ જણાતું નથી. પણ જેના અંતરમાં અહંભાવ છે તે વાણીમાં અહંભાવના શબ્દો ન આવવા દે તો પણ બીજાના અંતરમાં તેના અહંકારની છાપ પડ્યા વિના રહેતી નથી. ચીપી ચીપીને બોલતો હોય પણ એના શબ્દો જ એનો ભાવ બતાવી આપે છે. મનોમન સાક્ષી છે. જેમકે એક ઘોડેસ્વારે ડોશીમાને કહ્યું – "લાવો ડોશીમા, તમારું પોટલું લઈ જાઉં." ડોશીમાએ કહ્યું "ના બા મને ખબર પડી ગઈ. તને કહી ગયો તે મને પણ કહી ગયો;" અર્થાત્ મને ખબર પડી ગઈ કે તારે પોટલું લઈને નાસી જવું છે. સામાનું મન તેના વચન પરથી પરખાઈ જાય છે. માટે અહંપદ રાખું નહીં કે ભાખું નહીં.

## ૪૯. સમ્યક્ પ્રકારે વિશ્વ ભણી દૃષ્ટિ કરું.

**'જગત આત્મારૂપ માનવામાં આવે'** -શ્રીમદ્ રાજચંદ્ર.

**"સર્વ આત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો."** -શ્રીમદ્ રાજચંદ્ર.

પરમકૃપાળુદેવના હૃદયમાં વિશ્વ ભણી કેવી સમતાદૃષ્ટિ છે તે જણાવે છે —

**"જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઇચ્છીએ છીએ. જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ. જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ."** (વ.પૃ.૩૮૪)

ઉપરના વાક્યોમાં જ્ઞાનીપુરુષોને કેવા સમ્યક્ ભાવ હોય તેનું વર્ણન છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ



જગતવાસી જીવોની સમ્યક્દૃષ્ટિ નથી ત્યાં નહીં જેવી વસ્તુને માહાત્મ્ય આપી મોટી માનવામાં આવે છે. જેમકે ઘરમાં ફાનસ જેવી નાની વસ્તુ હોય તો તે કેવી સારી છે, કોઈની એવી નથી વગેરે વિકલ્પ થાય છે. તે ઘણી ટૂંકી દૃષ્ટિ છે. પણ જો વિચારે તો ચંદ્ર, સૂર્ય કે આખા ચૌદ રાજલોક આગળ એ શા હિસાબમાં છે. આ વિષયને સ્પષ્ટ કરતા પરમકૃપાળુદેવ જણાવે છે કે—

**"મોટા આશ્ચર્યને પમાડનારાં એવાં જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ પદાર્થોના જે ગુણો તે સામાન્ય પ્રકારે પણ જેમ જીવોની દૃષ્ટિમાં આવતા નથી, અને પોતાનું જે નાનું ઘર અથવા જે કંઈ ચીજો તેને વિષે કોઈ જાતનું જાણે આશ્ચર્યકારક સ્વરૂપ દેખી અહંત્વ વર્તે છે, એ જોઈ એમ થાય છે કે લોકોને દૃષ્ટિભ્રમ-અનાદિકાળનો-મટ્યો નથી; જેથી મટે એવો જે ઉપાય, તેને વિષે જીવનું અલ્પ પણ જ્ઞાન પ્રવર્તતું નથી; અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે; એમ ઘણા જીવોની સ્થિતિ જોઈ આ લોક અનંતકાળ રહેવાનો છે, એમ જાણો."** (વ.પૃ.૩૩૬)

પ્રભુશ્રીજી કહે – એક લપડાક માગે છે. લપડાક વાગે તો મોઢું વાંકુ હોય તે સીધું થઈ જાય; તેમ બોધથી અંતરદૃષ્ટિ થાય પછી ઘરનું, શરીરનું માહાત્મ્ય નીકળી જાય. પછી તો જેમ ઉંદર, ચાંચડને રહેવાનું ઘર છે તેમ મારું પણ છે. તેમાં મારું મારું ખોટું શું કામ કહેવું. આખા વિશ્વનો વિચાર આવે તો મારું મારું ન કરે. ત્રણે કાળનો વિચાર આવે તો આવી સાંકડી મર્યાદાવાળી ક્ષણિક વસ્તુઓનો મોહ દૂર થાય અને સ્વપ્ન જેવું બધું લાગે.

## ૫૦. નિઃસ્વાર્થપણે વિહાર કરું.

**"વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો"**- અપૂર્વ અવસરમાં આવી ભાવના પરમકૃપાળુદેવે નાનપણમાં કરેલ. વિહાર કરવાનું કારણ અપ્રતિબન્ધ રહેવા માટે છે કે જેથી કોઈ ઠેકાણે પ્રતિબંધ ન થાય. પણ કોઈ સ્વાર્થથી વિહાર કરે કે મને ફલાણું જોવા મળશે વગેરે, ત્યાં પહેલો સ્વાર્થ આવ્યો. સ્વાર્થ છે તે જ પ્રતિબન્ધતાનું કારણ છે. વિહારમાં જે ધાર્યું હોય તે મળે તો એને ગમે, રાગ થાય, પ્રતિબંધ થાય માટે નિઃસ્વાર્થપણે વિહાર કરું.

વીતલોભ અને નિઃસ્વાર્થપણું એક જ છે. સ્વાર્થ એ લોભ છે. વીતરાગી કે નિઃસ્પૃહી પુરુષો ગમે ત્યાં સુખી છે. કેમકે તેમને બીજી કોઈ ઇચ્છા હોય નહીં, માટે દુઃખ પણ થાય નહીં.

**ઋષભદેવ ભગવાનનું દૃષ્ટાંત –** ઋષભદેવ ભગવાન વિહાર કરતાં કરતાં બાહુબલીજીની નગરી તક્ષશિલાપુરી નામે છે ત્યાં સાંજના સમયે આવી ઉદ્યાનમાં કાયોત્સર્ગે રહ્યાં. ઉદ્યાનપાલકે બાહુબલીજીને પ્રભુ પધાર્યાની વાત કરી. તેથી બાહુબલીજીએ વિચાર્યું કે સવારમાં બધા મળીને પ્રભુના દર્શન કરવા જઈશું. ભાવથી ભગવાનની પૂજા કરીશું. તેથી આખા શહેરમાં તૈયારી કરાવી. રાત્રિ બહુ લાંબી લાગવા લાગી. પ્રભાત થતાં બાહુબલીજી પરિવાર સહિત વાંદવા આવ્યા. ત્યાં ઉદ્યાનપાલકને પૂછ્યું કે ભગવાન ક્યાં છે? તેણે કહ્યું ભગવાન પ્રભાત થતા વિહાર કરી ગયા. તે સાંભળીને બાહુબલીજી રડવા બેઠા કે મેં ભગવાનના ચરણના દર્શન કર્યા નહીં. ત્યારે મંત્રીએ સમજાવ્યા કે ભગવાનના જ્યાં પગલાં પડ્યા છે તે પગલાંના દર્શન કરો. પછી બાહુબલીજીએ તેનાં દર્શન કર્યા. તે પગલાં ઉપર રત્નમય ધર્મચક્ર સ્થાપન કર્યું. ભગવાન અહો! કેવા નિઃસ્વાર્થપણે વિચરે છે. (ત્રિશષ્ટિશલાકાપુરુષ ચરિત્રના આધારે)



## ૫૧. અન્યને મોહની ઉપજાવે એવો દેખાવ કરું નહીં.

કોઈપણ મારા નિમિત્તે મોહમાં ન ફસાય એવી ભાવના કરવી તે દયા છે. સજ્જન પુરુષો બીજાનું દિલ દુભાય તેમ વર્તતા નથી. તેમ વિવેકી પુરુષો મોહને દુઃખ દેનાર જાણે છે. તેથી બીજા જીવોને મોહ ઊપજે એવો દેખાવ પણ કરતા નથી. જેમ દીવાથી અંજાઈને પતંગીયા દીવામાં આવીને પડે છે અને દુઃખી થાય છે. તે અટકાવવા દયાળુ પુરુષો દીવા પર કંઈ ઢાંકણ રાખે છે. તેમ જગતના જીવોને મોહનું દુઃખ પોતાના નિમિત્તે ન થાઓ એમ સજ્જન પુરુષો ઇચ્છે છે.

મોહી જીવોને અજ્ઞાન દશાને લીધે સારું જોવાનું, સારું ખાવાનું, સારું સાંભળવાનું મળે ત્યારે તાત્કાલિક સારું લાગે છે અને તેમાં મોહ પામે છે. પણ તે વખતે રાગદ્વેષ થવાથી કર્મ બંધાય છે. તે દુઃખનું કારણ છે એમ તે જાણતા નથી. પણ મોહના કાર્યમાં જ સુખની અનાદિની કલ્પના હોવાથી પોતાને તેથી સુખ થાય છે એમ માને છે અને બીજાને પણ સુખી કરવાનો એ જ ઉપાય છે એમ સમજે છે. તેથી જેના હૃદયમાં મોહ છે તે બીજાને પણ મોહ ઉપજાવે તેવા દેખાવો, ચેષ્ટા, વચનના ઉચ્ચાર વગેરે કરે છે. મનમાં ચિંતવના પણ એ જ પ્રકારની રહે છે કે મારા પ્રત્યે બીજા જીવો આકર્ષાય તો સારું. ત્યાં એવી ભાવના કરનારને અને તેના પ્રત્યે જે આકર્ષાય તે બન્નેને એ કર્મબંધના કારણ છે. પણ તે તેના લક્ષમાં રહેતું નથી. માટે અન્યને મોહ ઉપજાવે એવો દેખાવ કરું નહીં.

## ૫૨. ધર્માનુરક્ત દર્શનથી વિચરું.

વાક્ય ૫૦, ૫૧ અને ૫૨ને સંબંધ છે. ધર્માનુરક્ત એટલે જેને ધર્મ પ્રત્યે પ્રેમ છે. તે કારણે વિહાર કરું જેથી ધર્મનો પ્રચાર થાય. દર્શન શબ્દ અહીં દેખાવ માટે વાપર્યો છે. દર્શન એટલે દેખાવ, ચેષ્ટા વગેરે પણ ધર્મને પ્રેરે તેવી વૈરાગ્યવાળી રાખું. ચેષ્ટા એટલે ધર્મક્રિયા, તે પણ વૈરાગ્યસહિત કરું; કે જેથી લોકોને થાય કે અમારે પણ આ કરવું છે. અર્થાત્ ધર્મમાં તલ્લીનભાવે વૈરાગ્યપૂર્ણ દેખાવથી વિહાર કરું.

જે સંસારથી ત્રાસ પામેલા વૈરાગી હોય તેને સંસારની વાતો કે સમાચારો વગેરે ન ગમે તે ગંભીરભાવવાળા હોય. ગંભીરભાવ એટલે જેના અંતરમાં સુંદર વિચારણા ચાલતી હોય. તેમના એવા ઉદાસીનભાવ એમની મુખમુદ્રા પરથી પણ જણાય. એવી ચેષ્ટાઓવાળા ધર્માનુરક્ત પુરુષો હોય.

**''તે કહો તે પૂછો સૌને, તે ઇચ્છો તન્મય રહો;**
**જેથી મિથ્યાત્વ મૂકીને, જ્ઞાનાવસ્થા તમે ગ્રહો.''**– સમાધિશતક

## ૫૩. સર્વ પ્રાણીમા સમભાવ રાખું.

પરમકૃપાળુદેવે પુષ્પમાળા વાક્ય ૧૧માં **'સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ'** એમ કહી ધર્મનું મૂળતત્ત્વ દર્શાવ્યું. તથા મહાનીતિના વાક્ય ૪૯માં **'સમ્યક્ પ્રકારે વિશ્વ ભણી દૃષ્ટિ કરું'** એમ કહી જગત ભણી કેમ જોવું તે જણાવ્યું. પણ આ ૫૩માં વાક્યમાં તો ઉપસર્ગ કે અણગમતી વસ્તુઓ આવી પડે તો પણ સમભાવ રાખું. સમભાવ રાખવાની જાણે પ્રતિજ્ઞા કરી હોય એવું આ વાક્ય છે. સમભાવ એ મોક્ષનું કારણ છે.

**મલ્લિનાથ ભગવાનનું દૃષ્ટાંત –** મલ્લિનાથ ભગવાને દીક્ષા લીધી તે જ દિવસે સમભાવથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. અને દેશના પણ સમભાવ-સમતા વિષે આપી. દીક્ષા વખતે ભાવ ચઢીયાતા હોય. તેના પરિણામે દરેક તીર્થંકરને દીક્ષા સાથે મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. મલ્લિનાથ ભગવાને તે ભાવોને વિશેષ ચઢિયાતા રાખ્યા, પડવા દીધા નહીં અને શ્રેણી માંડીને તે જ દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. થોડો



પ્રમાદ થયો હશે, કારણ પ્રમાદ સાથે લડતાં લડતાં સાંજ પડી ગઈ. જ્યારે કેવળજ્ઞાન તો બે ઘડીમાં જ થઈ જાય છે.

ઋષભદેવ ભગવાન ૧૦૦૦ વર્ષ દીક્ષા પર્યાયમાં વિચર્યા પછી કેવળજ્ઞાન પ્રગટ્યું. કર્મ પ્રમાણે મુશ્કેલીઓ તો આવે. જેમકે ખળખળતું પાણી હોય તેને શાંત થતા વાર લાગે, તેમ મનના વિકલ્પોને સમભાવથી રોકતાં થોડો વખત પણ લાગે.

**"રાગ દ્વેષાદિ મોજાંથી, હાલે જો ના મનોજળ;**
**તો આત્મતત્ત્વ તે દેખે, તે તત્ત્વે અન્ય નિષ્ફળ."**-સમાધિશતક

મન સ્થિર થયું હોય ત્યાં બીજુ કોઈ નિમિત્ત મળી આવે કે પૂર્વનું કંઈક સાંભરી આવે અથવા ઉપસર્ગ થાય તેથી ફરી મન રાગદ્વેષવાળું કે રતિઅરતિ પરિણામવાળું થઈ જાય છે અને આત્મસ્થિરતા જતી રહે છે. કારણ માયા દુરંત છે. રાગ દ્વેષથી જ્યારે ખળભળાટ વિશેષ થઈ જાય ત્યારે જનકરાજા પણ પોતાના ગુરુ અષ્ટાવક્રનું શરણ લેતા હતા. આ વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૩૨૧માં જણાવે છે —

**"વિદેહીપણે જનકરાજાની પ્રવૃત્તિ તે અત્યંત ઉદાસ પરિણામને લીધે રહેતી; ઘણું કરીને તેમને તે સહજ સ્વરૂપમાં હતી; તથાપિ કોઈ માયાના દુરંત પ્રસંગમાં સમુદ્રને વિષે જેમ નાવ યત્કિંચિત્ ડોલાયમાન થાય તેમ તે પરિણામનું ડોલાયમાન થવાપણું સંભવિત હોવાથી પ્રત્યેક માયાના પ્રસંગમાં કેવળ જેની ઉદાસ અવસ્થા છે એવા નિજગુરુ અષ્ટાવક્રની શરણતા સ્વીકારી હોવાથી માયાને સુખે તરી શકાય એમ થતું હતું, કારણ કે મહાત્માના આલંબનની એવી જ બળવત્તરતા છે."** (વ.પૃ.૩૧૩)

## ૫૪. ક્રોધી વચન ભાખું નહીં.

ઉપર જે સમભાવ કહ્યો તેને વિઘ્ન કરનાર ક્રોધ છે. જેમ ઈંધણ, કોલસા કે લાકડામાં સત્તારૂપે રહેલો અગ્નિ દેખાતો નથી પણ જ્યારે સળગે છે ત્યારે તે અગ્નિ દેખાય છે અને તેને અડતાં ગરમ લાગે છે. તેમ ક્રોધરૂપ આત્માનો ભાવ અરૂપી છે પણ શબ્દ વડે તે વ્યક્ત થાય છે. ક્રોધના શબ્દ સંભળાય છે ત્યાં જીવ દાઝી ઊઠે છે. કષાયભાવથી કહેવાયેલાં વચનો સામા જીવના કષાયને જાગ્રત કરે છે. ભલે સભ્ય વચનોમાં કહ્યું હોય, જેમકે રૂમાં વીંટીને અગ્નિ કોઈના ઘરમાં નાખ્યો હોય તો પણ એ લાગી ઊઠે છે. તેમ કષાયથી ભરેલા સભ્ય વચનો પણ બીજાના ભાવ ક્રોધવાળા કરે છે. કોઈ નોકર વગેરે હોય તે ભલે અસમર્થતાને કારણે અત્યારે ક્રોધ ન બતાવે પણ વેરની લાગણી અંતરમાં સાચવી રાખે છે. માટે સ્વપરને અહિતકારી એવા ક્રોધી વચનો કહું નહીં.



**શ્રીમતીનું દૃષ્ટાંત — સમભાવથી સર્વનું કલ્યાણ.** પોતનપુર નગરમાં સુવ્રત નામે એક શેઠ રહેતા હતા. તેમની પુત્રી શ્રીમતીનું જીવન ધર્મમય હતું. નિરંતર સ્મરણમંત્રની રટણામાં તે નિમગ્ન રહેતી. તેથી તેના સાસુ સસરાએ જો શ્રીમતી ધર્મકરણીનો ત્યાગ ન કરે તો તેને કષ્ટ આપવું એમ વિચાર્યું.

એક દિવસ સસરાએ માટીના ઘડામાં સર્પ લાવી રાખ્યો. શ્રીમતી તંબુરા સાથે ભક્તિ સ્મરણમંત્ર કરતી હતી ત્યારે તેના પતિએ તેને મારવાના આશયથી કહ્યું : ઘડામાંથી પુષ્પહાર લઈ આવ. એ મંત્રસ્મરણ કરતી ઘડા પાસે જઈ ઘડામાં હાથ નાખ્યો કે સર્પને બદલે ફૂલની માળા હાથમાં આવી.





તે જોઈ સાસુ સસરા તથા તેનો પતિ આશ્ચર્ય પામ્યા અને બધાનાં અંતરમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થઈ. આવા અનેક કષ્ટો આપ્યા છતાં શ્રીમતીએ કોઈ પ્રત્યે ક્રોધથી કાંઈ વચન ભાખ્યું નહીં; પણ સમતા રાખી બધું સહન કર્યું. તેમ સ્વપરને અહિતકારી એવું ક્રોધી વચન કદી ભાખું નહીં. ('નવજીવન' પુસ્તિકામાંથી)

## ૫૫. પાપી વચન ભાખું નહીં.

ઉપરના વાક્યમાં ક્રોધને વિષે કહ્યું તે પ્રમાણે પાપ પણ ચેપી રોગ સમાન છે. હૃદયમાં પાપ હોય તો વચન પણ પાપને પોષનારા નીકળે છે. તે વચન જે સાંભળે તેને પણ પાપનો ચેપ લાગે છે. માટે પાપ પ્રેરક વચનો બોલું નહીં. હિંસા, જાૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ પ્રકારના અવ્રત તે મુખ્ય પાપ છે. તેને પોષનાર પાપી વચન બોલું નહીં.

**સોમા સતીનું દૃષ્ટાંત –** સોમા હંમેશાં ભક્તિમાં લીન રહેતી. સાસુ તથા પતિ તેને રાત્રિભોજન કરાવવા માટે પ્રયત્ન કરવા છતાં તે કરતી નહોતી. તેથી તેના પ્રત્યે એનો પતિ ચારિત્રનો દોષ લગાવી કહે તારે ચાર દિવાલની બહાર જવું નહીં. છતાં એણે કોઈ પ્રત્યે ક્રોધ કર્યો નહીં. તેમજ ધર્મ પ્રત્યે પણ એની રુચિ ઘટી નહીં.



એક દિવસ સોમાને મારી નાખવા એના પતિએ એક સર્પને લાવી ઘડામાં મૂકી ઉપર કપડું બાંધી રાખ્યું. સવારમાં એના પતિએ કહ્યું સોમા તું પેલા ઘડામાંથી હાર કાઢીને પહેરી મને બતાવ. સોમાએ ઘડામાં હાથ નાખ્યો કે સર્પનો હાર થઈ ગયો, અને પોતે તે હાર પહેરી પતિને બતાવ્યો. પછી સોમાએ કહ્યું તમે આ હાર પહેરો જેથી હું તમારી શોભાને જોઉં. એમ કહી પતિને પહેરાવ્યો કે તે સર્પ બની ગયો અને ડંખ માર્યો. તે ચીસ પાડીને પડી ગયો. તેનું શરીર લીલું પડી ગયું. પણ સતીના પ્રભાવે તે સ્વસ્થ થઈ ગયો. માટે પાપી વચન કદી ભાખું નહીં. (સન્મતિ સંદેશમાંથી)

## ૫૬. અસત્ય આજ્ઞા ભાખું નહીં.

અસત્ય આજ્ઞા એ ઉપરના પાપી વચનને પોષનાર છે. ભગવાને તો પાપ તજવાનું કહ્યું તેને બદલે કોઈપણ પાપ, ભગવાને કરવાનું કહ્યું છે એમ કદી કહું નહીં. પોતાની વાત કોઈ માને નહીં; પણ ભગવાનના નામે કહે તો ઘણા માણસો ભોળવાઈને પાપમાં પણ પ્રવર્તે. માટે ભગવાનને નામે પાપ કરવું કે કરાવવું એ મહાદોષ છે. ઘણો દુષ્ટ સ્વભાવ હોય તો જ એને એવું સૂઝે.

**મરિચિનું દૃષ્ટાંત –** ઉત્સૂત્ર પ્રરૂપણાથી મરિચિના જીવને ઘણા ભવ કરવા પડ્યા. ઋષભદેવના પૌત્ર હતા ત્યાંથી લગાવીને લગભગ એક કોડાકોડી સાગરોપમ સુધી ચાર ગતિમાં પરિભ્રમણ કરવું પડ્યું. નહિં તો ઋષભદેવના વખતે બીજા ઘણાય મોક્ષે ગયા. તે વખતે ઉત્તમ જોગવાઈ હતી,પણ ઉત્સૂત્રપ્રરૂપણાથી નિષ્ફળ ગઈ; અને મરિચિને અસંખ્યાતા એકેન્દ્રિયના ભવ લેવા પડ્યા. માટે સત્યને તો સત્ય જ રહેવા દઉં. અસત્યને સત્ય સમાન જણાવું નહીં તો તેથી વિશેષ ચઢિયાતું તો કેમ કહું?



## ૫૭. અપથ્ય પ્રતિજ્ઞા આપું નહીં.

એના બે અર્થ થાય છે. પહેલો અર્થ પ્રતિજ્ઞા એટલે વચન આપવું. કોઈને વચન આપીને તે કામ કરી શકાય નહીં તો તેના પ્રત્યેનો વિશ્વાસ ઊઠી જાય અને સામાને પણ નુકસાન થાય. આમ સ્વપરને દુઃખનું કારણ થાય. બીજો પ્રતિજ્ઞાનો અર્થ વ્રત થાય છે. કોઈ વ્રત પાળી શકે નહીં અને પરિણામે તેને તે અહિતકર્તા થાય એવી વ્રતની પ્રતિજ્ઞા આપું નહીં કે અપાવું નહીં.

પરમકૃપાળુદેવ પત્રાંક ૯૪૧માં જણાવે છે કે—

**''જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં, ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે.... નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહાપુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય''?** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ. ૬૫૪)

## ૫૮. સૃષ્ટિ સૌંદર્યમાં મોહ રાખું નહીં.

સૃષ્ટિ સૌંદર્ય એટલે પ્રાકૃતિક સૌંદર્ય. જેમાં પાંચે ઇન્દ્રિયોને પોષે એવી સુંદર સામગ્રી હોય. જેમકે કાનને ગમે એવા અવાજો, આંખને ગમે એવા રંગબેરંગી ફૂલો, નાકને ગમે એવી પુષ્પોની સુગંધ, જીભને ગમે એવા મધુર ફળો અને સ્પર્શેન્દ્રિયને ગમે એવો ઠંડો પવન વગેરે હોય. આ બધી વસ્તુઓ જેને મન વશ કરવું છે તેને વિઘ્નરૂપ છે, કારણ કે તે મનને આકર્ષે છે. કાશ્મીર વગેરે સૃષ્ટિ સૌંદર્ય માટે જે પ્રદેશો વખણાય છે, ત્યાં પાંચે ઇન્દ્રિયોને અનુકૂળ સામગ્રી હોય છે. લોકો ધર્મધ્યાનને માટે એવી અનુકૂળ વસ્તુઓ કે ક્ષેત્રો પસંદ કરે છે. પણ મોહને લીધે તેમાં રાગ ઉત્પન્ન થતાં ક્ષેત્ર પ્રતિબંધ થઈ જાય છે; પછી ધર્મ તો નામનો જ રહે છે અને ઇન્દ્રિયો પોષાય એવુ વર્તન થઈ જાય છે. મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૮ 'જિતેન્દ્રિયતા'માં આ વિષે ખુલાસો કર્યો છે :—

**''જ્યાં સુધી જીભ સ્વાદિષ્ટ ભોજન ચાહે છે, જ્યાં સુધી નાસિકા સુગંધી ચાહે છે, જ્યાં સુધી કાન વારાંગનાનાં ગાયન અને વાજિંત્ર ચાહે છે, જ્યાં સુધી આંખ વનોપવન જોવાનું લક્ષ રાખે છે, જ્યાં સુધી ત્વચા સુગંધીલેપન ચાહે છે ત્યાં સુધી તે મનુષ્ય નીરાગી, નિર્ગ્રંથ, નિઃપરિગ્રહી, નિરારંભી અને બ્રહ્મચારી થઈ શકતો નથી. મનને વશ કરવું એ સર્વોત્તમ છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૧૦૭)

અહીં કહેવું છે કે પૂર્વના પ્રારબ્ધને લીધે અનુકૂળ સામગ્રી મળી આવી હોય તો પણ તેમાં મોહ ન કરવો, તો પછી પ્રયત્ન કરીને એવાં મોહનાં કારણો ઊભા કરવા તે આત્માને અહિતકારી છે. જ્ઞાની પુરુષો તો સહનશીલતા વધારવા પ્રતિકૂળતાઓ ઊભી કરે છે. બહુ સ્વાદ આવતો હોય તેમાં પાણી પણ રેડે.

**પ્રભુશ્રીજીનું દૃષ્ટાંત –** પ્રભુશ્રીજી પહેલાં જંગલમાં મુનિઓ સાથે જતાં ત્યારે બીજા મુનિઓ આગળ જઈને કોઈ સારી છાયાવાળી જગ્યામાં પ્રભુશ્રીજીનું આસન બિછાવતા અને પોતાને માટે પણ તેવી સરસ છાંયાવાળી જગ્યા જોઈને બેસે. પ્રભુશ્રીજી આવે એટલે જોઈ લે કે બધાએ ઠીક જગ્યા શોધી લીધી છે, એટલે પોતાનું બિછાનું ઉઠાવીને અડધો છાંયડો હોય તેવી જગ્યામાં નાખે, એટલે બધા પોતાનું આસન ફેરવે. આર્ત પરિણામ ન થાય તેવા પ્રકારની સાદી બાહ્ય સામગ્રી રાખી, મુખ્ય લક્ષ આત્મ-શાંતિ તરફ રાખવાની જરૂર છે. નહીં તો ઇન્દ્રિયોના સંતોષને આત્મ-શાંતિ માનવાની ભ્રાંતિ થઈ આવે છે. પરમકૃપાળુદેવ પત્રાંક ૨૫૪માં લખે છે કે—

**''મુમુક્ષતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ**



**કેટલીક વાર પ્રિય લાગે છે ! અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૮૯)

સમકિત પામવા માટેની યોગ્યતા રોકાઈ જાય છે અને સૃષ્ટિસૌંદર્યમાં આકર્ષણ કે મોહ થાય છે. તેના પરિણામે આત્મા ઉપર પ્રેમ રહેતો નથી. જે વૈરાગ્ય કે ઉદાસીનતા પરપદાર્થમાં રાખવી જોઈએ તેને બદલે પરવસ્તુમાં મોહ થાય છે. જેમકે હાથી, ઘોડા, ગાડી વગેરે સારા મોહક પદાર્થોનું જીવ અભિમાન કરે છે તેમજ બાગ બગીચા વગેરે પદાર્થોમાં પણ પોતાની મોટાઈ માને છે.

**'ઉપદેશામૃત'માંથી –** ''જગામાં અંત વખતે જીવ રહે તો ઘરોળાં કે જીવડાં થવું પડે; સ્ત્રી-પુત્ર કે ચેલા-ચેલીમાં જીવ રહે તો તેને પેટે અવતાર લેવો પડે; મહેલ-મકાનમાં કે બાગ બગીચામાં જીવ રહે તો દેડકાં કે અળશિયાં થવું પડે અને ખેતર કે જમીનમાં વૃત્તિ રહે તો ધાતુ કે પથ્થરમાં ઉત્પન્ન થવું પડે.'' (પૃ.૩૨૦)

**વિશ્વનંદીનું દૃષ્ટાંત –** મહાવીર સ્વામીના આગલા વિશ્વનંદીના ભવમાં પોતાના પિતાશ્રીએ દીક્ષા લીધી અને પોતે નાના હોવાથી રાજ્ય કાકાને સોંપ્યું હતું. વિશ્વનંદીનો બાગ બહુ સુંદર હતો. તે કાકાના દીકરાએ પોતાના પિતા જે હાલમાં રાજા છે તેમની પાસે માગ્યો એટલે વિશ્વનંદીને ખોટું બહાનું કાઢી પરદેશ બળવો સમાવવા માટેનું કહી લડવા મોકલ્યો, અને બાગ પોતાના દીકરાને આપ્યો. ત્યાં પરદેશમાં તોફાન કે બળવો કંઈ નહીં હોવાથી તે પાછો આવ્યો અને પોતાનો બાગ કાકાના દીકરાને



સ્વાધીન દીઠો. વિશ્વનંદી બાગમાં ગયો ત્યાં કાકાનો દીકરો પત્થરના થાંભલા પાછળ ડરનો માર્યો સંતાઈ ગયો. વિશ્વનંદીએ થાંભલાને મુષ્ટિથી તોડી નાખ્યો. તે જોઈ કાકાનો દીકરો દીન બની ગયો કે જાણે મને પણ મારી નાખશે. તે ઉપરથી વિશ્વનંદીને વૈરાગ્ય પ્રગટ્યો કે બળ્યો આ બાગ કે જેના માટે લડવું પડે. બાગ તો એનો એ હતો પણ તે પ્રત્યેના પોતાના ભાવ પલટાઈ ગયા અને વિચારવા લાગ્યા કે બાગમાં વિલાસ કરતા કાકાના દીકરાને આ બાગ અત્યારે બચાવતો નથી; તેમ હું પણ બાગને માટે તકરાર કરી એને મારી નાખી બાગમાં વિલાસ કરું, પણ આ બાગ મને પણ મરણ વખતે બચાવનાર નથી; એમ વિચારી દીક્ષા લઈ લીધી. ઘણું તપ કરી શરીર ક્ષીણ કરી નાખ્યું. એકવાર ગાયના ધક્કાથી રસ્તામાં પડી ગયા. તે જોઈ કાકાના દીકરાએ મશ્કરી કરી કે ત્યારે તો થાંભલો તોડી નાખ્યો હતો, હવે તે બળ ક્યાં ગયું? તે સાંભળી વિશ્વનંદીએ મુનિ અવસ્થામાં નિયાણું કર્યું કે હું એને મારનારો થાઉં. ત્યાંથી મરી દેવલોકે જઈ પછી ત્રિપુષ્ટ વાસુદેવ થયા અને કાકાનો દીકરો તે ભવમાં સિંહ થયો. તેને બે હાથથી ફાડી નાખ્યો. ત્યાંથી મરી નરકે ગયા. માટે દુઃખના કારણ એવા સૃષ્ટિ સૌંદર્યમાં મોહ રાખું નહીં.



**નંદમણિકારનું દૃષ્ટાંત** – નંદ મણિકારે શ્રેણિક રાજાની આજ્ઞા લઈ ચાર મુખવાળી એક નંદવાપિકા નામની વાવ કરાવી. તેની ચારે દિશાઓમાં ચાર બગીચા બનાવ્યા. લોકો તેનું સૌંદર્ય જોઈ પ્રશંસા કરવા લાગ્યા. તે સાંભળી શેઠ ઘણો આનંદ પામતા. કાળક્રમે શ્રેષ્ઠીના શરીરમાં સોળ પ્રકારના રોગ ઉત્પન્ન થયા. ઉપચાર કરવા છતાં તે રોગો મટ્યા નહીં. છેવટે મૃત્યુ પામી પોતે બનાવેલ વાવના સૌંદર્યમાં મોહ રાખવાથી તે વાવમાંજ ગર્ભજ દેડકારૂપે જન્મ્યો. લોકોના મુખથી તે વાવના સૌંદર્યનું વર્ણન સાંભળી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી પોતાની વર્તમાન દેડકાની સ્થિતિ વિચારી આત્મનિંદા કરવા લાગ્યો. તથા તે દિવસથી છઠ્ઠ છઠ્ઠની તપશ્ચર્યા કરવાનો ભાવથી નિયમ ગ્રહણ કર્યો. એક દિવસ લોકોના મુખથી ભગવાન મહાવીરનું આગમન સાંભળી તેમના દર્શન તથા પૂજન અર્થે મુખમાં પુષ્પ લઈ ચાલ્યો. રસ્તામાં શ્રેણિક રાજાના અશ્વના પગ નીચે દબાઈ મરણ પામી સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ભગવાનની પૂજા કરવા આવ્યો. ભગવાનના દર્શન, પૂજન કરવાના ભાવે ઉત્તમ ગતિ અપાવી, પણ મૃત્યુ સમયે બાગનું સૌંદર્ય તેને શરણરૂપ થયું નહીં; પણ મનુષ્યમાંથી તિર્યંચનો અવતાર આવ્યો. માટે સૃષ્ટિ સૌંદર્યમાં મોહ રાખું નહીં; પણ ભગવાનની ભક્તિ અથવા દર્શન, પૂજન, સ્મરણમાં ચિત્તને જોડી રાખું. (ઉ.પ્રા.ભા.ભા.૩ના આધારે)

## ૫૯. સુખ દુઃખ પર સમભાવ કરું.

પરમકૃપાળુદેવ પત્રાંક ૪૯૨માં જણાવે છે–

**"અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે. એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.**

**વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા."** –શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ. ૩૯૪)

સુખદુઃખ એ બન્ને મનની કલ્પના છે. જ્ઞાનીએ બેય કલ્પના કરવાની ના કહી છે. માટે જ્ઞાનીની આજ્ઞા આરાધે તો સુખદુઃખ પર સમભાવ આવે.

**અવંતિસુકુમાળનું દૃષ્ટાંત** – અવંતિસુકુમાળ પોતાના મહેલમાં દેવની પેઠે સુખ ભોગવતો હતો. તેની નજીકમાં પૌષધશાળામાં મુનિ ઊતરેલા હતા. તેમણે જ્ઞાનથી જોયું તો અવંતિસુકુમાળ જાગે છે. તેનું આયુષ્ય થોડું છે. તેથી રાતના સ્વાધ્યાય કરવા માંડ્યો. તેમાં પાંચમાં દેવલોકના નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળી અવંતિસુકુમાળને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી પોતાનો મહેલ તેને ખેતરમાં માળો કર્યો હોય તેવો કિંમત વગરનો લાગ્યો. સ્ત્રીઓ બધી રાક્ષસી જેવી દેખાવા લાગી. બધી રાજમહેલની સુખસામગ્રી તેને તુચ્છ ભાસી. પણ માતાએ પહેરેગીરો રાખેલા કે અવંતિસુકુમાળ ક્યાંય જાય નહીં. તેથી બારીઓએ સાડીઓ બાંધી તે નીચે ઊતરી ગયો અને મુનિ પાસે જઈ પૂછ્યું:તમે આ સ્વર્ગની વાત ક્યાંથી જાણી? મુનિએ કહ્યું : શાસ્ત્રના આધારે. અવંતિસુકુમાળે કહ્યું કે મને પણ સાંભરી આવ્યું છે કે હું ત્યાં હતો, હવે ત્યાં ફરીથી શી રીતે જવાય? મુનિએ કહ્યું : મોક્ષના સુખ સર્વોત્તમ છે. તે દીક્ષાથી મળે છે તો તેથી બીજુ શું અસાધ્ય હોય? તેથી તેણે દીક્ષા લીધી. કદી ઉઘાડે પગે ચાલેલ નહીં તો પણ વિહાર કરીને ચાલતા


નંદમણિકાર
૧
નંદમણિકાર, દેડકાના મુખમાં પુષ્પ, વાવ તથા બગીચો
ઘોડાના પગ નીચે દેડકાનું મૃત્યુ
૨
દેડકો મરી દેવ થઈ પ્રભુ પાસે આગમન
૩



પગે ફોલ્લા થયા, ફુટી ગયા, લોહી નીકળ્યું, તો પણ કંઈ ગણ્યું નહીં. તેનું આયુષ્ય ઓછું જાણી મુનિએ તેને અનશન (સંથારો) છેવટના સમાધિમરણ સંબંધી કહેવાનું હતું તે કહી દીધું. તેની તેણે પકડ કરી લીધી. મુનિ વિહાર કરી ચાલ્યા ગયા. પછી તે અવંતિસુકુમાળ પાસે રાત્રે જ્યાં તેમના જ પગમાંથી લોહી નીકળેલું હતું, તે પગલે પગલે ચાલીને શિયાળ અને તેના બચ્ચાં આવ્યા. તેણે સુકુમાળને પગથી ખાવા માંડ્યો. એક પહોરે એક પગ, બીજે પહોરે બીજો પગ ખાધો. પછી પેટ ફાડ્યું અને આંતરડા ખાવા લાગ્યા. ત્યારે અવંતિસુકુમાળનો દેહ છૂટી ગયો. સમાધિમરણ કરી તે નલિનીગુલ્મ વિમાનમાં ગયા.

અવંતિસુકુમાળ આગલા ભવમાં બે ભાઈઓ હતા. પરણેલા હતા. મુનિનો બોધ સાંભળી બેઉ ભાઈઓને વૈરાગ્ય થયો. એક કહે હું દીક્ષા લઉં અને તું ઘર ચલાવ. બીજો કહે હું દીક્ષા લઉં. તેમાંથી એક જણે દીક્ષા લીધી અને બીજો ઉદાસ થઈ ઘેર આવ્યો. જે ભાઈ સાધુ થયો હતો તેની સ્ત્રી વઢવાડ કરવા લાગી અને કહ્યું:ચાલો તમારા ભાઈને આપણે પાછા બોલાવી લાવીએ. પણ તે બીજા ભાઈને પણ દીક્ષા લેવી હતી. તે પોતાના ભાઈને પાછો સંસારમાં કેમ લાવે? એવા વિચારથી બોલ્યો નહીં. તેથી તેની ભોજાઈએ આરોપ આપતા કહ્યું કે તમારે બધું એકલાને ખાવું છે, તમારામાં ભાગ પડે માટે તેને બોલાવતા નથી. એમ તકરાર વધી ગઈ અને દિયરને રીસ આવવાથી આ વ્યર્થનો કકળાટ કરે છે એમ જાણી ઊઠીને તે બાઈને લાત મારી. લાત વાગવાથી તે બાઈનો દેહ છૂટી ગયો. મરતી વખતે એણે એવો ભાવ કર્યો કે હું એના પગને ખાનારી થાઉં. પછી ઘણા ભવ ભમતાં જે વેર બંધાયું હતું તેથી તે ભાભી આ ભવમાં શિયાળણી થઈ અને તેનો દિયર અવંતિસુકુમાળ થયો. આ ભવમાં તે શિયાળણી થઈ મુનિને મારવાથી અનેક ભવમાં ભમતા તે નરકાદિ અધોગતિને પામશે. માટે પોતાના બાંધેલા કર્મોના ફળ સુખ દુઃખ ઉપર સમભાવ રાખવા પ્રયત્ન કરું.

## ૬૦. રાત્રિ ભોજન કરું નહીં.

દિવસે ખાધેલો ખોરાક વહેલો પચે છે. રાત્રિભોજનથી પ્રમાદ વધે છે. તેથી કોઈ ભક્તિ, વાંચવું-વિચારવું વગેરે ન થાય. કંઈ ભલીવાર ન આવે એટલે પડતું મૂકી ઊંઘવું પડે છે. રાત્રે ઘણું સાચવે છતાં પણ હિંસા થવાનો સંભવ છે. રાત્રિભોજનના ત્યાગ કરનારને એક વરસમાં છ મહિનાના ઉપવાસ જેવું સહેજે થાય છે. રાત્રિનો વખત ભક્તિમાં કે સ્વાધ્યાયમાં કે જાગરણમાં ગાળવો હોય તો ખાઈને તેમ કરવા કરતાં વધારે સહેલાઈથી રાત્રે ન જમવાથી થાય. રાત્રિભોજન કરવાની ટેવ હોય તેને ઘણું કરીને રસોઈ પણ રાત્રે કરવી પડે. વાસણ વગેરે સાફ કરવાનું પણ મોડી રાત સુધી ચાલે. પછી થાકી જાય એટલે ઊંઘી જાય. માટે રાત્રિભોજન કરું નહીં. મોક્ષમાળામાં રાત્રિભોજનના પાઠમાં પરમકૃપાળુદેવ જણાવે છેઃ-

**''અહિંસાદિક પંચ મહાવ્રત જેવું ભગવાને રાત્રિભોજન ત્યાગવ્રત કહ્યું છે. રાત્રિમાં જે ચાર પ્રકારના આહાર છે તે અભક્ષરૂપ છે. જે જાતિનો આહારનો રંગ હોય છે, તે જાતિના તમસ્કાય નામના જીવ તે આહારમાં ઉત્પન્ન થાય છે. રાત્રિભોજનમાં એ સિવાય પણ અનેક દોષ રહ્યા છે.''**

**''સત્પુરુષો તો દિવસ બે ઘડી રહે ત્યારે વાળુ કરે; અને બે ઘડી દિવસ ચઢ્યા પહેલાં ગમે તે જાતનો આહાર કરે નહીં. રાત્રિભોજનને માટે વિશેષ વિચાર મુનિસમાગમથી કે શાસ્ત્રથી જાણવો. એ સંબંધી બહુ સૂક્ષ્મ ભેદો જાણવા અવશ્યના છે. ચારે પ્રકારના આહાર રાત્રિને વિષે ત્યાગવાથી મહદ્ફળ છે. એ જિનવચન છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૭૮)



**'મોક્ષમાળા પ્રવેશિકા'ના આધારે :–**

**પ્રીતિંકર શેઠનું દૃષ્ટાંત –** એક આત્મજ્ઞાની મહાત્મા જંગલમાં તલાવડી પાસે ધ્યાનમાં લીન થયા. પાસે લોકોનો જવાનો રસ્તો હતો. તેથી લોકોએ તે મુનિ સંબંધી જાણી તેમની આગળ ફળનૈવેદ્યાદિ સામગ્રી પૂજારૂપે લાવીને મૂકી. પછી સ્તુતિ, વંદન કરી ગામમાં પાછા ગયા. રાત્રે એક શિયાળ ફરતું ફરતું પૂજાની સામગ્રીની સુગંધથી ત્યાં આવી ચઢ્યું. દૂધ, ફળ વગેરે દેખી તે ખાવા લાગ્યું. મુનિવરને તે ભવ્ય જીવ પ્રત્યે કરુણા આવવાથી તેના હિતાર્થે ઉપદેશ દેવાની સ્ફુરણા થઈ. તે બોલ્યા કે હે ભવ્ય! અનેક ભવમાં રાત્રે અને દિવસે આ જીવે ખા ખા કર્યું છતાં જીવનું પરિભ્રમણ ટળ્યું નહીં. જીવે ધર્મ સાંભળ્યો નહીં, આરાધ્યો નહીં, તેથી આ શિયાળનો ભવ પ્રાપ્ત થયો છે. વારંવાર જન્મવું મરવું થયા કરે છે. એમ અનેક ભવમાં જીવે માત્ર દુઃખ દુઃખ અને દુઃખ જ દીઠું છે. બીજા જીવો પ્રત્યે ઉપકાર બુદ્ધિ, દયાની લાગણી, મૈત્રીભાવ, પ્રમોદભાવ કે મધ્યસ્થભાવ રાખતાં જીવ શીખ્યો નથી. એમ અનેક પ્રકારે ઉપદેશ આપવાથી શિયાળે રાત્રિભોજનનો ગુરુઆજ્ઞાથી ત્યાગ કર્યો. એકવાર તે શિયાળ ગરમીની ઋતુમાં સુકા બોર ખાઈને પાણીની શોધમાં એક વાવ પાસે આવ્યું. વાવની અંદર જોતાં અંધારું દીઠું. બહાર આવીને જોતાં સુરજને આથમતાં જોઈ હજુ દિવસ હશે એમ જાણી પાછું વાવમાં ગયું. પણ પહેલા કરતાં વધારે અંધારું લાગવાથી ગુરુએ આપેલ પ્રતિજ્ઞાની સ્મૃતિ કરી પાણી પીધા વિના બહાર આવ્યું. હવે સૂર્ય આથમી ગયો જાણી પાણી પાસે હોવા છતાં તરફડીને મરી ગયું. પણ ગુરુ આજ્ઞાનો ભંગ કર્યો નહીં. તેના પરિણામે તે શિયાળ મરીને રાજગૃહી નગરીમાં ધનાઢ્ય શેઠને ત્યાં પુત્રરૂપે અવતર્યો. તેનું નામ પ્રીતિંકર રાખવામાં આવ્યું. યુવાવયમાં પરદેશ વ્યાપાર કરવા ગયો. ત્યાં પુણ્યબળે ઘણી લક્ષ્મી પામ્યો અને વસુદેવની જેમ અનેક કન્યાઓને પરણ્યો. પાછો રાજગૃહી નગરીએ આવ્યો ત્યારે રાજા શ્રેણિક વગેરે પણ સામા લેવા ગયા હતા. પછી એકવાર ભગવાન મહાવીરના ઉપદેશમાં સંસારની અનિત્યતા, અસારતા, અશરણતા સાંભળી સર્વ સમૃદ્ધિનો ત્યાગ કરી મુનિ બની શાસ્ત્રોના પારગામી થઈ તે જ ભવે મોક્ષપદને પામ્યા. માટે રાત્રિભોજન કરું નહીં, પણ ચારે પ્રકારના આહારનો રાત્રે સર્વથા ત્યાગ કરું. -પ્રવેશિકાના આધારે.

**'ઉપદેશપ્રાસાદ ભા.ભાગ-૨'માંથી :–** '' વળી રાત્રિભોજન કરવાથી આ લોક આશ્રયી પણ ઘણા પ્રકારની હાનિનો સંભવ છે. ભોજનમાં કીડી આવી જાય તો બુદ્ધિને હણે છે, મક્ષિકા આવે તો વમન થાય, જૂ આવે તો જલોદર થાય અને કરોળિયો આવે તો કુષ્ઠ રોગ થાય છે. વળી રાત્રે પાત્ર ધોતાં અને એઠું નાખતા કુંથવા વગેરે ઘણા જીવો હણાય છે-ઇત્યાદિ રજનીભોજનના દોષ કહેવાને કોણ સમર્થ છે? રાત્રિભોજનના દોષ ઘણા છે, અને તે કહેવા માટે આયુષ્ય થોડું છે.

વળી કહ્યું છે કે, 'જે બુદ્ધિમાન પુરુષો સર્વથા રાત્રે આહાર વર્જે છે, તેમને એક માસે પક્ષોપવાસનું ફળ થાય છે.' તે માટે શ્રાવકોએ યાવજ્જીવન સુધી રાત્રિભોજનનો ત્યાગ કરવો. દરરોજ રાત્રે ચતુર્વિધ આહારના પચખાણ કરવા. જો ચારે પ્રકારના આહાર તજવાની શક્તિ ન હોય તો અશન એટલે રોટલા, ભાત, પકવાન્ન વગેરે તથા ખાઈમં એટલે ફળ, મેવો વગેરે અને સાયમં એટલે સ્વાદિમ તો અવશ્ય ત્યજવા; અને સ્વાદિમ તે સોપારી, એલચી, લવીંગ વગેરે દિવસે સારી રીતે શોધી રાખી રાત્રે ગ્રહણ કરવા; નહીં તો તેમાં ત્રસ જીવોની હિંસાનો પણ દોષ લાગે છે.મુખ્ય રીતે તો પ્રાતઃકાળે અને સાયંકાળે રાત્રિ નજીકની બે બે ઘડી આહારનો ત્યાગ કરવો. કહ્યું છે કે, 'રાત્રિ ભોજનના દોષને જાણનાર જે પ્રાણી



શિયાળને મુનિનો ઉપદેશ
૧
પ્રીતિંકર શેઠ
૨
શિયાળ મરીને
પ્રીતિંકર શેઠ થયા
ભગવાન પાસે
પ્રીતિંકર શેઠની
દીક્ષાની માંગણી



દિવસના ઉદયમાં  અને અસ્તમાં બે બે ઘડી છોડીને ભોજન કરે છે, તે પુણ્યનું ભાજન થાય છે.' વળી 'રાત્રિભોજન કરવાથી ઘુવડ, કાક, માર્જાર, ગીધ, સાબર, સુવર, સર્પ, વીંછી અને ઘોનો અવતાર આવે છે.' આ પ્રમાણે રાત્રિભોજનનું પારલૌકિક ફળ છે.

રાત્રિભોજન વિષે રામાયણમાં પણ દોષ જણાવ્યો છે. તે આ પ્રમાણે છે —

**વનમાળાનું દૃષ્ટાંત —** લક્ષ્મણ અને સીતા સહિત રામચંદ્ર વનવાસમાં ગયા હતા. તે પ્રસંગે એક દિવસ કુર્બર નગરની બહાર એક વડના વૃક્ષ નીચે રાત્રિવાસો રહ્યા હતા. તે નગરના રાજા મહીધરને વનમાળા નામે એક પુત્રી હતી. તે લક્ષ્મણની ઉપર પ્રથમથી રાગી થયેલી હતી. તે લક્ષ્મણનો વનવાસ સાંભળી ખેદયુક્ત થઈ સતી દૈવયોગે તે જ વનમાં તે જ રાત્રે ગળે ફાંસો ખાવા આવી. આ દેખાવ રાત્રે જાગૃત રહેલા લક્ષ્મણના જોવામાં આવ્યો. લક્ષ્મણે તેની પાસે જઈને પૂછ્યું, એટલે તેણે જે સત્ય હતું તે કહી દીધું. તત્કાળ લક્ષ્મણે પાશ છેદી નાખીને તેનું પાણિગ્રહણ કર્યું. વનમાળા કે જે શુભ લક્ષણવાળી સુચરિતા હતી, તેણે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે લક્ષ્મણને યોગ્ય વર જાણી પોતાનો સ્વામી કર્યો.પછી લક્ષ્મણે તેને જણાવ્યું કે, 'હમણાં તમે પિતાને ઘેર રહો. જ્યારે હું વનવાસ પૂર્ણ કરી પાછો વળીશ ત્યારે તમને સાથે લઈ જઈશ.' તથાપિ તે રાગી રમણીએ માન્યું નહીં. પછી લક્ષ્મણે સ્ત્રીહત્યા, ગોહત્યા, બાલહત્યા વગેરે સોગન લીધા કે જો હું ન આવું તો આ હત્યાઓનું પાપ મને લાગે; તો પણ તેણે માન્યું નહીં. ત્યારે લક્ષ્મણે કહ્યું કે, 'જે તમે કહો તે સોગન હું લઉં.' વનમાળા બોલી કે - 'આ જગતમાં રાત્રિભોજન કરનારને જેટલું પાપ લાગે તેટલું પાપ જો હું પાછો ન આવું તો મને લાગે' આવા જો સોગન લો તો હું સત્ય માનું. લક્ષ્મણે તેવા સોગન લીધા; એટલે તેણે લક્ષ્મણને મુક્ત કર્યા. (જવા દીધા)

ઉપરના દૃષ્ટાંતમાં વનમાળાએ સ્ત્રીહત્યા, ગોહત્યા અને બાલહત્યા કરતાં પણ રાત્રિભોજનનું પાપ બહુ મોટું માનીને લક્ષ્મણને તેવા સોગન આપ્યા હતા, તેથી રાત્રિભોજનનું પાપ ઘણું ઉગ્ર છે એમ સિદ્ધ થાય છે. માટે સર્વ ભવિ પ્રાણીઓએ અવશ્ય રાત્રિભોજન કરું નહીં એવો નિયમ ગ્રહણ કરવો.'' (પૃ.૧૬૫)

## ૬૧. જેમાંથી નશો, તે સેવું નહીં.

કેફી વસ્તુ કોઈ વાપરું નહીં. ભાંગ, ગાંજો, ચરસ, અફીણ, દારૂ, તમાકુ વગેરે.



**બ્રાહ્મણનું દૃષ્ટાંત —** એક બ્રાહ્મણ કાશીથી ભણીને પોતાને ગામ જતો હતો. રસ્તામાં એક ભીલોની પલ્લી આગળથી જવાનું થયું. ત્યાં દારૂ પીને નશે ચઢેલા ભીલો ગાંડા જેવા થઈ ઊભા હતા. તેમણે તે બ્રાહ્મણને દીઠો એટલે બોલ્યા કે મહારાજની મહેમાનગીરી કરો. એમ કહી બધા ચારેબાજુ ફરી વળ્યા અને કહે કે 'તમને જવા નહીં દઈએ. કાં તો આ માંસનું મિષ્ટાન્ન ખાઓ, કાં સ્ત્રી સેવન કરો, કાં તો દારૂ પીઓ.' પછી પેલા બ્રાહ્મણે વિચાર્યું કે આ લોકો મને છોડશે નહીં. પણ માંસ ખાઉં તો નરકે જવું પડે, પરસ્ત્રી સેવનથી પણ નરકે જવું પડે અને દારૂ જો કે ખરાબ તો છે, પણ વનસ્પતિમાંથી થયેલો છે એટલે તે લેવામાં કોઈ હરકત નથી, એમ જાણી તેણે એ પસંદ કર્યો.



તેને બધાએ મળી ઘણો આગ્રહ કર્યો. એક કહે મારો પીવો, બીજો કહે મારો પીવો. એમ બધાએ મળી એને ખૂબ દારૂ પીવડાવ્યો. તેથી તે ગાંડો થઈ ગયો. પછી એણે માંસ ખાધું, સ્ત્રીસેવન કર્યું, બધુંય કર્યું.

ભાન ભૂલાય એ મોટો દોષ છે. પછી શું કરે ને શું ન કરે તે કશું કહેવાય નહીં. જ્યાં જ્યાં આત્મા ભુલાય, તે મોટો દોષ છે. દેહમાં એકાકાર-તન્મય થઈ જઈ પોતાને ભૂલી જાય છે એ મોહનું ગાંડપણ જ છે.

એક વ્યસન સેવતા બધા વળગે. માટે જેમાંથી નશો ચઢે તેનું સેવન કરું નહીં.

## ૬૨. પ્રાણીને દુઃખ થાય એવું મૃષા ભાખું નહીં.

આપણું વચન માનીને કોઈ, બીજા જીવોને દુઃખ દેવા તત્પર થાય તેવું જૂઠ કહું નહીં. જેમકે આપણને ખબર પડતી ન હોય અને લોકોને લાલચ લાગે એવું કહીએ તો લોકો બિચારા લોભના માર્યા ખેતી વગેરે કરે. અથવા કોઈને પાંદડા વાટીને દવા કરવા કહેવું. ચિકિત્સા જાણતો ન હોય અને અધ્ધર ગમે તે કહી દે. લોકો તેમ કરે તેથી હિંસા થાય. પણ બોલતાં પહેલાં વિચાર કરે કે હું જે કહું છું તેથી કોઈને દુઃખ કે હિંસા થાય તેવું છે? એટલું વિચારી લે તો ઘણા પાપમાંથી બચી જવાય. એક તો નાના જંતુઓની હિંસા બચે અને સામો માણસ હિંસામાં પ્રવર્તે તેથી પાપકર્મ બાંધે, તેનું ફળ દુઃખ આવે તે તેને ભોગવવું પડે. માટે વિચાર કરીને બોલવું. મનુષ્યને વિચારની લબ્ધિ પ્રાપ્ત થઈ છે તો તેનો સદુપયોગ કરવો જોઈએ.

## ૬૩. અતિથિનું સન્માન કરું.

વ્યવહારમાં મહેમાનને અતિથિ કહે છે. અતિથિ ધાર્મિક શબ્દ છે. જે અમુક તિથિએ જ ધર્મ કરે એવું નહીં પણ નિરંતર ધર્મ કરે છે, અને અમુક તિથિએ અમુકને ત્યાં જવું એવું જેને નથી એવા અપ્રતિબદ્ધ વિહારી મુનિને માટે અતિથિ શબ્દ વપરાય છે. કોઈપણ ગુણી માણસનું ગમે ત્યાં સન્માન કરવા યોગ્ય છે. પોતાને ઘેર તેવો માણસ આવ્યો હોય તો અવશ્ય સન્માન કરવું જોઈએ. આહાર માટે મુનિ આવ્યા હોય તો ભક્તિપૂર્વક આહારાદિકનું દાન કરવું તે આત્મહિતનું કારણ છે. શ્રાવકના બાર વ્રતમાં છેલ્લું અતિથિસંવિભાગ નામનું વ્રત છે, એટલે પોતાને માટે આહાર તૈયાર કર્યો હોય તેમાંથી મુનિને અમુક ભાગ આપવો. જમવાનો વખત થાય તે પહેલાં એવા વ્રતવાળા શ્રાવક બારણે આવી મુનિની રાહ જુએ છે, અને કોઈ ન આવે તો ભાવના કરે કે આજે તો મુનિ આવ્યા નહીં, આવ્યા હોત તો વહોરાવત. એમ ભાવના ભાવી પછી પોતે આહાર કરે. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે એકદમ ખાવા ન બેસી જવું. પણ એટલી ભાવના, ઉપર કહી તે કરીને પછી આહાર કરવા બેસવું. પણ મોહને લઈને આત્મા કે મુનિ કશું સાંભરતું નથી. ખાવું એ આહાર સંજ્ઞા છે પણ તે આત્માનો ધર્મ નથી. માટે ઉપરોક્ત ત્યાગ ભાવના કરવા યોગ્ય છે.

**પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત** — પુણિયો શ્રાવક તથા એની પત્ની એકાંતરા ઉપવાસ કરીને રોજ એક શ્રાવકને જમાડી અતિથિનું સન્માન કરે અને સામાયિક કરે. તેની સામાયિકનું મૂલ્ય અતુલ્ય છે.

**ચંપકશેઠનું દૃષ્ટાંત** — એક વખતે એવું બન્યું કે ચંપકશેઠ કોઈ ભિક્ષા માટે ફરતા મુનિને જોઈ હર્ષથી બોલાવી લાવ્યો. મુનિને ઘી આપવા ઉદ્યમવંત થયો. ભાવથી અખંડ ધારા વડે મુનિના પાત્રમાં ઘી રેડવા માંડ્યું. આથી તેણે અનુત્તર વિમાનની સંપત્તિ ઉપાર્જન કરી. મુનિએ તેને પુણ્યનો લાભ થતો જોઈ ઘીની ધારા પડવા દીધી. મુનિએ ના કહી નહીં, એટલે ચંપકશેઠે મનમાં ચિંતવ્યું કે 'અહો! આ મુનિ લોભી લાગે છે, પોતે એકલા છે અને આટલું બધું ઘી શું કરશે? ' આવા ચિંતવનથી જે ક્રમ વડે તે દેવગતિ



जेम पूणियो श्रावक रे, संतोष भाव धरी ;
नित्य जिनवर पूजे रे, फूल ना पगर भरी .



एक दिवस श्रावक करे, भोजन नो परित्याग .
श्राविका सादर करे. अतिथि संविभाग .



एक दिवस पत्नी करे, भोजन नो परित्याग .
श्रावक बहुमाने करे . अतिथि संविभाग .




नरक गति निज टालवा, पूछे श्रेणिक राय, महावीर प्रभु दाखवे, तेने एक उपाय ;
सामायिक पूणिया तणी, जो एकज खरीदाय, तोहे श्रेणिक भूप ! तुज, नरकगति टलीजाय .



पूणिया श्रावक ने गृहे आव्या श्रेणिक राय .
पूछे सामायिक तणुं, मूल्य केटलुं थाय ?
श्रावक कहे क्रय वस्तु नहीं, एनु मूल्य अतुल्य ,
छतां महावीर जे कहे, तेज एहनुं मूल्य .



અષ્ટાપદ તીર્થ



ઉપાર્જન કરવા ચડ્યો હતો તે ક્રમ વડે તેને પાછો પડતો જોઈ જ્ઞાની મુનિ બોલ્યા-'મુગ્ધ! આટલે ઊંચે જઈ પાછો પડ નહીં.' ચંપકશેઠે કહ્યું-'ભગવન્! હું તો અહીં જ છું, ક્યાંથી પડું છું? આમ અસંબંધ કેમ બોલો છો?' પછી મુનિ પાત્રને ખેંચી લઈ તેને બારમા દેવલોકમાં સ્થાપી બોલ્યા-'શ્રાવક! દાન આપવામાં અન્ય વિકલ્પ કરવાથી તે દૂષિત થઈ જાય છે.' માટે નિર્વિકલ્પપણે દાન આપવું. લોકમાં પણ શુકન અને સ્વપ્નના ફળ વિકલ્પથી દૂષિત થાય છે.' તે સાંભળી ચંપકશેઠે પોતાનું પાપ આલોચ્યું અને અંતે મૃત્યુ પામી બારમા દેવલોકમાં ગયો. (ઉ.પ્રાસાદ. ભા.ભા.૩ પૃ.૭૭)

## ૬૪. પરમાત્માની ભક્તિ કરું.

ઉપર અતિથિનું સન્માન કરવા કહ્યું તે શા અર્થે? તો કે પરમાર્થ સ્વરૂપ પામેલા અતિથિ એવા જ્ઞાનીપુરુષની સેવાથી પરમાત્મસ્વરૂપ સમજાય તો પરમાત્માની સાચી ભક્તિ થાય. સદ્‌ગુરુની પ્રાપ્તિ અને ઉપાસના વિના પરમાત્મસ્વરૂપ સમજાવું અતિ વિકટ છે; અને સમજાયા વિના સાચી ભક્તિ થઈ શકે નહીં. સદ્‌ગુરુકૃપાથી બહિરાત્મદશા છૂટી અંતરાત્મદશા થાય છે. અંતરાત્મા થયો તે જ પરમાત્માની સાચી ભક્તિ કે પરમાત્મસ્વરૂપની સાચી ભાવના કરી શકે છે.

આખું સમાધિશતક બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ઉપર છે. સદ્‌ગુરુના બોધની જરૂર છે, એની ખાસ આવશ્યકતા છે. સમાધિશતક ગ્રંથ જેને સદ્‌ગુરુનો યોગ થયો છે તેને પોતાની દશા પલટાવવા માટે ઘણો ઉપયોગી ગ્રંથ છે. બહિરાત્મદશાનું વર્ણન આવે ત્યારે પોતાના દોષ કયા કયા છે તે જાણી વિચારીને ટાળવા પ્રયત્ન કરે. અંતરાત્મદશાનું વર્ણન છે તે પરમાત્મદશા પામવા માટે કેટલા અભ્યાસની જરૂર છે તે જણાવે છે, માની બેસવાથી કંઈ હિત થતું નથી. સ્વપ્નમાં પણ 'હું દેહ છું' એમ ન ભાસે ત્યારે તેને અભ્યાસ થયો અને અંતરાત્મદશા પ્રગટી કહેવાય. આ અંતરાત્મદશા જેને નિરંતર ટકી રહે તેને ઘણી નિર્જરા થાય છે અને સહેજે પરમાત્મદશા પ્રગટે છે.

**રાવણનું દૃષ્ટાંત – પ્રભુ પ્રત્યેની પરમ ભક્તિ.** એક દિવસ રાવણ પુષ્પક નામના વિમાનમાં બેસી પોતાની પત્ની મંદોદરી સહિત અષ્ટાપદ તીર્થે ગયો. ત્યાં ભરતચક્રીએ કરાવેલા ચૌમુખી જિનાલયમાં દ્રવ્યપૂજા કર્યા બાદ હાથમાં વીણા લઈ ભાવપૂજા કરવા લાગ્યો; તેવામાં નાગપતિ ધરણેન્દ્ર ત્યાં આવી



ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરી રાવણ પાસે બેઠો. રાવણે તેમને અષ્ટાપદ તીર્થનું સ્વરૂપ પૂછ્યું; એટલે નાગપતિએ અષ્ટાપદ તીર્થનું માહાત્મ્ય કહી બતાવ્યું. તે સાંભળીને રાવણ ઘણા હર્ષથી ભક્તિ કરવા લાગ્યો. તે વખતે તેની પ્રિયા મંદોદરી નૃત્ય કરતી હતી, અને પોતે વીણા વગાડતો હતો. થોડીવારમાં દેવયોગે વીણાની એક તંત્રી તૂટી ગઈ, ત્યારે અહો! આ નૃત્ય સમયમાં ભાવભક્તિનો ભંગ ન થાઓ એમ વિચારીને તત્કાળ રાવણે જાણે તાંત તૂટી જ નથી એમ પોતાના હાથમાંથી એક નસ કાઢીને વીણામાં સાંધી દીધી. તેથી નૃત્યની શોભા પણ વૃદ્ધિ પામી. તે જોઈ દેવો



પુષ્પવૃષ્ટિ કરીને વારંવાર તેની પ્રશંસા કરવા લાગ્યા. તે વખતે ભાવમાં નિમગ્ન થયેલા રાવણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. -ઉ.પ્રા.ભા.ભાગ ૪ (પૃ. ૮૧)

## ૬૫. પ્રત્યેક સ્વયંબુધને ભગવાન માનું.

બધા તીર્થંકરો સ્વયંબુદ્ધ હોય છે. આ ભવમાં તેમને ગુરુ હોતા નથી. પોતે પોતાની મેળે આ ભવમાં જ્ઞાન પામે છે. જેટલા આત્મજ્ઞાની છે તે બધાને ભગવાન માનું. આત્મા જેણે જાણ્યો તેનું દરેક વચન શાસ્ત્રરૂપ છે. આપણને ઉપકારી તો સત્પુરુષના સાચાં વચન છે. સમ્યગ્દૃષ્ટિ જ્યારથી થાય છે ત્યારથી તેનો લક્ષ આત્મામાં જ હોય છે; તેનું વચન આત્માને પોષણ આપે તેવું હોય. જ્ઞાનની જેટલી તરતમતા વિશેષ હોય તેટલો વિશેષ લાભ થવાનો સંભવ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં ભેદ માનવો એ જ ભૂલ છે. પરમકૃપાળુદેવ પત્રાંક ૨૨૩માં આ વિષે જણાવે છે–

**''જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે.''** આ વાક્ય શિષ્યને માટે છે અને તે જ ભાવ રાખ્યા વિના સદ્ગુરુનું વચન હૃદયમાં પરિણામ પામતું નથી.

**''જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ—જ્ઞાનીરૂપ પરમાત્માની—ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૭૬)

જીવને અનાદિની એવી ટેવ છે કે ગુણ જોવા કરતાં દોષ પહેલાં જુએ છે. પણ પરમાત્મા તો નિર્દોષ છે. ત્યાં પ્રથમ ભક્તની દોષદૃષ્ટિ મિંચાઈ જાય ત્યારે ભક્તિ ઊગે છે.

કોઈએ પૂ. પ્રભુશ્રીજી પાસે આવીને કહ્યું કે ''આ મહારાજ બહું સારું બોલે છે, પણ એક મુમતિ મોઢે બાંધતા હોય તો સારું.'' એમ બુદ્ધિને ગમ્યું એટલું સારું કહ્યું. એવાને પ્રભુશ્રીજીનો બોધ પરિણામ પામે નહીં, કારણ પ્રભુશ્રીજી પ્રત્યે ભક્તિ નથી. ભક્તિ જેના હૃદયમાં જાગે તેને તો બીજાને જે દોષરૂપ લાગે તે તેને ગુણરૂપ ભાસે છે. માટે પહેલા દોષદૃષ્ટિ જવી જોઈએ તો જ ગુણાનુરાગ કે ભક્તિ પ્રગટે.

ભક્તિ એ શ્રદ્ધા પ્રધાન છે. શ્રદ્ધા વડે, ગમે તેવું હોય પણ મારે એમનું કહેલું માનવું છે એમ થાય. પણ શાસ્ત્રમાં કહ્યું છે એ પ્રમાણે જો એ કહે તો હું માનું, એવો ભાવ હોય ત્યાં સુધી ભક્તિ ઊગે નહીં. એને શાસ્ત્ર અભિનિવેશ કહે છે. પોતાની દૃષ્ટિએ શાસ્ત્રાદિ વાંચી તેનું પ્રધાનપણું માન્યું હોય ત્યાં સુધી જ્ઞાનીનું પ્રધાનપણું રહે નહીં. પણ જેને ભક્તિ હોય તેને તો જ્ઞાની જે કહે તે જ શાસ્ત્ર. ભક્તિમાં અર્પણબુદ્ધિ છે. ત્યાં પોતાની માન્યતા, સમજણ, ડહાપણ બધું છૂટી જાય છે અને જ્ઞાનીનું કહેલું સમ્મત થાય છે.

**''મને તો સર્વ પ્રદેશે એ જ સમ્મત છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર

## ૬૬. તેને દિન પ્રતિ પૂજું.

જ્ઞાનીપુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિ થાય ત્યાર પછીનું કામ તેમની પૂજા-વંદના વગેરે કરવાનું છે.

**''એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય; જિનવર પૂજો,**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય. જિનવર પૂજો.''** - શ્રી દેવચંદ્રજી



આપણી સંપૂર્ણ દશાની પ્રાપ્તિનું કારણ સત્પુરુષ છે. સત્પુરુષ પરમાત્મા છે તો આપણને તે જ દશા પ્રાપ્ત થશે એવી પ્રતીતિ કરી શકાય.

**"પ્રભુ પણે પ્રભુ ઓળખીરે, અમલ વિમલ ગુણગેહ; જિનવર પૂજો,**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વન્દે ધન્ય નર તેહ. જિનવર પૂજો."** –શ્રી દેવચંદ્રજી

કર્મમલ રહિત થયે, આત્માના બધા ગુણ પ્રગટે ત્યારે આત્માની શુદ્ધ દશા પ્રાપ્ત થાય છે. એવી શુદ્ધ દશાને પામેલા પ્રભુને પરમાત્મસ્વરૂપે ઓળખી તે પરમાત્મદશા પ્રાપ્ત કરવા તરફ લક્ષ રાખી અર્થાત્ સાધ્યદૃષ્ટિ કરીને, સાધકપણે એટલે તે દશા પામવા જે પુરુષાર્થ કરે તેને ધન્ય છે.

**પૂજાું** એટલે વંદનાદિથી શરૂ કરીને પરાભક્તિ સુધીની નવધા ભક્તિ કરું, તે આ પ્રમાણે છે :-

**"શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;**
**લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ."**

જેને જેવો અભ્યાસ થયો હોય તે પ્રમાણે તેની વૃત્તિ વહ્યા કરે છે. ભક્તની વૃત્તિ ભગવાનમાં રહે છે. એકવાર ભગવાનના ચરણમાં માથું મૂક્યું તે પાછું ઉપાડી લે નહીં. એની વૃત્તિ એક જ દિશામાં પરમાત્મદશા પામવામાં રહે છે. એ જ કરવું એવો લક્ષ રહ્યાં કરે છે.

**ધ્યાન** એટલે પ્રભુમાં જે લક્ષ રહેતું હતું તે અહિં સ્થિર થઈ આત્મામાં લીનતા થાય છે.

**લઘુતા** એટલે અભિમાનના કારણો કે નિમિત્તો આવી પડે, જેમકે રિદ્ધિ સિદ્ધિ પ્રગટે કે કર્મના આવરણો ઓછાં થાય તો પણ અહંકાર પામતો નથી પણ લઘુનો લઘુ જ રહે છે.

**સમતા** એટલે લઘુતા આવી હોય તો સહેજે સમતા રહે છે. સમતા આવી હોય તે છકી ન જાય. સમતા છે ત્યાં સુધી બીજા જીવો પ્રત્યે સમદૃષ્ટિ છે. પોતે જેવો જીવ છે તેવા બધાં જ છે એમ માને.

**એકતા** ભક્તિમાં બીજા જીવો સંબંધી પણ વિકલ્પોની વિસ્મૃતિ થઈ જાય, ભૂલી જાય ત્યારે નિર્વિકલ્પદશા કે એકતા ભક્તિ પ્રાપ્ત થાય છે.

## ૬૭. વિદ્વાનોને સન્માન આપું.

મોક્ષમાળામાં **'સુખ વિષે વિચાર'** નામના પાઠમાં શેઠને ત્યાં પંડિત આવ્યા હતા. તેમને શેઠે બધી વાત કરી કહ્યું કે તમારે લક્ષ્મીનો લોભ ન હોય તો હું તમારી આજીવિકાની વ્યવસ્થા કરી દઉં. હું વિદ્વાનોને ચાહું છું. પરોપકારનું સાધન જે વિદ્યા તે જેની પાસે હોય તે વિદ્વાન. અહીં ધર્મશાસ્ત્રનાં અભ્યાસી કહેવા છે. જેમ શાસ્ત્ર પૂજ્ય છે, સન્માનને પાત્ર છે, તેમ શાસ્ત્રના અભ્યાસી પણ સન્માનને પાત્ર છે.

## ૬૮. વિદ્વાનોથી માયા કરું નહીં.

ઉપરથી હાવભાવ દેખાડે, મળતાવડાપણું બધું રાખે પણ અંતરમાં તે ભાવ ન હોય, હૃદયમાં બીજાું હોય. ઉપરથી ભક્તિભાવ બતાવે પણ અંદર કંઈ સ્વાર્થ નીચવૃત્તિ હોય તે માયા છે. વિદ્યાને અર્થે વિદ્વાનોની ઉપાસના હોય પણ મનમાં કંઈ બીજાું રાખે તો તેથી તેનું ભલું થાય નહીં. તેને લાભ થાય નહીં. આ જે વાક્ય કહ્યું છે તે શિષ્યની નિષ્કામભક્તિ હોવી જોઈએ તે માટે કહ્યું છે.

**કુલવાલકમુનિનું દૃષ્ટાંત –** એક આચાર્યને કુલવાલકમુનિ નામે અવિનયી શિષ્ય હતો. ગુરુ શિખાપણ આપે પણ માને નહીં. એકદા બન્ને ગિરનાર પર્વત ઉપર યાત્રાર્થે ગયા હતા. ત્યાં એ અવિનયી



શિષ્ય યાત્રાળુ સ્ત્રીઓ પર કુદૃષ્ટિથી જોવા લાગ્યો. ત્યારે ગુરુએ તેને નિવાર્યો. તેથી ગુરુ ઉપર કોપાયમાન થયો અને ગિરનારથી નીચે ઊતરતા પાછળ રહી ગુરુને મારવા માટે શીલા ગબડાવી. ગુરુ પગ ઊંચા કરવાથી શીલા નીચે થઈ જતી રહી. એમ માયા કરી વિદ્વાન ગુરુને મારવાના ભાવ કરવા તે ગુરુની ભયંકર આશાતના છે. જે વડે અનંતસંસારની વૃદ્ધિ થાય. ગુરુએ તેને કહ્યું કે તારું સ્ત્રીથી પતન થશે. પછી સ્ત્રીથી જ તેનું પતન થયું હતું. માટે વિદ્વાનોથી માયા કપટ કરું નહીં.

## ૬૯. માયાવીને વિદ્વાન કહું નહીં.

વિદ્વાનનું જીવન વિદ્યા છે. તે વિદ્યા વેચીને અન્ય વસ્તુના લોભમાં તણાઈ જાય, વસ્તુને માટે માયા કરે તે ગુરુપદને યોગ્ય નથી. પૂ.પ્રભુશ્રીજી કહેતા કે ''ઉપરથી અચ્છા બન્યા, માંહી માયા ભરપૂર.'' એવું વર્તન વિદ્વતાને લજાવે છે. 'મુખમેં રામ, બગલમેં છૂરી.' ઉપરથી મોટો મહંત હોય એમ દેખાડે અને લાગ ફાવે તો મારી પણ નાખે એવા બગઠગ પણ હોય છે.

**બગલાનું દૃષ્ટાંત –** બગલું જાણે પાણીમાં કમળ હોય એમ એક પગ ઊંચો કરી સ્થિર થઈને ઊભું રહે પણ માછલું દીઠું કે તરત ચાંચથી પકડીને ઊડી જાય. ઊડી ગયા પછી પાણીની બહાર માછલાને ઉપર ઉછાળી ગળી જાય. જો કદાચ માછલું નીચે પડે તો જમીન પરથી પાછું પકડી લે. પણ પાણીમાં પડ્યું તો હાથ ન આવે એવું તે બગલું માયાવી હોય છે. તેમ આવા માયાવી ખોટા વિદ્વાનની પ્રશંસા કરું નહીં અને તેને વિદ્વાન કહું નહીં.

**શ્રી રત્નાકરસૂરિનું દૃષ્ટાંત –** એક નગરમાં શાસ્ત્રના રહસ્યને જાણનાર શ્રી રત્નાકરસૂરિ રહેતા હતા. તેમણે રાજસભામાં અનેક વિદ્વાનોને જીત્યા. તેથી રાજાએ 'અનેકાર્થવાદી' એવું તેમને બિરૂદ આપ્યું. તે હંમેશાં પાલખીમાં બેસી રાજસભામાં જવા લાગ્યા. તેથી અનુક્રમે ચારિત્રમાં શિથિલ થઈ રાજા વગેરેનું આપેલ અન્ન વસ્ત્ર લેવા લાગ્યા. એમ કરતા મણિ, માણિક્ય, મુક્તાફળ વગેરે પણ લેવા માંડ્યું.

એકદા બીજા ગામથી કુંડલિયો નામનો શ્રાવક તે ગામમાં આવ્યો. સૂરિને રાજદરબારમાં પાલખીમાં



જતાં જોઈ તેને વિચાર આવ્યો કે આવા મોટા શાસન પ્રભાવક સૂરિ પ્રમાદમાં પડી ગયા. તેથી તેમની પરીક્ષા કરવા તેમને પાલખી જતાં રસ્તામાં જ સ્તુતિ કરી કહ્યું : આપને જોવાથી મને ગૌતમાદિ પૂર્વાચાર્યની સ્મૃતિ થાય છે. તે સાંભળી સૂરિ નીચું મુખ કરી બોલ્યા ! 'કાગડાને હંસની ઉપમા આપવી યોગ્ય નથી.' આવા વચનો સાંભળી કુંડલિયા શ્રાવકને લાગ્યું કે હજુ મુનિ સર્વથા ભ્રષ્ટ થયા નથી. તેથી ઉપાશ્રયમાં આવી 'ઉપદેશમાળા'માંથી એક શ્લોકનો અર્થ પૂછ્યો. સૂરિએ અનેક અર્થ કર્યા છતાં શ્રાવકે અસંતોષ વ્યક્ત કર્યો. એમ કરતાં છ મહિના વીતી ગયા. ત્યારે કુંડલિયા શ્રાવકે છેલ્લે દિવસે



કહ્યું : મહારાજ હવે કાલે ગામ જવાનું છે, પણ સમાધાન થયું નહીં. તે સાંભળી સૂરિએ કહ્યું : કાલે જરૂર અહીં આવવું.

પછી સૂરિએ વિચાર્યું કે જેમ જેમ વિષયો વૃદ્ધિ પામે છે તેમ તેમ લોભ વધે છે. એમ વિચારી એકઠું કરેલું સર્વ ધન તજી દીધું. બીજે દિવસે કુંડલીયા શ્રાવકે મુનિને સર્વ વસ્તુનો ત્યાગ કરેલો જોઈ કહ્યું : મહારાજ આજે તો આપના દર્શન માત્રથી તે ગાથાનો અર્થ સમજાઈ ગયો. એમ મુનિને મોહમાયામાંથી છોડાવ્યા. માટે માયાવીને વિદ્વાન કહું નહીં.ખરા વિદ્વાન તો સત્પુરુષ છે. -ઉ.પ્રા.ભા.ભાગ-૪

## ૭૦. કોઈ દર્શનને નિંદું નહીં.

જેને જે પ્રકારે પોતાનું હિત સમજાયું હોય તે પ્રકારે તેને ધર્મ માનીને જીવો પાળે છે. એથી કોઈ બીજું વધારે હિતકારી જણાય તો બીજું પણ માને. પોતાની સમજણ પ્રમાણે સર્વ દર્શનવાળા આત્મહિત કરવા ઇચ્છે છે. જેમ કોઈ અનાચારી હોય તેની નિંદા કરવાથી આપણને કંઈ લાભ મળતો નથી, પણ ઊલટી નિંદા કરવાની ટેવ પડે છે. તેમ અન્ય દર્શનવાળાઓ પોતાની માન્યતા પ્રમાણે આત્મહિત ઇચ્છે તેની નિંદા કરું નહીં. પણ સાચી દયા જેના હૃદયમાં હોય તેવા પુરુષો તો તેની નિંદા કરવાને બદલે તેની માન્યતા સાચી કેમ થાય તે માટે કરુણાથી ઉપદેશ કરે છે.

## ૭૧. અધર્મની સ્તુતિ કરું નહીં.

જ્યાં આત્માને પોષણ મળે કે તેની પ્રાપ્તિ થાય એવું નથી તે સાચો ધર્મ નથી. તેવા અધર્મની સ્તુતિ એટલે પ્રશંસા કરું નહીં.

**ધનપાળ કવિનું દૃષ્ટાંત – વીતરાગદેવ પ્રત્યે અતૂટ શ્રદ્ધા.** એકદા બીજાઓ પાસેથી, જિનપૂજામાં એકાગ્ર ચિત્તવાળા ધનપાળ પંડિતને જાણી, ભોજરાજાએ તેને પુષ્પની છાબડી વગેરે પૂજાની સામગ્રી આપીને કહ્યું:''દેવોની પૂજા કરી આવો.'' ત્યારે તે પંડિત શિવાલયાદિક સ્થાનોમાં માત્ર ભમી છેવટે જિનચૈત્યમાં જઈ જિનેશ્વરની વિધિપૂર્વક પૂજા,સ્તુતિ કરીને પાછો આવ્યો.

આ વૃત્તાંત દૂતના મુખથી રાજાએ પ્રથમ જાણ્યું. તેથી તેને શિવની પૂજા નહીં કરવાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યો કે '' હે રાજન! જે દેવને મસ્તક નથી તેના કંઠમાં પુષ્પની માળા શી રીતે પહેરાવું?



જેને કપાળ નથી તેને તિલક ક્યાં કરું? જેને કાન નથી તેની પાસે ગીત સ્તવન શી રીતે કરું? તથા જેને પગ નથી તેના પગમાં પ્રણામ શી રીતે કરવા?

વિષ્ણુનાં મંદિરમાં ગયો તો ત્યાં વિષ્ણુ પત્ની સાથે બેઠા હતા. તેથી મને શરમ આવવાથી મોઢે કપડું ઢાંકી પાછો ફર્યો. ચંડિકાદેવીના મંદિરમાં ગયો ત્યાં દેવીના હાથમાં શસ્ત્ર જોઈ ભય પામીને હું બહાર નીકળી ગયો.

પછી હું ઋષભદેવ ભગવાનના મંદિરમાં ગયો. ત્યાં એમની પાસે રાગનું ચિહ્ન સ્ત્રી નહીં જોવાથી તથા દ્વેષનું ચિહ્ન શસ્ત્ર નહીં હોવાથી હું નિર્ભયપણે એ જિનમંદિરમાં ગયો. ત્યાં વીતરાગતા સૂચક એવી જિન પ્રતિમાને જોઈ ખુબ આનંદ પામ્યો. તેથી તેમની ચંદનથી ભાવપૂર્વક પૂજા કરી પુષ્પનો હાર પહેરાવ્યો અને તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી આવ્યો.



प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं वदनकमलमंकः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवंध्यं तदसि जगति देवो वीतरागस्त्वमेव ।। –ધનપાળ કવિ

## ૭૨. એકપક્ષી મતભેદ બાંધુ નહીં.

એકપક્ષી આગ્રહ રાખું નહીં. જે કુળમાં પોતે જન્મ્યો હોય તેમાં જે ધર્મનો ઉપદેશ સાંભળ્યો હોય, તે જ સાચું છે એમ માને, અને તે સિવાય જગતમાં બીજા બધા ધર્મો જૂઠાં છે. એવો ધર્મના નામે આગ્રહ ઘણા જીવોને હોય છે. તેથી વિવિધ પક્ષોમાં શી શી માન્યતા હોય, તેમાં સત્ય હોય છે કે નહીં, પોતાને ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ તેમાં હશે કે નહીં; એવો વિચાર પણ આગ્રહી જીવોને ઊગતો નથી. તેથી વિશાળ દૃષ્ટિ થવા, એક પક્ષનો મતભેદ બાંધી ન રાખવા માટે આ વાક્ય કહ્યું છે. સર્વ પ્રકારે સત્યને વિચારવું તેને અનેકાંતવાદ કહે છે. અનેકાન્તવાદીને કોઈ એક પક્ષનો આગ્રહ નથી; પણ સર્વાંશે સત્ય હોય તે સ્વીકારવાની વિશાળતા તેના હૃદયમાં હોય છે.

## ૭૩. અજ્ઞાન પક્ષને આરાધું નહીં.

ઉપર કહેલી તે જ વાતને બીજી રીતે કહે છે. સર્વાંશે સત્ય જાણ્યા વિના કોઈ એક પક્ષનો આગ્રહ થઈ જાય, ત્યાં અજ્ઞાન હોય છે. એવા અજ્ઞાની પક્ષને આરાધું નહીં. ખબર ન હોય ત્યાં સુધી લૌકિક રીતથી આરાધન થતું હોય, પણ આ પક્ષ અજ્ઞાનયુક્ત છે એવું સમજાયા પછી લોકલજ્જાદિને કારણે તેનું આરાધન ચલાવ્યે રાખું નહીં.

પરમકૃપાળુદેવને વવાણિયામાં બધા સ્થાનકવાસીઓનો પરિચય હતો. પછીથી વિચારતાં મૂર્તિપૂજક પક્ષ સત્ય જણાયો, જેથી તેનું સમર્થન કર્યું. મૂર્તિપૂજા સંબંધી એક પુસ્તક પણ લખેલું. તેથી લોકો, સ્નેહીઓ, ઓળખીતાઓ બધા તરફથી નિંદા સહન કરવાનું આવી પડ્યું. અમદાવાદમાં જૂઠાભાઈથી તે નિંદા સહન થઈ નહીં. તેથી પરમકૃપાળુદેવને જણાવ્યું. તેના ઉત્તરમાં જૂઠાભાઈ ઉપરના પત્રાંક ૩૭માં પરમકૃપાળુદેવ લખે છે કે **''મારે માટે કોઈ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો. તે સર્વ મારા ધ્યાનમાં છે.''** વગેરે જે વાક્યો એ પત્રમાં છે તે સ્થાનકવાસીમાં તેમની નિંદા થઈ તે સંબંધી છે. એમ સત્ય જણાયા પછી અજ્ઞાન પક્ષને કદી આરાધું નહીં. એ વિષે દૃષ્ટાંત :

**લેપ શ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** રાજગૃહ નગરમાં લેપ શ્રેષ્ઠી રહેતો હતો. તેનો ગુરુ શિવભૂતિ તાપસ હતો. તેના ઉપદેશથી વાવ, કૂવા, તળાવ વગેરે કરાવ્યા હતા. એના ગુરુ આવે ત્યારે ચાર-પાંચ યોજન તેમને લેવા સામે જાય. હવે એકદા રાજગૃહ નગરના ઉપવનમાં શ્રી મહાવીર સ્વામી સમવસર્યા. તે વખતે તે લેપ શ્રેષ્ઠી તેના મિત્ર જિનદત્ત શ્રાવકની પ્રેરણાથી ભગવાનને જોવા આશ્ચર્ય સહિત ગયો. ભગવાનની દેશના સાંભળીને લેપ શ્રેષ્ઠીએ પ્રશ્ન કર્યો કે-''હે ભગવાન! મારા ગુરુ અધ્યાત્મનું વર્ણન કરે છે તે સત્ય છે કે અસત્ય છે?'' પ્રભુએ કહ્યું કે ''હે શ્રેષ્ઠી અધ્યાત્મ ચાર પ્રકારનું છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. પહેલાના ત્રણ ભેદો ભાવઅધ્યાત્મનાં કારણ છે. જે પુરુષમાં ભાવઅધ્યાત્મ રહેલું હોય તેમનાં સંપૂર્ણ કાર્ય સિદ્ધ થાય છે. પણ ભાવઅધ્યાત્મ વિના બીજા ત્રણ ભેદવાળાના સિદ્ધ થતા નથી.''

આ પ્રમાણે ભગવાન પાસેથી તત્ત્વનું સ્વરૂપ સાંભળીને શ્રેષ્ઠી બોધ પામ્યો, અને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પહેલાનાં મિત્રો કહેવા લાગ્યા કે આ શ્રેષ્ઠી મૂર્ખ છે કે પોતાનો કુળધર્મ છોડી જૈન ધર્મ સ્વીકાર્યો. એ સાંભળવા છતાં એની શ્રદ્ધા ફરી નહીં.



હવે એકદા શિવભૂતિ તાપસ જે શ્રેષ્ઠીનો પ્રથમનો ગુરુ હતો તે ત્યાં આવ્યો. લેપ શ્રેષ્ઠી સામો નહીં જવાથી તાપસે પોતાના બીજા શિષ્યો પાસેથી જાણ્યું કે એ જૈનધર્મી થયો છે. તેથી તેણે એક શિષ્યને શ્રેષ્ઠી પાસે મોકલ્યો અને કહ્યું કે અમારા ગુરુ તમને યાદ કરે છે. શ્રેષ્ઠીએ કહ્યું કે જેની કર્મની ગાંઠ છેદાઈ ગઈ છે તે મારા ગુરુ છે, બીજા નહીં.મારા ગુરુએ અનુકંપાદાન આપવાનું કહ્યું છે. તેથી પહેલાં આપતો તેના કરતાં પણ ભલે કિંમતી વસ્તુઓ ઘી, પકવાન વગેરે ગ્રહણ કરો પણ તમારે જિનેશ્વરે ભાખેલા ધર્મની નિંદા કરવી નહીં. છેવટે તાપસ આવ્યો અને કહ્યું કે હે શ્રેષ્ઠી! કયા ધૂર્તે તને છેતર્યો છે કે મારા આવતા ઊભો પણ થતો નથી? તું યોગ્ય કરતો નથી. મારું સામર્થ્ય તેં હજી જોયું નથી. મારા ભક્તોને પ્રત્યક્ષ સ્વર્ગનું સુખ થયું છે. બીજા નરકવાસી થયા છે. વિદ્યાના બળથી સ્વર્ગ-નરકાદિ બતાવ્યા છતાં શ્રેષ્ઠીએ વિચાર્યું કે આ બધું ઇંદ્રજાળ છે. પોતાના કર્મ અનુસારે જ નરક કે સ્વર્ગમાં ગમન થાય છે. વીતરાગ પરમાત્મા પાસે અનંત લબ્ધિઓ હોવા છતાં પણ તેનો અહંકાર નથી. શ્રેષ્ઠીએ તાપસને કહ્યું -બુદ્ધિ વગેરેના અહંકારનો ત્યાગ કરી અઢાર પાપસ્થાનક રહિત વિરતિ ધર્મમાં પ્રવર્તો. હવે શ્રેષ્ઠીને દૃઢ જૈન ધર્મી થયો જાણી તે તાપસ જતો રહ્યો.

શ્રેષ્ઠીએ પોતાના આખા કુટુંબને જૈન ધર્મી બનાવ્યા અને પોતે દીક્ષા ગ્રહણ કરી અનુક્રમે સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને મોક્ષપદ મેળવ્યું. (ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૪ના આધારે)

## ૭૪. આત્મપ્રશંસા ઇચ્છું નહીં.

આ વાક્યમાં આત્મપ્રશંસા કરું નહીં. એને બદલે આત્મપ્રશંસા ઇચ્છું નહીં એમ લખ્યું છે કારણ કે સત્યની ખાતર જે ગુણ હોય તે વખતે કહેવો પડે પણ ઇચ્છા આત્મપ્રશંસાની ન હોય એવું ચોખ્ખું દિલ હોય. ઇચ્છાથી આત્મા મલિન થાય છે. હૃદયમાં ન હોય ને માત્ર મોઢેથી જરૂર લાગતું બોલવાનું થાય તો દોષ નથી. પણ કોઈને પોતાના વખાણ પોતે કરે છે એવો ભાસ થવાનો સંભવ છે. કારણ કે સામાન્ય માણસ એમ કરવા જાય તો પોતાની વાત કરવા જતાં અહંકારમાં તણાઈ જાય એવો આ પ્રસંગ કહેવાય. પણ અહીં તો મહાપુરુષની વાત છે કે જેને ગમે તેવા પ્રસંગ આવે તો પણ તેમાં લેપાતા નથી. કોઈ પ્રોફેસર રવજીભાઈ દેવરાજ આચારાંગનું ગુજરાતી ભાષાંતર કરનારે પરમકૃપાળુદેવને પૂછેલું કે એક કલાકમાં કેટલાક શ્લોક સ્મૃતિમાં રહી શકે? વગેરે. તેના ઉત્તરમાં પોતે વિસ્તારથી પત્રાંક ૧૮માં જણાવે છે :—

**"પ્રવેશક—આપનું લખવું ઉચિત છે. સ્વ સ્વરૂપ ચીતરતાં મનુષ્ય ખચકાઈ જાય ખરો. પરંતુ સ્વ સ્વરૂપમાં જ્યારે આત્મસ્તુતિનો કિંચિત્ ભાગ ભળે ત્યારે, નહીં તો નહીં જ, આમ મારું મત છે. આત્મસ્તુતિનો સામાન્ય અર્થ પણ આમ થાય છે કે પોતાની જૂઠી આપવડાઈ ચીતરવી. અન્યથા આત્મસ્તુતિનું ઉપનામ પામે છે, પરંતુ ખરું લખાણ તેમ પામતું નથી; અને જ્યારે ખરું સ્વરૂપ આત્મસ્તુતિ ગણાય તો પછી મહાત્માઓ પ્રખ્યાતિમાં આવે જ કેમ? માટે સ્વ સ્વરૂપની સત્યતા કિંચિત્ આપની માગણી ઉપરથી જણાવતાં અહીં આગળ મેં આંચકો ખાધો નથી, અને તે પ્રમાણે કરતાં ન્યાયપૂર્વક હું દોષિત પણ થયેલો નથી."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૧૩૩)

**"એક વિદ્વાને ગણત્રી કરતાં માન્યું હતું કે ૫૦૦ શ્લોકનું સ્મરણ (કૃપાળુદેવને) એક કલાકમાં રહી શકે છે."** (વ.પૃ.૧૩૪)

આત્મપ્રશંસા એ સભ્યતાની વિરુદ્ધ છે. ધર્માત્મા તો તે કરે જ નહીં. શ્રી યશોવિજયજીએ



જ્ઞાનસારમાં લખ્યું છે કે પોતાના ગુણોનું અવલંબન પોતે લે તો તે ડૂબે. આટલા ગુણો મેં પ્રગટ કર્યા, હવે શું કરવાની જરૂર છે; એમ કરીને બેસી રહે તો ડૂબે. જ્યારે બીજા તેના પ્રગટ થયેલાં ગુણોનું અવલંબન લે તો તરે.

''જો તું ગુણો વડે પૂર્ણ નથી, તો પોતાની પ્રશંસાથી ફોકટ ફુલાવાનું થાય; જો તું ગુણે કરી પૂરો જ છે તો પોતાની પ્રશંસા કરવાની કંઈ જરૂર નથી.'' -જ્ઞાનમંજરી (પૃ. ૨૬૨)

## ૭૫. પ્રમાદ કોઈ કૃત્યમાં કરું નહીં.

પ્રમાદ એટલે આળસ, બેકાળજી, અનાદર. સામાન્ય કામ પણ જે હાથમાં લીધું હોય તે સારું કરવું. જેમ કોઈના સારા અક્ષર હોય તે ગમે ત્યાં લખતો હોય પણ સારા અક્ષર જ કાઢે છે. તેમ સારા માણસે પ્રમાદ કરી કોઈ કામ બગડવા દેવું નહીં. જરૂર ન લાગે તે કામ ન કરવું, પણ જે કરવું તે કાળજી રાખીને સારું જ કરવું. પૂ. પ્રભુશ્રીજી ભરૂચના એક સૂબાનું દૃષ્ટાંત આપતાં.

**સૂબાનું દૃષ્ટાંત – પ્રમાદમાં ભરુચ ખોયું.** ભરુચમાં લલ્લુભાઈ નામના એક સૂબા હતા. તેમણે પ્રમાદમાં ભરુચ ખોયું. બાતમીદાર માણસોએ આવી તેમને કહ્યું કે શત્રુનું લશ્કર આપણી હદમાં આવ્યું છે. ત્યારે લલ્લુભાઈ કહે પહેલે ''ગાંજા ભર દે.'' પછી થોડીવારે ફરી કહ્યું કે 'સાહેબ હવે શહેરની નજીક લશ્કર આવી ગયું છે.' ત્યારે ફરી એ જ જવાબ મળ્યો કે ''ગાંજા ભર દે.'' ફરી ખબર મળી કે તે લશ્કર શહેરની અંદર પેઠું તો પણ સુબાજી કહે ''ગાંજા ભર દે.'' પછી ગાંજો પીધો. તે ગાંજાની ધૂનમાં કંઈ ભાન રહ્યું નહીં. તેથી લશ્કરે આવી લલ્લુભાઈ સૂબાને પકડી લીધા. આવો પ્રમાદ જીવ મનુષ્યભવમાં કરે છે. નાનપણમાં જીવને કંઈ ભાન હોતું નથી, તેથી રમતમાં બધો વખત જાય છે. પછી યુવાવયમાં સંસારના બીજા કામમાં વ્યસ્ત એવો પ્રમાદી જીવ આત્મા માટે કશું કરી શકતો નથી અને થશે, થશે એમ કરી જે કરવા યોગ્ય એવું આત્મહિત છે તેને ધકેલ્યા કરે છે. અંતે મરણ આવી પહોંચે છે ત્યારે પસ્તાય છે. માટે પ્રમાદ કોઈ કૃત્યમાં કરું નહીં. પણ પુરુષાર્થ કરી આ મનુષ્યભવમાં આત્મકલ્યાણ સાધું.

## ૭૬. માંસાદિક આહાર કરું નહીં.

દુર્ગતિમાં લઈ જનાર માંસ, ઈંડા આદિથી બનેલ કોઈપણ વસ્તુનો આહાર કરું નહીં. ગાંધીજી ઉપર પરમકૃપાળુદેવે આર્ય આચાર વિચાર વિષે પત્રાંક ૭૧૭માં લખેલ છે. તેમાં જણાવે છે કે—

**''દયાની લાગણી વિશેષ રહેવા દેવી હોય તો જ્યાં હિંસાનાં સ્થાનકો (માંસાદિના) છે, તથા તેવા પદાર્થો લેવાય દેવાય છે, ત્યાં રહેવાનો તથા જવા આવવાનો પ્રસંગ ન થવા દેવો જોઈએ, નહીં તો જેવી જોઈએ તેવી ઘણું કરીને દયાની લાગણી ન રહે; તેમજ અભક્ષ્ય પર વૃત્તિ ન જવા દેવા અર્થે, અને તે માર્ગની ઉન્નતિના નહીં અનુમોદનને અર્થે, અભક્ષ્યાદિ ગ્રહણ કરનારનો આહારાદિ અર્થે પરિચય ન રાખવો જોઈએ.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૫૨૪)

માંસાહારનો ત્યાગ મોટે ભાગે ગુજરાતમાં જણાય છે. તેનું કારણ હેમચંદ્રાચાર્યના બોધથી કુમારપાળ રાજાએ માંસાહાર વિરુદ્ધ સખત પગલાં લીધેલાં; તેથી કાળે કરીને લોકોમાં માંસાદિ પ્રત્યે અભાવ થઈ ગયો. તેને વિષે અત્યંત ચીડ થઈ ગઈ. ઘણાં વરસનો અપરિચય થવાથી કુમારપાળને ઘણા પ્રકારના સ્વપ્ના આવે પણ માંસનું ન આવે. તેમ માંસનો બનેલ આ દેહ તે હું છું એમ સ્વપ્ને પણ ન થવું જોઈએ.

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** એક વખત કુમારપાળ ઘેબર જમતાં હતાં, ત્યારે તેને પૂર્વે કરેલું



માંસભક્ષણ યાદ આવી ગયું. એટલે તત્કાળ ખાવું બંધ કરી શ્રી હેમચંદ્રાચાર્ય પાસે જઈને પૂછ્યું કે 'સ્વામી અમારે ઘેબરનો આહાર કરવો ઘટે કે નહીં? ગુરુ બોલ્યા-'' તે વણિક અને બ્રાહ્મણને ઘટે, પણ અભક્ષ્યનો નિયમ રાખનારા ક્ષત્રિયને ઘટે નહીં; કારણ તે ખાવાથી પૂર્વે નિષેધ કરેલા માંસાદિ આહારનું સ્મરણ થઈ આવે છે.'' ગુરુની કહેલી આ વાત કુમારપાળે સ્વીકારી. પરંતુ પૂર્વે કરેલા માંસભક્ષણનું સ્મરણ કરતાં બત્રીશ ગ્રાસ ભર્યા હતા તેના પ્રાયશ્ચિત્તમાં એક સાથે ઘેબરના વર્ણ સદૃશ બત્રીશ વિહારો કરાવ્યાં. -ઉપદેશ પ્રાસાદ ભા. ભાગ-૨ના આધારે

## ૭૭. તૃષ્ણાને શમાવું.

**''મારે લોભ મૂકવો છે, ક્રોધ માનાદિ મૂકવાં છે. એવી બીજભૂત લાગણી થાય ને મૂકે, તો દોષ ટળી જઈ અનુક્રમે બીજજ્ઞાન પ્રગટે.''** -ઉપદેશ છાયા (વ.પૃ. ૭૦૧)

પ્રભુશ્રીજી કહે '' લોભ છોડવાની વૃત્તિ થઈ તો આ પુદ્‌ગલ કાનમાં પડ્યા.'' ક્રોધથી પ્રીતિની હાનિ થાય છે, માનથી વિનયનો ઘાત થાય છે. માયાથી મૈત્રીનો નાશ થાય છે અને લોભથી તો સર્વનો નાશ થાય છે. 'लोहो सव्व विणासणो' । પરમકૃપાળુદેવે પત્રાંક ૫૭૪માં કહ્યું કે **''જન્મ, જરા, મરણ કોના છે? કે જે તૃષ્ણા રાખે છે તેનાં જન્મ, જરા, મરણ છે. માટે જેમ બને તેમ તૃષ્ણા ઓછી કરતાં જવું.''** તૃષ્ણા કહો કે ઇચ્છા કહો એક જ છે. પરપદાર્થની ઇચ્છા કરવી તે સર્વ લોભ કષાય છે.

**''ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુ:ખમૂલ;**
**જબ ઇચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''**

**ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪ માંથી :– પાપનો બાપ કોણ?**

**શુભંકર બ્રાહ્મણનું દૃષ્ટાંત –** પૃથ્વીપુર નગરમાં શુભંકર નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચાર વેદ ભણી ઘેર આવ્યો. તેની સ્ત્રી જૈનધર્મી હતી. તેણે વિચાર્યું કે આ એકાંતવાદી શાસ્ત્ર ભણેલ છે. તેથી તેને પ્રતિબોધ કરવા માટે પૂછ્યું કે હે સ્વામી! સર્વ પાપનો બાપ કોણ? બ્રાહ્મણે સર્વ શાસ્ત્રો શોધ્યા. પણ પાપનો બાપ કોણ? તે જડ્યું નહીં. સ્ત્રીને પૂછ્યું તેં ક્યાંથી સાંભળ્યું? તેણે કહ્યું જૈન મુનિના મુખથી. ત્યારે તે કહે તે સાધુ પાસે જઈ પૂછી આવું. પછી ત્યાં જઈ પૂછ્યું કે સ્વામી પાપના બાપનું નામ કહો. ગુરુ કહે સંધ્યા સમયે આવજો. હવે ગુરુએ એક શ્રાવક પાસે બે રત્નો મંગાવ્યા અને એક ગધેડાનું મડદું ચાંડાલ પાસે અપાસરાથી સો હાથ દૂર મૂકાવા જણાવ્યું.



સંધ્યા સમયે તે બ્રાહ્મણ આવ્યો ત્યારે ગુરુ કહે એક કામ કરો તો એક રત્ન આપીએ. અને કામ પત્યા પછી બીજું રત્ન આપીએ. ત્યારે બ્રાહ્મણ કહે કામ બતાવો. ગુરુ કહે અપાસરા પાસે એક ગધેડાનું મડદું પડ્યું છે તેને ગામ બહાર મૂકીને આવો. એમ કહી એક રત્ન આપ્યું. રત્નના લોભે હવે રાત્રિના સમયે કોણ જુએ છે એમ વિચારી તુરત ગધેડાના મડદાને ખભે ઉપાડી ગામ બહાર મૂકી નાહી ધોઈને પાછો આવ્યો ત્યારે ગુરુએ બીજું રત્ન પણ આપ્યું. પછી બ્રાહ્મણે પૂછ્યું કે પાપનો બાપ કોણ છે તે હવે કહો. ગુરુ કહે હજું સમજાયું નથી. તો કહે ના. ત્યારે ગુરુ કહે તું બ્રાહ્મણ હોવા છતાં, લોભના કારણે મડદાંને પણ ઉપાડીને



ગામ બહાર મૂકી આવ્યો. એટલે કે લોભ એ જ પાપનો બાપ છે. એ લોભથી માણસ કોઈ પણ પ્રકારનું કામ કરવા તૈયાર થઈ જાય છે. તે બ્રાહ્મણ હલુકર્મી હોવાથી પ્રતિબોધ પામ્યો. માટે વિચારી વિચારીને આ લોભ કષાયને નિર્મૂળ કરવો. (પૃ.૧૩૭ના આધારે)

## ૭૮. તાપથી મુક્ત થવું એ મનોજ્ઞતા માનું.

આધિ, વ્યાધિ અને ઉપાધિ એ સંસારના ત્રિવિધ તાપથી સર્વ કાળને માટે મુક્ત થવું એને મનોજ્ઞતા એટલે મનનું ગમવાપણું માનું. જે સંતોષ રાખી ક્લેશના કારણો દૂર કરે, કોઈ સાથે વેર વિરોધ ન કરે તે મનોજ્ઞ થઈ શકે. શાસ્ત્રમાં દસ પ્રકારના પુરુષોની સેવા કરવી ઘટે એમ કહેલું છે. તેમાં એક મનોજ્ઞની પણ સેવા કરવા કહ્યું. મનોજ્ઞ એટલે જેનામાં એવા ગુણો હોય કે જેથી બીજા ઘણા જીવોને ચિત્ત પ્રસન્નતાનું કારણ થાય. તે ગૃહસ્થ પણ હોય શકે; જે લોકમાન્ય હોય છે. મનોજ્ઞ એટલે પંડિતપણાથી, વક્તાપણાથી કે ઊંચા કુળથી લોકોમાં માન્ય હોય તથા ધર્મનું અને ગુરુકુળનું ગૌરવ વધારનાર હોય તે મનોજ્ઞ કહેવાય છે.

એક મનોજ્ઞ શબ્દ અનેક અર્થમાં વપરાય છે. પણ અહીં કૃપાળુદેવે તો જે તાપથી એટલે મનની વ્યાકુળતાથી જીવ મુક્ત થાય, નિરાકુળ ચિત્ત થાય તેને મનોજ્ઞ કહ્યાં છે. નિરાકુળતા એ જ ખરું સુખ છે. ચિત્તને નિરાકુળ કરવું એ પોતાના હાથની વાત છે. પણ બાહ્ય સાધનોમાં જે સુખ માને છે તે કદી નિરાકુળ કે સુખી થતો નથી. કારણ ઇચ્છિત બાહ્ય વસ્તુ મળવી તે પોતાના હાથની વાત નથી; અને કદાચ મળે તો પણ તે નાશ પામવાવાળી છે.

''તાપની વ્યાકુળતાથી મુક્ત થવું તે મનોજ્ઞતા.'' એ કૃપાળુદેવે ધ્યેય જેવું રાખ્યું છે. મનોજ્ઞ એટલે નિરાકુળ થવું, સમભાવવાળા થવું અને સ્વાધીન થવું તે છે.

**''સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ''** પરવસ્તુને આધિન સુખ તે દુઃખ જ છે અને પોતાને આધિન રહેલ આત્મિક સુખ એ જ ખરું સુખ છે. માટે ત્રિવિધ તાપથી મુક્ત થવું એ જ મનોજ્ઞતા માનું.

**ભરતેશ્વરનું દૃષ્ટાંત –** ભરત રાજા રાજસભામાં હોય કે રાણીવાસમાં હોય પણ સ્વાધીન એવા આત્મસુખમાં જ તેમને ખરું સુખ ભાસવાથી તેમાં વચ્ચે વચ્ચે આત્મસ્વરૂપમાં ડૂબકી લગાવી તેનું આસ્વાદન કરતા હતા. તેથી તે નિરાકુળ હતા.

## ૭૯. તે મનોરથ પાર પાડવા પરાયણ થવું.

નિરાકુળતારૂપ મનોરથને પાર પાડવા હવે પરાયણ એટલે પુરુષાર્થી થઉં.

**''ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.''** –શ્રી આનંદઘનજી

ચિત્ત પ્રસન્નતા એટલે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમહર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે છે; અર્થાત્ ભગવાનમાં જ વૃત્તિ રહે તો એકરૂપ થાય. જીવને બીજે રાગદ્વેષ થાય છે તે વૃત્તિ, ભગવાન જે શુદ્ધસ્વરૂપી છે ત્યાં વળી તો શુદ્ધ થવાનો ભાવ ઊપજે. તેમાં જ સર્વ સાધન સમાય છે; તે જ અખંડિત પૂજા છે. કેમકે જો ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા વચનયોગ અને કાયયોગ પણ ચિત્તને આધીન હોવાથી ભગવાનને આધીન હોય; અને ચિત્તની લીનતા ભગવાનમાંથી ન ખસે (પ્રભુ પ્રભુ લય લાગે) તો જગતના



ભાવોમાંથી ઉદાસીનતા વર્તે અને તેમાં ગ્રહણ ત્યાગરૂપ વિકલ્પ પ્રવર્તે નહીં, જેથી તે સેવા અખંડ રહે. ભક્તિનું આ રહસ્ય છે. 'કપટરહિત થઈ આતમ અરપણા'- આતમ અરપણા એટલે આત્માની વૃત્તિ ભગવાનમાં લીન કરવી તે. ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા કરવી તે જ આત્મ-અર્પણતા છે, અને એ જ આનંદઘન પદ રેહ એટલે પરમ અવ્યાબાધ સુખમય મોક્ષપદની નિશાની છે; અર્થાત્ જેને એવી દશા પ્રાપ્ત થાય તે પરમ આનંદઘનસ્વરૂપ મોક્ષને પામશે. આત્મ-અર્પણતા કરવાનો જો મનોરથ રાખ્યો હોય તો તેને ધ્યેયરૂપ રાખી પાર પાડવા પરાયણ અર્થાત્ તત્પર થવું.

## ૮૦. યોગ વડે હૃદયને શુક્લ કરવું.

મન, વચન, કાયાના યોગને સ્થિર કરી હૃદયને શુક્લ કરવું.

**"બાહ્ય વાણી તજી આવી, અંતર્વાચા તજો પૂરી;**
**સમાસે યોગ-વાર્તા આ, પરમાત્મા પ્રકાશતી."** -સમાધિશતક

બાહ્ય વાણી અને અંતરવાચા તજવી એ યોગ છે. એ વડે ટૂંક સમયમાં જીવનું મોક્ષ સાથે જોડાણ થઈ શકે. બાહ્ય વાચાનું ફળ-

**"લોક-યોગે વહે વાણી, તેથી ચિત્ત ચળે, ભ્રમે;**
**લોક-સંસર્ગને આવો, જાણી યોગી ભલે વમે."** -સમાધિશતક

લોકના સંસર્ગથી શું થાય છે તે કહે છે. બાહ્ય વાણી બોલવી પડે તેથી મન ચંચળ થાય છે એટલે મનોયોગ પણ બગડે છે. માટે બાહ્ય વાચા અને અંતર્વાચા તજવારૂપ યોગ કરી મનને શુક્લ એટલે શુદ્ધ (રાગદ્વેષરહિત) સ્થિર કરવું.

## ૮૧. અસત્ય પ્રમાણથી વાતપૂર્તિ કરું નહીં.

પૂર્તિ એટલે સમર્થન. ખોટા દૃષ્ટાંતથી કે કુશાસ્ત્રથી વાતને સબળ બનાવું નહીં. કોઈ વાત કહેવી હોય તો સત્યને આધારે કહું. જ્યાં પાયો જ કાચો હોય એટલે અસત્યથી પોતાની વાત પુષ્ટ કરી હોય ત્યાં પોતાને અને પરને નુકશાન થાય છે.

**સગરરાજાનું દૃષ્ટાંત – જૂઠ પ્રપંચથી જય મેળવે તે પાપી.** સુયોધન રાજાની કન્યા સુલસા હતી. તેને સગરરાજા સાથે પરણાવવાની ઇચ્છા સગરરાજાની ધાવમાતાને હતી. પણ સુલસાની માતા અતિથિની ઇચ્છા તેને પોતાના ભાઈના કુંવર મધુપિંગલ સાથે પરણાવવાની હતી. તેથી સગરરાજાના મંત્રીએ યુક્તિ કરીને એક શાસ્ત્ર રચી જંગલમાં દાટી દીધું. પછી આ પ્રાચીન શાસ્ત્ર જંગલમાં ખોદતાં હાથ લાગ્યું છે, એમ જાહેર કરી બધા રાજકુમારોની મધ્યે તે શાસ્ત્ર લાવી વાંચી સંભળાવ્યું. તેમાં એવું લખ્યું કે જેની માંજરી પીળી આંખો હોય તે સ્વયંવરમાં આવે તો કન્યાનું મરણ થાય કે કન્યાને રંડાપો આવે. તે સાંભળી મધુપિંગલે પોતાની આંખો માંજરી હોવાથી નગર છોડી જંગલમાં જઈ હરિષેણ ગુરુ પાસે દીક્ષા લીધી. આ વાત સાંભળી સગરરાજા ઘણો આનંદ પામ્યો અને સુલસાને પરણી અયોધ્યામાં આવ્યો. પણ બીજા ઉપર આવું ખોટું કલંક આપી જૂઠ પ્રપંચ કરીને આનંદ માનવો એ મોટું પાપ છે. માટે અસત્ય પ્રમાણવડે કદી વાતપૂર્તિ કરું નહીં. -પ્રવેશિકાના આધારે (પૃ.૮૦)

## ૮૨. અસંભવિત કલ્પના કરું નહીં.

સત્ એ કલ્પના નથી. પરમકૃપાળુદેવ પત્રાંક ૨૧૧માં જણાવે છેઃ



**"સત્ છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જાુદું) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે."**

અસંભવિત એટલે અશક્ય. જે બનવાનું સંભવ ન હોય એવી કલ્પના. લોકો તો એવી અસંભવિત કલ્પનાથી પણ તણાઈ જાય. માટે સત્ય તરફ લોકોની વૃત્તિ વળે; એ સિવાયની બીજી બધી અસંભવિત કલ્પનાઓ કરું નહીં.

**બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું દૃષ્ટાંત –** બ્રહ્મા જગતને બનાવે છે, વિષ્ણુ આખા જગતનું પાલન કરે છે તથા મહેશ આખા જગતનો નાશ કરે છે. આ બધી અસંભવિત કલ્પનાઓ છે. જગતને કોઈએ બનાવ્યું નથી. એનું અસ્તિત્વ અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેશે.

## ૮૩. લોક અહિત પ્રણીત કરું નહીં.

લોકનું અહિત થાય એવું વચન કે શાસ્ત્ર કહું નહીં કે રચું નહીં. પ્રણેતા એટલે રચનાર. કેટલાક કીર્તિને અર્થે કલ્પનામાં તણાઈને કથાઓ, નાટકો, શાસ્ત્રો, લોકરુચિને અનુસરી પૈસા કમાવવા કે કીર્તિ મેળવવા અર્થે લખે છે.પણ લોકોનું અહિત તે દ્વારા થતું હોય તેનો લક્ષ તેને રહેતો નથી. તે ભૂલ જણાવવા માટે અહીં કહ્યું છે. લોકોનું અહિત થાય અર્થાત્ મોહમાં વૃદ્ધિ થાય એવું કંઈ રચું નહીં.

## ૮૪. જ્ઞાનીની નિંદા કરું નહીં.

જ્ઞાનીની નિંદા કરવાથી ઘણા કર્મ બંધાય માટે કરું નહીં. પત્રાંક ૩૯૭માં કૃપાળુદેવ જણાવે છે કે–

**"જેને દર્શનમોહનીય ઉદયપણે, બળવાનપણે વર્તે છે, એવા જીવને માત્ર સત્પુરુષાદિકની અવજ્ઞા બોલવાનો પ્રસંગ આપણાથી પ્રાપ્ત ન થાય એટલો ઉપયોગ રાખી વર્તવું. એ તેનું અને ઉપયોગ રાખનાર એ બન્નેના કલ્યાણનું કારણ છે."** –શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૩૪૩)

આપણા નિમિત્તે, જેને દર્શનમોહનીયકર્મનો ઉદય છે તે સત્પુરુષની નિંદામાં ન ઊતરે તેટલી સંભાળ રાખવી જરૂરની છે. જેમકે સત્પુરુષની વાત જેને ગમે નહીં તેવા વ્યક્તિ સમક્ષ આપણે સત્પુરુષ પ્રત્યેના પ્રેમને લઈ ગુણગ્રામ કરીએ તે તેને નિંદા કરવાનું નિમિત્ત પણ બની જાય. માટે સામાની રુચિ જોઈને જ વાત કરવી.

**"જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું; અને તેની આજ્ઞામાં સરળપરિણામે પરમ ઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંતસંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે".** –શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૩૪૩)

કૃપાળુદેવ વસો પધાર્યા તે વખતે પ્રભુશ્રીજી ઘણાં માણસોને કહી આવેલા કે મુંબઈથી મહાત્મા પધાર્યા છે, તેમનો સમાગમ કરવા યોગ્ય છે. કોઈ ધર્મ પામે એ દૃષ્ટિથી કહેલું. જેથી ઘણા લોકો આવવા લાગ્યા એટલે કૃપાળુદેવે પ્રભુશ્રીને સભામાં આવવાની ના પાડી. પરમકૃપાળુદેવ પ્રભુશ્રીજી માટે વસો પધાર્યા હતા અને કેટલું રહેવું તે પણ પ્રભુશ્રીની ઇચ્છા પ્રમાણે એક મહિનો રહ્યા, છતાં પણ પ્રભુશ્રી વગેરે સાધુઓ સભામાં આવે ત્યારે વેદાંતી વગેરે લોકોને આવો વિકલ્પ થાય કે શ્રીમદ્ રાજચંદ્ર એ જૈન મહાત્મા છે, એમ જાણી નિંદામાં પણ ઊતરી જાય; માટે પ્રભુશ્રીને સભામાં આવવાની ના પાડી હતી. પરમકૃપાળુદેવ ફરવા જાય ત્યારે સાંજે પ્રભુશ્રીને સમાગમ કરાવતા. આખો દિવસ કૃપાળુદેવ પાસે લોકો આવે તેથી તેમને



મળવાનો નિષેધ કર્યો હતો.

**શ્રી ઠાકરશીભાઈનો પ્રસંગ :–** ''એક વખતે કૃપાનાથની નિંદા થતી મારા સાંભળવામાં આવી. તે બાબત સાંજે ફરવા જતાં મેં વિદિત કરી. તે પ્રસંગે કૃપાનાથે જણાવ્યું કે દુનિયા તો સદાય એવી જ છે. જ્ઞાનીઓ જીવતા હોય ત્યારે કોઈ ઓળખે નહીં. તે એટલે સુધી કે જ્ઞાનીને માથે લાકડીઓના માર પડે તોય થોડા અને જ્ઞાની મૂઆ પછી તેના નામના પહાણાને પણ પૂજે.'' -શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી ગ્રંથ (પૃ.૧૧૫)

## ૮૫. વૈરીના ગુણની પણ સ્તુતિ કરું.

જેની દૃષ્ટિમાં ગુણો પ્રત્યે અનુરાગ છે તે વેરીના પણ ગુણ જોઈ તેની પ્રશંસા કરે છે; કારણ કે તેવા ગુણો પોતાને પ્રાપ્ત કરવા છે. જેમ ઉકરડામાં કે વિષ્ટામાં રત્ન પડ્યું હોય, તે ઝવેરીની દૃષ્ટિએ પડે તો તે લઈને સાફ કરી લે છે, કેમકે તેને તેની કિંમત છે. તેમ જેને ગુણની કિંમત છે, તે ગમે તેવા પાસે હોય તો પણ તેને ગુણ તરીકે ઓળખે છે અને તેની પ્રશંસા કરે છે. જેટલી પ્રશંસા કરે તેટલી ગુણની આરાધના થાય છે. શ્રી ભવભૂતિએ કહ્યું છે- ''गुणाः सर्वत्र पूज्यंते '' ''गुणाः पूजा स्थानं गुणिषु न च लिंग न च वयः''

અર્થ – ગુણો સર્વત્ર પૂજાય છે. ગુણવંતમાં જે ગુણો છે તે પૂજવા લાયક સ્થાન છે. પછી તે પુરુષલિંગ હોય કે સ્ત્રીલિંગ હોય અથવા ગમે તે વયનો હોય, કિંમત તેના ગુણની છે. માટે વૈરીના ગુણની પણ સ્તુતિ કરું. હૃદયમાં હજી વેર છે છતાં ગુણ પ્રત્યે આકર્ષણ હોવાથી વૈરીના ગુણને પણ વખાણે છે. તેથી ભવિષ્યમાં તેને ગુણની પ્રાપ્તિ થશે.

## ૮૬. વૈરભાવ કોઈથી રાખું નહીં.

જેને મોક્ષે જવું છે તેણે કોઈની સાથે વેર રાખવા જેવું નથી. કારણ કે વેરને લઈને ફરી જન્મવું પડે છે. જેમ વાસુદેવ, પ્રતિવાસુદેવ પ્રત્યે વેર રાખી પૂર્વભવમાં નિયાણું કરે છે તો એટલા બધા પુણ્યવાળા જીવોને પણ નરકે જવું પડે છે. મોક્ષે જવામાં વેર વિઘ્નરૂપ છે. આ વાક્યમાં તો કોઈ પ્રત્યે પણ વૈરભાવ રાખું નહીં પણ ક્ષમા કરું એમ કહી ધર્મને આચરણમાં મૂક્યો. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. તે જીવ મોક્ષમાર્ગમાં આવી ગયો. વેર ન કરે તે સંસાર ઓછો કરી શકે. જે કોઈની સાથે વેર ન કરે તેમાં મૈત્રીભાવના આવે છે.

**'' મૈત્રીભાવ ભાવનાર માનવી મહાન છે; વૈરભાવ ધારનાર મૈત્રીનો અજાણ છે.''** -પ્રજ્ઞાવબોધ

## ૮૭. માતાપિતાને મુક્તિવાટે ચઢાવું.

મનુષ્યભવમાં પ્રથમ ઉપકારી માતાપિતા છે. તેમનો બદલો વાળી શકાય એમ નથી. પણ તેમના ઋણમાંથી મુક્ત થવાનો માત્ર ઉપાય તેમને મોક્ષમાર્ગે ચઢાવવા કે તેમાં મદદ કરવી એ છે. તથા સંસારનો ભાર તેમના પર ન રહે અને મોક્ષમાર્ગ સાધવાની તેમને અનુકૂળતા મળે તેવી બનતી સગવડ કરી આપવાની પણ સંતાનની ફરજ છે. પ્રથમથી જ માતાપિતા મોક્ષમાર્ગમાં પ્રવર્તતા હોય તો તેમની આજ્ઞા ઉઠાવવી, કે જેથી સંતાનનું હિત થતું જાણી તેમને પણ સંતોષ થાય. ટૂંકામાં તેમને ધર્મમાં સહાય થાય તેમ કરવું એ ઉત્તમ છે. તેવી સહાય તેમને આપવી જોઈએ અથવા તેમનાથી ધર્મની સહાય પ્રાપ્ત કરવી જોઈએ. મા બાપ પાસેથી પૈસા મેળવવા એ ખરો વારસો નથી પણ તેમની પાસે ધર્મ હોય તો તે મેળવવો એ ઉત્તમ વારસો છે. બીજું બધું તો ક્ષણિક છે.



**ગૌતમબુદ્ધનું દૃષ્ટાંત –** બુદ્ધે એકવાર જગતની બધી ભૌતિક સામગ્રી નાશવંત છે, ક્ષણિક છે એમ જાણી જે નાશ ન પામે અથવા મરણ ન આવે એવી વસ્તુની શોધ કરવા માટે દીક્ષા ગ્રહણ કરીને બહુ તપસ્યા કરી ત્યારે ચાર શિષ્યો તેમની સેવામાં હતા. પછી સમય અનુસાર મધ્યસ્થમાર્ગ જરૂરનો છે એમ તેમને લાગવાથી આકરી તપસ્યાઓ પડતી મૂકીને બુદ્ધ લોક હિત તરફ વળ્યા. ત્યારે શિષ્યોએ તેમને વિલાસપ્રિય થયા જાણી તેમનો સંગ છોડી દીધો. એ માર્ગે બુદ્ધને જય મળ્યો એટલે શિષ્યોને પાછા સમજાવી પોતાની દીક્ષા આપી. પછી પોતાના નગરમાં આવ્યા. ભિક્ષા માટે બુદ્ધને પોતાના ઘરેથી આમંત્રણ આવ્યું તેથી ત્યાં ગયા. તેમની સ્ત્રીએ દિકરાને એમ કહ્યું કે 'તમારો વારસો મને આપો એમ માગણી કર' તેના મનમાં કોઈ ચમત્કાર વગેરેથી પુત્ર મોટો રાજા થાય કે એવી કોઈ સંસારી માગણી હતી પણ બુદ્ધ તો છોકરાને માથે હાથ મૂકી સાથે લઈ ચાલતા થયા. પછી તેને દીક્ષા આપી ધર્મનો વારસો આપ્યો.

**કૂર્માપુત્ર કેવળીનું દૃષ્ટાંત –** કૂર્માપુત્રને યૌવન વયમાં ઘણી સ્ત્રીઓ ઇચ્છતી હતી, તથાપિ તે મનથી વિરક્ત હતો. એક વખતે કોઈ મુનિના મુખથી સિદ્ધાંતના પાઠ સાંભળી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. અનુક્રમે ધ્યાનરૂપ અગ્નિથી કર્મરૂપી ઈંધનને બાળી નાખી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી તેણે વિચાર્યું કે '' જો હું હમણા ચારિત્રને ગ્રહણ કરીશ તો મારા માતાપિતા શોકથી મૃત્યુ પામશે, માટે તેમને પ્રતિબોધ કરવા અજ્ઞાતવૃત્તિએ (કેવળજ્ઞાન થયાનું ન જાણે તેમ) ગૃહવાસમાં રહેવું યોગ્ય છે.'' આ પ્રમાણે તે ગૃહવાસમાં રહ્યા. તેમને માટે કહેલું છે કે ''કૂર્માપુત્રના જેવો બીજો કોણ ધન્ય છે કે જે માતાપિતાને પ્રતિબોધ પમાડવાને અર્થે કેવળી થયા છતાં પણ ગૃહવાસમાં રહ્યાં હોય? -ઉ.પ્રા.ભા. ભાગ-૩માંથી

## ૮૮. રૂડી વાટે તેમનો બદલો આપું.

મા બાપની માગણી ગમે તે હોય, તો પણ તેમનું આત્મહિત થાય તેવો બદલો આપું. કૃપાળુદેવના પિતાશ્રી રવજીભાઈએ છપ્પનીયાની સાલના દુકાળમાં ઘણા લોકોને અનાજ નથી મળતું તો અફીણ ક્યાંથી મળે એમ ધારી અફીણના બંધાણી હોય તેમને અફીણ વહેંચવાની કૃપાળુદેવને સલાહ આપી. ત્યારે કૃપાળુદેવે વિચાર્યું કે એવી માગણી પૂરી કરવી એ ઠીક નથી. એવા સમયમાં કોઈને અફીણ ન મળતું હોય તો તેની આદત છૂટી પણ જાય. એવા નશાની વસ્તુને ઉત્તેજન આપવું તે કંઈ દાન નથી. તેથી કહ્યું કે રૂડી વાટે તેમનો બદલો આપું.

**એક પુત્રનું દૃષ્ટાંત –** એક પુત્ર હતો. તેની માતા બીમાર થઈ તેથી પુત્ર પાસે પાણી મંગાવ્યું. પુત્ર પાણી લઈને આવ્યો ત્યાં સુધી માતાને ઊંઘ આવી ગઈ. પુત્ર આખી રાત તેમની પાસે ઊભો રહ્યો. સવારમાં મા જાગી ત્યારે કહ્યું - તું આખી રાત ઊભો રહ્યો? પુત્ર કહે માતા તમે મને નવ મહિના ઉદરમાં રાખીને ભાર વહન કર્યું છે. જ્યારે હું તો એક રાત જ ઊભો રહ્યો.

માતાપિતાની આજ્ઞામાં રહેવું. જો વૃદ્ધ થયા હોય તો તેમને ખાવાપીવાની તેમજ પહેરવા વગેરેની સંભાળ રાખવી. કોઈ વખતે ક્રોધ કરવો નહીં. કટુવચન વાપરવા નહીં. તેમનો આપણા ઉપર અવર્ણનીય ઉપકાર છે. માતાએ નવ માસ સુધી ઉદરમાં રાખી ભાર વહન કરી, અનેક વેદનાઓ આપણા માટે સહન કરી છે. આ સિવાય પરોક્ષ રીતે તેમનો ઉપકારનો ઝરો નિરંતર વહ્યા કરે છે. માતાપિતા તો જગતમાં કલ્પવૃક્ષ સમાન છે. રામ અને લક્ષ્મણ તેમજ પાંડવોએ માતાપિતાની જે સેવા કરી છે, તેનું વર્ણન સહસ્ત્ર



જિવ્હાથી કરવું મુશ્કેલ છે. તેમના કરેલા ઉપકારનો બદલો આપણે વાળી શકવાના નથી. તો પણ નિરંતર તેમને ધર્મ માર્ગે જોડવા પ્રયત્ન કરી તેમની સેવા કરવી. (શ્રી જૈન હિતોપદેશના આધારે)

## ૮૯. તેમની મિથ્યા આજ્ઞા માનું નહીં.

માતાપિતાની આજ્ઞા માનવાનો ઉપદેશ છે. પણ એ આજ્ઞાને અહીં સ્યાદ્વાદમાં મૂકી છે. આત્મહિતને હાનિકારક હોય તેવી મિથ્યા આજ્ઞા માનું નહીં. કારણ વિવેક છે ત્યાં ધર્મ છે.

**શ્રી ઠાકરશીભાઈનું દૃષ્ટાંત –** સંવત ૧૯૫૪માં શ્રાવણમાં કૃપાનાથ કાવિઠા પધાર્યા હતા. ત્યારે તેમના દર્શને જતાં મારા પિતાશ્રી તરફથી અટકાયત થઈ હતી. તેથી ભાદરવામાં વસો ગયો ત્યારે ફરમાવ્યું કે તારા પિતાને ચોખ્ખું કહી દેવું કે કાચલી લઈને માગી ખાઈશ તે કબુલ, પણ આવી બાબતમાં (સત્સંગમાં) તમારી અટકાયત ચાલશે નહીં. તેમ છતાં ન માને તો સ્વતંત્ર રહેવું. -અર્ધશતાબ્દીગ્રંથ (પૃ.૧૧૫)

## ૯૦. સ્વસ્ત્રીમાં સમભાવથી વર્તું.

જેની સાથે આખી જીંદગી રહેવાનું હોય તેના પ્રત્યે રાગદ્વેષના કારણો અનેક બને છે અને તેથી જીવ દુઃખી થાય છે. પણ એવા તુચ્છ કારણોમાં તણાઈ જઈ ક્લેશ કરવો કે મોહાંધ બની રાગ કરવો એ બન્ને દુઃખના કારણો છે. માટે જો સુખી થવું હોય તો રાગદ્વેષ ઘટાડવા. પહેલા પોતાની સ્ત્રી પ્રત્યેના રાગદ્વેષ ઓછા કરતાં શીખવું. બીજાઓ સાથે એવા પ્રસંગો ઓછા બને છે. બીજા લોકોમાં કે લોકલાજમાં મારું ખોટું દેખાશે એમ ધારીને પણ જીવ રાગદ્વેષ ઓછા રાખે છે. માટે સ્વસ્ત્રીમાં રાગદ્વેષ ઘટાડવા અને સમભાવથી વર્તવાનો પ્રયત્ન પ્રથમ કરવો.

**એક રાજાનું દૃષ્ટાંત –** એક રાજા હતો. તેને પોતાની રાણી પ્રત્યે અત્યંત રાગ હતો. એક દિવસ રોગના કારણથી રાણી મરણ પામી. છતાં મોહવશ થયેલ રાજા એમ માને છે કે આ મરી ગઈ નથી, પણ મારાથી રિસાઈ છે. તેથી તેને મનાવવા માટે મથે અને તેની પાસે જ બેસી રહે, ખાતો પીતો પણ નથી. એક દિવસ મંત્રીઓએ મળી રાજાને કોઈ કામના મિશે દૂર લઈ ગયા. પછી રાણીના શબને જંગલમાં નાખી દીધું. જ્યારે રાજા આવ્યો ત્યારે કહે રાણી ક્યાં છે? મને બતાવો, નહીં તો હું નહીં જીવી શકું. તેથી મંત્રીઓએ જંગલમાં જઈ રાણીના શબને બતાવ્યું. ત્યાં પક્ષીઓએ આંખ વગેરે કાઢી નાખવાથી એનું સ્વરૂપ ભયંકર ભાસ્યું. તે જોઈ રાજા વિચારમાં પડ્યો કે અહો આવું આ શરીરનું સ્વરૂપ છે? એમ વિચારતાં વૈરાગ્ય પામી ગુરુ ભગવંત પાસે જઈ દીક્ષા ગ્રહણ કરી. માટે સ્વસ્ત્રીમાં પણ મોહ ન કરતાં સમભાવથી વર્તું.

**૯૧.** (મહાનીતિમાં આ સ્થાને વાક્ય નથી.)

## ૯૨. ઉતાવળો ચાલું નહીં.

ઉતાવળમાં અયત્નાનો દોષ લાગે છે. તે ટાળી, જોઈને ચાલવું. ઉતાવળમાં ગમે તેના પર પગ મૂકાઈ જાય. સાપ હોય તો કરડે. વેગમાં ખબર ન પડે. તેમ ન ચાલવું. યત્નાથી ચાલવું. યત્નાથી એટલે કાળજીપૂર્વક જોઈને ચાલવું જેથી પોતાને અને બીજા જીવોને પણ લાભ થાય.

કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષ કૃપાળુદેવે કહ્યાં છે. એ ત્રણેય દોષ તજવા યોગ્ય છે. ત્રણેય દોષના અનુક્રમે પ્રતિપક્ષી ગુણ નિસ્પૃહતા, વિનય અને ધીરજ છે. નીચે જોઈને ચાલવાથી ત્રણ



લાભ થાય છે. (૧) નિરપરાધી જીવોની રક્ષા થાય. (૨) કીચડ આદિમાં પગ ખરડાય નહીં અને (૩) કાંટો, વીંછી વગેરેના દુઃખથી પણ બચાય. માટે ઉતાવળો ચાલું નહીં.

## ૯૩. જોસભેર ચાલું નહીં.

જોસભેર ચાલવાથી કોઈ બાળક કે ડોશીમા વગેરે અથડાય તો ગબડી પડે કે મરી પણ જાય. જ્યાં અત્યંત વેગથી ચાલતો હોય ત્યાં બીજાને હરકત થાય તે પણ જુએ નહીં. કોઈ કામાતુર કે ક્રોધી કે કોઈ એકાદ દુર્ગુણને વશ હોય તે તેની ધૂનમાં ચાલે છે. તેમાં પોતા વડે બીજાને શું થાય છે તેનું તેને ભાન રહેતું નથી.

**બાદશાહનું દૃષ્ટાંત** — પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે—એક બાદશાહ પાથરણું પાથરીને જંગલમાં નમાઝ ભણવા બેઠો. તે વખતે કોઈ બાઈ પોતાના જાર પુરુષને મળવા વેગભેર ત્યાંથી ગઈ. બાદશાહને તેની ઠોકર વાગી; પણ નમાઝ ભણતા હતા એટલે કાંઈ બોલ્યા નહીં. પણ મનમાં થયું કે એ પાછી આવે ત્યારે એને શિક્ષા કરીશ. બાઈને તો ઠોકરનું ભાન નહોતું. પણ પાછી આવી ત્યારે બાદશાહે તેને ઠપકો આપ્યો. તેના ઉત્તરમાં તે બાઈ બોલી કે તમને ઠોકર વાગી તેની મને કાંઈ ખબર નથી; પણ તમને ખબર પડી એટલી તમારા નમાઝમાં ખામી. બાદશાહ સમજી ગયો કે એ બાઈને સંસાર ઉપર મોહ છે તેટલો મને જો ભગવાન પ્રત્યે મોહ હોત તો મને પણ ખબર પડત નહીં કે કોણ આવ્યું ને કોણ ગયું?

**પ.પૂ.પ્રભુશ્રીજીનું દૃષ્ટાંત** — એવો પ્રેમ પ્રભુશ્રીજીને કૃપાળુદેવ પ્રત્યે હતો. પ્રભુશ્રીજી નડિયાદ હતા ત્યારે ખબર પડી કે કૃપાળુદેવ અમુક ટ્રેનમાં જવાના છે એટલે તેઓ સ્ટેશન પર ગયા. ગાડી ઊપડી તો પણ દર્શનના લોભથી ડબાની સાથેને સાથે દોડવા લાગ્યા, થોરીઆની વાડ આવી તો પણ ખબર ન પડી અને તે વાડમાં તેઓ પડી ગયા.

## ૯૪. મરોડથી ચાલું નહીં.

લોકોનું ચિત્ત આકર્ષાય તેમ વિલાસપૂર્વક ચાલું નહીં. એ અસભ્ય ચાલ છે. જેમ ટોપી વાંકી મૂકે તેમ આ વાંકી ચાલ છે. આ બધા મોહના ચાળા છે. બધી ક્રિયાઓમાં અંતરંગ જે ભાવ હોય તે બહાર આવે છે. બોલવામાં, ચાલવામાં, પહેરવા વગેરેમાં અંતરંગમાં જેવા ભાવ હોય તેવી ચેષ્ટાઓ જણાય છે. પ્રભુશ્રીજી અક્ષર ઉપરથી તેના ભાવ ઓળખી લેતાં. અંગ્રેજીમાં લખેલો કાગળ હોય તો પણ કહેતા ''લાવ જોઈએ, મારે એના પર્યાય જોવા છે.''

## ૯૫. ઉચ્છૃંખલ વસ્ત્ર પહેરું નહીં.

ઉચ્છૃંખલ એટલે ઉદ્ધત, નિરંકુશ. જે પોતાની મર્યાદા તજીને વર્તે તેને ઉચ્છૃંખલ કહેવાય. જેમકે કોઈ ગરીબ હોય પણ પૈસાદાર જેવો પોષાક પહેરીને ફરે તે તેને છાજતો નથી. હલકી જાતના લોકો પૈસા હાથમાં આવે તો મોટી કોરવાળું-હીરકોરી થેપાડું પહેરે કે લોકોને દેખાય તેમ કપડા ઉપર ઘરેણાં પહેરે. તેનું અંતરમાં અભિમાન હોય. એક હજામે આંગળીમાં વીંટી પહેરી. તે બધાને દેખાડવા આંગળીથી બતાવે કે અહીં બેસો, અહીં બેસો. પણ દેખાવ માટે એવું કશું કરવા યોગ્ય નથી.

સામાન્ય સભ્યતાથી વિશેષ પડતું જે જે કરે તે બધું હાસ્યને પાત્ર થાય છે. સારું દેખાડવા જાય તેના બદલે ઊલટું ખરાબ દેખાય. એટલી વિવેકબુદ્ધિ પણ એનામાં નથી; કારણ તુચ્છ વસ્તુ ઉપર મોહ



વિશેષ છે. મોહ વિશેષ હોય તો બીજા કોઈએ સારું પહેર્યું હોય તો તાકીને જુએ અથવા અનુકરણ કરવાની ઇચ્છા રાખે કે લાગ મળે તો હું પણ આવું પહેરું. પણ મર્યાદા તજી ઉચ્છૃંખલ વસ્ત્ર પહેરવા યોગ્ય નથી.

## ૯૬. વસ્ત્રનું અભિમાન કરું નહીં.

કોઈ નવી જાતનું વસ્ત્ર પોતા પાસે હોય તેનું અભિમાન કરે કે મારા જેવું વસ્ત્ર બીજા પાસે નથી. પણ એમ કરવા યોગ્ય નથી. વસ્ત્ર તો શરીરની એબ ઢાંકવા પૂરતું છે. જેમ ગૂમડાં પર કપડાનો પાટો બાંધે તે માખથી રક્ષણ કરવા માટે છે. તે ગમે તેવા કપડાનો પણ બાંધે. તેમાં અમુક જાતનું કે અમુક રંગનું જ કાપડ જોઈએ એવું કંઈ હોતું નથી. માત્ર સ્વચ્છ જોઈને બાંધે છે. તેમ પહેરવાના કપડા સંબંધી પણ સમજવા યોગ્ય છે.

## ૯૭. વધારે વાળ રાખું નહીં.

વાળને શોભાનું કારણ જાણી માણસો લાંબા વાળ રાખે છે. સુગંધી તેલ નાખે અને વાંકા ગુંછળા કરે કે તેને જુદી જુદી રીતે સજાવે છે. કતરાવે ત્યારે પણ અમુક જગાએ વધારે રાખે અને અમુક જગ્યાએ ઓછા રાખે. વાળ જેવી નજીવી વસ્તુમાં વૃત્તિ રહે અને તેમાં આખો આત્મા પેસી જાય છે. કોઈને આવી ટેવ પડી જાય છે કે વારે ઘડીએ માથે હાથ મૂકી જુએ કે વાળ આઘા પાછા તો થયા નથી. પણ જ્ઞાનીપુરુષો તો તેને સંસારના મૂળિયાં જાણી ખેંચીને ઉખેડી નાખે છે. મૂછો તથા દાઢીના વાળ માટે પણ તેમજ સમજવું. અમુક આકાર મૂછના ભાલોડા જેવા કે ઉપર લીંબુ રહે તેવા કરે, ક્ષત્રિય રાજાઓનું અનુકરણ કરવા જાય અને વૃત્તિ તેમાં ને તેમાં રહે છે.

વાળ કાઢી નાખે કે ઓળે પણ મુખ્ય કરવાનું એટલું છે કે વૃત્તિ તેમાંથી ઉઠાવી લેવી. જેવી વૃત્તિ ત્યાં રાખે છે તેવી આત્મામાં રાખવા યોગ્ય છે.

## ૯૮. ચપોચપ વસ્ત્ર સજું નહીં.

ચપોચપ એટલે તંગ વસ્ત્ર પહેરવું. વિલાયતમાં કેડ પાતળી દેખાડવા માટે સ્ત્રીઓ કેડે તંગ પટ્ટો બાંધે. એથી શરીર બગડે, રોગ થાય પણ ફેશન સાચવવા માટે કરે. ચીની લોકો પણ પગ નાનો દેખાડવા લાકડાના ટાઈટ જોડાં પહેરે. બૈરાઓ કપડા પણ ખેંચીને પહેરે. દેખાવ કરવાની ટેવ પડેલી હોવાથી દુઃખ દેખીને પણ દેખાવ કરે છે.

પુરુષો પણ ટાપટીપ કરે, ઇસ્ત્રીવાળા કપડા પહેરે, ધોતિયું પહેરે તો પણ ચીપીચીપીને ઘડી બરાબર આખો દહાડો સાચવીને રાખે. શોભા તરફ લક્ષ રહે પણ જરૂરિયાત તરફ લક્ષ રહેતું નથી. માટે ચપોચપ વસ્ત્ર સજું નહીં એમ કહ્યું.

## ૯૯. અપવિત્ર વસ્ત્ર પહેરું નહીં.

મડદા પર ઓઢાડેલું વસ્ત્ર અપવિત્ર ગણાય. તેમાં શાલ વગેરે બાળતા નથી પણ તેને સ્મશાનમાં વાડ પર નાખીને આવે. તેને ભંગી લઈ જાય અને સારા પૈસા ઊપજે એવું હોય તો વેચી દે છે. તે સોંઘા મળે તો પણ તેવા અપવિત્ર વસ્ત્ર પહેરું નહીં. અથવા વર્તમાનમાં કીડાઓને મારીને બનાવવામાં આવેલા પ્યોર રેશમી  જેવા અપવિત્ર વસ્ત્રો પહેરું નહીં. ખાદી હાલ પવિત્ર ગણાય છે માટે તેવા વસ્ત્રો પહેરું.



## ૧૦૦. ઊનનાં વસ્ત્ર પહેરવા પ્રયત્ન કરું.

શિયાળો ગયા પછી ભરવાડો ઘેંટાનું ઊન કાપી લે છે. તે ઊન ઘેંટાને ઊલટું અહિત કરતા ઉનાળામાં થાય છે. તે ઊનના કપડાં માણસોને શિયાળાદિ ઋતુઓમાં કામ આવે છે. તેથી નિર્દોષ કપડાં પહેરવા યોગ્ય છે. તેમજ ઊનના કર્કરા કપડાંનો સ્પર્શ ચામડીને અપ્રિય લાગે પણ સંયમ માટે ઉપયોગી છે. માટે ઊનના કપડાં પહેરવા પ્રયત્ન કરું.

## ૧૦૧. રેશમી વસ્ત્રનો ત્યાગ કરું.

રેશમી વસ્ત્ર લોકો પહેરી અભિમાનને પોષે છે. પણ તે વસ્ત્ર બનાવવામાં હજારો કોશેટામાંના જીવડાઓની ઘાત થાય છે. તે હિંસાનું કારણ હોવાથી રેશમી વસ્ત્રો પહેરવા યોગ્ય નથી. કોશેટાને ગરમ પાણીમાં નાખવાથી તેમાં રહેલ જીવ મરી જાય છે. પછી તેના ઉપરથી રેશમને ઉકેલી લે છે. કોશેટો એમને એમ પડ્યો રહે તો તેમાં રહેલ જીવ કોશેટાને કાણું પાડી બહાર નીકળી જાય છે. શેતૂરનું ઝાડ મુખ્યત્વે આ જીવડાંઓને ખોરાક માટે ગમે છે. એરંડા પર પણ થાય છે. તેમાંથી ખોરાક મેળવે અને કોશેટા બનાવે. આવા હિંસક રેશમી વસ્ત્રો પહેરવાથી સુખશીલીયાપણું પોષાય અને ઊનના કપડાં ચામડીને પ્રતિકૂળ લાગવાથી સહનશીલતા પોષાય. માટે હિંસક એવા રેશમી વસ્ત્ર પહેરવાનો ત્યાગ કરું.

પહેલાના જમાનામાં બ્રાહ્મણો મુગટા પહેરતાં, તે પવિત્ર ગણાતા. કારણ કે તે મુગટમાં રેશમ નીચે પ્રમાણે બનાવવામાં આવતું હતું. પહેલાના જમાનામાં આ કોશેટાનું મુખ કાપી તેમાંથી કાળજીપૂર્વક જીવની ઘાત ન થાય તેમ જીવડું કાઢી લેતાં. પછી જે ખોખું રહે તેનું રેશમ ઉકેલી લઈ તેના વસ્ત્રો બનાવવામાં આવતા. હિંદુસ્તાનમાં પહેલા આનો ધંધો હતો. ત્યારે ધર્મના કામમાં વાપરવાના વસ્ત્રો આ પ્રમાણે બનાવવામાં આવતા. પણ હવે ઉપર પ્રમાણે કરવાથી રેશમ પહેરવાને પણ લાયક રહ્યું નથી.

## ૧૦૨. શાંત ચાલથી ચાલું.

વાક્ય ૯૨, ૯૩, ૯૪માં ઉતાવળો, જોશભેર અને મરોડથી ચાલું નહીં એમ કહ્યું; હવે કેવી રીતે ચાલવું તે જણાવે છે. શાંત ચાલ એટલે ચિત્તમાં જેને વિક્ષેપ નથી એમ જણાય એવી ચાલ. એનું દૃષ્ટાંત ગજગતિ એટલે હાથીની ચાલ અપાય છે. જે ધીમી ચાલ છે અને હંસગતિ તે સુંદર ચાલ કહેવાય છે. માટે મંત્ર સ્મરણ કરતો વિક્ષેપ રહિતપણે બે ડગલાં આગળ જોઈને શાંત ચાલથી ચાલું.

''ચાલ ધીમી ને ગંભીર રાખવી. બીજાને મોહ ઊપજે તેમ લટકા મટકા કરતાં ન ચાલે. વૈરાગ્ય સહિત ચાલે.'' (મોક્ષમાળા વિવેચનમાંથી)

## ૧૦૩. ખોટો ભપકો કરું નહીં.

લગ્ન વખતે કોઈને ત્યાંથી ઘરેણાં, મોટર, વસ્ત્રો વગેરે માગી લાવી અથવા ભાડે લાવીને ભપકો દેખાડવાનું કરે છે; તેને બદલે પોતાની સ્થિતિ પ્રમાણે જેટલી ખરીદી શકાય તેટલી વસ્તુથી જ શોભા કરવી યોગ્ય છે. પોષાકનાં ભાડાં આપે તેટલામાં આખું વર્ષ ચાલે તેટલાં સાદાં કપડાં ખરીદી શકાય. લગ્ન પ્રસંગની પેઠે બીજા પ્રસંગોમાં પણ લોકો ખોટો ભપકો દેખાડવાનું ઓછું કરે તો ખર્ચ ઓછું થાય, દેવું ન થાય અને સુખી થાય.

'' ધનને અનુસાર વસ્ત્રાભૂષણ પહેરવા જોઈએ. થોડું દ્રવ્ય હોય અને ધનવાન જેવાં વસ્ત્ર પહેરવા તેમજ વધારે દ્રવ્યે, ગરીબ જેવા વસ્ત્ર પહેરવા તે સમાજમાં શોભાસ્પદ નથી.'' –'શ્રી જૈન હિતોપદેશ'માંથી



## ૧૦૪. ઉપદેશકને દ્વેષથી જોઉં નહીં.

કરુણાથી પ્રેરાઈ ઉપદેશક આપણા દોષો બતાવે તો એનો ઉપકાર માનવો ઘટે છે. તેને બદલે ઉપકારી પ્રત્યે અપકાર કરવારૂપ જો દ્વેષ થાય તો કલ્યાણનો માર્ગ બંધ થાય છે. એવો દ્વેષ અનંતાનુબંધી કષાય કહેવાય. કોઈનો પણ દોષ જોવાથી તેના પ્રત્યે દ્વેષ થાય છે. તેમ ઉપકારીને પણ દોષરૂપે જુએ તો એ વિપરીતપણું છે. એ ટેવ દૂર કરવા માટે આ શિખામણ આપી કે ઉપદેશકને દ્વેષથી જોઉં નહીં.

**ભાનુદત્ત પૂર્વધરનું દૃષ્ટાંત –** એક આચાર્યના શિષ્ય ભાનુદત્ત નામે મુનિ હતા. ગુરુ સમીપે ચૌદપૂર્વનો અભ્યાસ કર્યો હતો. અન્યદા તેમને નિદ્રાનો પ્રબળ ઉદય થયો. એટલે સંધ્યાકાળ થાય ત્યારથી તેની આંખો ઘેરાવા માંડે, ઝોકાં ખાય. ગુરુ સાવચેત કરે, પ્રતિક્રમણ કર્યા પછી ગુરુ પૂર્વનો પાઠ કરી જવા પ્રેરણા કરે; પણ નિદ્રાના પ્રબળ ઉદયથી તે પાઠ ન કરતાં ઊંઘી જાય. ગુરુ મહારાજ ઠપકો આપે, એટલે વળી કોઈક વખત જરા સાવધાન રહે. આ પ્રમાણે બહુવાર ઠપકો આપવાથી તેને પોતાની ભૂલ ન સૂઝી, પણ ગુરુ ઉપર દ્વેષભાવ આવ્યો. તેથી એકવાર ગુરુમહારાજે ઠપકો આપ્યો, ત્યારે સામું બોલી કહે, 'મને જ એક દીઠો છે, મને જ ઠપકો આપો છો; બીજાઓને કાંઈ કહેતા નથી.' આવા તેનાં વચનથી ગુરુમહારાજે અયોગ્ય જાણી તેનો અનાદર કર્યો અને ઠપકો આપવાનું કે પ્રેરણા કરવાનું છોડી દીધું. તેથી વિશેષ નિરંકુશ બન્યા અને પ્રતિક્રમણ કરવામાં પણ પ્રમાદ કરવા લાગ્યા અને સંધ્યાકાળથી ઘોરવા લાગ્યા. એમ કરતાં કરતાં ન સંભારવાથી પૂર્વો પણ વિસ્મૃત થતા ગયા. ચાતુર્માસ ઊતર્યે ગુરુમહારાજે તેને તજી દઈ વિહાર કર્યો. એકલા પડવાથી વધારે પ્રમાદ સેવી બધા પૂર્વ તદ્દન ભૂલી જઈ આયુ ક્ષય થયે મરણ પામી દુર્ગતિએ ગયા. (ચોસઠ પ્રકારી પૂજામાંથી)

## ૧૦૫. દ્વેષમાત્રનો ત્યાગ કરું.

વાક્ય ૧૦૪માં અનંતાનુબંધી દ્વેષ દૂર કરવા કહ્યું; જે કલ્યાણ કરવામાં મોટામાં મોટું વિઘ્ન છે, ધર્મનો નાશ કરનાર છે. હવે દ્વેષમાત્રનો ત્યાગ કરવા જણાવે છે. બીજાનાં તો ગુણ જ જોવાની ટેવ પાડવા યોગ્ય છે. દોષ જોવા હોય તો પોતાના જોવા. એમ કરવાથી કોઈના પ્રત્યે દ્વેષનો પ્રસંગ ન આવે. દ્વેષ કરનાર પોતે જ પહેલો દુઃખી થાય છે. જેને તે દુઃખી કરવા માંગે તેના પાપનો ઉદય હોય તો દુઃખી થાય; નહિં તો ન પણ થાય. પણ દ્વેષ કરનાર પોતે તો દુઃખી થાય જ. આખા જગત પ્રત્યે મૈત્રીભાવ ભાવવાની જરૂર છે. તેમાં ખાસ કરી જેના પ્રત્યે અસંતોષ હોય તેના પ્રત્યે પ્રથમ મૈત્રીભાવ ભાવવો. મૈત્રીભાવ એટલે બધાનું ભલું થાઓ એમ ચિંતવે તો પછી દ્વેષ ન રહે. પ્રભુશ્રીજી કહેતા કે- ''ભૂંડું કરનારનું પણ ભલું ચિંતવવું.'' વળી પરમકૃપાળુદેવ પત્રાંક ૭૮૦માં જણાવે છે કે—

**''આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે. એ જ વિનંતિ.''** (વ.પૃ.૬૦૪)

**દમદંતમુનિનું દૃષ્ટાંત –** હસ્તિશીર્ષના રાજા દમદંતને એકવાર પાંડવો તથા કૌરવો સાથે મોટી વઢવાડ થઈ. પણ જરાસંઘ રાજાની મદદથી દમદંત રાજા જીતી ગયો અને પાંડવો તથા કૌરવોની હાર થઈ. એક દિવસ દમદંત રાજાએ વાદળાનું ક્ષણિક સ્વરૂપ જોઈ આ સંસારને પણ પવન સમયના વાદળા સમાન ક્ષણિક અને અસાર જાણી પ્રત્યેકબુદ્ધની પેઠે દીક્ષા ગ્રહણ કરી. વિહાર કરતાં હસ્તિનાપુર નગરની બહાર કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યાં.



રાજ દરબારમાં જતાં રસ્તામાં પાંડવોએ દમદંતમુનિને જોઈ ઘોડા ઉપરથી નીચે ઊતરી શુભભાવે વંદન કર્યું તથા તેમની રાજ્યાવસ્થાનું બળ અને ચારિત્રબળની સ્તુતિ કરી આગળ ચાલ્યા.

પાછળથી કૌરવો આવ્યા. તેમાં દુર્યોધને તેમના પર દ્વેષભાવ લાવી, માઠા વચન બોલી તેમની સામે બીજોરૂ ફેંક્યું. તે જોઈ સાથેના લોકોએ પણ પત્થર વગેરે ફેંક્યા. તેથી મુનિ આખા ઢંકાઈ ગયા. પાંડવો રાજદરબારથી પાછા ફરતાં મુનિ સંબંધી બધી હકીકત જાણી સેવકો પાસે પત્થરો દૂર કરાવી નમસ્કાર વગેરે કરીને પોતાના સ્થાનકે ગયા. પાંડવોએ માન આપ્યું અને કૌરવોએ દ્વેષભાવથી અપમાન કર્યું. પણ બન્ને પ્રત્યે મુનિએ રાગદ્વેષનો ત્યાગ કરી સમભાવ રાખી પોતાનું કલ્યાણ સાધ્યું. માટે કોઈ પ્રત્યે દ્વેષ માત્રનો ત્યાગ કરવા પુરુષાર્થ કરું.

## ૧૦૬. રાગદૃષ્ટિથી એકે વસ્તુ આરાધું નહીં.

રાગદૃષ્ટિથી સંસારની એકે વસ્તુનું સેવન કરું નહીં.

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના ક્રમાંક ૨૧માં પરમકૃપાળુદેવ જણાવે છે કે– **''રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પ્રત્યે કરવો.''** શ્રી યશોવિજયજી મહારાજ પણ લખે છેઃ

''રાગ ન કરશો કોઈ જન કોઈશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશું રે.''

શ્રી ગૌતમસ્વામીને ભગવાન મહાવીર સ્વામી પર રાગ હતો તેથી કેવળજ્ઞાન અટક્યું હતું. મોક્ષમાળા શિક્ષાપાઠ ૪૪ **'રાગ'** તેમાં કૃપાળુદેવે કહ્યું કે–

**''ગૌતમમુનિનો રાગ આપણને બહુ સૂક્ષ્મ બોધ આપે છે. ભગવાન પરનો મોહ ગૌતમ જેવા ગણધરને દુઃખદાયક થયો, તો પછી સંસારનો, તે વળી પામર આત્માઓનો મોહ કેવું અનંત દુઃખ આપતો હશે! સંસારરૂપી ગાડીને રાગ અને દ્વેષ એ બે રૂપી બળદ છે. એ ન હોય તો સંસારનું અટકન છે. જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ નથી; આ માન્ય સિદ્ધાંત છે. રાગ તીવ્ર કર્મબંધનનું કારણ છે; એના ક્ષયથી આત્મસિદ્ધિ છે.''** –શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૯૦)

## ૧૦૭. વૈરીના સત્ય વચનને માન આપું.

સામાન્ય રીતે જેની સાથે અણબનાવ હોય તે ગમે તેવું સારું કહે તો પણ અવળું ભાસે. તેના વિષે જે કંઈ પણ મત બંધાય તે એના આધારે જ બંધાય છે. તેમ કોઈ ધર્મનું ખંડન કરવા માટે તેના શાસ્ત્રો વાંચતો હોય તો દોષ ક્યાં છે ત્યાંજ તેની દૃષ્ટિ હોય છે, તેથી સત્ય હાથમાં આવતું નથી. મધ્યસ્થ દૃષ્ટિ હોય તો જે અપેક્ષાએ તેમાં સત્ય કહ્યું હોય તેટલા અંશે જણાઈ આવે. સત્ય વાત ગમે તે કહેતો હોય, ભલે તે દુશ્મન હોય, પણ આપણને હિતકારી હોય તો તે વાત ગ્રહણ કરવી. પ્રભુશ્રીજીએ એક પત્ર વટામણ લખ્યો તેમાં જણાવ્યું કે–''કોઈ કંઈ શિખામણ દે, તો તેને કહેવું કે તમારું કહેવું સાચું છે. આત્મહિત થતું હોય તો તેમ કરી લેવું, પણ છણકા કરવા નહીં, ખિજાવું નહીં.'' પ્રભુશ્રીજીની સમજાવવાની એવી પદ્ધતિ હતી કે નાના છોકરાઓને પણ વાત ગળે ઊતરી જાય.

(મહાનીતિ વાક્ય ૧૦૮ થી ૧૧૫ સુધી મૂળમાં નથી.)

## ૧૧૬. વાળ રાખું નહીં. (ગૃ૰)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** વાળ ઉપર જેટલી આસક્તિ છે તેટલો દેહાધ્યાસ છે, એ સહજ



વિચારે સમજાય તેવી વાત છે. માથું ઓળતાં વાળ કાંસકા ઉપર આવ્યા હોય તેને ઘરના કોઈ ખૂણામાં પણ રાખવા કોઈ ઇચ્છતું નથી, તથા હજામત કરાવેલા વાળ દૂર ફેંકી દે છે. કોઈ કપડામાં ભરાયો હોય તો ખૂંચ ખૂંચ કરે. તેવી નિરર્થક ચીજમાં વારંવાર વૃત્તિ રાખી તેની ઠીકઠાકમાં મનુષ્યભવની મોંઘી પળો ગુમાવવી એ વિચારવાનને કેમ પાલવે? ઘણાં સ્ત્રી-પુરુષોને વારંવાર માથાના વાળ ઠીક કરવા કે જેમ ઓળીને રાખી મૂક્યા હોય તેવા રહ્યા છે કે નહીં તેની પરીક્ષા કરવા માથે હાથ ફેરવતા જોઈએ છીએ અને તે ટેવનું રૂપ લે છે એટલે વગર કારણે શિર પર હાથ ફર્યા કરે છે. આ મોહની ઘેલછા છે. તેનું સૂક્ષ્મ અવલોકન કરી અંતર્વૃત્તિઓને તપાસી તેને સન્માર્ગે વાળવી ઘટે છેજી. જેમને દેહાધ્યાસ એ મહાદોષ ભાસ્યો છે અને જે સંસારથી વિરક્ત થયા છે તે મહાપુરુષો તો કેશને ક્લેશરૂપ જાણી, મોહનાં મૂળ જાણી તે પરમપુરુષો શ્રી તીર્થંકર જેવા તો તેને મૂળથી ઉખેડી નાખે છે. (પૃ.૪૨૮)

**''કુટિલ, ધૂર્ત-વિલાસ-વાસ ગણી કેશ-લોચ તે કરતા રે;**
**તજી શણગાર, અણગાર બની તે મહાવ્રતો ઉચ્ચરતા રે;**
**પરોપકારકારક પરમાત્મા ઊઠ્યા જગ ઉદ્ધરવા રે.''** -પ્રજ્ઞાવબોધ

દરેક બાબતનો ઊંડો વિચાર કરતાં શીખો એ જ વિનંતી. (પૃ.૪૨૮)

## ૧૧૭. કચરો રાખું નહીં.

ગૃહસ્થને ઘર હોય કે દુકાન વગેરે હોય તેમાં કચરો રાખવાથી જીવોની ઉત્પત્તિ થાય, તેથી હિંસા થાય. રોગની ઉત્પત્તિ થવાનો પણ સંભવ છે માટે કચરો રાખું નહીં. પણ ઘર સ્વચ્છ રાખું.

## ૧૧૮. ગારો કરું નહીં-આંગણા પાસે.

આંગણા પાસે પાણી કે એંઠવાડો ઢોળવાથી ગારો એટલે કાદવ કે કીચડ થાય. જેથી જીવોની ઉત્પત્તિ થાય. મચ્છર વગેરે પણ થાય. તે રોગનું કારણ બને છે. માટે આંગણા પાસે ગારો કરું નહીં.

## ૧૧૯. ફળિયામાં અસ્વચ્છતા રાખું નહીં. (સાધુ)

સાધુ છે માટે ફળિયામાં એટલે શેરીમાં ધર્મશાળા હોય કે કોઈ ખાલી ઘરમાં નિવાસ હોય ત્યાં મળમૂત્ર વગેરે ગમે ત્યાં નાખવા નહીં; પણ એકાંત જગ્યામાં મળમૂત્ર વગેરે પરઠવવા. નહીં તો ફળિયામાં રહેનારને દુગંછા થાય. તેથી સાધુ પ્રત્યે દ્વેષભાવ આવે કે આવા સાધુ ક્યાંથી આવ્યા કે જેથી અમને આવી દુગંછા સહન કરવી પડે. આ સાધુ જતા રહે તો સારું. આમ સાધુ પ્રત્યે અભાવ થાય તો એ નિમિત્તે લોકો કર્મ બાંધે. માટે ગામ બહાર કે એકાંત જગ્યામાં મળમૂત્ર પરઠવવા.

## ૧૨૦. ફાટેલા કપડાં રાખું નહીં. (સાધુ)

ફાટેલા કપડાં હોય તેના ટુકડે ટુકડા કરી મુનિએ જંગલમાં પરઠવવા. પણ તેનો સંગ્રહ કરવો નહીં.

## ૧૨૧. અણગળ પાણી પીઉં નહીં.

પ્રભુશ્રીજીએ જણાવ્યું કે જ્ઞાની કેમ બોલે? પોતે દોષમાં ન આવે તેમ સ્યાદ્વાદપૂર્વક બોલે. જેમકે જ્ઞાની કહે : '' ગાળીને પાણી પીવું.'' પણ ''અણગળ પાણી પીવું નહીં.'' એ વિષે પ્રભુશ્રીએ પૂછ્યું 'આ બે વાક્યમાં કંઈ ફેર હશે?' વિધિ નિષેધ સિવાય આપણને એમાં બીજો કોઈ ફેર જણાય નહીં. તેથી પ્રભુશ્રીજીએ કહ્યું કે પહેલા વાક્યમાં આજ્ઞા છે અને બીજા વાક્યમાં સામાન્ય ઉપદેશ છે. પહેલા વાક્યમાં



''ગાળીને પાણી પીવું'' એમાં આજ્ઞા થઈ. માટે કાચું પાણી ગાળીને પણ વાપરવામાં જે હિંસા થાય તેના ભાગીદાર આજ્ઞા આપનાર પણ ગણાય; જ્યારે અણગળ પાણી પીવું નહીં, એટલે ગાળ્યા વગર પાણી પીતો હતો તેને ત્યાંથી પાપ કરતાં રોક્યો, પણ તે પાણી ગાળીને પણ પીવું એવી કોઈ પ્રકારે એમાં આજ્ઞા આપી નથી, પણ સામાન્ય ઉપદેશ માત્ર તેમાં કર્યો છે. માટે અણગળ પાણી પીઉં નહીં અર્થાત્ ગાળ્યા વગર પાણી પીઉં નહીં, એવી પોતે પ્રતિજ્ઞા કરે છે.

**''પાણી બેવડું ગળણું કરી કાળજીથી ગાળવું. ગળણું બીજા વાસણમાં તારવી લેવું અને સંખાળો જીવ ન મરે ત્યાં નાખવો.''** -મોક્ષમાળા વિવેચન

'' संवत्सरेण यत्पापं कैवर्तस्य हि जायते ।
अेकाहेन तदाप्नोति अपूतजल संग्रही ।।''

ભાવાર્થ– આખું વર્ષ માછલાં માર માર કરનાર માછીને જે પાપ થાય છે, તે જ પાપ એક દિવસ અણગળ પાણી વાપર્યાથી જીવને થાય છે. -પ્રવેશિકા (પૃ.૧૨૪)

''अेगंमि उदगबिंदुभि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।
ते खत्ता सरिसवमित्ता, जंबुद्वीवे न मायंति ।।''

**અર્થ** – '' એક જળના બિંદુમાં શ્રી જિનેંદ્રોએ જેટલા જીવો કહેલા છે તેનું દરેકનું શરીર જો સરસવ જેવડું કરીએ તો તે આ જંબુદ્વીપમાં સમાય નહીં.''

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત** – ''શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળી કુમારપાળ રાજાએ પ્રાણાતિપાત વિરમણ વ્રત લઈ પોતાના અઢાર દેશોમાં અમારી પળાવી અને બીજા દેશોમાં પણ મૈત્રી વડે તેમજ બળ વડે અમારી પળાવી. વળી પોતાના અઢાર લાખ ઘોડા, અઢાર સો હાથી, એંસી હજાર ગાયો અને પચાસ હજાર ઊંટોને પાણી ગાળીને જળપાન કરાવવાની ગોઠવણ કરી.'' -ઉ.પ્રા.ભાગ-૨ના આધારે (પૃ.૧૩)

## ૧૨૨. પાપી જળે નાહું નહીં.

જે પાણીમાં નાહવાથી જીવાણી આદિ જીવોનો ઘાત થાય એવા પાપી જળે નાહું નહીં. જેમકે તળાવમાં, નદીમાં કે દરિયામાં નાહું નહીં. ખાબોચિયામાં કીડા પડ્યા હોય તેમાં પણ અજ્ઞાની જીવો નાહી લે છે. તેમાંનું પાણી પણ પી લે છે. પણ જેને હિંસાનો વિચાર છે તે તીર્થોમાં જાય અને નદીનું પાણી વાપરવું પડે તો પણ કિનારે બેસી કોઈ વાસણ કે તપેલીમાં તે પાણી ગાળીને પછી નાહાય. એમ કરવાથી જેટલું પાણી તે વાપરે તેટલા સાથે જ એને સંબંધ હોય. જો નદી આદિમાં નાહવા જાય, અંદર પડે તો ઘણાં જીવોની હિંસા થાય છે.

પ્રાતઃકાળની આલોચનામાં જણાવ્યું છે કે- **'નદીયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે.'** નદીમાં જઈ નાહવાથી એક કોસ સુધીના જીવોની ઘાત થાય છે. જ્યાં સુધી તેના શરીરને સ્પર્શેલું મેલું પાણી જાય ત્યાં સુધી પાણીના જીવો મરી જાય છે. માટે અણગળ એવા પાપી જળે નાહું નહીં.

**એક બાઈનું દૃષ્ટાંત – નદીએ નાહવાનું ફળ.** એક બાઈ દરરોજ સવારમાં વહેલી ઊઠી નદીએ નાહવા જતી, ત્યારે રસ્તામાં ભજન બોલતી બોલતી જતી. પછી સવારે નાહીને આવી માથું ઓળવા બેઠી, ઓળતાં ઓળતાં વાળમાંથી નાના માછલાં નીકળ્યાં, તે જોઈ તેને થયું કે આજે તો બહુ પાપ થયું, માટે લાવ કોઈ જ્ઞાની ગુરુ પાસે જઈ એનું પ્રાયશ્ચિત્ત લઉં. તેથી એક જ્ઞાની મુનિ પાસે જઈ તેણે તે



વાત જણાવી.

મુનિએ જ્ઞાનથી જાણ્યું કે એને આટલું જ પાપ નથી લાગ્યું, પણ બીજું વધારે પાપ લાગ્યું છે. તેથી તે બાઈને કહ્યું કે અમુક વહોરાને ત્યાંથી બે પૈસાનું તલનું તાજું તેલ લઈ આવો. એટલે તે બાઈ પેલા વહોરાને ત્યાં ગઈ. વહોરે રાત્રે પીલેલું તેલ ડબામાંથી કાઢ્યું કે લાલ દીઠું. તેથી બોલ્યો કે કોઈ રાંડ વહેલી ઊઠીને બોલતી બોલતી જતી હતી તેથી સવાર થઈ ગયું હશે એમ જાણી મેં ઉતાવળમાં જોયા વગર ઘાણી જોડી. કંઈક પીલાઈ ગયું લાગે છે. એમ કહી ખોળ તપાસ્યો તો હાડકાં દેખાયાં, પાસે બિલાડી બેઠી બેઠી રોતી હતી. એટલે વહોરો અફસોસથી બોલ્યો ''અરર! આ બિચારી બિલાડીના બચ્ચાં પિલાઈ ગયાં!''

પેલી બાઈ સમજી ગઈ કે મને આ પાપ પણ લાગ્યું છે. તેથી મુનિ પાસે જઈ વહોરાએ કહેલી બધી વાત જણાવી અને એનું પણ પ્રાયશ્ચિત્ત માંગ્યું.

મુનિએ દયા લાવી પ્રાયશ્ચિત્ત બતાવી કહ્યું કે આવા સ્નાનમાં ધર્મ નથી. મહાભારતમાં પણ કહ્યું છે કે :

''आत्मा नदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः ।
तत्राभिषेकं कुरु पाण्डुपुत्र न वारिणा शुद्धयति चान्तरात्मा ।।''

**અર્થ** – સંયમરૂપી જલથી ભરપૂર, સત્યમય પ્રવાહવાળી, શીલરૂપ કાંઠાવાળી, દયારૂપી મોજાંઓથી રમ્ય એવી આત્મારૂપ નદી છે તેમાં હે પાંડુપુત્ર (યુધિષ્ઠિર), તું સ્નાન કર; બાકી પાણીથી તો આત્માની અંતરશુદ્ધિ થાય તેમ નથી. -ઉપદેશામૃત (પૃ.૩૫૨)

## ૧૨૩. વધારે જળ ઢોળું નહીં.

વધારે જળ ઢોળવાથી અપકાય આદિ જીવોની ઘાત થાય છે. તે ઉપરાંત કીચડ, ગંદવાડો વગેરે પણ થાય. તેમાં ઘણા કીડાઓ ઉત્પન્ન થાય છે. જરૂરથી વધારે પાણી ઢોળવાથી વિશેષ પાપની પ્રવૃત્તિ થાય. તેને અનર્થદંડ કહ્યો છે. ઠારેલું પાણી હોય તે પણ વધારે ઢોળવું નહીં, એવી આજ્ઞા આચારાંગ-સૂત્રમાં ભગવાને કરી છે. કારણ કે પૃથ્વીકાયના જીવોને જળ તે શસ્ત્રરૂપ છે. તેમજ કીડી વગેરે જીવો હોય તે કેટલાંક જળમાં ડૂબી જાય, કેટલાંક તણાઈ જાય અને દુઃખી થાય છે; માટે વધારે જળ ઢોળું નહીં.

## ૧૨૪. વનસ્પતિને દુઃખ આપું નહીં.

આ પણ અનર્થદંડના નિષેધરૂપ વાક્ય કહ્યું. ચાલતાં બીજો રસ્તો ન હોય અને વનસ્પતિ ઉપર પગ મૂકીને ચાલવું પડે ત્યારે તે જરૂરનું ગણાય. છતાં તેમાં દોષ તો છે જ. બનતા સુધી તેમાં પણ યત્ના રાખવા યોગ્ય છે. કોઈ માણસ ઝાડ પર ચઢીને ફળ લાવે અને કોઈ નીચેથી લાકડીથી ઝૂડીને પાડે; તેમાં પાંદડા, ડાળ અને બીજા ઘણાં ફળ નીચે પડે, જ્યારે જોઈતું હોય એક જ ફળ. આ એકેન્દ્રિય ઝાડ તો બૂમ મારે નહીં કે જેથી કોઈ સાંભળી શકે, તેથી તેની દયા પણ જીવોને હોતી નથી. ઝાડમાં જીવ છે એવો ખ્યાલ પણ ઘણાં થોડાને હોય છે; અને જેને કહેવા માત્ર ખબર હોય તેને પણ એ ભણી કંઈ લક્ષ હોતું નથી. તેથી ફળ સાથે પાંદડા વગેરે નીચે પડે તો એમાં તેને કંઈ લાગતું નથી. પણ વનસ્પતિકાય જીવ સહિત છે એમ જાણી તેને દુઃખ આપું નહીં.



## ૧૨૫. અસ્વચ્છતા રાખું નહીં.

અસ્વચ્છતાને લીધે ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે અને કાળજી ન રાખે તો માંકડ, જૂઓ વગેરે જંતુઓ પણ ઉત્પન્ન થાય. સાફ ન રાખે તો ઘરમાં બાવાં બાઝે. પછી જ્યારે સાવરણી ફેરવે ત્યારે કરોળીયાએ કરેલું ઘર ભાંગી જાય; એ હિંસા છે. માટે ઘર વગેરેમાં અસ્વચ્છતા રાખું નહીં.

## ૧૨૬. પહોરનું રાંધેલું ભોજન કરું નહીં.

ત્રણ કલાક થયા પછી રાંધેલાં ભોજનમાં કંઈ ફેરફાર થઈ જતો હોવાથી તે ન જમવા કહ્યું. આહાર અનેક પ્રકારનો હોય છે. કેટલોક પાણીમાં બાફેલો, કેટલોક તળેલો, કેટલોક ચાસણીમાં તૈયાર કરેલો અને કેટલોક શેકેલો વગેરે હોય. દરેકના વિપરિણામ થવાના કાળ જુદા જુદા હોય છે. બાફેલું થોડીક વારમાં બગડી જાય છે અને એનો સ્વાદ ફરી જાય છે. તળેલું હોય તે વધારે વખત ચાલે છે. કૃપાળુદેવ ઉત્તરસંડામાં હતા ત્યારે નડિયાદથી મોતીલાલ કે તેમના ધર્મપત્ની ખાવાનું લઈ આવતા. દૂધમાં લોટ બાંધીને રોટલી કે પૂરી લઈ જતા, તેમજ પાણી નાખ્યા વગર કોરું શાક લઈ જતા. પાણી નાખેલું ન હોવાથી તે વસ્તુ ઝટ બગડતી નથી. ઉત્તરસંડામાં કૃપાળુદેવ એક જ વખત આહાર લેતા હતા.

## ૧૨૭. રસેન્દ્રિયની વૃદ્ધિ કરું નહીં.

જીભની લોલુપતા વધારવી હોય તો વધે અને ઘટાડવી હોય તો ઘટે. જીભને સારા સારા ખોરાક આપવામાં આવે તો પછી સાદો ખોરાક રોટલો આદિ ન ગમે. જે જીભે પકવાન કે ઉત્તમ રસવાળું ભોજન કર્યું હોય તે જીભે લૂખો સૂકો આહાર કોણ કરે એમ કહી એક માણસ ભૂખ્યો રહીને મરી ગયો પણ ખાધું નહીં. એવી મૂર્ખાઈ રસને વશ થવાથી થાય છે. શાતાશીલીયું જીવન ગાળ્યું હોય તેને સંયમ પાળવો મુશ્કેલ પડે છે. સત્પુરુષના બોધે રુચિ એકદમ પલટાઈ જાય તો એને કંઈ મુશ્કેલ પડતું નથી અથવા તે મુશ્કેલીઓને ગણતો નથી.

**ધન્યકુમારનું દૃષ્ટાંત –** કાકંદી નગરીમાં ભદ્રામાતાનો પુત્ર ધન્યકુમાર બત્રીશ કરોડ સુવર્ણમુદ્રાનો સ્વામી હતો. માતાએ ધન્યકુમારના લગ્ન બત્રીશ શેઠની કુંવરીઓ સાથે કરાવ્યા. તે દોગુંદક દેવની જેમ સુખ ભોગવવા લાગ્યો.

એકદા શ્રી મહાવીર સ્વામી તે નગરીમાં પધાર્યા. તે વખતે ધન્યકુમાર દર્શન કરવાની ઉત્કંઠાએ પગે ચાલીને પ્રભુ પાસે ગયો. પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય આવવાથી માતાની આજ્ઞા લઈ દીક્ષા ગ્રહણ કરી. પછી જીવનભર છઠ્ઠ-છઠ્ઠની તપસ્યા કરી પારણામાં આયંબિલ કરવાની પ્રતિજ્ઞા લીધી. આયંબિલના ભોજન ઉપર માખી પણ ન બેસે એવી સૂખી રોટલી, વાલ વગેરે તેઓ લેવા લાગ્યા. એમ રસેન્દ્રિય ઉપર કાબુ મેળવ્યો. આઠ મહિનામાં તો કાયા ક્ષીણ થઈ હાડકાં ખડખડ શબ્દ કરવા લાગ્યા. પ્રભુ મહાવીરે ચૌદ હજાર મુનિઓમાં ધન્યકુમારને નિત્ય વર્ધમાન ભાવવાળા કહ્યાં. તે સાંભળીને રાજા શ્રેણિક તેમના દર્શન કરવા માટે વનમાં ગયો. અંતે ધન્યમુનિ (ધન્નાઅણગાર) વૈભારગિરી ઉપર એક માસનું અનશન સ્વીકારી સમાધિપૂર્વક દેહ ત્યાગી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. -ઉ.પ્રા.ભા. ભાગ-૪ના આધારે.

કૃપાળુદેવે કહ્યું : **'સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.'** (વ.પૃ.૧૫૮) કૃપાળુદેવે પ્રભુશ્રીજીને સ્વાદ તજવા કહ્યું તે ખરું તપ છે.


धन्नाअणगार
પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય ૨
બબ્બે ઉપવાસ પછી આયંબિલ ૩
પત્નિઓ સાથે વિલાસ ૧
શ્રેણિકરાજાના વંદન ૪

ધન્ના અણગાર



**"ઇન્દ્રિય દમનકું સ્વાદ તજ, મન દમનકું ધ્યાન."** તેમ તાજાં તાજાં ખાવું. રોટલી, ભજીયા તરતના તરત તૈયાર થાય તેમ ખાતો જાય – તે પણ રસના ઇન્દ્રિયની વૃદ્ધિનું કારણ છે.

"જે વસ્તુમાં બહુ રસ પડે, આનંદ આવે તે વસ્તુ ઓછી ખાવી કે તેને નીરસ કરીને ખાવી. જેમકે દાળમાં વઘાર સારો બેઠો હોય ને સ્વાદિષ્ટ લાગે તો તેમાં થોડું પાણી રેડીને ખાવું. આમ ખોરાક નીરસ લેવાની ટેવથી બધી ઇન્દ્રિયો ઉપર અસર થશે અને વધારે ખવાઈ પણ ન જવાય." -બો. ભાગ-૩ (પૃ.૬૯૬)

## ૧૨૮. રોગ વગર ઔષધનું સેવન કરું નહીં.

આ દવા પાચક છે અને પુષ્ટિકારક છે એમ ગણી લોકો ઔષધને રોજનો ખોરાક બનાવી દે છે. જરૂર ન હોય તો પણ ટેવ પડી જવાથી ખોરાકની માફક ખાય છે. ઔષધિ તો રોગ મટાડવા માટે હોય. પણ જો વિચાર્યા વિના વાપર્યા કરે તો કોઈ વખતે નુકસાન પણ કરી બેસે. શરીરમાં ગરમી હોય અને પૌષ્ટિક દવા વાપર્યા કરે તો તે ગરમી વધીને શરીરમાં ફુટી નીકળે. શરીરમાં અનાવશ્યક તત્ત્વ વધારે તો રોગ પણ થઈ જાય. શ્રીમંતોને ગાઉટ કે ડાયાબિટીસ થાય છે તે પુષ્ટિકારક ખોરાકનું પરિણામ છે.

## ૧૨૯. વિષયનું ઔષધ ખાઉં નહીં.

જેથી પાંચ ઇન્દ્રિયોના વિષયો ઉન્મત્ત થાય. શરીરમાં વિકારની વૃદ્ધિ થાય એવા કોઈ પણ પ્રકારના ઔષધોનું સેવન કરું નહીં. અનાદિકાળથી વિષયોની પીડાથી જીવ દુઃખી છે. તેમાં વળી આવા ઔષધોનો ઉપયોગ કરી તે અંતરાત્મપીડાને ઉત્તેજન આપું નહીં.

## ૧૩૦. ખોટી ઉદારતા સેવું નહીં.

(૧) કોઈ માણસો એવા હોય કે કોઈ ટીપ આવે તો તેમાં પહેલાં મથાળામાં પોતે હજાર બે હજાર કે તેથી મોટી રકમ લખી નાખે. જેથી બીજાઓ પણ ભરે. પણ રકમ આપવા વખતે ભરી શકે નહીં; એ ખોટી ઉદારતા છે. તેમ કોઈ પાસે પૈસા હોય નહીં, મોટું કુટુંબ કહેવાતું હોય અને કોઈ દેરાસરનું કે અમુક કામ કરવું હોય તો કોઈના ચઢાવ્યાથી ફુલાઈ જાય અને પૈસા દેવું કરીને પણ ભરે, તે ફુલણજી કહેવાય.

(૨) જેવું ધનના સંબંધમાં છે તેવું જ્ઞાનના સંબંધમાં પણ છે. સિદ્ધની વાતો કરી દેખાડે અને સમકિતનું ઠેકાણું ન હોય. લોકોને સારું દેખાડવા માટે –આને આમ મળવું પડશે, આનું આમ કરવું પડશે. એમ કરતાં આખો દિવસ અને આખું આયુષ્ય જતું રહે. ઘી જેવી વસ્તુને કોઈ ઢોળી નાખતું નથી તેમ અમૂલ્ય મનુષ્યભવ વૃથા વહી જાય છે તેની ખાસ કાળજી રાખવા યોગ્ય છે.

(૩) જામિનગીરીમાં પણ ખોટી ઉદારતા સેવે, અને કહે કે કોઈ બચતો હોય તો સહી કરવામાં શું વાંધો છે. પણ પોતાની શક્તિ વિચારતો નથી કે જવાબદારી માથે રાખી તો કોઈવાર પૈસા પણ ભરવા પડશે અને જ્યારે તે ભરવાનો પ્રસંગ આવે ત્યારે પોતાની ભૂલ સમજાય અને મૂંઝવણમાં આવી પડે છે.

(૪) તેમજ ધર્મની બાબતમાં પણ 'આમ કરવાથી આમ થશે અને આમ ન થાય તો મને કહેજો.' એમ જવાબદારી લેવી એ ગંભીર વસ્તુ છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે આ પુરુષની-કૃપાળુદેવની જવાબદારી લઈએ છીએ, વીમો ઉતારીએ છીએ પણ આ સાચી વસ્તુ છે તેથી જોખમ માથે રાખીએ છીએ. જો સાચ ન હોય તો મહાગંભીર જોખમ છે, જેવી તેવી વસ્તુ નથી. કૂવામાં હોય તો હવાડામાં આવે, તેમ પ્રથમ ધર્મ સંચય કરવાની જરૂર છે, પ્રથમ છાનામાના કામ કરી લેવાની જરૂર છે; ડાહ્યા થવામાં માલ નથી. જેમાં



આત્માનું કંઈ હિત થતું ન હોય તે ખોટી ઉદારતા છે માટે એવી ખોટી ઉદારતા સેવું નહીં. ''પેદાશના પ્રમાણમાં ખર્ચ કરવું. પેદાશના ચાર વિભાગ કરવા. એક ભાગ ઘરમાં રાખવો, બીજો ભાગ વેપારમાં રોકવો, ત્રીજો ભાગ પોતાના તથા કુટુંબના ખાવા પીવામાં અને વસ્ત્રાદિકમાં વાપરવો, ચોથો ભાગ ધર્મકાર્યમાં વાપરવો. એ પ્રમાણે પેદાશનો વ્યય કરવો. જો પેદાશ ઓછી હોય તો, દશમો ભાગ અથવા શક્તિ મુજબ દ્રવ્ય ધર્મ નિમિત્તે અવશ્ય વાપરવું. મહા મહેનતે ઉદર પોષણ થતું હોય તો મન કોમળ રાખી ધર્મકાર્યમાં દ્રવ્ય વાપરનારની અનુમોદના કરવી.'' -શ્રી જૈન હિતોપદેશમાંથી.

## ૧૩૧. કૃપણ થાઉં નહીં.

'ખોટી ઉદારતા સેવું નહીં અને કૃપણ પણ થાઉં નહીં.' એ સ્યાદ્વાદનાં વાક્યો છે. કૃપણતા એ અત્યંત લોભ કે મૂર્છાને લઈને છે. તીવ્ર મમતા હોય તો લોભ છૂટે નહીં. શાસ્ત્રમાં મમ્મણશેઠની વાત કૃપણતા માટે પ્રસિદ્ધ છે.

**મમ્મણશેઠનું દૃષ્ટાંત –** મમ્મણશેઠ ઘણો પૈસાદાર હતો. એણે સોનાના બે બળદ બનાવ્યા હતા. એક દિવસે રાત્રે નદીમાં પૂર આવ્યું. તે વખતે ચેલણા રાણી મોડી રાત્રે કોઈ કારણે ઝરૂખામાં ગઈ. ત્યાં તેણે વીજળીના ઝબકારામાં એક માણસને નદીમાં લાકડાં ખેંચતા જોયો. રાણીને બહુ દયા આવી. તેથી રાજાને કહ્યું કે તમારા રાજ્યમાં માણસો બહુ ગરીબ લાગે છે. આટલી મોડી રાત્રે નદીમાં પૂર આવેલું છતાં લાકડાં ખેંચતાં મેં એક માણસને દીઠો. રાજાએ માણસને મોકલી તપાસ કરાવી કે એ કોણ છે? ખબર મળી કે એ મમ્મણશેઠ હતા. સવારમાં શ્રેણિકરાજાએ મમ્મણશેઠને બોલાવ્યા ને પૂછ્યું કે રાત્રે તમે નદી પર હતા? તેમણે હા પાડી અને કહ્યું કે નદીમાં પૂર આવે ત્યારે તેમાં ચંદનના લાકડાં તણાઈ આવે છે તે લેવા મારે જવું પડ્યું હતું. કંજૂસ હોવાથી જાતે મજૂરી કરે, મજૂરને ન રાખે. પછી શેઠે પોતાને ત્યાં રાજાને પધારવા વિનંતી કરી. રાજા અને ચેલણા રાણી બેઉ ગયા. તેમને સોનાના બળદ બતાવ્યા. પછી રાજાએ ચેલણાને કહ્યું કે રાત્રે દીઠેલા આ માણસને ત્યાં તો આ સોનાના બે બળદ છે. છતાં જાતે લાકડાં લેવા કેમ ગયો? પછી રાજાએ મમ્મણને પૂછ્યું - ''તમારી પાસે આટલું ધન છે અને હજી કેમ આટલી મહેનત કરો છો? તેણે કહ્યું કે આ બળદનું હજી એક શીંગડું રત્નથી જડવાનું બાકી છે તેથી ગયો હતો. શેઠની આવી તૃષ્ણા જોઈ રાજા રાણી આશ્ચર્ય પામ્યા. આવો લોભ જન્મમરણ વધારનાર છે. (ઉ.ભા.ભા.૨ના આધારે)

**''જન્મ, જરા, મરણ કોના છે? કે જે તૃષ્ણા રાખે છે તેના જન્મ, જરા, મરણ છે. માટે જેમ બને તેમ તૃષ્ણા ઓછી કરતાં જવું.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૪૫૫)

કૃપણ હોય તે લોકલાજથી એટલે લોકમાં ખોટું દેખાશે તો પણ લોભ છોડતો નથી. કોઈ બીજો ખર્ચે તો પણ એને ન ગમે. કર્મને આધીન ભાવ એવા હોય છે કે તેનાથી ઉદારતાનું અનુમોદન પણ ન થાય. બીજાના ગુણ જોઈને રાજી થવું જોઈએ એના બદલે ઊલટું થાય. તે જ પ્રમાણે જ્ઞાનની બાબતમાં પણ છે. કોઈને શીખવવામાં કે કોઈને કહેવામાં કૃપણતા કરે તો તેનું જ્ઞાન કટાઈ જાય. જ્ઞાનદાન આપવાથી પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. કૃપણતા માટે પ્રભુશ્રીજી કપિલાદાસીનું દૃષ્ટાંત આપતાં.

**કપિલાદાસીનું દૃષ્ટાંત –** શ્રેણિક રાજાએ ભગવાન પાસે સાંભળ્યું કે પોતે નરકનું આયુષ્ય બાંધ્યું છે તેથી નરકે જવું પડશે. ત્યારે મહાવીર ભગવાનને શ્રેણિકે કહ્યું કે આપના જેવા ગુરુ મળ્યા પછી


મમ્મણશેઠ
૧
નદીના પૂરમાં રાત્રે ચંદનના લાકડા બહાર કાઢતા મમ્મણશેઠ
૨
મમ્મણશેઠ અને રાજા શ્રેણિકનો વાર્તાલાપ
૩
મમ્મણશેઠના ઘરે શ્રેણિક તથા ચેલના
રાણીનું આગમન



મારે નરકે જવું પડે એ કેમ બને? મને કોઈ ઉપાય બતાવો જેથી મારી નરકગતિ ટળી જાય. ત્યારે ભગવાને કહ્યું તે ફરે એમ નથી. તેમ છતાં શ્રેણિકના આગ્રહથી ભગવાને ચાર વસ્તુ કહી કે આટલું કરે તો નરકનું આયુષ્ય ફરે. (૧) કપિલાદાસી કોઈને દાન આપે તો. (૨) કાલસૌકરિક કસાઈ રોજ ૫૦૦ પાડા મારે છે તે એક દિવસ મારતો અટકે તો. (૩) પૂણીયા શ્રાવકની એક સામાયિક તું ખરીદી લે તો. અને (૪) તું કોઈ વ્રત પાળે તો. આ ચારેય વસ્તુઓ અશક્ય જેવી હતી છતાં રાજાએ કહ્યું હું ચારે વસ્તુઓ મેળવી લઈશ. (૧) રાજાએ આજે બોર ન ખાવું એવું વ્રત લીધું. ઘેર ગયો ત્યાં એક દેવ રાજાને મળવા આવ્યો તેણે સુંદર બોર રાજાને આપ્યું. રાજાએ દીઠું અને ચાખી જોયું. પછી સાંભર્યું કે મેં તો વ્રત લીધું હતું. (૨) કસાઈએ એક દિવસ પણ પાડા ન મારવાનું માન્યું નહીં. તેથી તેને એક દિવસ કૂવામાં ઊંધો લટકાવ્યો ત્યાં પણ કસાઈનો હાથ પાણીમાં પહોંચતો હોવાથી પાણી વડે કૂવાની ભીંતે ભાવથી ૫૦૦ પાડા ચીતરીને પણ માર્યા. રોજનું કામ કરતો હતો તે ભાવથી અહીં પણ કર્યું. (૩) પૂણીયા શ્રાવકને રાજાએ જઈને કહ્યું કે તમારી એક સામાયિક મને આપો. તેના બદલે જોઈએ તો આખું રાજ લો પણ એક સામાયિક આપો. ત્યારે પૂણીયા શ્રાવકે કહ્યું : સામાયિક એ તો સમતાભાવ છે. તે વસ્તુ કંઈ અપાય લેવાય એવી નથી. એ તો ભક્તના ભાવ છે. (૪) પછી કપિલાદાસીને કહ્યું કે ધન અમારું પણ તું તેનું દાન આપ. ત્યારે દાસી કહે - મરી જાઉં તો પણ ન આપું. પછી રાજાએ તેના હાથે ચાટવા બાંધ્યા અને નોકરે હાથ ઝાલીને દાન આપવા માંડ્યું. ત્યારે દાસી કહે - આ તો રાજાનો ચાટવો દાન આપે છે, હું નથી આપતી. અહો જીવોના કેવા ભાવ હોય છે! પછી ભગવાન પાસે જઈને શ્રેણિકે કહ્યું કે - (૧) મારાથી વ્રત ન પળાયું, (૨) સામાયિક ન ખરીદી શક્યો. પણ તમે એક કામ કરવા કહ્યું હતું પણ તેમાંથી મેં બે કામ કર્યા છે. ત્યારે ભગવાને કહ્યું : તેં એકે કામ કર્યું નથી. કસાઈએ ભાવથી પાડા દોરીને પણ માર્યા છે અને કપિલાએ દાન નથી આપ્યું. ''શ્રેણિકનો ચાટવો દાન આપે છે'' એમ તે દાસી કહેતી હતી માટે કદી કૃપણ થાઉં નહીં. અંતરાયકર્મની પૂજામાં પણ આવે છે કે —

**'કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપિલા નાર; દાન ન દીધું મુનિરાજને રે શ્રેણિકને દરબાર.''**

## ૧૩૨. આજીવિકા સિવાય કોઈમાં માયા કરું નહીં.

આજીવિકા માટે માયા કરવી પડતી હોય તો તે પણ દોષ છે એમ જાણીને, તે કરતાં મન જો પાછું પડતું હોય તો તે દોષ મોટા પુરુષોએ ક્ષમ્ય ગણ્યો છે, કારણ છૂટકો નથી; પણ આજીવિકાનું સાધન થયા પછી બીજા કોઈ કામમાં માયા ન કરતો હોય તો. આજીવિકાનો પ્રશ્ન જીવને ઘણો મૂંઝવે તેવો છે. શૂરવીરો આજીવિકા માટે માયા ન કરે, પણ કીર્તિ વગેરે માટે માયા કરે તો તેનો પાર ન આવે; તે છૂટવાનો માર્ગ નથી. ઘણા જીવો કીર્તિ વગેરેને માટે માયામાં વર્તે છે. પોતાનું સ્વરૂપ ભૂલી બીજામાં સુખ માને છે અને તેના માટે માયા કર્યા કરે છે તે યોગ્ય નથી.

''વ્યાપારીએ સર્વત્ર ક્રયવિક્રય નિમિત્તે પારકા ગ્રાહક વાળવામાં, નામા વિપરીત લખવામાં કે લાંચ લેવાદેવા વગેરેમાં માયા-કપટ કે પરવંચના કરવી નહીં. કહ્યું છે કે, ''જે પ્રાણી વિવિધ ઉપાયવડે માયા રચી બીજાને છેતરે છે તે મહામોહનો મિત્ર, સ્વર્ગ તથા મોક્ષના સુખથી પોતાના આત્માને જ છેતરે છે.'' પ્રાયે કરીને માયા-કપટ રહિતપણે કાપડ, સૂતર અને સોના રૂપા વગેરેનો વ્યાપાર કરવો અર્થાત્ જેમાં અલ્પ પાપ થાય તે વ્યાપાર કરવો.



અહીં કોઈ શંકા કરે કે 'સાધારણ સ્થિતિવાળા વ્યાપારીને માયા-કપટ કર્યા વિના કેવળ શુદ્ધ વ્યાપારથી નિર્વાહ શી રીતે થાય? ઉત્તરમાં કહેવાનું કે ઘણાં કૂડકપટથી જે દ્રવ્ય ઉપાર્જન કર્યું હોય તે વર્ષ પછી અંતે રાજા, ચોર, અગ્નિ, જળ કે રાજદંડ વગેરેથી હણાઈ જાય છે, ચિરકાળ સ્થાયી રહેતું નથી. તે થોડો કાળ રહે તો પણ દેહના ઉપભોગમાં કે ધર્મકાર્યમાં વાપરવામાં ઉપયોગી થતું નથી. અન્યાયથી મેળવેલું ધન દશ વર્ષ સુધી રહે છે. જ્યારે અગિયારમું વર્ષ પ્રાપ્ત થાય ત્યારે સમૂળગું તે નાશ પામે છે.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૨ના આધારે.

## ૧૩૩. આજીવિકા માટે ધર્મ બોધું નહીં.

ધર્મ એ ઉત્તમ વસ્તુ છે અને આજીવિકા માટે ધર્મ બોધે તો તેની કિંમત આજીવિકા જેટલી જ થઈ. મુનિઓ પણ આહાર લેવા જાય ત્યારે બોધ ન દે. જો તે વખતે બોધ દે તો તે નિર્દોષ આહાર ન કહેવાય. સામાન્ય રીતે કોઈ કહે કે કૃપા કરી ઉપદેશ આપો તો કહે ઉપાશ્રયે આવજો. દિગંબરો તો મૌન જ રહે છે. પણ કોઈ ખાસ નિમિત્ત બને તો જ બોધ દે. નહિં તો માણભટ્ટ માણ એટલે ગાગર વગાડીને કથા કરે તે આજીવિકા માટે છે તેવું થાય. ધર્મરૂપે અસર થવાનું કારણ તો જેટલા પ્રમાણમાં લોકો તેનામાં નિસ્પૃહતા જુએ તેટલી જ ધર્મબોધની અસર થાય છે. કંઈ પણ આશા કે ઇચ્છા ઉપદેશ આપીને મેળવવાની હોય તો તે દોષ છે.

વાઘરી જેવા લોકો સારંગી કે એકતારીયું વગાડી ભર્તુહરીનું વૈરાગ્યથી ભરપૂર કાવ્ય ગાય અને લોકોને ગવડાવે; પણ ગાનાર અને ગવડાવનારમાં કોઈ જાતનો વૈરાગ્યનો અંશ પણ મળે નહીં. ગાયન સાથે વાજાં વગાડી ઇન્દ્રિયો પોષે અને માને ધર્મ. પણ ધર્મ એ તો આત્માને ઉન્નત કરવાનું અપૂર્વ સાધન છે. એવી ધર્મચર્ચામાં નિસ્પૃહતાની અત્યંત જરૂર છે. તેથી આજીવિકા માટે ધર્મ બોધું નહીં.

## ૧૩૪. વખતનો અનુપયોગ કરું નહીં.

મનુષ્યભવનું આયુષ્ય વિશેષ કિંમતી છે. જેમ કોઈ પાઈ જેવી નજીવી કિંમતની વસ્તુ પણ નાખી દેતું નથી, તેમ પળ પણ નકામી ગુમાવવા જેવી નથી. પોતાના આત્મઉપયોગમાં રહેવા માટેનો આ ઉપદેશ છે. ઉપયોગ ચુકાય તેટલો વખત નકામો જાય છે. કૃપાળુદેવે પત્રાંક ૩૭માં કહ્યું કે- **''ઉપયોગ એ જ સાધના છે.''** દુરુપયોગને અહીં અનુપયોગ કહ્યો નથી. દુરુપયોગ એટલે ખોટો ઉપયોગ અને અનુપયોગ એટલે આત્માના ઉપયોગમાં - સ્વરૂપમાં લક્ષ નથી તે. આત્માનો ઉપયોગ શુભ કે અશુભમાં પ્રવર્તે છે તેને હવે અશુભમાંથી છોડાવી શુદ્ધના લક્ષપૂર્વક શુભમાં પ્રવર્તાવવાનો આ વાક્યમાં ઉપદેશ છે. માટે મનુષ્યભવના મળેલ અમૂલ્ય વખતને આત્માના લક્ષપૂર્વક સદૈવ વાપરું; પણ વખતનો અનુપયોગ કરું નહીં.

## ૧૩૫. નિયમ વગર કૃત સેવું નહીં.

કૃત એટલે પહેલાં કે હમણાં કરેલાનું ફળ. કરેલા કાર્યનું ફળ ભોગવવામાં પણ નિયમ રાખું. જેમકે વધારે રંધાયુ હોય તો હમણાં જ ખાઈ લઈએ, સાંજે નહીં ખાઈશું એમ કરે તે નિયમ વગર છે; અર્થાત્ નિયમ વિરુદ્ધ છે. આ વાક્યમાં નિયમિત જીવન કરવા માટે પ્રેરણા કરી છે. ખાવાપીવા વગેરેનો નિયમ ન હોવાથી ઇન્દ્રિયોને વશ થઈ જવાય છે, લોકોના આગ્રહને વશ થઈ જવાય છે અને પ્રમાદની વૃદ્ધિ થાય છે. જેનું વર્તન નિયમિત ન હોય તેને વારેઘડીએ નિર્ણય કરવો પડે કે હવે શું કરવું? પણ જે નિયમિત હોય તેને તેનો વિચાર વારંવાર કરવો પડતો નથી. તેણે જે એકવાર નક્કી કરી રાખેલું હોય તેમજ કરે છે. એક



ડોશીમા રૂની પૂણીઓ કાંતતી હતી. તેણે રૂનું ગાડું જોયું અને ગભરાટમાં પડી ગઈ કે આટલું બધું રૂ હું ક્યારે કાંતી રહીશ? જેનું જીવન નિયમિત ન હોય તેને આવી ચિંતા થાય. જ્યારે નિયમમાં દૃઢ રહેવાથી તો મહાપુરુષો બીજાને આશ્ચર્ય ઉપજાવે એવા અદ્‌ભુત કાર્યો કરી ગયા છે. જેમ વરસાદ ટીપે ટીપે કરી આવે છે, પણ ચોમાસામાં તે કેટલો બધો વરસે છે? એટલા બધા પાણીના ટીપાં કરવા કોઈ કહે તો કંટાળી જવાય! તેમ કૃપાળુદેવે ૩૩ વર્ષની ઉંમરમાં કેટલા બધા અદ્‌ભુત કામો કર્યા છે! કેટલું લખ્યું અને કેટલા વિચાર કર્યા, કેટલા અવધાનો કર્યા અને કેટલીય યોજનાઓ તો હૃદયમાં જ રહી ગઈ! કોઈ કૃપાળુદેવના પુસ્તકની નકલ કરવા કહે તો આટલાં મોટાં પુસ્તકની ક્યારે નકલ પૂરી થાય. પણ નિયમથી કરેલ વિકટ કાર્ય પણ સુગમ થઈ જાય છે.

## ૧૩૬. પ્રતિજ્ઞા વ્રત તોડું નહીં.

વ્રતની પ્રતિજ્ઞા લેતાં પહેલાં પોતાની શક્તિનો પૂરેપૂરો વિચાર કરીને વ્રત લેવું જોઈએ. લીધા પછી–

**"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ."** –આઠ યોગ દૃષ્ટિની સજઝાય

એમ પાળવું જોઈએ. પ્રતિજ્ઞા શા માટે છે? આત્માને વ્રતમાં દૃઢ રાખવા માટે અને શિથિલતા તજવા માટે નિયમ છે. પણ જો નિયમ લઈને તોડે, ફરી ફરી લઈને તોડે તો આત્મા બળવાન બનવાને બદલે નિર્બળ થાય છે. ઊલટો નિર્બળતાનો અભ્યાસ એનાથી થાય છે. ફરી કોઈ પોતાને નવો નિયમ લેવો હોય તો એના મનમાં ડર રહ્યા કરે કે તે પળાશે કે નહીં.

પૂ. પ્રભુશ્રીજી ભાર દઈને કહેતા કે બ્રહ્મચર્ય વ્રત તોડતાં પહેલાં એક હાથમાં કટાર લઈને મરી જવું અથવા ઝેરનો પ્યાલો પી જવો; પણ વ્રત ભંગ કરવું નહીં. કેટલાક આવું આકરું પ્રતિજ્ઞાનું સ્વરૂપ જાણીને એમને એમ વ્રત પાળે છે, પણ પ્રતિજ્ઞા લેતાં નથી. પણ મોક્ષમાળામાં પ્રત્યાખ્યાનના પાઠમાં કૃપાળુદેવે આનો ખુલાસો આપ્યો છે કે જેમ ઘરના બારણા ઉઘાડા હોય તો કૂતરા પેસી જવાનો સંભવ રહે પણ વાસી દીધા હોય તો એ સંબંધી ફિકર રહે નહીં. તેમ પ્રતિજ્ઞા કરી નિર્ણય કરી દીધો હોય કે મારે એમ નથી જ કરવું તો પછી તે સંબંધી સંકલ્પ-વિકલ્પ રહે નહીં. જો પચખાણ ન લીધું હોય તો ઢીલા થવાનો સંભવ રહે છે. જ્યારે પ્રતિજ્ઞાથી જીવમાં દૃઢતા આવે છે. પ્રતિજ્ઞા પોતાથી પળી શકે તેટલી લેવી જોઈએ, જેથી વિશેષ દૃઢતા આવે છે, જીવ વિશેષ બળવાન બને છે.

**તરવારનું દૃષ્ટાંત –** પ્રભુશ્રી ફરી દૃષ્ટાંત આપતા કે માણસના હાથમાં તરવાર આપે તો મનમાં શૂરવીરતા આવે છે, બળ વધે છે. પણ ઉઘાડી તરવારને મૂઠથી પકડવાને બદલે જો અણીએથી પકડે તો હાથ કાપી નાખે. તેમ વ્રત ન પળે તો આજ્ઞાભંગનો વધારાનો દોષ લાગે. જેણે વ્રત નથી લીધું તેને જે એ પાપ કરતો હોય તેનો જ દોષ લાગે, પણ વ્રત લઈને ભાંગે તેને તો બે દોષ લાગે. એક પાપ કરતો હોય તે અને બીજો પ્રતિજ્ઞા ભંગનો દોષ. જેમકે કોઈએ એકાસણાનું વ્રત લીધું હોય અને કોઈએ ઉપવાસનું લીધું હોય. એકાસણામાં ધરાઈને ખાય તો પણ એને ધર્મ થાય છે અને ઉપવાસ કર્યો હોય તે મોંમાં એક દાણો પણ નાખે તો પાપ લાગે-પાપી કહેવાય, જ્યારે એકાસણાવાળો ધર્માત્મા કહેવાય. પ્રતિજ્ઞા લઈને ન પાળે તેની આ વાત છે. પાળે તેને તો વિશેષ લાભ થાય જ છે. માટે પ્રતિજ્ઞા વ્રત લઈને કદી તોડું નહીં.



## ૧૩૭. સત્ય વસ્તુનું ખંડન કરું નહીં.

સત્ય વસ્તુને સ્વીકારવાથી સમ્યક્ત્વનું કારણ થાય. તે જીવ સંસાર સમુદ્ર પણ તરી જાય. પણ કુતર્કને વશ થઈ સત્ય વસ્તુનું ખંડન કરે તો તે જીવ અનંત સંસાર વધારે છે, મિથ્યાત્વને પોષે છે.

પરમકૃપાળુદેવ કહે છે કે તર્કથી જૈનધર્મનું કહો તો ખંડન કરી દેખાડું, પણ બુદ્ધિને એમ વાપરવામાં આત્માનું હિત નથી. **"સત્યને તો સત્ય જ રહેવા દઉં, પોતાની અશક્યતા છુપાઉં નહીં."** જીવને એવી ટેવ છે કે પોતાની અશક્તિ કે પોતાનું વર્તન છુપાવવા ગમે તેમ કરે. પણ તેમ કરવામાં જો સત્યનો લોપ થતો હોય તો પછી સત્યની સન્મુખ થતાં તેને બહુ વાર લાગે. તે જીવ દુર્લભબોધીપણું પામે. જેથી ફરી બોધ આત્મામાં પરિણમતા ઘણો મુશ્કેલ થઈ પડે છે. એ વિષે પ્રભુશ્રીએ સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત કહેલું કે જેમણે તીર્થંકર ગોત્ર બાંધેલું તે પણ સત્યનું ખંડન કરવાથી નાશ પામ્યું. માટે સત્ય વસ્તુનું કદી ખંડન કરું નહીં.

**સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત –** સત્ય વસ્તુનું ખંડન કરવા માટે મિથ્યા વચન બોલવાનું કેવું ફળ આવે તે વિષે શ્રી વીર પ્રભુ ગૌતમ સ્વામીને દૃષ્ટાંત સહિત કહેવા લાગ્યા કે હે ગૌતમ! પૂર્વે અનંતકાળ પહેલાં જે અનંતી ચોવીશીઓ થઈ તેમાં મારા જેવા ધર્મશ્રી નામે છેલ્લા તીર્થંકર થયા હતા. તેમના તીર્થમાં સાત આશ્ચર્ય થયા હતા. તેમાંના અસંયતિ પૂજારૂપ એટલે અસંયમીઓ પૂજાય એવા એક આશ્ચર્યમાં અનેક અસંયમીઓ (વેષધારી સાધુઓ), શ્રાવક પાસેથી દ્રવ્ય લઈ પોતપોતાના કરાવેલા ચૈત્ય એટલે મંદિર પાસે વસતા હતા. અને તેના માલિકપણે વર્તીને આનંદ માનતા હતા. તે મંદિરો અસંયમીઓએ પોતાના ઉપદેશથી કરાવી માલિકપણે વર્તવાથી તે સાવદ્ય કહેવાય છે. ત્યાં કુવલયપ્રભ નામે એક તપસ્વી મુનિ આવ્યા. તેમને પેલા ચૈત્યવાસી મુનિઓએ કહ્યું – 'તમે અહીં ચાતુર્માસ રહો, જેથી તમારા ઉપદેશ વડે અનેક ચૈત્યો થશે.' તેમણે કહ્યું – "અહીં જે જિનાલયો છે તે બધા સાવદ્ય છે; તેથી સાવદ્ય કાર્યને માટે હું ઉપદેશ કરીશ નહીં." આવું દૃઢતાપૂર્વક સત્ય વચન કહેવાથી તેમણે જિનનામકર્મ ઉપાર્જન કર્યું. વેષધારી પણ ચૈત્યવાસી મુનિઓએ તેમનું નામ જ સાવદ્યાચાર્ય પાડી દીધું. તો પણ તેમને ક્રોધ થયો નહીં. મુનિઓએ 'ચૈત્યાદિ કરાવવામાં મહાલાભ છે'. એમ કહેવું પણ 'આ ચૈત્ય, ઉપાશ્રય કે ઊનું પાણી તમે કરો.' એમ કહેવું નહીં. ચૈત્યાદિના લાભનો ઉપદેશ કરવો; પણ આદેશ કરવો નહીં. આ પ્રમાણે સાધુઓએ વિવેક રાખવો.

એક વખત પેલા વેષધારી મુનિઓ વચ્ચે શાસ્ત્ર સંબંધી વિવાદ થયો. કોઈ બોલ્યા કે 'જો ગૃહસ્થનો અભાવ હોય તો સાધુ ચૈત્યની રક્ષા કરે, ચૈત્યને સમારે, તે સંબંધી બીજો પણ આરંભ કરે, તો પણ સાધુને દોષ લાગે નહીં. કોઈ બોલ્યા કે 'સંયમ જ મોક્ષે લઈ જનાર છે, માટે મુનિઓએ બીજું કાંઈ કરવું નહીં, કેટલાક બોલ્યા કે 'ચૈત્યપૂજા પણ મોક્ષે લઈ જનાર છે માટે કરવી.' તેમનો વિવાદ મટ્યો નહીં તેથી સર્વે કુવલયપ્રભસૂરિ પાસે આવ્યા. તેમણે મુનિનો સત્ય આચાર હતો તે કહી બતાવ્યો.

એક વખત કોઈ સાધ્વીએ તે આચાર્યને પગમાં શ્રદ્ધાથી મસ્તક મૂકી પગને સ્પર્શ કરી વંદના કરી. સૂરિએ સાધ્વીનો સ્પર્શ થતાં પણ પગ સંકોચ્યો નહીં. તે લિંગધારીઓએ નજરોનજર જોયું. એકવાર મહાનિશીથ સૂત્રમાં એવી ગાથા આવી કે નિરાગી સાધુ પણ કોઈ કારણે સ્ત્રીનો સ્પર્શ કરે તો તેના



મૂળગુણની હાનિ થાય છે. હવે એ ગાથાનો સત્ય અર્થ કરતાં વેષધારીઓ કંઈ બીજું કહેશે તો પણ મારે એનો અર્થ યથાર્થ જ કહેવો એમ સૂરિએ વિચાર્યું. કેમકે અન્યથા કહું તો મહાદોષ લાગે. તેથી સૂરિએ સત્ય અર્થ કહ્યો. તે સાંભળી પેલા લિંગધારીઓએ સૂરિને સાધ્વી વંદન કરતા પગે અડેલ તે જોયેલું તે વૃતાંત કહીને આચાર્યને કહ્યું – 'ત્યારે તો તું પણ મૂળગુણ હીન સાધુ જ છે.' તે વખતે અપકીર્તિના ભયથી સૂરિ બોલ્યા – અયોગ્યને ઉપદેશ આપવો જ યોગ્ય નથી. ત્યારે ફરી વેષધારીઓએ કહ્યું – ''તું જ મિથ્યાભાષી છે, માટે અમારા દૃષ્ટિમાર્ગથી દૂર થા.'' તે વખતે પોતાના માનના રક્ષણ અર્થે સાધ્વીના પગે અડવા સંબંધી એમ કહ્યું કે ભગવાનના સ્યાદ્વાદ મતમાં ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ એમ બે માર્ગ છે. તે તમે જાણતા નથી. કહ્યું છે કે એકાંતવાદ તે મિથ્યાત્વ છે અને અનેકાંતવાદ તે સ્યાદ્વાદ માર્ગ છે. લિંગધારીઓએ તે વચન માન્ય કર્યું. પણ સત્ય વસ્તુનું ખંડન કરી મિથ્યા વચન બોલવાથી લાગેલું પાપ આલોચ્યા વિના તે સૂરિ મૃત્યુ પામી વ્યંતર થયા અને ઉપાર્જન કરેલ તીર્થંકર નામ કર્મના દળીયા પણ નાશ પામી ગયા. ઉત્સૂત્ર પ્રરૂપણાનું આવું ભયંકર ફળ આવે છે. પછી સાતમી નરકમાં બે વાર જઈ આવી બીજા અનેક ભવોમાં અનંતકાળ ભમી પાર્શ્વનાથ પ્રભુના સમયે સિદ્ધિપદને પામ્યા.

જેમ સાવદ્યાચાર્યે પોતાના પગે સ્ત્રી અડવારૂપ હીન આચારનો દોષ ગોપવવા માટે જિનાગમની અનેક યુક્તિઓ લઈ પોતાનું પાપ ગોપવ્યું અને ગુણ પ્રગટ કર્યો તેમ કોઈ માયાવી, સત્ય વસ્તુનું ખંડન કરશે તે સાવદ્યાચાર્યની જેમ અનંત સંસારની વૃદ્ધિને પામશે. -ઉ.પ્રા.ભા.ભાગ-૩ના આધારે.

## ૧૩૮. તત્ત્વજ્ઞાનમાં શંકિત થાઉં નહીં.

સાત સત્ત્વ, છ પદ, નવ પદાર્થ, જીવાજીવાદિ જે તત્ત્વ છે એમાં શંકા થાય તે મિથ્યાત્વના ઉદયથી થાય છે. સત્પુરુષના બોધે, વિચાર કરીને કે સત્પુરુષની શ્રદ્ધા કરીને પણ મૂળ વસ્તુ તો જેમ છે તેમ માનવી. સમજવા માટે 'આત્મા છે કે નથી', એવી ચર્ચા કરવી તેમાં બાધ નથી. પણ તે વિષે અંતરંગમાં શંકા રાખવી, ઢચુપચું રહેવું, તે મિથ્યાત્વ કર્મના ઉદયથી થાય છે. તે મિથ્યાત્વને હૃદયમાં સ્થાન આપવા યોગ્ય નથી, એમ આ વાક્યમાં કહેવું છે. કેમકે તત્ત્વજ્ઞાનમાં અને જેને જ્ઞાન થયું છે એવા તત્ત્વજ્ઞાનીમાં શંકા રાખવાથી સાચી શ્રદ્ધાથી પડી જવાય છે. અને શ્રદ્ધાથી ભ્રષ્ટ થયો તે જ જીવ ખરેખર ભ્રષ્ટ છે માટે ભગવાને કહેલા તત્ત્વજ્ઞાનમાં કદી શંકિત થાઉં નહીં.

## ૧૩૯. તત્ત્વ આરાધતા લોકનિંદાથી ડરું નહીં.

મહાપુણ્યના યોગે જીવને તત્ત્વ સમજવાનું અને આરાધવાનું મળે છે. વસ્તુ જો સમજાઈ ગઈ તો પછી લોકલાજથી કે લોકનિંદાના ડરથી જો તત્ત્વ આરાધે નહીં તો તે સમજ્યો ન સમજ્યો બરાબર છે. કોઈક દેખશે તો શું કહેશે એવા ડરથી જો તત્ત્વને આરાધે નહીં તો મનુષ્યભવ એળે જતો રહે. પરમકૃપાળુદેવ આ વિષે જણાવે છે –

**''અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે**



**ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિષે દૃઢતા થાય છે.''** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૭૮)

માટે, મનુષ્યભવને સફળ કરવા આત્માર્થે તત્ત્વ આરાધતાં લોકનિંદાથી ડરું નહીં.

## ૧૪૦. તત્ત્વ આપતાં માયા કરું નહીં.

પહેલાંના જમાનામાં ઘણા શાસ્ત્રો શીખવાડવામાં આવતા. તેમાં શીખવનાર (આત્મજ્ઞાની નહીં પણ સાધારણ ગુરુઓ) કોઈક ગુરુગમ બાકી રાખતા કારણકે તે પોતાના જેટલો સરખો ન થઈ જાય માટે થોડું બાકી રાખતા; પણ પ્રભુશ્રી કહેતા કે કોઈ યોગ્ય જીવ હોય, તત્ત્વનો ભૂખ્યો હોય તો અમે બોલાવીને આપી દઈએ. સાચું જ્ઞાન જેને પ્રાપ્ત થાય તેનો એવો ભાવ હોય છે કે સર્વ જીવ સત્‌ને પામો. માટે કહે છે કે કોઈ માધવ લો, માધવ લો; ગ્રાહક થાઓ તો આપી દઈએ. સમ્યક્દર્શન નથી હોતું ત્યાં સુધી સંસારી જીવ જ્ઞાનને (પુસ્તકજ્ઞાનને) ધનની પેઠે ગણે છે અને શાસ્ત્ર હોય તો પણ કોઈને વાંચવા ન આપે. સમજાવવાનું તો જાુદું પણ દર્શન પણ ન કરાવે. જેમકે ધવલ, જયધવલ ગ્રંથના દર્શન કરાવવાના પણ રૂપિયા લે છે. ગ્રંથનું બહુમાનપણું એકાન્તે થઈ જાય છે. જ્ઞાનીને તો સરખી યોગ્યતા હોય તો આમ નથી થતું કે આને કહેવું અને આને ન કહેવું. તે તત્ત્વ આપવામાં કદી માયા કરતા નથી.

**શ્રી જેસીંગભાઈનું દૃષ્ટાંત –** પ્રભુશ્રીજીને જેસંગભાઈ શેઠે કહ્યું કે, બાપજી અમને કહેવાનું હોય તે કહો. પણ પ્રભુશ્રીજી કહે હજી અમે એમને પણ વાત કરી નથી. કંઈ માયાથી નથી કહ્યું એમ નથી, પણ એ યોગ મળવો જોઈએ ને! યોગ એટલે જ્ઞાનીને એવો ઉદય આવવાથી સહેજે એવા ભાવ થઈ જાય કે એને કંઈ કહીએ. તે ઉદય હોવો જોઈએ અને સામા જીવના પુણ્યનો ઉદય હોય ત્યારે પોતાને માટે ખાસ જાણવા જેવી વસ્તુ હોય તે જ્ઞાની-પુરુષ દ્વારા જણાવાય પણ તેવો યોગ મળવો જોઈએ. પ્રભુશ્રી પછી જેસંગભાઈ શેઠના વખાણ કરતા કે શેઠને વિનય વડે લેતાં આવડ્યું. પ્રથમ જીવને પકડ થાય એમ છે કે નહીં, તે જ્ઞાની જાુએ છે; તે ન હોય ત્યાં સુધી એમને સ્ફુરણા પણ થતી નથી.

**શ્રી સોભાગભાઈનું દૃષ્ટાંત –** સાયલાવાળા શ્રી સોભાગભાઈના દીકરા મણીલાલ હતા. બધા કહે સોભાગભાઈને ઘેર જ્ઞાની પધાર્યા છે. તેથી મણીલાલને થયું કે આપણે એમની પાસેથી આત્મજ્ઞાન લેવું. પછી સોભાગભાઈને કહ્યું કે કૃપાળુદેવને કહો કે મણીલાલને આત્મજ્ઞાન આપે; નહીં આપે તો હું આપઘાત કરી લઈશ. એમ કહી છરી લઈને ગળે મૂકવા પણ તૈયાર થયા. સોભાગભાઈ તો ગભરાઈ ગયા અને કૃપાળુદેવ પાસે દોડી જઈને કહ્યું કે, 'મણીલાલને આત્મજ્ઞાન આપો, નહીં તો એ આપઘાત કરી બેસશે.' ત્યારે કૃપાળુદેવે કહ્યું : 'આપઘાત કરે તો કરવા દો, તમને બીજો મણીલાલ આપીશું, પણ અપાત્રને જ્ઞાન નહીં આપીએ. એ આપઘાત કરવાનો નથી એમ પણ કૃપાળુદેવ જાણતા હતા.

**શ્રી પોપટલાલ મનજીનું દૃષ્ટાંત –** એકવાર પોપટલાલ મનજીને કૃપાળુદેવે કહ્યું : બીજાને લાભ થયો છે તેવો તને થયો નથી. તેણે કહ્યું - 'ના, સાહેબજી, મને થયો છે' કૃપાળુદેવનું કામ, પેટી વગેરે



ગામ જાય ત્યારે સાચવે. પોપટલાલના વિનયને લઈને પરમકૃપાળુદેવને થયું કે એને કંઈ આપું પણ સામાનો ભાવ ન હોય તો ક્યાં મૂકે? કૃપાળુદેવે કહ્યું : ''જે લાભ લેવો જોઈતો હતો તે તેં બિલકુલ ન લીધો. માત્ર પુણ્ય બાંધ્યું. જો કે બીજા લોકો સમાગમમાં જેટલા પ્રમાણમાં આવ્યા તેના પ્રમાણમાં લાભ લીધો છે પણ તેં લીધો નહીં.'' એક મહિનો વવાણિયામાં કૃપાળુદેવ હતાં. ત્યારે આર્યાઓને (સાધ્વીઓને) રોજ એક કલાક સૂયગડાંગ સૂત્ર સંભળાવ્યું હતું. તેથી તેમને લાભ થયો. પોપટલાલ રોજ કૃપાળુદેવ સાથે અપાસરે જતા પણ કંઈ લક્ષ નહીં હોવાથી જે લાભ સાધ્વીઓને એક મહિનામાં થયો તેટલો પણ આટલા સમાગમવાળા પોપટલાલને થયો નહીં. કૃપાળુદેવ પ્રત્યે સામાન્યપણું થઈ ગયું હતું. તેથી મને (પૂ. શ્રી બ્રહ્મચારીજીને) મોહનલાલજી મહારાજે સૌ પ્રથમ જ્યારે પ્રભુશ્રીજીની સેવામાં રહ્યો ત્યારે કહેલું કે પ્રભુશ્રીજીનું બધું સેવાકાર્ય બહુ લક્ષપૂર્વક કરવું, યાદ રાખવું, સામાન્ય ન કરી નાખવું.

**શ્રી યશોવિજયજીના જીવનચરિત્રમાંથી :–**

**શ્રી યશોવિજયજી અને શ્રીનયવિજયજીનું દૃષ્ટાંત** – કાશીમાં યશોવિજયજી અને વિનયવિજયજીએ ત્રણ વર્ષ સુધી એકચિત્તથી અભ્યાસ કરી તેઓ સકળ શાસ્ત્રપારંગત અને ન્યાયના વિષયમાં એક્કા થયા. ગુરુની સેવા બરાબર ઉઠાવવાથી ગુરુએ પણ પ્રસન્ન થઈ સર્વ વિદ્યાઓ શીખવી; પણ એક અપૂર્વ ગ્રંથ તેમની પાસે હતો તે ન શીખવ્યો. ગુરુ આ અદ્ભુત ગ્રંથ કોઈને બતાવતા પણ નહોતા. યશોવિજયજી અને વિનયવિજયજીએ એક વખત કોઈ પ્રકારે એ ગ્રંથ ગુપ્ત રીતે મેળવ્યો. એમાં ૧૨૦૦ શ્લોક હતા. તેમાં એક જ રાતમાં ૭૦૦ શ્લોક યશોવિજયજીએ મુખપાઠ કર્યા ને ૫૦૦ શ્લોક વિનયવિજયજીએ મુખપાઠ કર્યાં. ગુરુની રજા વિના તેમ કરેલું હોવાથી તેમના દિલમાં તે કાર્ય ખટકવા લાગ્યું. એ તો ચોરી કહેવાય....એક દિવસ ગુરુનું પ્રસન્ન ચિત્ત જોઈ તેમણે આ ગ્રંથની વાત કાઢી અને ગુરુની માફી માગી. ગુરુએ તેમની જ્ઞાનપીપાસા અને એક જ રાતમાં આખો ગ્રંથ યાદ રાખી લેવાની શક્તિ જોઈ ખુશ થઈને માફી આપી.

## ૧૪૧. સ્વાર્થને ધર્મ ભાખું નહીં.

જ્યાં બે વસ્તુ ભેગી થતી હોય ત્યાં જે જેટલું હોય તેટલું જ કહેવું અને તેમજ માનવું જોઈએ. જેમકે કોઈ પગાર લઈને નોકરી કરે અને કહે કે હું તો જ્ઞાનીની સેવા કરું છું, અથવા પ્રભુશ્રી વગેરે બધા બેઠા હોય ત્યાં કોઈ ઊભો થઈને પંખો નાખે પણ મનમાં એમ હોય કે પોતાને પણ વા ખવાય, બફાઈ જતો હતો તો એક પંથ દો કાજ થયા, અને તેને માને સેવા. વળી જ્ઞાનીને ત્યાં જતા ધર્મ થશે અને કોઈક શેઠીયાઓની ઓળખાણ પણ થશે એમ માને, ત્યાં વૃત્તિ છેતરે છે. તેવી જ રીતે કોઈ મોટા વ્યાખ્યાનો આપતો હોય અને પૈસા લેતો હોય, તે કંઈ ધર્મ ન કહેવાય. સારું બોલે તેથી શું થયું? પણ જ્યાં સમ્યગ્દૃષ્ટિ હોય ત્યાં એવી ભૂલ થતી નથી. તે રાગને રાગ જાણે છે અને દોષને દોષ જાણે છે. દોષ થઈ જાય તેને પણ તે યથાર્થ જાણે છે. પણ જ્યાં મિથ્યાત્વ હોય, ત્યાં પોષાતી હોય વૃત્તિ અને તેને માને છે ધર્મ. લોકો સપ્તાહ ભરે છે જેમાં ખાવાનું અને ગાવાનું મળે અને માને કે અમે ધર્મ કરીએ છીએ. વિવેક ન હોય ત્યાં ધર્મની કમાણી થાય છે કે ખોટ જાય છે તેનો વિચાર રહેતો નથી. માટે જ્યાં સ્વાર્થ હોય તેને ધર્મ માનું નહીં.

## ૧૪૨. ચારે વર્ગને મંડન કરું.

ધર્મ, અર્થ અને કામ એ ત્રણ ત્રિવર્ગ કહેવાય છે અને મોક્ષ એ અપવર્ગ કહેવાય છે. માટે ચારેય



વર્ગનું મંડન કરું અર્થાત્ ધર્મવડે ચારેયને શણગારું, દીપાવું પણ કલંક લાગે તેમ ન પ્રવર્તું.

ધર્મ પુરુષાર્થમાં વ્રત નિયમ પાળે ત્યાં પુણ્ય બંધ થાય છે. મોક્ષ પુરુષાર્થમાં પુણ્ય કરવાનું હોતું નથી. ધર્મ પુરુષાર્થ કાયમ રાખીને અર્થ પુરુષાર્થ કરવો. કામ પુરુષાર્થમાં ધર્મ ન ભૂલાય એ પ્રકારે વિષય ભોગમાં પ્રવર્તતા જાગૃત રહેવું. મહત્તા ધર્મની છે. ધર્મ મોટી વસ્તુ છે. ન્યાય-નીતિ પ્રમાણે વર્તવું, અન્યાય બંધ કરવો. પહેલાના ત્રણ પુરુષાર્થ લૌકિક કહેવાય છે. ત્રણેથી જાુદો ચોથો મોક્ષ પુરુષાર્થ તે અપવર્ગ કહેવાય છે.

**''રાજ્ય સદા મુજ એ જ મનોરથ ધાર થશે અપવર્ગ ઉતારું.''**-શ્રીમદ્ રાજચંદ્ર

અપવર્ગ ઉતારું એટલે તું મોક્ષે જનારો મુસાફર થઈશ. મોક્ષ પુરુષાર્થમાં અંતે શુભાશુભ બેય ભાવ ટાળવાના છે. મોક્ષ પુરુષાર્થના બે પ્રકાર છે. (૧) ધ્યાન અને (૨) સ્વાધ્યાય. સ્વાધ્યાયમાં પુણ્ય બંધાય છે, ધ્યાનમાં કર્મ છૂટે છે, નિર્જરે છે. સમ્યક્દૃષ્ટિને અલ્પ બંધ હોય પણ તે નહીં જેવો હોય છે.જ્યાં સુધી ઘાતી કર્મનો ઉદય હોય ત્યાં સુધી ચલ પરિણામ થાય છે, સમ પરિણામ પૂર્ણપણે રહેતા નથી ત્યાં સુધી અલ્પ બંધ થાય છે. સૂક્ષ્મ લોભ કષાયને લઈને દશમા ગુણસ્થાનક સુધી બંધ થાય છે. પછી કષાય જાય એટલે કર્મની સ્થિતિ અને અનુભાગ પડવાનું બંધ થાય છે. પછી માત્ર કેવળીને મન વચન કાયાના યોગ રહે છે. મન વચન કાયાના યોગની પ્રવૃત્તિ હોય ત્યાં સુધી ઈર્યા પથિક બંધ હોય છે. તેમાં એક સમયમાં કર્મ આવે, બીજા સમયે ભોગવાઈ જઈ ત્રીજા સમયે તે ખરી જાય છે. આયુષ્યકર્મ પૂર્ણ થયે તે કેવળી ભગવાન મોક્ષમાં જઈ અનંતસુખમાં બિરાજમાન થાય છે.

## ૧૪૩. ધર્મ વડે સ્વાર્થ પેદા કરું નહીં.

ધર્મનું નામ દઈને કમાવવું તે માણસને કલંકરૂપ છે. ગમે તેવી સારી વાત કરે પણ જ્યારે ખબર પડે કે આ તો બધું સ્વાર્થ માટે હતું તો પછી ધર્મની અસર ન થાય. ધર્મનું નામ દઈને સ્વાર્થ સાધે એ માયા કપટ છે. લોકોને સારું લાગે તેમ બોલે, લોકોને વિશ્વાસ બેસાડે અને પછી સ્વાર્થ સાધે તે વિશ્વાસઘાત અને પાપ છે. ધર્મને નામે પાપ કરે તે વિશેષ કર્મ બંધનું કારણ છે.

''अन्य क्षेत्रे कृतं पापं, तीर्थक्षेत्रे विनश्यति;
तीर्थ क्षेत्रे कृतं पापं, वज्र लेपो भविष्यति.''

અન્ય સ્થાનમાં કરેલ પાપ તીર્થ સ્થાનમાં નાશ પામે છે. પણ તીર્થ ક્ષેત્રમાં કરેલ પાપ વજ્રલેપ સમાન થાય છે. તેમ ધર્મનું નામ લઈ લોકોને વિશ્વાસ બેસાડી કમાવવારૂપ સ્વાર્થ સાધું નહીં.

## ૧૪૪. ધર્મ વડે અર્થ પેદા કરું.

ઉપરના ૧૪૩માં વાક્યમાં ધર્મ એટલે આત્મધર્મ અને આ ૧૪૪માં વાક્યમાં ધર્મ એટલે ન્યાયનીતિ. એમ બેય ઠેકાણે ધર્મના અર્થમાં ફેર છે. તેથી આ વાક્યમાં ધર્મ એટલે ન્યાયનીતિ વડે અર્થ એટલે ધન પેદા કરું, એમ જણાવ્યું.

## ૧૪૫. જડતા જોઈને આક્રોશ પામું નહીં.

કોઈ માણસને ઘણી કાળજી રાખીને સમજાવતા હોઈએ પણ સમજે નહીં અને દ્વેષ રાખે ત્યારે મનમાં એમ થાય કે કોણ પથરાની સાથે માથું કૂટે. કાળ એવો છે કે મોટી મોટી આશા રાખીને કામ કરવા



જાય ત્યાં વાંકા ને જડ મનુષ્યો મળે. તે જડ, સ્વાર્થી, વક્ર લોકો સાથે સંબંધ પડે અને ધારેલું થાય નહીં, નિષ્ફળ જાય. એવા કાળમાં આપણે જનમ્યા છીએ માટે જીવોની જડતા જોઈને આક્રોશ પામવો નહીં અર્થાત્ ઘાંટો પાડીને બોલવું નહીં. કારણ કે આ કાળમાં ભગવાન મહાવીરના શિષ્યો વાંકા અને જડ છે, એમ શાસ્ત્રોમાં જણાવ્યું છે.

ધર્મનો ઉદ્યોત કરવાની ભાવના કૃપાળુદેવે કરેલી. તેમાં કયા કયા જીવો મદદ કરી શકે તે પણ જોયેલું. પણ પછી કાળને પોષાય તેવું ન લાગ્યું. જડતા વિશેષ જામેલી જણાઈ. જડતા એટલે જીવ આત્મભાવમાં ન હોય તે તેની જડતા છે. **''ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો!''** વર્તમાનકાળમાં જીવોની આવી કર્માધીન દશા છે. કોઈ ક્રોધાદિને વશ થઈ આક્રોશ કરે અર્થાત્ ઘાંટો પાડી ઠપકો આપે, ગાળ દે કે આક્ષેપ કરે કે જે સહન ન થાય. છતાં બાવીસ પરિષહમાંનો એક પરિષહ માની સહન કરે અને મનમાં પણ વિક્ષેપ લાવે નહીં, ખોટું લગાડે નહીં તો તે સાચો થયો કહેવાય.

**'અપમાનાદિ તે માને, વિક્ષેપી મન જેમનું;**
**અપમાનાદિ ના લેખે, અક્ષુબ્ધ મન જેમનું.'** -સમાધિશતક

માટે વર્તમાનકાળના જીવોની આવી જડતા જોઈને આક્રોશ પામું નહીં, અર્થાત્ દુઃખી થાઉં નહીં. પણ જે થાય તે જોયા કરું.

## ૧૪૬. ખેદની સ્મૃતિ આણું નહીં.

ખેદની સ્મૃતિ થવાથી થાય છે શું? તો કે તે કારણો ફરીથી તાજાં થાય છે. સ્મૃતિ સારી વસ્તુની કરવાની છે. સત્પુરુષોનો યોગ થયો હોય, આપણને કંઈ હિત થયું હોય તેની સ્મૃતિ કરવી. ક્લેશની સ્મૃતિ કરવાથી માત્ર કલેશ જ થાય. વિશેષ જો એવા ભાવ રહે તો વેરનું રૂપ લઈ લે.

**કીર્તિધરરાજાની રાણીનું દૃષ્ટાંત – ખેદથી આર્તધ્યાન કરવાનું ફળ તિર્યંચગતિ.** કીર્તિધર રાજાએ પોતાનો પુત્ર સુકોશલ પંદર દિવસનો થયો ત્યારે દીક્ષા લઈ લીધી. પુત્ર પણ કોઈ સાધુને દેખતાં દીક્ષા લેશે એમ કોઈ જોષીએ કહેલું. તેથી રાણી કોઈ સાધુ ભિક્ષા લેવા માટે આવે તો તેને મહેલના કંપાઉન્ડમાં પણ પેસવા દે નહીં. એક વખત પોતાના પતિ કીર્તિધર રાજા જ મુનિ અવસ્થાએ ત્યાં આવી ચઢ્યા. તેમનું પણ અપમાન કરીને રાણીએ દરવાજા બહાર કઢાવી મૂક્યા. ધાવમાતાએ આ બનાવ મેડા ઉપરથી જોયો અને તેની આંખમાં આંસુ આવી ગયા. તે જોઈ સુકોશલકુમારે પૂછ્યું ''તમે કેમ રડો છો? ધાવમાતાએ તેના પિતાને કાઢી મૂક્યાની વાત કહી. તેથી કુમારે સંસારનું આવું સ્વાર્થમય સ્વરૂપ જાણી પિતા પાસે જઈ દીક્ષા લઈ લીધી. રાણી ખૂબ ખેદ કરવા લાગી કે મારો પતિ તો મારો ન થયો અને પુત્ર પણ મારો ન થયો. એમ વારંવાર ખેદ કરતી આર્તધ્યાનથી મરીને વાઘણ થઈ. પુત્રના ઉપર પ્રેમ હતો તેથી જંગલમાં પહેલા તેને જ ખાધો. ખાતાં ખાતાં તેના સોનાથી જડેલા દાંત જોતાં વાઘણને જાતિસ્મરણ જ્ઞાન થયું કે આ તો મારો જ પુત્ર છે. ત્યાં કીર્તિધરમુનિ પણ સુકોશલમુનિની પાસે જ કાઉસગ્ગ કરીને ઊભેલા હતા. કીર્તિધરમુનિએ જ્ઞાનથી જાણ્યું કે એને જાતિસ્મરણજ્ઞાન થયું છે તેથી કૃપા કરી વાઘણને ઉપદેશ આપ્યો. તેની કૃપાથી વાઘણનો આત્મા શાંત થયો, બોધ પામ્યો. પછી વાઘણે કોઈ જીવની હિંસા કરી નહીં અને અનશન કરી દેહ ત્યાગીને સ્વર્ગે ગઈ.

માટે આવા ખેદમય સંસારની સ્મૃતિ આણું નહીં પણ વિસ્મૃતિ કરવા પ્રયત્ન કરું.



## ૧૪૭. મિથ્યાત્વને વિસર્જન કરું.

૧૮ પાપસ્થાનકમાં મોટામાં મોટું અઢારમું પાપસ્થાનક મિથ્યાત્વ છે. તેને વિસર્જન કરું; અર્થાત્ દૂર કરું. એ મિથ્યાત્વના મુખ્ય પાંચ કારણો છે. (૧) કદાગ્રહ (૨) કુસંગ (૩) સ્વચ્છંદ (૪) વિષયમાં આસક્તિ અને (૫) પ્રમાદ. તે સર્વ મિથ્યાત્વને પોષે છે. જેને મિથ્યાત્વ દૂર કરવું હોય તેણે એના પ્રતિપક્ષી કારણો નીચે પ્રમાણે સેવવાં જોઈએ. જેમકે કદાગ્રહને બદલે સત્ય વસ્તુ માનવામાં હઠ ન જોઈએ. પણ **'વાળ્યો વળે જેમ હેમ'** એમ જોઈએ. એ બીજી દૃષ્ટિનું લક્ષણ છે. તેનું કારણ સત્પુરુષોનો યોગ અને તેનો આશ્રય છે. પરમકૃપાળુદેવે જણાવ્યું કે-**"જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે."** (વ.પૃ. ૫૦૪)

બીજું કુસંગને દૂર કરવા સત્સંગ સેવવો. "क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका", સ્વચ્છંદને ત્યાગવા સત્પુરુષની આજ્ઞા ઉઠાવવી. "आणाए धम्मो आणाए तवो" અને આસક્તિને છોડવા વિષયો પ્રત્યે વૈરાગ્ય-અનાસક્ત ભાવ લાવવો, તેમજ પ્રમાદનો જય કરવા જાગૃતિ લાવવી.

**"પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત થા."** - શ્રીમદ્ રાજચંદ્ર

એમ સર્વ કારણોને સવળા કરી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવા કારણો સેવવા અને મિથ્યાત્વનું સર્વકાળને માટે વિસર્જન કરવું.

## ૧૪૮. અસત્યને સત્ય કહું નહીં.

સત્યની ખબર નહીં હોવાથી અસત્યને સત્ય માની જીવ પ્રવૃત્તિ કરે છે. પણ અસત્યને અસત્ય જાણ્યા પછી લોકલાજને લઈને, કે સત્ય આચરવાની શક્તિ ન હોવાથી, કે માનને લઈને અસત્યને સત્ય કહું નહીં. અસત્યને સત્ય કહેવું એ ઉત્સૂત્રપ્રરૂપણા છે, જેથી મહાવીર ભગવાનના જીવને આખા ચોથા આરા સુધી રખડવું પડ્યું હતું. બીજાને અવળે માર્ગે જે દોરે તેને પોતાને ઠેકાણે આવતા બહુ વાર લાગે છે. માટે અસત્યને સત્ય કહી ભવભ્રમણ વધારું નહીં.

## ૧૪૯. શૃંગારને ઉત્તેજન આપું નહીં.

જગતમાં શૃંગારરસ પ્રિય છે. એ વિષે કોઈને શીખવવું પડતું નથી. જીવો શૃંગારરસને શોધ્યા કરે છે અને પોષ્યા કરે છે. એક સત્પુરુષો તેને ઉત્તેજન આપતા નથી. ઘણા ધર્મોની પ્રવૃત્તિ શૃંગારથી શરૂ થાય છે. ગાન, તાન, વિષયનું પોષણ થાય તે પ્રકારે ધર્મ ફેલાવવાથી લોકો એ ધર્મને ઝટ અનુસરે અને જોતજોતામાં ઘણી સંખ્યા થઈ જાય; પણ તેમાં આત્મહિત નથી. જેના ચિત્તમાં વૈરાગ્ય હોય તે શૃંગારને ઉત્તેજન આપે નહીં.

## ૧૫૦. હિંસા વડે સ્વાર્થ ચાહું નહીં.

પોતાનાં સ્વાર્થનું કોઈ કામ સાધવું હોય પણ તેમાં જો હિંસા થતી હોય તો તે ઇચ્છું નહીં. જેમકે ફલાણા ભાઈ મરી જાય તો મને વારસો મળે, માટે ઝેર આપે કે બીજી કોઈ યોજના કરે. હિંસા વડે કોઈ પણ સ્વાર્થ સધાય એવો હોય તો ઇચ્છાને રોકવી. તાત્કાલિક ફળ મેળવવા જીવો લલચાઈ જાય છે કે હું આમ કરું તો મને આ મળી જાય વગેરે. પણ પ્રારબ્ધ સિવાય માત્ર હિંસા કરવાથી કાંઈ મળતું નથી. અત્યારે જે મળે છે તે પૂર્વે પુણ્ય કર્યું હોય તેના ઉદયથી મળે છે. પણ વસ્તુ મેળવવા અત્યારે હિંસાદિ સાધન વાપરે તો તેના ફળ પરભવમાં પાછા ભોગવવા પડે છે. પુણ્યનો ઉદય હશે તો હિંસા નહીં કરે તો



પણ બીજાં કોઈ નિમિત્તે વસ્તુ મળી આવશે. પણ નવું પાપ ન કરવું એ જ વિચારવાનનું કર્તવ્ય છે.

**ચૂલણીનું દૃષ્ટાંત – પોતાના સ્વાર્થ ખાતર પુત્રના પણ પ્રાણ લેવાનો વિચાર.** ચૂલણીએ પોતાના કામભોગના સ્વાર્થ ખાતર પોતાના પુત્ર બ્રહ્મદત્તને મારવાનો વિચાર કર્યો. લગ્ન પછી તેને લાક્ષાગૃહમાં મોકલ્યો; પછી આગ લગાડી. ભાવથી તો એણે હિંસા કરી લીધી. બ્રહ્મદત્ત પોતાના પુણ્યથી અને મંત્રીના સહકારથી બચી ગયો. પણ ચૂલણી તો પુત્ર મરી ગયો એમ જાણી રાજી થઈ. એમ હિંસા વડે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા કદી ઇચ્છું નહીં.

## ૧૫૧. સૃષ્ટિનો ખેદ વધારું નહીં.

સૃષ્ટિ એટલે આખો લોક જે ત્રિવિધ તાપથી બળી રહ્યો છે. તેમાં ડાહ્યો માણસ ક્લેશરૂપ લાકડાને હોમી જગતવાસી જીવોના ખેદને વધારે નહીં. **''ક્લેશે વાસિત મન સંસાર ક્લેશ રહિત મન તે ભવપાર.''** માટે જેમ બને તેમ ખેદ, ક્લેશ, સંતાપ, વેર, ઝેર ઓછા થાય તેમ પ્રવર્તવાની જરૂર છે. બળતું હોય તેને સારો માણસ ઓલવે પણ વધારે નહીં. માટે કહ્યું કે '' સૃષ્ટિનો ખેદ વધારું નહીં.'' અર્થાત્ મરતાને મારવા જેવું કરું નહીં. પણ સર્વને શાંતિ ઊપજે તેવો વ્યવહાર કરું.

## ૧૫૨. ખોટી મોહિની પેદા કરું નહીં.

પુષ્પમાળા - પુષ્પ ૧૦૪માં પરમકૃપાળુદેવે જણાવ્યું કે- **''સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.''** સદ્ગુણ પ્રત્યેનો મોહ તે તો પ્રશસ્ત એટલે શુભરાગ છે. પણ આ ૧૫૨માં વાક્યમાં ખોટી મોહિની પેદા કરું નહીં એમ કહ્યું તે તેનું પ્રતિપક્ષી વાક્ય છે. જગતના જીવોને ખોટી મોહિની અર્થાત્ ખોટું આકર્ષણ થાય તેમ વર્તવું, તેવું બોલવું, પહેરવું કે રહેવું વગેરે કરું નહીં; કારણ કે મોહને લઈને આખું જગત દુઃખી છે. તેમાં મોહ વધે એવું આચરણ કરી જીવોને વધારે દુઃખી કરું નહીં, બળતામાં ઘી હોમું નહીં.

## ૧૫૩. વિદ્યા વિના મૂર્ખ રહું નહીં.

જગતવાસી જીવોને સત્‌વિદ્યાની કંઈ પડી નથી. ઉપરથી ટાપટીપ કરીને ફરે અને પરસ્પર મોહ પામે છે. હિંદુસ્તાનમાં ખાસ કરીને સ્ત્રીઓમાં વિદ્યા ઓછી હોવાથી મોહને પોષી જીવે છે. મૂર્ખાઈમાં જ આખી જિંદગી વહી જાય છે. તેમાં વિદ્યાની ખામી બતાવી. વિદ્યા હશે તો સત્ વિદ્યા પામી મૂર્ખાઈ પણ ઓછી થશે. વાતચીત કરતા આવડશે અને લોકો સાથે સારું વર્તન કરતાં પણ શીખશે. પણ ખરી વિદ્યા તો સાચી સમજણ છે. આત્મા સંબંધીનું જ્ઞાન મળે તે સાચી વિદ્યા છે. તે વિનાનો બીજો બધો પુરુષાર્થ મોહ વધારનાર છે. મોહ એ દોષ છે. તેનું વિશેષ સેવન થયા કરે છે. તેનું કારણ મિથ્યાત્વ છે. તે વ્યર્થ વસ્તુઓના દેખાવમાં જેમાં કંઈ માલ ન હોય તેમાં સુખ મનાવે છે. સત્‌વિદ્યા તે આંખ જેવી છે. તે હોય તો જેમ છે તેમ દેખે. દૃષ્ટિમાં એમ આવ્યું કે આ ખોટી વસ્તુ છે, અહિત કરનાર છે તો ત્યાંથી મન પાછું વળી જાય છે.

**''બુદ્ધિ અહિત જ્યાં જાણે, કે શ્રદ્ધા ત્યાંથી ઊઠતી;**
**શ્રદ્ધા ઊઠી ગઈ તો ત્યાં, તલ્લીનતાની વાત શી ?''** -સમાધિશતક

માટે વિદ્યા વિના મૂર્ખ રહું નહીં, પણ સત્‌વિદ્યાને પ્રાપ્ત કરું.



## ૧૫૪. વિનયને આરાધી રહું.

" विद्या ददाति विनयं । विनयात् याति पात्रताम् "

**અર્થ** – વિદ્યાથી વિનય આવે છે અને વિનયથી આત્મજ્ઞાન અને આત્મચારિત્રની એટલે સમ્યગ્ચારિત્રની યોગ્યતા આવે છે.

વિદ્યા પછીનું બીજું પગથિયું વિનયનું કહ્યું. વિનયથી આત્મા નમ્ર બને છે. ઉત્તરાધ્યયનમાં પહેલામાં પહેલું અધ્યયન વિનયનું મૂક્યું છે. અંતરંગમાં સાધુતા હોય તેનું બાહ્ય ફળ વિનય છે. અંતરંગમાં જેવા ભાવ હોય તેવા વિનયરૂપે બાહર દેખાય છે.

**"વિનય કરે ભગવાન."** કેવળજ્ઞાન થયા પછી ત્રણ લોકના નાથ થયા છે, છતાં એમનો ગુરુ પ્રત્યેનો વિનય ચાલુ જ રહે છે. કેવળી થયા પછી પણ તેમના અઘાતિયા કર્મ વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મની નિર્જરા થયા કરે છે. વિનયનો બીજો અર્થ દીનત્વ છે.

**"સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે."** પાઠાંતરમાં બીજી રીતે પણ છે – **"તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તેને 'પરમ વિનય' કહ્યો છે, તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે."** (વ.પૃ. ૨૮૯) માટે આત્મજ્ઞાન પામવા સત્પુરુષના વિનયને આરાધી રહું.

## ૧૫૫. માયાવિનયનો ત્યાગ કરું.

ઉપર વિનય દેખાડવો અને અંદર માયા રાખવી એવા માયા વિનયનો ત્યાગ કરું.

**વિનયરત્નનું દૃષ્ટાંત – ઉત્તમ પુરુષોને માયા વડે મારનારની દુર્ગતિ.** ચંડપ્રદ્યોત રાજાએ નોકરને કહ્યું કે ઉદયન રાજાને મારવો છે. મારે તે હોશિયાર કહેવાય. જેને મારવો છે તે ઉદયન રાજા ધર્માત્મા હતા. મારવાનો તેને લાગ મળ્યો નહીં. રાજા સાધુને માન આપે છે એમ જાણી મરાવનાર રાજાના નોકરે સાધુવેશ લીધો. બાર વર્ષ સુધી સાધુપણું પાળ્યું અને વિનયરત્ન સાધુ તરીકે પ્રખ્યાત થયો. બધાનો વિનય બહુ કરે. આચાર્યને બહુ પ્રિય થઈ પડ્યો. હવે જે રાજાને મારવો છે તે ગામમાં આચાર્ય અને સાધુ આવી ચઢ્યા. તે દિવસે રાજાને ચૌદશનો ઉપવાસ હતો. ધર્મધ્યાનમાં રાત્રિ ગાળવા માટે આચાર્યને રાજાએ આમંત્રણ આપ્યું. આચાર્ય વિનયરત્ન શિષ્યને સાથે લઈ રાજાની પૌષધશાળામાં ગયા. મોડી રાત સુધી બધા ધર્મધ્યાન કરી પાછલી રાત્રે બધા સૂઈ ગયા. બધા ઊંઘી ગયા પણ વિનયરત્ન શિષ્ય ઊંઘ્યો નહીં. તેણે આ અવસરે ખરો લાગ આવ્યો છે એમ જાણી ૧૨ વર્ષથી ઓઘામાં સંતાડી રાખેલી છરી વડે રાજાનું ગળું કાપી તે નાસી ગયો. આચાર્ય નીચે લોહીનો રેલો આવ્યો ત્યારે જાગ્યા. શિષ્યને દીઠો નહીં. ત્યારે લાગ્યું કે આ શિષ્યનું જ કામ છે. પછી જૈનશાસનની અવહેલના થશે એમ જાણી આચાર્યે પોતે પણ તે જ છરીથી આપઘાત કર્યો. લોકોએ જાણ્યું કે આચાર્ય અને રાજાને કોઈએ મારી નાખ્યા છે.

મારનારે નાસી જઈ પોતાના રાજા પાસે આવી કહ્યું —હું ઉદયનરાજાને મારી આવ્યો. રાજાએ પૂછ્યું કેવી રીતે? ત્યારે કહ્યું કે સાધુ થઈને ગયો અને મારી નાખ્યો. રાજા ગુસ્સે થયો અને કહ્યું અરે દુષ્ટ, ધર્મને બહાને આવા કામ! પછી તેને રાજ્ય બહાર કાઢી મૂક્યો. તે મરીને નરકમાં ગયો.

ધર્મ એવી વસ્તુ છે કે જેથી ભલભલાં છેતરાઈ જાય. અભયકુમાર જેવો બુદ્ધિશાળી પણ એક



વેશ્યાના ભક્તિભાવના ઢોંગથી છેતરાઈ ગયો હતો.

**અભયકુમારનું દૃષ્ટાંત** – ચંડપ્રદ્યોતરાજા બીજા ૧૪ રાજાઓ સાથે રાજગૃહનગરીને જીતવા ઉજ્જયનીથી આવી રહ્યા છે. તે વાતની શ્રેણિકરાજાને ખબર પડી. તેથી અભયકુમારને કહ્યું કે આપણે ચંડપ્રદ્યોતને જીતી શકીશું નહીં. કેમકે એ બહુ બળવાન છે. તો એનો શો ઉપાય કરવો? અભયકુમાર કહે આપણે લડાઈ કરી શકીએ તેમ નથી તો તેના ભેદનો ઉપાય લેવો યોગ્ય છે. બે રાજાઓ વચ્ચે કુટ પડાવવી એ પ્રમાણે વિચારીને સોનાના ઘડાં ભરી જ્યાં શત્રુ રાજાઓનો ઉતારો છે ત્યાં દટાવી દીધા. પછી અભયકુમારે ચંડપ્રદ્યોત રાજાને કહેવડાવ્યું કે શીવાદેવી મારા માસી થાય છે તેથી અંદરની વાત જણાવું છું કે મારા પિતા શ્રેણિક રાજાએ તમારી સાથે આવેલા રાજાઓને સોનાના ઘડાં આપી પોતાને વશ કર્યા છે. તે ઘડાઓ તેમનો ઉતારો છે ત્યાં દાટેલા છે. તેની ખાતરી કરવી હોય તો જોઈ લેજો. તેઓ તમને પકડાવી શ્રેણિકને સોંપી દેશે. એ વાત સાંભળીને ચંડપ્રદ્યોતે ત્યાં ખોદાવી જોયું તો ઘડાઓ મળ્યાં તેથી તે ભાગી ગયો. તેને ભાગતો જોઈ બીજા રાજાઓ પણ ભાગી ગયા. ઉજ્જયની પહોંચ્યા પછી બધા રાજાઓએ કહ્યું: એમ કેમ થયું? ત્યારે ચંડપ્રદ્યોતે બધી વાત કરી. તે સાંભળીને બધા રાજાઓએ કહ્યું આપણે તો રાજગૃહી જીતવાની જ હતી. અમને કંઈ સોનાના ઘડા આપ્યા નથી. આ બધું કામ અભયકુમારનું છે.

તે સાંભળી ચંડપ્રદ્યોતરાજા કહે : આપણી સભામાંથી કોઈ અભયકુમારને લાવી શકે એમ છે? કોઈ ઊભું થયું નહીં. એક વેશ્યા ઊભી થઈને બોલી હું લઈ આવીશ. રાજાએ તેને શાબાશી આપી વિદાય કરી. પછી ત્રણ વેશ્યાઓએ શ્રાવિકાનો વેશ ધારણ કરી થોડી ધાર્મિક ક્રિયાઓ શીખી લઈ રાજગૃહી નગરીમાં આવી. પછી મંદિરમાં ભગવાનની આગળ બહુ ભાવપૂર્વક ભક્તિ કરતા જોઈ અભયકુમારને સાધર્મી વાત્સલ્યભાવ સ્કુરવાથી તે મંદિરમાં ઊભા રહ્યાં. પછી અભયકુમારે બનાવટી શ્રાવિકાઓને પૂછ્યું તમે ક્યાંથી આવ્યા છો? એમણે કહ્યું જાત્રા કરતાં કરતાં અવંતિથી અહીં આવ્યા છીએ. ત્યારે અભયકુમાર કહે આજે અમારે ત્યાં ભોજન કરવાનું રાખીએ. ત્યારે તેઓ કહે ના આજે તો અમારે ઉપવાસ છે. અભયકુમારે કહ્યું તો કાલે પારણું અમારે ત્યાં કરજો. પછી બીજે દિવસે અભયકુમારને ત્યાં ભોજન કર્યું. થોડા દિવસ વીત્યા પછી તેણે અભયકુમારને કહ્યું તમે અમારે ત્યાં ભોજન રાખો. બહુ આગ્રહ કરવાથી અભયકુમાર તેમને ત્યાં જમવા ગયા. ત્યાં જમાડ્યા પછી ચંદ્રહાસ નામનો દારૂ પીવડાવ્યો. તેથી ત્યાંજ ઊંઘ આવવા લાગી અને સૂઈ ગયા. ત્યારે તે વેશ્યા શ્રાવિકાઓએ એક રથમાં નાખી અભયકુમારને અવંતિ રવાના કરી દીધા. ત્યાં જઈ રાજાને સુપ્રત કર્યાં. અભયકુમાર વિચારવા લાગ્યો કે છેતરીને મને અહીં લાવ્યો છે. પણ હું તમને ધોળે દિવસે અહીંથી લઈ જઈશ. પછી ત્યાં અભયકુમારને બહુ સારી રીતે રાખ્યો. ચંડપ્રદ્યોતના અનેક કામો કરવાથી રાજાએ તેને વરદાનો આપ્યા. અભયકુમારે રાજા પાસે જ તે વરદાનો રહેવા દીધા. રાજા કહે રાજગૃહી જવા સિવાય વરદાન માંગજે. ચાર વરદાન ભેગા થવાથી અભયકુમારે તે માગ્યા. ત્યારે રાજા કહે – એ વરદાન હું આપી શકુ એમ નથી. માટે તું ખુશીથી ભલે રાજગૃહી નગરે જા. પછી અભયકુમારે જે પ્રતિજ્ઞા કરી હતી કે હું ધોળે દિવસે ચંડપ્રદ્યોતને લાવીશ. તે માટે એક દિવસ અભયકુમાર શેઠનો વેશ લઈ બે વેશ્યાઓ સાથે અવંતિ નગરીએ ગયો. ત્યાં રસ્તે જતી વેશ્યાઓને જોઈ ચંડપ્રદ્યોત રાજા મોહ પામ્યો. તેથી તેમને વશ કરવા માટે દાસીને વારંવાર મોકલે છે. ત્યાં સુધી અભયકુમારે ચંડપ્રદ્યોત નામના એક માણસને જાણે ગાંડો થયો હોય એવો તૈયાર કર્યો. તેને રોજ



રસ્તે થઈને લઈ જાય છે. તે બૂમો પાડે છે કે હું ચંડપ્રદ્યોત રાજા છું. એમ કરતાં એક દિવસે ચંડપ્રદ્યોત તે સ્ત્રીઓ પાસે આવ્યો ત્યારે શેઠના વેશે રહેલો અભયકુમાર ચંડપ્રદ્યોત રાજાને બજારમાંથી લઈ જાય છે. ત્યારે તે બૂમો પાડે છે કે હું તમારો રાજા ચંડપ્રદ્યોત છું પણ એને ગાંડો જાણી કોઈ સાંભળે નહીં. એમ કરતા રાજગૃહી લઈ આવ્યો. ત્યાં શ્રેણિક રાજાએ આદર સત્કાર સહિત તેને પાછો પોતાને ઘેર મોકલ્યો. એમ માયા વિનય વડે કોઈને છેતરી પાપના પોટલા બાંધુ નહીં.

## ૧૫૬. અદત્તાદાન લઉં નહીં.

અદત્તાદાન એટલે આપ્યા વિના કોઈની વસ્તુ લઉં નહીં. ચોરીનું બીજું નામ અદત્તાદાન છે. અદત્ત+આદાન=અદત્તાદાન, એટલે નહીં આપેલું લેવું તે. સાધુઓ સંપૂર્ણ રીતે આ વ્રત પાળી શકે છે. એમનાથી કશુંય લેવાય નહીં. રસ્તામાં પડેલી વસ્તુ પણ ન લેવાય. કાંટો વાગેલો હોય અને સોય પડી હોય તો પણ કોઈ આપે નહીં ત્યાં સુધી લે નહીં, એવો મુનિનો આચાર છે.

જેનો ત્યાગ કરી શકે નહીં એવી વસ્તુઓ જેમકે શ્વાસોચ્છ્વાસ લેવો કે નિરંતર કર્મગ્રહણ થઈ રહ્યા છે, તે અદત્તાદાન છે. પણ એ એની શક્તિની બહારની વાત છે. ખરું તો કર્મ પણ ગ્રહણ ન કરે તે સાચું અદત્તાદાન ત્યાગવ્રત છે. તે થવા અર્થે સંવરમાં રહેવા જણાવ્યું. સંવર એટલે આવતા કર્મને રોકવાં. તીર્થંકર, ગુરુ કે વસ્તુના સ્વામીએ જે જે વસ્તુ દાનમાં આપવાની ના કહી હોય અને તે આપે તો તે પણ અદત્તા દાન છે.

## ૧૫૭. ક્લેશ કરું નહીં.

ક્લેશ કરે તો કર્મ આવે માટે ક્લેશ કરું નહીં.

**"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર."**

**"સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનુ કારણ છે.**

**તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે. "** (વ.પૃ.૩૭૯)

માટે જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારી આત્મા સંબંધી જ્ઞાન મેળવી ક્લેશને નિર્મૂળ કરું.

**"જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં."** –શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૩૦૭)

**રાજા અને મંત્રીનું દૃષ્ટાંત –** એકદા રાજાનો અંગૂઠો કપાઈ ગયો ત્યારે મંત્રીથી બોલાઈ ગયું કે 'જે થાય તે સારા માટે.' રાજા ક્રોધાયમાન થયો. અરે મારો અંગૂઠો કપાઈ ગયો અને તું કહે 'સારા માટે'. નાખો એને જેલમાં. રાજાનો હુકમ છૂટ્યો કે તરત મંત્રી પાછો બોલી ઊઠ્યોઃ 'જે થાય તે સારા માટે.'

મંત્રી જેલની હવા ખાય છે. દર વખતે મંત્રીને સાથે રાખી શિકારની શોધમાં ફરતો રાજા આજે એકલો સૈન્યના થોડા માણસોને સાથે લઈ શિકારે ગયો. રાજા જંગલની અટવીમાં ભૂલો પડ્યો અને



લૂંટારાઓની પલ્લીના સરદારના હાથમાં આવી ગયો. તેને પુત્રની ઝંખના અર્થે યજ્ઞમાં કોઈ બત્રીશ લક્ષણા પુરુષની જરૂર હતી. રાજાને જોઈ યોગ્ય પાત્ર મળવાથી ખુશખુશાલ થયો. રાજાનો ભોગ લેવાની તૈયારી થઈ ગઈ હતી. ત્યાં વિધિકારક પંડિતની નજર રાજાના કપાયેલા અંગૂઠા પર પડી અને જાહેર કર્યું કે આ માણસ અખંડ નથી તેથી યજ્ઞમાં ચાલે નહીં. રાજા મનોમન આનંદ પામ્યો. પોતાના મંત્રીનો ખૂબ આભાર માની તેને જેલમાંથી છોડાવવા પોતાના રાજ્ય તરફ ઘોડો દોડાવ્યો. મંત્રીને મુક્ત કરી માફી માંગી અને પૂછ્યું કે પહેલી વખત તેં કહ્યું કે જે થાય તે સારા માટે તે તો સમજાઈ ગયું જેથી હું બચી ગયો. પણ તને જેલમાં નાખ્યો ત્યારે પણ તેં સારા માટે કહ્યું તે સમજાયું નહીં.

મંત્રીએ તરત ખુલાસો કર્યો કે તમે મને જેલમાં ન નાખ્યો હોત તો હું તમારી સાથે હોત, તેથી યજ્ઞ કરતા પંડિતે તમને છોડી મારા અક્ષત શરીરને યજ્ઞમાં હોમી દીધું હોત; એટલે તમે મને જેલમાં નાખ્યો તે પણ સારા માટે. એમ કોઈપણ નિમિત્તે મનમાં ક્લેશ લાવું નહીં. પણ જે થાય તે યોગ્ય જ માનું.

## ૧૫૮. દત્તા અનીતિ લઉં નહીં.

૧૫૬માં વાક્યમાં આવ્યું કે અદત્તા એટલે આપ્યા વગર લઉં નહીં. પણ કોઈ કહે કે બીજો કોઈ અન્યાયથી કોઈને મારી ઝૂંટીને લાવે અને તમને દાનમાં આપે તો તે તમે લો કે નહીં? તો કે તે અનીતિનું આણેલું હોવાથી લઉં નહીં. દાન તરીકે આપે તો પણ ન લઉં. વળી તે બીજાનું લાવીને આપે છે. તે વસ્તુનો સ્વામી દાન આપનારો નથી. જેની તે વસ્તુ છે તેને તો તે આપવું નથી. જેમકે શેઠના ઘરની કોઈ વસ્તુ તેનો નોકર આપતો હોય અને શેઠને ન આપવું હોય તો મુનિ તે લે નહીં. દાન લેવામાં અનીતિને પોષણ મળે એવું મુનિ કરે નહીં. લાંચ લઈને કોઈ દાન કરે તે પણ મુનિ લે નહીં.

## ૧૫૯. દુઃખી કરીને ધન લઉં નહીં.

ધનને અગિયારમો પ્રાણ કહે છે. દસ પ્રાણ ઉપરાંત અગિયારમો પ્રાણ તે ધન છે. ધન જતાં ઘરનાં બધાં દુઃખી થાય. તેથી અન્યાય માર્ગે કોઈનું ધન લઉં નહીં. લૂંટવાનું, ચોરવાનું, વિશ્વાસઘાત કરવાનું એ બધું આમાં આવી જાય છે. ન્યાયનીતિથી કે ઈનામ તરીકે કે દાન રૂપે કોઈ આપે તેમાં બીજાને દુઃખી કરીને લેવાનું ગણાય નહીં.

**કુમારપાળરાજાનું દૃષ્ટાંત –** એક વખતે રાજા કુમારપાળને, પોતે પૂર્વે પૃથ્વીમાં ફરતાં એક પાપ કર્યું હતું તે યાદ આવ્યું. તે એવી રીતે બન્યું હતું કે, એક વખતે રાજા દધિસ્થળીને માર્ગે જતો હતો. ત્યાં માર્ગમાં વૃક્ષની છાયામાં વિશ્રાંતિ લેવા બેઠો. તેવામાં એક ઉંદર દરમાંથી સોનામહોરો કાઢતો જોવામાં આવ્યો. રાજાએ વિચાર્યું કે 'આ મૂષક કેટલી મુદ્રા કાઢે છે તે જોઈએ.' ક્ષણવારમાં તેણે એકવીશ મુદ્રા કાઢી, પછી તે ઉપર નૃત્ય કરી અને શયન કરી એક મુદ્રા લઈને પાછો બિલમાં પેઠો. તે વખતે કુમારપાળે ચિંતવ્યું કે, 'અહો! આ પ્રાણીને ધનનો કાંઈ ભોગ નથી, કાંઈ ગૃહકાર્ય કરવાના નથી, કાંઈ પણ રાજાને આપવાનું નથી, બીજાનો કાંઈ સત્કાર કરવાનો નથી. વળી તીર્થયાત્રાદિક સુકૃત કાંઈ કરવાનું નથી, તથાપિ તે લુબ્ધબુદ્ધિથી ધન ઉપર કેવી પ્રીતિ રાખે છે? તેથી હું માનું છું કે, આ જગતમાં ધનના જેવું બીજું કાંઈ પણ મોહક નથી.' આ પ્રમાણે વિચારી રાજાએ બાકીની મુદ્રા લઈ લીધી અને દૂર ઊભો રહ્યો. એટલામાં તો ઉંદર બિલમાંથી નીકળ્યો, પણ ત્યાં એકે મુદ્રા ન દીઠી એટલે તત્કાળ હૃદય ફાટી જવાથી



મૃત્યુ પામ્યો. તે જોઈ રાજા ઘણો ખેદ પામ્યો સતો વિચારવા લાગ્યો કે-

धनेषु जीवितव्येषु, स्त्रीषु चान्येषु सर्वदा ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यंति यांति च ।।१।।

**ભાવાર્થ** – ''અહો! પ્રાણીઓ ધનની ઇચ્છામાં, જીવિતમાં, સ્ત્રીમાં અને બીજામાં સદા અતૃપ્ત રહ્યા સતા ચાલ્યા ગયા છે, ચાલ્યા જાય છે અને ચાલ્યા જશે.''

આ પ્રમાણે પૂર્વ પાપને યાદ કરી પાપનું પ્રાયશ્ચિત્ત કરવા સારું પ્રથમ વ્રત ગ્રહણ કરવાને સમયે તે સ્થળે જઈ ત્યાં ઉંદરિકાવિહાર નામે પ્રસાદ કરાવ્યો. તે આજે પણ ત્યાં છે. -ઉ.પ્રા.ભા.ભાગ-૨ (પૃ.૨૮)

**ફકીરનું દૃષ્ટાંત** – ''એક શેઠ હતા. તેમની પાસે એક ફકીરે આવી કહ્યું- મારે મક્કે જવું છે. માટે મારા કિંમતી હીરાની પોટલી તમે રાખો. શેઠે આનાકાની કરી પણ ફકીરે બહુ આગ્રહ કર્યો તેથી પોટલી ઉપર નામ લખીને કબાટમાં મૂકી. ફકીર ગયા પછી હીરા વેચીને બીજી જગ્યાએ નવું ઘર બંધાવ્યું. ફકીર પાછો આવ્યો ત્યારે શેઠ પાસે હીરાની પોટલી માગી. તે વખતે શેઠ કહે-તે ઘર તો બળી ગયું. તેમાં તારી કપડાંની પોટલી પણ બળી ગઈ. એ સાંભળતા જ તેને આઘાત લાગ્યો અને તે મરી ગયો. મરીને તે શેઠાણીની કૂખે જ અવતર્યો. આ બધું મુનીમ જાણતો હતો. તેથી પુત્ર માટે જે ખર્ચો થાય તેનો જાુદો હિસાબ રાખતો. પુત્ર મોટો થયો ત્યારે તેને પરણાવ્યો. મુનીમે શેઠને કહ્યું તમારો પુત્ર છ મહિના જીવવાનો છે. અચાનક પુત્ર બીમાર પડ્યો. વૈદો બોલાવ્યા. પણ પુત્ર બચી શક્યો નહીં. ત્યારે શેઠે મુનીમને કહ્યું- તને છ માસનું એનું આયુષ્ય છે એમ કેમ ખબર પડી? ત્યારે કહ્યું – તે ફકીરનો જીવ હતો. જે હીરા વેચ્યા, તેના જે પૈસા આવ્યા તે જમા કર્યા હતા. તે હિસાબ પૂરો થતાં તે ચાલ્યો ગયો. હવે તે મૂડીના વ્યાજને ચુકવવા આ બાળવિધવા પુત્રવધૂને પાછળ મૂકતો ગયો છે. તેનું તમે પાલન કરો.'' -સૂયગડાંગસૂત્રના આધારે.

## ૧૬૦. ખોટો તોલ તોળું નહીં.

માયાથી ઓછું-વધતું તોલે પણ સરખું તોલે છે એમ બતાવે. લોખંડના તોલ કરવાના કાટલામાં નીચે ખાડો પાડી તોલને સરખું કરવા માટે કથીર ચોંટાડવામાં આવે છે, તેને કાઢી નાખે જેથી તોલ ઓછું થઈ જાય. અથવા વસ્તુ લેવાના માપ જાુદા રાખે અને વસ્તુ આપવાના માપ જાુદા રાખે. એમ ખોટાં તોલ કરે. જેમ માયા કરે તેમ આ ખોટાં ત્રાજવા રાખે તે પણ ચોરી છે. ખોટા તોલની જેમ અનાજ વગેરે ભરવાના માપીયા ખોટાં રાખે તે પણ ચોરી જ છે. એમ અનીતિ કરી બીજાને ઠગે તે જીવને ઘણા દુઃખનું કારણ છે. માટે ખોટાં તોલે તોળું નહીં.

## ૧૬૧. ખોટી સાક્ષી પુરું નહીં.

કોઈ વસ્તુનો નિર્ણય ન થતો હોય તો સાક્ષી રાખે. હાલમાં ભાડુતી ખોટા સાક્ષી મળી આવે, ત્યાં ન્યાય ક્યાં રહ્યો. ખોટી સાક્ષી આપવી તે પણ જાૂઠ છે. ખોટી સાક્ષી ગમે તેમાં આપે તે વિશ્વાસઘાત કહેવાય. માટે કોઈ પણ કાર્યમાં ખોટી સાક્ષી પુરું નહીં.

## ૧૬૨. ખોટા સોગન ખાઉં નહીં.

ઉપર ખોટી સાક્ષી વિષે કહ્યું. હવે ખોટા સોગન ખાવા વિષે કહે છે. હડહડતું જાૂઠું બોલે અને કહે કે ભગવાનના સમ. કેટલાકને એવી સોગન ખાવાની ટેવ પડેલી હોય છે કે, મારા સમ, ભગવાનના સમ, તમારા સમ. 'તમને છેતરે તે ગામનો બેટો થાય.' તમને ન છેતરું. આવા સોગન ખાય પણ સમજે નહીં કે


કુમારપાળ, ફકીર અને શેઠ
કુમારપાળ અને ઉંદર
મ્હોરો લઈ લેવાથી ઉંદરનું મૃત્યુ
શેઠને પોટલી આપતો ફકીર
ફકીરને લાગેલ આઘાત
ફકીરનો જીવ શેઠનો પુત્ર થઈ
પામેલ મરણ
વ્યાજમાં પુત્રવધુનું પાલન



શું બોલે છે. માતાના, મહાદેવના વગેરે ઘણાના સોગન ખાય તેને એ બધું સામાન્ય થઈ ગયું છે કે સમ ખાવામાં શું જાય છે? પણ કર્મ બંધાય છે તેનું તેને ભાન નથી. માટે ખોટા સોગન ખાઉં નહીં.

## ૧૬૩. હાંસી કરું નહીં.

હાંસી એટલે મશ્કરી કરું નહીં. નજીવી બાબતમાંથી કોઈ સાથે વેર બંધાઈ જાય. હાંસીની ફાંસી થઈ જાય અથવા હાંસી કરતા કોઈ ઝેર ખાઈ બેસે.

**રાજા અને સાળાનું દૃષ્ટાંત –** એક રાજા પરણીને હાથી પર બેસી પોતાની સ્ત્રી અને સાળા સાથે આવતો હતો. વચ્ચે એક ટેકરી ઉપર મુનિ તપસ્યા કરતા હતા તેને રાજાએ નમસ્કાર કર્યાં. ત્યારે સાળાએ મશ્કરી કરી કે મુનિ થવું છે કે શું? મુનિ થવું હોય તો હું તમારો ચેલો થાઉં. રાજા નાની ઉંમરનો હતો પણ ભાવ ઘણા સારા હતા. દીક્ષા લેવાના જ ભાવ હતા. તેથી રાજાએ કહ્યું 'તું બોલ્યો પણ હવે ફરી ન જઈશ!' એમ કહી રાજા હાથી પરથી ઊતરી પડ્યો અને મુનિ પાસે ટેકરી પર જવા લાગ્યો. સાળાને લાગ્યું કે હું તો મશ્કરી કરતો હતો પણ આણે તો ખરેખરું કરવા માંડ્યું. તેથી રાજા પાસે જઈ પગે પડ્યો અને કહ્યું કે હું તો મશ્કરી કરતો હતો કે આમ તે વળી કોઈ મુનિ બને? પછી રાજાએ તેને સંસાર કેવો દુઃખરૂપ છે એની વાત કહી અને સાળા તથા પોતાની પરણેલી સ્ત્રીને પણ સમજાવી. બધાએ સાથે દીક્ષા લીધી.

બોલતાં પહેલાં વિચાર કરવો જોઈએ કે આ બોલીએ છીએ તેનું શું પરિણામ આવશે, નહીં તો પછી પસ્તાવું પડે છે.

**દ્રૌપદીનું દૃષ્ટાંત –** દ્રૌપદીએ પણ મશ્કરીમાં કહ્યું કે આંધળાના પુત્ર આંધળા. તેથી દુર્યોધન ગુસ્સે ભરાયો અને મહાભારતનું યુદ્ધ મંડાયું. માટે કદી કોઈની હાંસી મશ્કરી કરવી નહીં.

## ૧૬૪. સમભાવથી મૃત્યુને જોઉં.

**''જીવિત કે મરણે નહીં ન્યુનાધિકતા. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?''** સમાધિમરણની આ દશા કહી. મરણ આવે તો ભલે અને ન આવે તોય ભલે. વહેલું આવે, મોડું આવે, ગમે ત્યારે આવે, એવી દશા સમભાવની છે. કોઈ માંદા હોય અને દુઃખ સહન ન થતું હોય તો મરણને ઇચ્છે છે અથવા કોઈને ભોગોમાં આસક્તિ હોય તેથી મરણ ન આવે તો સારું એમ ઇચ્છે છે. પણ જેની આત્મિકદૃષ્ટિ છે, જેણે આત્મા જ સુખરૂપ માન્યો છે, તેને સર્વ અવસ્થા સુખરૂપ છે. તે મરણથી ડરતાય નથી અને મરણને ઇચ્છતા પણ નથી; બન્ને પ્રત્યે સમભાવ છે.

## ૧૬૫. મોતથી હર્ષ માનવો.

પ્રભુશ્રીજી કહેતા કે, ''મૃત્યુ મહોત્સવ છે.'' કૃતકૃત્ય થવારૂપ જેણે જીવન ગાળ્યું છે તેને મરણ તો પરાધીનતામાંથી મુક્ત કરે છે. મૃત્યુથી જે ડરતા હોય તેને વિચારની આ બીજી બાજુ બતાવી. ડર કાઢવો હોય તો કોઈ હર્ષનું કારણ હોય તો ડર જાય. જેમ કૂવો કૂદવો ભયંકર છે. પણ કોઈ ઈનામ કાઢ્યું હોય તો ખુશીથી કૂદી જાય છે. તેમ મરણનો ભય દૂર કરવા માટે શાસ્ત્રોમાંથી મરણથી થતા ફાયદા પણ વર્ણવ્યા છે. જેમકે મરણ ન હોય તો કેટલો બધો વખત દુઃખદ અવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં રહેવું પડે! જે કંઈ પુણ્યકાર્ય કર્યું હોય તેનું ફળ સ્વર્ગાદિ અન્ય સ્થળે મરણ પછી ભોગવાય છે. મોક્ષ પણ મરણ પછી જ થાય



છે. આ બધા હર્ષના કારણો મરણનો ભય દૂર કરવા માટે જણાવ્યા. તેથી મોત આવ્યે હર્ષ માનવો જોઈએ.

## ૧૬૬. કોઈના મોતથી હસવું નહીં.

બીજાના મરણ વખતે હસવું તે બહુ વિચારશૂન્ય, હલકી દશા છે. મરણ છે તે વૈરાગ્યનું નિમિત્ત છે. એથી પોતાની અવસ્થા પણ સાંભરે કે આપણે પણ બધું છોડીને આમ જ જવાનું છે. બધા પ્રસંગોમાં મરણ એક ગંભીર પ્રસંગ છે.

**એક છોકરાનું દૃષ્ટાંત** – કોઈ એક છોકરો તળાવમાં દેડકા ઉપર ઢેફાં ફેંકતો હતો. તેમાંના એક દેડકે આવીને કહ્યું કે ભાઈ, '' તમારી તો રમત થાય કે ગમ્મત થાય છે, પણ અમારા તો પ્રાણ જાય છે.'' આવા ગંભીર પ્રસંગે હસવું એ છોકરવાદ જેવું છે. કોઈને વિચાર ન હોય અથવા ગાંડો હોય તે હસે. આવા વખતે તો ગંભીર વિચારમાં પડી જવું જોઈએ કે આપણું પણ આ મરણ કેમ ટળે? અને જન્મમરણના ફેરામાં ફરી ન જવું પડે તેના શા ઉપાય હશે? એવા વિચાર કરવા જોઈએ.

**એક મશ્કરાનું દૃષ્ટાંત** – એક મશ્કરો હતો. તેણે મારા મરણ પછી પણ બધા હસે એવા વિચારથી ભીંતે પગ ઊંચા અડાડીને સૂઈ ગયો. તેજ સ્થિતિમાં તેનું મરણ થયું. ઠાઠડીમાં સુવડાવવા જાય ત્યારે અક્કડ થયેલું શરીર બેઠું થઈ જાય. આખી જિંદગી હાંસી મશ્કરીમાં ગાળી તેથી છેવટે પણ એવી મતિ ઉત્પન્ન થઈ.

**કાજીનું દૃષ્ટાંત** – પૂ. પ્રભુશ્રીજી એક કાજીનું દૃષ્ટાંત આપતા. કોઈ મુસલમાન રાજાને કાજી રોજ કુરાન સંભળાવવા જાય પણ રાજાને નવરાશ ન મળે. કાજી રોજ ખોટી થાય અને એમને એમ પાછા જાય. એક દિવસે એ રાજાનો દેહ છૂટ્યો તે વખતે પણ કુરાન લઈને કાજી આવ્યા. દફનની તૈયારી બધા કરતા હતા તે વખતે કુરાન વાંચવા બેઠા. તે જોઈ બધાએ કહ્યું - રાજા સાહેબ તો મરી ગયા. હવે કોને કુરાન સંભળાવો છો? ત્યારે કાજીએ કહ્યું કે એમને આખી જિંદગી વખત મળ્યો નહીં. હવે વખત મળ્યો છે, માટે સંભળાવું છું. બધા કહે એ તો જીવતા નથી તો શું સાંભળે. ત્યારે કાજીએ કહ્યું–તમે તો બધા જીવતા છો ને! તમે સાંભળો. તમને પણ બીજો વખત ક્યાં મળે છે.

## ૧૬૭. વિદેહી હૃદયને કરતો જઉં.

'વિદેહી હૃદયને કરતો જઉં.' એમ મનમાં હોય તો રોજ રોજ વિશેષ વિશેષ દશા વિદેહી કરતો જાય. પણ સંવત્ ૧૯૭૭ની તત્ત્વજ્ઞાનમાં 'વિદેહી હૃદયને કરતો જોઉં' એમ છે તો હું ''મારા હૃદયને વિદેહી કરતો જોઉં.'' દિવસે દિવસે હૃદય વિદેહી થાય છે કે નહીં તેનું નિરીક્ષણ કરું. આ એક અહીં અભિલાષા કરી છે. આવો વિદેહી થવાનો પુરુષાર્થ કરતો હું મારા આત્માને જોઉં. વિદેહી દશાનો પોતે સાક્ષીરૂપ છે. વિદેહી દશા થઈ હોય અને આત્મા પોતે બધી ક્રિયાઓને સાક્ષીરૂપે થતી જોતો હોય એમ ભાવના કરી છે.

**'ઉપદેશામૃત'માંથી :–**

**જનક વિદેહીનું દૃષ્ટાંત** – જનકવિદેહીના ગુરુ જ્યારે જનક રાજા સભામાં આવે ત્યારે વ્યાખ્યાન શરૂ કરતા હતા. શ્રોતાઓમાં ઘણા સંન્યાસીઓ પણ હતા. તે નદીકિનારે ઝૂંપડા બાંધીને રહેતા હતા. તેમને ઈર્ષા થવા લાગી કે અમે ત્યાગી છીએ અને આ જનકરાજા ગૃહસ્થ છે, છતાં ગુરુ તેમનું બહુમાનપણું કેમ રાખે છે? તે વાત ગુરુના સમજવામાં આવી. તેથી એક દિવસે ગુરુએ નદીકિનારા ઉપરના ઝૂંપડા બળતાં


જનક વિદેહી
જનક વિદેહીનું સભામાં આગમન
નદી કિનારે ઝુંપડાં બળતા
મિથિલા નગરી બળતી



હોય તેવો ચમત્કાર બતાવ્યો. તે જોઈ બધા સંન્યાસીઓ પોતાના તુંબડા, કપડાં, માળા, આસન વગેરે લેવા દોડ્યાં. બીજે દિવસે જનક રાજા સભામાં આવ્યા પછી મિથિલા નગરી બળતી દેખાડી પણ જનક રાજાએ કહ્યું કે મારું કંઈ બળતું નથી. એમ કહી વ્યાખ્યાનમાં શાંતિથી બેસી રહ્યા. (પૃ.૪૬૧) એમ મારા હૃદયને વિદેહી કરતો જઉં.

## ૧૬૮. વિદ્યાનું અભિમાન કરું નહીં.

શાસ્ત્રજ્ઞાન મેળવવાથી કે ભણવાથી કે અમુક પરીક્ષા પાસ કરવાથી નવું જાણવાનું મળે, વિશેષ સમજણ થાય, તીવ્ર બુદ્ધિ થાય, તેથી જીવને સંતોષ થાય એ સ્વાભાવિક છે. પરંતુ ટૂંકી દૃષ્ટિ હોય તો એ વિદ્યાનું પાછું અભિમાન થાય છે કે બીજા આવું જાણતા નથી. બીજાના કરતાં હું વધારે ડાહ્યો થયો છું, સમજું થયો છું, ચઢિયાતો છું એમ થાય. પણ જો બીજા તરફ દૃષ્ટિ કરવી હોય તો વિશેષ જાણનારા એવા કેવળજ્ઞાની આદિ તરફ દૃષ્ટિ કરવા યોગ્ય છે કે જેથી **''અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય.''** એવું ફળ આવે. આઠ પ્રકારના મદ કહેવાય છે. તે બધા પ્રકારના મદ દૂર કરવાનું કારણ જ્ઞાન કે વિદ્યા છે. પણ જો જ્ઞાન કે વિદ્યાનું જ અભિમાન થાય તો પછી શા વડે બધા મદ દૂર કરે?

**''માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;**
**જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.''** -આત્મસિદ્ધિ

સદ્ગુરુનું શરણું વિદ્યાના અભિમાનીને મળવું કઠણ છે. કારણ તેને શાસ્ત્ર-અભિનિવેશ હોય છે. શાસ્ત્રથી વધારે એ શું કહેવાના છે એમ થાય. આ ભવમાં જે વસ્તુનું અભિમાન કરે તે પરભવમાં મળતી નથી અને આ ભવમાં પણ અભિમાનથી તે ઓછી થઈ જાય છે. માટે વિદ્યાનું અભિમાન કરું નહીં.



**સ્થૂલિભદ્રનું દૃષ્ટાંત –** એકદા સ્થૂલિભદ્રની બહેનો યક્ષા વગેરે સાધ્વીઓ તેમને વંદન કરવા માટે આવી. પ્રથમ સૂરિને વાંદીને તેઓએ પૂછ્યું કે- ''હે પ્રભુ! સ્થૂલિભદ્રમુનિ ક્યાં છે?'' સૂરિએ કહ્યું કે-''નાના દેવકૂળમાં છે.'' એમ સાંભળી સાધ્વીઓ તે તરફ ચાલી, તેમને આવતી જોઈને સ્થૂલિભદ્રે આશ્ચર્ય દેખાડવા માટે પોતાનું રૂપ ફેરવીને સિંહનું રૂપ ધારણ કર્યું. સાધ્વીઓ સિંહને જોઈ ભય પામી અને સૂરિ પાસે આવીને તે વાત કહી. સૂરિએ ઉપયોગથી તે હકીકત જાણીને કહ્યું કે-''તમે જઈને વાંદો, ત્યાં તમારા મોટાભાઈ જ છે, સિંહ નથી.'' એટલે તે સાધ્વીઓ ફરીથી ત્યાં ગઈ, તે વખતે સ્થૂલિભદ્ર પોતાના જ સ્વરૂપે હતા, તેમને વંદના કરી. પછી તેમના ભાઈ શ્રીયકના સ્વર્ગગમનનું વૃત્તાંત કહીને તેમજ પોતાનો સંશય ટાળીને તે સાધ્વીઓ પોતાને સ્થાને ગઈ.

પછી સ્થૂલિભદ્ર વાચના લેવા માટે ગુરુ પાસે ગયા, તે વખતે સૂરિએ વાચના આપી નહીં અને બોલ્યા કે-''તું વાચનાને અયોગ્ય છે.'' અચાનક ગુરુનું આવું વચન સાંભળીને સ્થૂલિભદ્ર દીક્ષાના દિવસથી આરંભીને પોતાના અપરાધ સંભારવા લાગ્યા. પછી તે બોલ્યા કે-''હે પૂજ્ય ગુરુ! મેં કાંઈ પણ અપરાધ કર્યો જણાતો નથી, પણ આપ કહો તે ખરું.'' ગુરુ બોલ્યા કે-''તું અપરાધ કરીને કબૂલ કરતો નથી? તેથી



શું પાપ શાંત થઈ ગયું?'' પછી સ્થૂલિભદ્ર સિંહનું રૂપ કરવા વડે કરેલી શ્રુતની આશાતનાનું સ્મરણ કરીને ગુરુના ચરણકમળમાં પડ્યા અને બોલ્યા કે-''ફરીથી આવું કામ નહીં કરું, ક્ષમા કરો.'' સૂરિ બોલ્યા કે-''તું યોગ્ય નથી. તને વિદ્યાનું અજીર્ણ થયું છે. તું વિદ્યા જીરવી શક્યો નથી.'' પછી સ્થૂલિભદ્ર સર્વ સંઘ પાસે ગયા અને તેમને પ્રાર્થના કરી ગુરુ પાસે મોકલી ગુરુને મનાવવા લાગ્યા; કેમકે ''મોટાનો કોપ મોટા શાંત કરી શકે.'' સૂરિએ સંઘને કહ્યું કે-''જેમ આ સ્થૂલિભદ્રે હમણાં પોતાનું રૂપ વિકુર્વ્યું તેમ બીજા પણ કરશે અને વિદ્યાનો દુરુપયોગ કરશે. વળી હવે પછી મનુષ્યો મંદ સત્ત્વવાળા થશે.'' તો પણ સંઘના વધારે આગ્રહથી સ્થૂલિભદ્રને ભણાવવા કહ્યું. ત્યારે ગુરુએ ઉપયોગ આપ્યો તો જાણ્યું કે-''બાકીના પૂર્વનો મારાથી અભાવ નથી, માટે આ સ્થૂલિભદ્રને બાકીના પૂર્વો ભણાવું.'' એમ વિચારી ગુરુએ ''તારે બીજા કોઈને બાકીના પૂર્વો ભણાવવાં નહીં.'' એવો અભિગ્રહ કરાવીને સ્થૂલિભદ્રને વાચના આપી. તેથી તે ચૌદ પૂર્વના ધારણ કરનારા થયા. (ઉ.પ્રા.ભા.ભાગ-૪માંથી)

## ૧૬૯. ગુરુનો ગુરુ બનું નહીં.

અભિમાન આવે ત્યારે એવું થાય છે. અભિમાનથી ગુરુના પણ દોષ જોવાની દૃષ્ટિ થઈ જાય છે. ગુરુએ આમ બોલવું જોઈએ, આમ બેસવું જોઈએ વગેરે. પણ હું કંઈ જાણતો નથી, ગુરુ જણાવે તે મારે જાણવું છે. ગુરુનું સંમત કરેલું મારે સંમત કરવું છે એવી દૃષ્ટિ હોવી જોઈએ.

**ગુરુ શિષ્યનું દૃષ્ટાંત**–શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે આ કાળના શિષ્યો વક્ર અને જડ હોય છે. એકવાર શિષ્યો દિશાએ ગયા હતા. તે બહુ વાર થયા પછી પાછા આવ્યા ત્યારે ગુરુએ પૂછ્યું : કેમ મોડું થયું? ત્યારે આનાકાની કરતાં કહ્યું કે નટ નાટક કરતા હતા તે જોવા ઊભા રહ્યા હતા. ગુરુએ કહ્યું : 'નટનો ખેલ આપણે ન જોવો.' પછી બીજીવાર ફરી એવો પ્રસંગ આવ્યો. ત્યારે નટડી નાટક કરતી હતી તે જોવા ઊભા રહ્યા. ગુરુએ પૂછ્યું કે આટલો બધો વખત શામાં ગયો? ત્યારે શિષ્યે જવાબ આપ્યો કે નટડી ખેલ કરતી હતી ત્યાં જોવા ઊભા હતા. તે સાંભળી ગુરુએ કહ્યું : તમને તે જોવાની ના પાડી હતી ને? તેના જવાબમાં શિષ્યે કહ્યું કે ''તમે તો નટની ના પાડી હતી પણ નટડી ન જોવી એમ કહ્યું હોત તો ઊભા ન રહેત. તમે તે વખતે બરાબર ન કહ્યું એ તમારો વાંક છે.

ગુરુએ કહેલા આશયને પણ શિષ્ય બરાબર સમજતો નથી અને પોતાનો દોષ જોતો નથી પણ ઊલટો ગુરુનો દોષ કાઢે છે. ગુરુએ કેમ વર્તવું જોઈએ તેની કાળજી આવા શિષ્ય રાખે છે, પણ પોતે કેમ વર્તવું તેની કાળજી આ કાળના વાંકા શિષ્યો રાખતા નથી. (કલ્પસૂત્ર પૃ.૧૨)

## ૧૭૦. અપૂજ્ય આચાર્યને પૂજું નહીં.

**''ગુણાઃ પૂજાસ્થાનં ગુણીષુ, ન ચ લિંગ ન ચ વયઃ ।''**

અપૂજ્ય આચાર્યને પૂજવાથી, દોષને ગુણ માનવારૂપ મિથ્યાત્વ પોષાય છે. આચાર્યને સદ્‌ગુરુ તરીકે માનવામાં જો ભૂલ હોય તો તેણે સમજાવેલો ધર્મ પણ ભૂલવાળો હોવા છતાં સાચો મનાય છે અને તેણે જણાવેલ દેવ પણ કુદેવ હોય તો પણ સાચા મનાય છે. એમ ગુરુતત્ત્વમાં ભૂલ થવાથી દેવ-ગુરુધર્મ ત્રણે તત્ત્વમાં ભૂલ થાય છે. તેથી મોહથી છૂટવાનું બનતું નથી. જેને આધારે સત્ જાણવાનું છે તે ગુરુ જ ખોટા હોય તો પછી બધું જ ખોટું મનાય છે. જગતમાં આ પ્રકારે અપૂજ્યને પૂજવાનું ચાલુ છે. ન્યાતમાં બધાયે પૂજતા હોય અને આપણે ન માનીએ તો આપણને નાત બહાર મૂકશે, નિંદા કરશે ઇત્યાદિ લોકલાજનો ડર



રહ્યા કરે છે. લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા કે લોકલાજ હોય ત્યાં સુધી સત્‌માર્ગમાં જીવનું વીર્ય સ્ફુરાયમાન થતું નથી. માટે અપૂજ્ય આચાર્યને પૂજું નહીં.

**"મનસુખભાઈ કહે — સાહેબ! ચંદ્રસૂરિ આપને યાદ કરી પૃચ્છા કરતા હતા. આપ અહીં છો એ એમને ખબર ન હતી. આપને મળવા માટે આવ્યા છે.**

**શ્રીમદ્ કહે —પરિગ્રહધારી યતિઓને સન્માનવાથી મિથ્યાત્વને પોષણ મળે છે, માર્ગનો વિરોધ થાય છે. દાક્ષિણ્યતા-સભ્યતા પણ જાળવવાં જોઈએ. ચંદ્રસૂરિ અમારા માટે આવ્યા છે. પણ જીવને છોડવું ગમતું નથી, મિથ્યા ડાહી ડાહી વાતો કરવી છે, માન મૂકવું ગમતું નથી. તેથી આત્માર્થ ન સરે."**

-શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૬૬૭)

## ૧૭૧. ખોટું અપમાન તેને આપું નહીં.

અપૂજ્ય આચાર્યને હું પૂજતો નથી માટે એનું ખોટું દેખાય કે લોકોમાં તિરસ્કાર થાય અથવા અપમાન થાય એમ કરવાની કંઈ જરૂર નથી. આપણને લાભ થતો હોય તો પૂજવાની જરૂર છે, પણ લાભ ન થાય એમ લાગતું હોય તો આપણે ન પૂજવા, તે વ્યાજબી છે; પણ એના છિદ્રો અથવા દોષો જોવાં કે ઉઘાડાં પાડવાં કે તેની નિંદા કરવી તે આપણી હલકાઈ જણાવે છે. સામાન્ય માણસનું પણ નિષ્કારણ અપમાન આપણે કરતા નથી અને કરવું પણ ન ઘટે, તો જેને ઘણા માણસો માને છે તેનું અપમાન કરવાથી ઘણાની લાગણી દુભાય; એમ કરવું નહીં. સત્યને ખાતર કહેવું પડે તે જુદી વાત છે. પણ બીજાનું અપમાન કરી રાજી થવારૂપ હલકી વૃત્તિ પોષવા યોગ્ય નથી. ખોટું કોઈને માન આપવું નહીં, તેમ ખોટું અપમાન પણ કરવું નહીં. દરેક માણસ આપણી સજ્જનતાની આશા રાખે છે માટે આપણે પણ સજ્જન તરીકે વર્તવું.

## ૧૭૨. અકરણીય વ્યાપાર કરું નહીં.

અકરણીય એટલે નહીં કરવા યોગ્ય એવા ૧૫ પ્રકારના ઘણાં મહાપાપવાળા ધંધા કહ્યા છે. તે પાપથી ડરવાવાળા શ્રાવકે કરવા યોગ્ય નથી. તે આ પ્રમાણે-

(૧) **અંગાર કર્મ**—ચૂનાની ભઠ્ઠી પાડનાર કુંભાર અને ભાંડભૂજા આદિના કામ જેમાં કોલસા વગેરે ઈંધન સળગાવવાની બહુ જરૂર પડતી હોય.

(૨) **વન કર્મ**—મોટા મોટા જંગલ ખરીદી કાપવા વગેરેનું કામ.

(૩) **શકટ કર્મ**—એક્કા, બગી, બળદગાડી, ઘોડાગાડી વગેરે જાતજાતનાં વાહનો ખરીદવા તથા વેચવાનો ધંધો કરવો.

(૪) **ભાટક કર્મ**—ઘોડા, ઊંટ વગેરેને ભાડે આપે, ભાડે ફેરવી રોજગાર ચલાવવો.

(૫) **સ્ફોટક કર્મ**—કૂવા, તળાવ, રેલ્વે લાઈન વગેરે ખોદવા-ખોદાવવાનો વ્યવસાય કરવો.

(૬) **દંત વાણિજ્ય**—હાથીદાંત, છીપ વગેરેનો વ્યાપાર કરવો.

(૭) **લાક્ષા વાણિજ્ય**—લાખ, ગુંદર વગેરે વસ્તુઓનો વ્યાપાર કરવો.

(૮) **રસ વાણિજ્ય**—ઘી, દૂધ વગેરે વિગય અને મદિરા આદિ મહાવિગયનો વ્યાપાર કરવો.

(૯) **કેશ વાણિજ્ય**—મોર, પોપટ, બગલાં આદિ પક્ષીઓના પીછાંનો તથા ચમરી ગાય વગેરે ચતુષ્પદના વાળનો-ઊનનો વ્યાપાર કરવો.



(૧૦) **વિષ વાણિજ્ય**–અફીણ, સોમલ વગેરે ઝેરી પદાર્થોનો વ્યાપાર કરવો.

(૧૧) **યંત્ર પીલન કર્મ**–ચક્કી, ઘાણી, ચીચોડો વગેરે ચલાવવાનો ધંધો કરવો.

(૧૨) **નિર્લાંછન કર્મ**–ઊંટ, બળદ વગેરેના નાક છેદવા અથવા બકરી વગેરેના કાન વીંધવા.

(૧૩) **દવદાન કર્મ**–જંગલ, ગામ, ઘર વગેરેમાં આગ લગાડવી.

(૧૪) **જલ શોષણ કર્મ**–હોજ, કુંડ, તળાવ વગેરેને સૂકવવાનો વ્યાપાર.

(૧૫) **અસતીપોષણ કર્મ**–બિલાડી, કૂતરા, નોળિયા, સાપ વગેરે હિંસક પ્રાણીઓનું પાલન તથા દુરાચારી મનુષ્યોનું પોષણ કરી આજીવિકા ચલાવવી. –શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર

ધન મેળવવાના લોભ આગળ વિચાર આવતો નથી કે આ કરવા યોગ્ય છે કે નહીં.

અનાવશ્યક પ્રવૃત્તિ કરવી તે પણ એક પ્રકારનો અકરણીય વ્યાપાર જ છે. જે પ્રવૃત્તિ આપણે કરવી પડે એમ ન હોય તે અકરણીય પ્રવૃત્તિ કહેવાય. જેમકે જે પ્રવૃત્તિમાં આપણી ફરજ નથી પણ ઘણી વખતે લોકોમાં સારા દેખાવા માટે પ્રવૃત્તિ થતી હોય, અથવા વાતો કે નિંદા કરવાની ટેવ હોય તેથી બીજાની વાતો કરવામાં ભળી જવાય એવી મન વચન કાયાની બધી પ્રવૃત્તિ તે અકરણીય પ્રવૃત્તિ છે. તે રોકાય, તો જે પ્રવૃત્તિ ભક્તિ સ્વાધ્યાય આદિની કરવા યોગ્ય છે તેને માટે ઘણો વખત મળી શકે એમ છે.

## ૧૭૩. ગુણ વગરનું વક્તૃત્વ સેવું નહીં.

કહેવા યોગ્ય શાસ્ત્રજ્ઞાન હોય નહીં અને કાળ કાઢવા માટે માત્ર વાત કરે. ઘણા વ્યાખ્યાનોમાં એવું હોય. એના કરતાં મૌન રહેવું સારું છે. માટે ગુણ વગરનું વક્તાપણું સેવું નહીં.

**''નહી દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;**
**સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.''** –શ્રીમદ્ રાજચંદ

''થોડું જાણીને તું બીજાને ઉપદેશવા ન જા. જેમકે કૂકડીને નાનું ઢેકું આપે તો તેનું મોં ભરાઈ જાય તેથી તેને બહાર કાઢી નાખે, તેમ તું પોતે બોધ ગ્રહણ કરવાને બદલે કાઢીને બીજાને આપવા ન જા. જેટલો બને તેટલો બોધ તારામાં સમાવી પોતા માટે વિચાર. બીજાને બોધ આપવાનું કામ તો જ્ઞાનીનું છે ને તે માટે ઘણી ઊંચી દશાની જરૂર છે. માટે તું ખોટો જ્ઞાની થઈ ન બેસ. **''સમજ્યા તે શમાઈ ગયા.''**

ઉપદેશ દેનારે સ્વાધ્યાય અર્થે બોલવું જોઈએ, સાંભળનાર જો ધ્યાન આપે તો હિત થાય. પરંતુ ઉપદેશ કરનારનું લક્ષ તો પોતા માટે ગ્રહણ કરવાનું હોવાથી તેને તો લાભ થવો જ જોઈએ. વાચના, પૃચ્છના, પરાવર્તના, આમ્નાય, ને ધર્મકથા એટલે ઉપદેશ એ બધા સ્વાધ્યાયના ભેદ છે. સ્વ+અધ્યાય=પોતાને અર્થે વિચાર કરવો. પોતાના દોષો વિચારી દૂર કરવા. પારકાના દોષો જોવા નહીં.'' –નિત્યનિયમાદિ પાઠ (પૃ.૧૦૭)

## ૧૭૪. તત્ત્વજ્ઞ તપ અકાળિક કરું નહીં.

તત્ત્વજ્ઞ એટલે તત્ત્વને જાણવાવાળા એવા જ્ઞાનીપુરુષે કહેલા યમનિયમ વગેરે તપ અકાળિક એટલે યોગ્યતા વગર કરું નહીં. વાસુદેવાદિક સમકિતી જીવો, દેવો વગેરેને સાધવા અઠ્ઠમ તપ વગેરે કરે છે, પણ તેને લૌકિક ગણે છે. ઇચ્છા ન રોકાય ત્યાં સુધી ખરું તપ કહેવા યોગ્ય નથી. બાહ્ય ઉપવાસ વગેરે કરીને જો વૃત્તિ ન રોકાય તો જ્ઞાનીઓ તેને તપ કહેતા નથી. લોકોને દેખાડવા માટે, લોકરંજન અર્થે



કાયક્લેશ આદિ કરી શકે એમ હોય છે, તો પણ સમકિતી જીવો, કષાયની મંદતા થયા વિના તેને નિરર્થક જાણી ધર્મને નામે કાયક્લેશાદિ કરતા નથી.

## ૧૭૫. શાસ્ત્ર વાંચું.

સ્વાધ્યાય એ પણ અંતરંગ તપ છે. યથાર્થ સમજણ આવવાનું તે નિમિત્ત છે. માટે સ્વાધ્યાય સદૈવ કર્ત્તવ્ય છે. સત્પુરુષના વચનો એ શાસ્ત્રરૂપ છે.

## ૧૭૬. પોતાના મિથ્યા તર્કને ઉત્તેજન આપું નહીં.

પોતાની માન્યતા કે તર્ક હોય તેને પોષણ આપવા માટે જ વાંચે તો તે વાંચન પણ નિરર્થક છે. મધ્યસ્થબુદ્ધિ રાખીને આત્માર્થે વાંચવા યોગ્ય છે. એવી દૃષ્ટિ ન રહે તો **"ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે"** એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે.

## ૧૭૭. સર્વ પ્રકારની ક્ષમાને ચાહું.

ક્ષમા એ સર્વ રીતે હિતકારી છે અને ઇચ્છવા યોગ્ય છે. (૧) સર્વ પ્રકારે હું બીજાને ક્ષમા આપવા ઇચ્છા રાખું અથવા (૨) હું અન્યની પાસે ક્ષમા યાચું અને મને સર્વ જીવો માફ કરો એવી ભાવના રાખું.

**"સબ જીવનમેં મેરે સમતાભાવ જગ્યો હૈ,**
**સબ જીય મો સમ સમતા રાખો ભાવ લગ્યો હૈ;"** -નિત્યક્રમ (પૃ.૧૩)

ક્ષમા એટલે સમતા. અહીં ક્ષમાના બે પ્રકાર બતાવ્યા છે તે નીચે પ્રમાણે-

(૧) બીજાએ દોષો કર્યા હોય તે હું સમભાવે સહન કરી તેને ક્ષમા આપું.

(૨) મેં દોષ કર્યા હોય તે બીજા જીવો પણ સહન કરી મને ક્ષમા આપે એવી ભાવના રાખું, કે જેથી મારા નિમિત્તે બીજા જીવોને કર્મબંધ ન થાય. આમ સર્વ પ્રકારે ક્ષમાને ચાહું.

## ૧૭૮. સંતોષની પ્રયાચના કરું.

પ્રયાચના એટલે પ્રકૃષ્ટપણે પ્રાર્થના. મને સંતોષ ગુણ પ્રાપ્ત થાય એવી પ્રભુ પ્રત્યે પ્રબળ પ્રાર્થના કરું. જેમ ઉપરના વાક્યમાં ક્ષમાની ભાવના દર્શાવી તેમ અહીં સંતોષની ભાવના કરી છે. સંતોષ પણ બેય પક્ષે રાખવો. (૧) બીજાને સંતોષ આપવો અને (૨) પોતે સંતોષ રાખવો. કારણ કે 'સંતોષી નર સદા સુખી'.

**"ગોધન, ગજધન, રતનધન, કંચન ખાન સુખાન;**
**જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન."** -આલોચનાદિ પદસંગ્રહ

## ૧૭૯. સ્વાત્મભક્તિ કરું.

પોતાના આત્માની ઉન્નતિ થાય તેવો અભ્યાસ કરું. પોતાના દોષો તપાસીને તે દોષો દૂર થાય અને ગુણોની વૃદ્ધિ થાય તેમ કરું. મૂળ પોતાનું શુદ્ધ સ્વરૂપ છે, તેમાં રહેવાનો અભ્યાસ કરું. તે માટે ક્ષમાદિ ગુણોની આવશ્યકતા છે. વર્તનમાં જેથી આત્માને શાંતિ મળે એવા સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા આદિ ગુણો જે આત્મામાં પ્રગટે તે જ સ્વભાવમાં રહી શકે છે; માટે તે મેળવવા એકાંતમાં આત્માની ચિંતવના કરું. એમ સ્વઆત્મભક્તિમાં રહું. એકલા પણ જ્યાં હોઈએ ત્યાં ભક્તિ સહજ સ્વભાવરૂપ બની જાય એમ કરવા યોગ્ય છે.

## ૧૮૦. સામાન્ય ભક્તિ કરું.

સમૂહમાં ભક્તિ અથવા રોજીંદા વ્યવહારમાં ભક્તિ કરીએ છીએ તે સામાન્ય ભક્તિ. તે ભક્તિમાં



એકલાં હોઈએ કે સમૂહમાં હોઈએ લક્ષ તો સ્વઆત્મભક્તિનો જ હોવો જોઈએ. એટલે પોતાના આત્માના હિત અર્થે જ બધું થવું જોઈએ. સમૂહમાં જાુદા જાુદા રાગમાં લક્ષ ન જવું જોઈએ અને એકાંતમાં પ્રમાદી બની કડકડ બોલી જાય કે ઊંઘે કે વિચારો ભટકતા રહે તેમ પણ ન થવું જોઈએ. જ્યાં જે વખતે આત્માને હિતકારી લાગે તેમ કરવું.

**''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.''** -આત્મસિદ્ધિ

## ૧૮૧. અનુપાસક થાઉં.

લોકો ક્રિયા જડપણે કરે છે, તેનો અન્‌ઉપાસક થાઉં. મૂર્તિપૂજાદિમાં લોકો વિચાર વગર પ્રવર્તે છે. એવા મૂર્તિપૂજકને પરમકૃપાળુદેવે પ્રભુપૂજક કર્યાં. એમ શ્રી રત્નરાજ સ્વામીએ લખ્યું છે. ક્રિયાજડને જે જ્ઞાનદશાની ખામી હોય છે તે એમણે પૂરી પાડી. અનુપાસક થાઉં એટલે ક્રિયાજડ બનું નહીં. એવી આંધળી ભક્તિ કે સાંઢભક્તિનું શું ફળ આવશે તે જીવ જાણતો નથી. પોતાની કલ્પનાથી કરે તે સાંઢભક્તિ છે. બળદને નાથ ન હોય તો ગમે ત્યાં જાય. પણ નાથ એટલે દોરી હોય તેને જ્યાં લઈ જવો હોય ત્યાં જાય. તેમ જ્ઞાનીના દોરવાથી ભક્તિ કરે તે સાંઢભક્તિ ન કહેવાય. સાંઢભક્તિમાં ભાવ હોય નહીં. માત્ર જડક્રિયા હોય. જ્યારે જ્ઞાનીની ભક્તિ જ્ઞાન સહિત એટલે આત્માના લક્ષપૂર્વક હોવાથી તેમાં ભાવ હોય અને તે જ આગળ વધારી જીવને ઠેઠ મોક્ષ સુધી લઈ જઈ શકે છે.

## ૧૮૨. નિરભિમાની થાઉં.

ઉપરના વાક્યમાં ક્રિયાજડનો દોષ દૂર કરવા કહ્યું. તેમ અહીં શુષ્કજ્ઞાનીમાં જે અભિમાનનો દોષ હોય છે તે ન રાખવા જણાવ્યું. હું જાણું છું, એ મોટો દોષ છે. ધન વગેરેનું અભિમાન કરતો હોય તેમ જાણવાનું અભિમાન કરે તો સત્‌ સમજી શકે નહીં. **'હું જાણું છું', 'હું સમજાું છું' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન.'** (વ.પૃ.૩૫૭) એવું માન જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવ જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવી શકે નહીં. અભિમાન કરીને કોઈ મોક્ષે ગયા નથી. માટે નિરભિમાની થાઉં.

## ૧૮૩. મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.

મોટી મોટી લડાઈઓ થાય છે તે બધી જાતિભેદને લઈને છે. જેમકે આ જર્મની છે, ફ્રેન્ચ છે કે આ અંગ્રેજ છે વગેરેના ભેદથી કે આર્ય, અનાર્ય, મ્લેચ્છ વગેરેના ભેદથી છે. મુસલમાન અને હિંદુ એ બેમાં પરસ્પર તિરસ્કાર થઈ જાય છે. આ બાહ્ય દૃષ્ટિથી છે. જેને દેહદૃષ્ટિ છે તેને આ બધા ભેદો છે. એ બહિરાત્મપણું છોડવા કહ્યું. અંતે હું મનુષ્ય છું એ માન્યતા પણ છોડવાની છે. કારણકે–

**નરદેહે રહે તો તે, આત્માને નરમાનતો;**
**તિર્યંચદેહમાં ઢોર, દેવાંગે સુર જાણતો.**
**નારકી નરકે જાણે–અજ્ઞાની, તેમ તે નથી;**
**અનંત-જ્ઞાન-શક્તિમાન્‌, સ્વગમ્ય, અચલસ્થિતિ.** - સમાધિશતક

**અર્થ —** આત્મા મનુષ્ય નથી, તિર્યંચ નથી, દેવ નથી કે નારકી નથી; અજ્ઞાનવશ એમ મનાય છે. પણ તે તો અનંત જ્ઞાનશક્તિવાળો પોતાને જ પોતાનો અનુભવ થાય એવો, અને અચલસ્થિતિનો ધારક એવો આત્મા છે.



## ૧૮૪. જડની દયા ખાઉં.

જડ એવા અજ્ઞાનીની દયા ખાઉં. ધનાદિક જડ પદાર્થોમાં જેની બુદ્ધિ છે તે આત્માનું માહાત્મ્ય ક્યારે સમજશે? અથવા જડ એવો અજ્ઞાની જીવ ઉપસર્ગ વગેરે કરે ત્યારે જ્ઞાની વિચારે છે કે ઉપસર્ગ કરનારને, સત્પુરુષ કલ્યાણનું કારણ છે એવું તેને ભાન નથી; નહીં તો તે તેમની પૂજા કરે.

**સંગમદેવનું દૃષ્ટાંત** – મહાવીર સ્વામીને સંગમ દેવતાએ મરણાંતિક ઉપસર્ગ કર્યા, છ મહિના સુધી વજ્ર જેવી કીડીઓ ભગવાનના શરીરમાંથી આરપાર નીકળી આવ જાવ કરે એવા અનેક દુઃખ દીધાં. તો પણ ભગવાનની આંખમાં પોતાના દુઃખ માટે એકપણ આંસુ આવ્યો નહીં. પણ જ્યારે છ મહિના થયા અને સંગમ દેવતા થાકીને જતો રહ્યો કે આમને તો કંઈ દુઃખ લાગે એવું નથી; તે વખતે ભગવાનની આંખમાં કરુણાથી આંસુ આવી ગયા. એ વિષે પરમકૃપાળુદેવ ઉપદેશછાયામાં જણાવે છે કે—

**"શ્રી મહાવીરસ્વામીને સંગમ નામે દેવતાએ બહુ જ, પ્રાણત્યાગ થતાં વાર ન લાગે તેવા પરિષહ દીધા, ત્યાં કેવી અદ્‌ભુત સમતા! ત્યાં તેઓએ વિચાર્યું કે જેનાં દર્શન કરવાથી કલ્યાણ થાય, નામ સ્મરવાથી કલ્યાણ થાય તેના સંગમાં આવીને અનંત સંસાર વધવાનું આ જીવને કારણ થાય છે! આવી અનુકંપા આવવાથી આંખમાં આંસુ આવી ગયાં. કેવી અદ્‌ભુત સમતા! પારકી દયા કેવી રીતે ઊગી નીકળી હતી! "** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૬૯૧)

## ૧૮૫. વિશેષથી નયન ઠંડા કરું.

પુત્રને જોઈ જેમ માતાના નયન ઠરે છે; તેમ ભક્તિનું બીજ જેના હૃદયમાં રોપાયું છે તેવા ધર્માત્માને જોઈ મુમુક્ષુના મનમાં પ્રેમ, શાંતિ અનુભવાય છે. ખાસ કરીને જેનાથી પોતાને ઉપકાર થયો છે તેના પ્રત્યે વિશેષ પૂજ્યભાવ થાય છે. બધા સંતો સ્વભાવે સરખાં હોય છે. પણ જે વિશેષ ઉપકારી છે તેના પ્રત્યે આપણું દિલ ઠરે છે, ખેંચાય છે; તેની સ્મૃતિથી, તેની ભક્તિથી જીવ આગળ વધે છે. એવા પરમકૃપાળુદેવના દર્શન વિશેષથી નયન ઠંડા કરું.

**ચારુદત્તનું દૃષ્ટાંત** – ચારુદત્ત અને તેના મામાએ રત્નદ્વીપ જવા માટે બે બકરા આણ્યા. ભારંડ પક્ષીઓ તે રત્નદ્વીપમાં રહેનારા હોય છે. તે આહાર માટે બધે ઊડે ને જ્યાં માંસ દેખે ત્યાં નીચે ઊતરી પડે. એક બોકડાને મારી નાખી એનં ચામડું ઊંધુ ફેરવી તેને કોથળી જેવું કરી અંદર પેસી જવા માટે બનાવ્યું. બીજા બકરાએ જાણ્યું કે મને પણ મારી નાખશે. તેથી રક્ષા માટે ચારુદત્ત ભણી જોયું. ચારુદત્તે પોતાના મામાને હિંસા ન કરવા માટે કહ્યું પણ એણે માન્યું નહીં. એટલે ચારુદત્તે બકરાને મરતી વખતે સ્મરણ સંભળાવ્યું. તેના પ્રભાવે બકરો મરીને દેવ થયો. બન્ને બકરાંની કોથળીમાં પેઠા અને ભારંડપક્ષીઓ તેને ઉપાડીને જતા હતા. તેમાંથી જેમાં ચારુદત્ત હતો તે કોથળી પક્ષીના પગમાંથી સરી ગઈ અને ચારુદત્ત સાથે દરિયામાં પડી. ચારુદત્ત પણ દરિયામાં મોજાંથી અફળાતાં અફળાતાં કોઈ દ્વીપ ઉપર આવી ગયો. ત્યાં ફરતા ફરતા કિનારા ઉપર એક મુનિને દીઠા.





મુનિને નમસ્કાર કરી ત્યાં બેઠો. ત્યાં એક દેવ આવ્યો. તેણે પહેલા ચારુદત્તને નમસ્કાર કર્યા, પછી મુનિને નમસ્કાર કર્યા. તે વખતે મુનિના બે વિદ્યાધર પુત્રો મુનિના દર્શન કરવા આવેલા. તેમણે દેવને પૂછ્યું કે 'મુનિને મૂકી તમે ગૃહસ્થને કેમ પહેલા વંદન કર્યાં? તમે આ ભૂલ કરી છે. ત્યારે દેવે કહ્યું - ''મેં ભૂલ કરી નથી પણ એ મારા પરમ ઉપકારી છે. તેનું કારણ કહું છું તે સાંભળો. પૂર્વે હું પિપ્પલાદ નામે બ્રહ્મર્ષિ હતો. ઘણા લોકોને યજ્ઞ કરાવી, પાપમય શાસ્ત્રોની પ્રરૂપણા કરી નરકે ગયો. નરકમાંથી નીકળી પાંચ ભવ સુધી બકરો થયો. પાંચેય ભવમાં યજ્ઞમાં જ હું હોમાયો. છઠ્ઠે ભવે પણ બકરો થયો. આ ભવમાં



મરતી વખતે આ ચારુદત્તે મને અનશન કરાવી મંત્ર સંભળાવ્યો. એની કૃપાએ જ હું બોકડામાંથી દેવ થયો છું. તેથી તે મારા ધર્મગુરુ છે, માટે પ્રથમ વંદન કરવા યોગ્ય છે.'' એમ વિશેષથી નયન ઠંડા કરું.

## ૧૮૬. સામાન્યથી મિત્ર ભાવ રાખું.

પહેલી મિત્રા દૃષ્ટિમાં, સામાન્યથી એટલે સર્વ જીવ પ્રત્યે અદ્વેષબુદ્ધિ એટલે મિત્રભાવ આવે છે.

**''દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે.'' -વીર જિનેસર દેશના.** -આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય

**''મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.''** -શ્રીમદ્ રાજચંદ્ર

જે જે મોક્ષનો માર્ગ બતાવી શકે તે સર્વ મિત્રતુલ્ય છે. સમજુ હોય તેને વિરોધ કે અણગમો કોઈપણ સંત પ્રત્યે હોય નહીં. પછી તે ઉપકારી હોય કે ન હોય.

પોતાને સમકિત પ્રાપ્ત થઈ ગયું હોય તો પણ સમકિતનાં જે કારણો છે તે પ્રત્યે એને પ્રેમ હોય છે. જેની આત્મદૃષ્ટિ થઈ હોય તેને આ ઢુંઢિયા છે કે તપ્પા છે એવું ન હોય, પણ સર્વ પ્રત્યે મિત્રભાવ હોય. માટે સામાન્યથી એટલે સર્વ પ્રત્યે મૈત્રીભાવ રાખવાનો પ્રયત્ન કરું.

**શ્રી દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત**—રાજા દંડવીર્ય હમેશાં પ્રથમ સાધર્મિકને ભોજન કરાવીને પછી જમતો હતો. એક વખતે તેની પરીક્ષા કરવા માટે ઇંદ્રે કોટીગમે શ્રાવકો તીર્થયાત્રા કરીને આવતા વિકુર્વીને દંડવીર્યને બતાવ્યા. રાજાએ ભક્તિપૂર્વક તેમને નિમંત્રણ કરી જમાડવા માંડ્યા. ભોજન કરાવતાં કરાવતાં સૂર્ય અસ્ત થઈ ગયો. બીજે દિવસે પણ એમ થયું. એમ કરતાં રાજા દંડવીર્યને આઠ ઉપવાસ થયા; તથાપિ તેનો ભક્તિભાવ ઓછો થયો નહીં પણ ઊલટો વૃદ્ધિ પામ્યો. રાજાની એવી શુદ્ધ વૃત્તિ જોઈ ઇંદ્ર સંતુષ્ટ થયા; તેથી તેણે દિવ્ય ધનુષ્ય, બાણ, રથ, હાર અને બે કુંડલ આપ્યાં.તે સાથે શત્રુંજયની યાત્રા કરવા અને તીર્થનો ઉદ્ધાર કરવા આજ્ઞા આપી. રાજા દંડવીર્યે પણ તેમ કર્યું. (ઉ.પ્રા.ભા.-ભાગ-૩માંથી)

## ૧૮૭. પ્રત્યેક વસ્તુનો નિયમ કરું.

'અતિ સર્વત્ર વર્જયેત' એમ કહેવાય છે. શ્રાવકો ચૌદ જરૂરી વસ્તુઓના નિયમ કરે છે. આટલાં જ



કપડાં વાપરવા કે ભોજનમાં આટલી વસ્તુઓ જ વાપરવી વગેરે પાપ રોકવા નિયમ કરે છે. તે ચૌદ નિયમો આ પ્રમાણે છે :—

**''સચિત્ત-દવ્વ-વિગઈ-વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ ।**
**વાહણ-સયણ-વિલેવણ-બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ ।।''** -શ્રી પ્રતિક્રમણસૂત્ર

**અર્થ** - ૧. **સચિત્ત –** માટી, પાણી, કાષ્ટ, પાન, બીજ તથા જે કાંઈ લીલી વસ્તુ છેદ્યાને બે ઘડી થઈ ન હોય તેનું વર્જન ધારવું તે.

૨. **દવ્વ –** સચિત્ત અને અચિત્ત વસ્તુ વાપરવી હોય, તેની ગણતરી કરવી.

૩. **વિગઈ –** દૂધ, દહીં, તેલ, ઘી, ગોળ અને ખાંડ એ છ વિગઈની ગણતરી કરવી.

૪. **વાણહ –** જોડા, મોજાં વિગેરેનું પ્રમાણ કરવું.

૫. **તંબોલ –** પાન, સોપારી, ઈલાયચી, ચૂરણ, લવિંગ આદિનું પ્રમાણ કરવું.

૬. **વત્થ –**વસ્ત્ર, રેશમી, સુતરાઉ તથા ઊનના વસ્ત્ર વિગેરેનું પ્રમાણ કરવું.

૭. **કુસુમેસુ –** ફૂલ, છીંકણી, અત્તર વિગેરે સુંઘવાની ચીજનું પ્રમાણ કરવું.

૮. **વાહણ –** ચરતાં, ફરતાં, તરતાં કે ઉડતા વાહનો જેવા કે ઘોડા, ગાડી, આગબોટ, એરોપ્લેન વિગેરેનું પ્રમાણ કરવું.

૯. **સયણ –** બિછાનું, પાટ, પાટલાં, ખુરશી વિગેરેનો નિયમ કરવો.

૧૦. **વિલેવણ –** સુખડ, ચંદન વિગેરે વિલેપનનું પ્રમાણ કરવું.

૧૧. **બંભ –** બ્રહ્મચર્યનો નિયમ કરવો.

૧૨. **દિસી –** છ દિશામાં જવાના ગાઉનું પ્રમાણ કરવું.

૧૩. **ન્હાણ –** આખા શરીરે નાહવાની મર્યાદા કરવી.

૧૪. **ભત્તેસુ –** જમવાની વસ્તુઓનું પ્રમાણ કરવું.

આમ નિયમિત જીવન ગાળી મોહ મૂર્ચ્છાને મટાડવા પ્રયત્ન કરું.

**સુમિત્રમંત્રીનું દૃષ્ટાંત –** એક વખતે મંત્રીએ પાખી (ચૌદસ)ની રાત્રે ઘરમાંથી બહાર નહીં જવાના પચખાણ કર્યા. તે જ રાત્રે રાજાએ કોઈ કાર્ય આવી પડવાથી તેને બોલાવવા પ્રતિહાર મોકલ્યો. મંત્રીએ પ્રતિહારને પોતાનો નિયમ જણાવ્યો. પ્રતિહારે આવીને તે વાત રાજાને જણાવી. રાજાએ અતિ રોષ કરી પ્રતિહારને પાછો મોકલી મંત્રી પાસેથી મંત્રીપદની મહોર છાપ મંગાવી. મંત્રીએ તત્કાળ તે પ્રતિહારને આપી દીધી. પ્રતિહાર કૌતુકથી તે મહોરછાપની મુદ્રિકા હાથમાં પહેરી પોતાની સાથેના પાળાઓની આગળ હસતો હસતો બોલ્યો કે-'અરે સેવકો ! જુઓ, રાજાએ મને મંત્રીપદ આપ્યું.' સેવકો - 'મંત્રીરાજ ! ખમા, પધારો' એમ બોલવા લાગ્યા. પછી તે પ્રતિહાર થોડો આગળ ચાલ્યો ત્યાં દૈવયોગે કોઈ દુષ્ટ સુભટોએ તેને મારી નાખ્યો. આ ખબર રાજાએ જાણી એટલે વિચારમાં પડ્યો કે 'જરૂર તે પ્રતિહારને મંત્રીએ જ મરાવી નાખ્યો હશે, માટે હું જાતે જઈ એ મંત્રીને જ મારી નાખું.' આવા વિચારથી રાજા ત્યાં આવ્યો. તેવામાં પ્રતિહારને હણનારા પેલા સુભટો જેને દીવીઓના પ્રકાશથી શોધીને પકડી લીધેલા તેમજ બાંધેલા માર્ગમાં મળ્યા. રાજાએ તેમને પૂછ્યું-'તમે ક્યાંથી આવ્યા હતા ?' તેઓ બોલ્યા-'મહારાજ ! અમને પેટભરાને શું પૂછો છો ? તમારા વૈરી સૂર રાજાએ મંત્રીનો વધ કરવા મોકલ્યા હતા. અમે આ પ્રતિહારને



મુદ્રિકા ઉપરથી મંત્રી જાણીને મારી નાખ્યો છે.' પછી રાજાએ મંત્રીને ઘેર આવી મિથ્યા દુષ્કૃત આપી તે સર્વ વૃત્તાંત જણાવ્યું. મંત્રીએ તે સુભટોને જીવતા છોડી મૂક્યા. રાજાએ કહ્યું–'મંત્રીરાજ! આજે પુણ્યનું ફળ મેં પ્રત્યક્ષ જોયું.' પછી પુણ્યની પ્રશંસા કરી રાજાએ ગૃહસ્થધર્મ અંગીકાર કર્યો. પ્રાંતે મંત્રી અને રાજા બન્ને પુણ્ય ઉપાર્જન કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધિપદને પામ્યા.

'સુમિત્ર મંત્રી દશમાં વ્રતમાં ઉદ્યમવંત થઈ આ લોકમાં ધર્મનું પૂર્ણ ફળ પામ્યો અને રાજા તેને જોઈ નાસ્તિકપણું છોડી પ્રતિબોધ પામીને શુદ્ધ ધર્મને પ્રાપ્ત થયો. -ઉપદેશ પ્રાસાદ ભાષાંતર-ભા.૩ (પૃ.૨૩)

## ૧૮૮. સાદા પોશાકને ચાહું.

વિકારને પોષે તેવો પોશાક ન રાખું. અથવા બીજાએ તેવો પોશાક ધારણ કર્યો હોય તેથી પ્રસન્ન ન થાઉં કે ન ચાહું. શ્રી દેવકરણજી મુનિ બહુ વૈરાગ્યવાન હતા. બધા બૈરાંઓ વ્યાખ્યાનમાં નવાં નવાં કપડાં પહેરી આવે. તેમને દેવકરણજી મુનિ કહેતા કે અહીં શું નાચવાનું છે? કે આવા કપડાં પહેરીને આવો છો. માટે સાદા પોશાકને ચાહું.

## ૧૮૯. મધુરી વાણી ભાખું.

જે વાત કહેવાની હોય તે વાત સાંભળનારના હૃદયમાં ઊતરી જાય એવી મીઠી વાણી ભાખું. જેમ ગળ્યું ખાવાનું હોય તે તરત ઊતરી જાય તેમ. પ્રભુશ્રીજીને એવું બોલવું બહુ સારું આવડતું. પ્રભુશ્રીજી કૃપાળુદેવને વખાણે કે કૃપાળુદેવ તો કેવું મીઠું બોલતા, અમને તો એવું આવડેય નહીં. અમને તો અમે બોલીએ છીએ તે ખારાશ લાગે, મીઠાશ નહીં. મીઠાશ તો કૃપાળુદેવની.

## ૧૯૦. મનોવીરત્વની વૃદ્ધિ કરું.

**''મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.''** જે જે મહાપુરુષો થયા છે તેમણે તેમના મનનો જય કર્યો છે અને દૃઢ નિશ્ચયવાળા બન્યા છે. તેમને જ્યારથી એમ સમજાયું કે આ કર્મથી જ પરિભ્રમણ થાય છે, ત્યારથી તે કર્મની સામે પડે છે અને તે કર્મનું નિકંદન કરવા માટે પુરુષાર્થ કરે છે. આમ મનોવીરત્વની વૃદ્ધિ કરું.

'જ્ઞાનાર્ણવ'માં સવીર્ય અધ્યયન શ્લોક ૧૫માં શ્રી શુભચંદ્રાચાર્ય લખે છે કે ''અવિદ્યારૂપ વૈરીની જાળને તોડી આજે જ મારા સ્વરૂપનો મારે પરમાર્થથી નિશ્ચય કરવો. વળી એમ વિચારે છે કે જ્યાં સુધી જ્ઞાનરૂપી અમૃતના સમુદ્રમાં મારું નહાવાનું થતું નથી ત્યાં સુધી સંસારથી ઉત્પન્ન થયેલો મહાન દાહ મને પીડી રહ્યો છે. અવિદ્યા એટલે મિથ્યાત્વરૂપ દારુણ મગરમચ્છના દાંતોમાં મારું ચિત્ત ચવાઈ ગયું એટલે સકળ વિશ્વને જોવાને અદ્વિતીય નેત્રરૂપ કેવળદર્શનની શક્તિ હોવા છતાં પણ મેં મારા આત્માને પણ ન જોયો. હવે અત્યંત બળવાન એવા ધ્યાનરૂપી વજ્રથી પાપરૂપ વૃક્ષનો એવી રીતે નાશ કરું કે જેથી ફરીથી જન્મરૂપ ફળ થવાનો સંભવ જ ન રહે. આજે મારો રાગરૂપી તાવ ઊતરી ગયો અને મોહરૂપી નિદ્રા ઉડી ગઈ, માટે કર્મરૂપી વેરીઓને ધ્યાનરૂપી તીક્ષ્ણ ખડગ્‌ની ધારાથી હણું છું. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલાં અંધકારને દૂર કરી હું આત્માને જ જોઉં છું, તેમજ ઉગ્ર કર્મરૂપી લાકડાંના મોટા ગંજને બાળીને ભસ્મ કરું છું. વળી એવી ભાવના કરે કે આજે પોતાનું સામર્થ્ય મેળવી આનંદમંદિરમાં પ્રવેશ કરી બાહ્ય પદાર્થોમાંથી સ્પૃહા ટાળી મારા આત્મસ્વરૂપથી ચ્યુત નહીં થાઉં. આમ મનોવીરત્વની વૃદ્ધિ કરું.



એવી રીતે સૂયગડાંગમાં સાચું વીરત્વ અધ્યયન છે. તેમાં જંબુસ્વામીએ પૂછ્યું કે-''ધર્મવીરનું વીરત્વ શામાં છે?'' તેના ઉત્તરમાં સુધર્માસ્વામી જણાવે છે કે–

''જે જે પ્રવૃત્તિઓ પ્રમાદયુક્ત છે એટલે કે સત્યધર્મથી વિમુખ છે તે બધી પ્રવૃત્તિઓ કર્મરૂપ છે તેથી ત્યાજ્ય છે. જે જે પ્રવૃત્તિઓ પ્રમાદરહિત એટલે સદ્ધર્મ અનુસાર છે તે અકર્મ છે અને તે કરવા યોગ્ય છે. જેથી આત્માનું અહિત થાય એવી રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિઓમાં દાખવેલું વીર્ય અથવા પરાક્રમ તે સંસાર પ્રાપ્ત કરાવનાર, કર્મબંધનું કારણરૂપ હોઈ, હેય છે.''

''સમજુ લોક બધી મમતાનો ત્યાગ કરી સર્વ શુભધર્મયુક્ત અને શ્રેષ્ઠ પુરુષોએ કહેલા તથા મુક્તિમાર્ગે લઈ જનારા આર્યધર્મનું શરણ લઈ પાપકર્મરૂપી કાંટાને મૂળમાંથી ખેંચી કાઢવાને ધર્મ અનુસાર પ્રબળ પુરુષાર્થ કરે છે, કારણ પોતાના કલ્યાણનો જે કોઈ ઉપાય જાણવામાં આવે તે બુદ્ધિશાળી મનુષ્ય જીવન દરમિયાન તરત જ શીખી લે છે.

તેવો બુદ્ધિશાળી મનુષ્ય સ્વબુદ્ધિથી કે બીજા પાસેથી ધર્મનું રહસ્ય સમજી લઈ તેમાં પૂર્ણભાવે પ્રયત્નશીલ થવા ઘરબારનો ત્યાગ કરી ચાલી નીકળે છે. કાચબો જેમ પોતાના અંગો પોતાના શરીરમાં સમેટી લે છે તેમ તે સર્વ પાપવૃત્તિઓને તથા હાથપગ વગેરે કર્મેન્દ્રિયો અને પાંચે જ્ઞાનેન્દ્રિયો સહિત મનને અને તેમના દોષોને પોતામાં સમેટી લે છે. સર્વ પ્રકારની સુખશીલતાનો ત્યાગ કરે છે અને કામનાઓથી ઉપશાંત થઈ આસક્તિ વિનાનો બની મોક્ષમાર્ગમાં જ પ્રબળ પુરુષાર્થ આદરે છે. આ વીરત્વ ધર્મવીરનું છે.

તે પ્રાણોની હિંસા કરતો નથી, ચોરી કરતો નથી, વિશ્વાસઘાત કરતો નથી, જૂઠું બોલતો નથી, ધર્મનું ઉલ્લંઘન મન, વાણીથી ઇચ્છતો નથી, તથા જિતેન્દ્રિય થઈ આત્માનું સર્વ પ્રકારે રક્ષણ કરતો વિચરે છે. તે થોડું ખાય છે, થોડું પીએ છે તથા થોડું બોલે છે, તે ક્ષમાયુક્ત અને નિરાતુર (ઇચ્છા રહિત) બની સદા પ્રયત્નશીલ રહે છે. (પ્રમાદ કરતો નથી) તથા સર્વ પ્રકારની પાપવૃત્તિઓનો ત્યાગ કરી તિતિક્ષાને (સહનશીલતાને) પરમ ધર્મ સમજી ધ્યાન યોગ આચરતો મોક્ષપર્યંત વિચરે છે.

આમ જ્ઞાની તેમ અજ્ઞાની બન્ને સમાન વીરત્વ દાખવતા હોવા છતાં અધૂરા જ્ઞાનવાળાનું કે છેક જ અબુધનું ગમે તેટલું પરાક્રમ હોય તો પણ તે અશુદ્ધ છે તથા કર્મબંધનનું કારણ છે. પરંતુ જ્ઞાન અને બોધયુક્ત પુરુષનું પરાક્રમ શુદ્ધ છે. અને તેનું (કર્મનું) કાંઈ ફળ તેને ભોગવવું પડતું નથી. (નિર્જરા થાય છે તેથી)'' -સૂયગડાંગસૂત્ર-મહાવીરનો સંયમધર્મ

**સિંહ શ્રેષ્ઠીનું દૃષ્ટાંત –** વસંતપુર નામના નગરમાં કીર્તિપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. ભીમ નામે તેને પુત્ર હતો. તે નગરમાં સિંહ શ્રેષ્ઠી, રાજાનો ખાસ પ્રિય મિત્ર હતો.

એકવાર દૂતે આવી સભામાં જણાવ્યું કે નાગપુરમાં રાજાની રત્નમંજરી નામે રૂપવંતી કન્યા છે, તે ભીમકુમાર માટે યોગ્ય છે, એમ જાણી ત્યાંના રાજાએ મને અહીં મોકલ્યો છે. તેથી તેને વરવા માટે આપના કુંવરને મારી સાથે મોકલો. રાજાએ પોતાના મિત્ર સિંહશેઠને સાથે જવા કહ્યું. શેઠે કહ્યું મારે સો યોજનથી આગળ નહીં જવાનો નિયમ છે. ત્યારે રાજા ગુસ્સે થયો. તે સાંભળી શેઠ કહે મેં મારા વ્રતની વાત કરી પણ આપની આજ્ઞા કેમ ઉત્થાપાય? તેથી રાજા આનંદ પામ્યો. શેઠ સાથે કુંવરને રવાના કર્યો. રસ્તામાં શેઠે કુંવરને સંસારની અસારતાની વાતો કરી કુંવરની સંસારવાસના તોડી નાખી. સો યોજન દૂર આવ્યા. ત્યારે કુંવરને સૈનિકોએ કહ્યું કે રાજાજીએ કહ્યું છે કે સો યોજનથી આગળ શેઠ ન ચાલે તો તમારે તેમને બાંધીને નાગપુર લઈ જવા. તે વાત કુંવરે સિંહશેઠને ધર્મગુરુ માનવાથી જણાવી. સિંહશેઠે કહ્યું આ



અસાર સંસારમાં કોઈ કોઈનું નથી. માટે હું તો અહીં પાદોપગમન અનશન કરીશ. એમ કહી અનશન લેવા ચાલ્યાં. ત્યારે કુંવર પણ એમની પાછળ ચાલ્યો. બન્નેએ પાદોપગમન અનશન કર્યું. રાત્રિ પડી ગઈ. સૈનિકો શોધવા લાગ્યા. પછી થોડે દૂર પર્વત ઉપર દીઠા. સૈનિકોએ જઈ રાજાને સમાચાર જણાવ્યા. તેને બહુ ક્રોધ આવ્યો. કુમારને બાંધીને પણ પરણાવીશ. શેઠને મારી નાખીશ એવા વિચારથી ત્યાં તેમની પાસે આવ્યો. ત્યાં વ્યાઘ્રાદિક પ્રાણીઓને સિંહશેઠ અને કુંવરની સેવા કરતાં જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. અનુક્રમે માસોપવાસના અંતે બન્ને કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. સિંહશ્રેષ્ઠીએ પોતાના મનોવીરત્વની વૃદ્ધિ કરી અનશન લીધું. તેના સંગથી કુંવરે પણ પોતાનું મનોવીરત્વ વધારી કલ્યાણ કર્યું. એમ અવસર આવ્યે મનોવીરત્વની વૃદ્ધિ કરું. -ઉ.પ્રા.ભા.ભાગ-૨



## ૧૯૧. પ્રત્યેક પરિષહ સહન કરું.

પ્રત્યેક પરિષહ વખતે સમભાવ રાખું. પોતાના બાંધેલા કર્મના ઉદયે જ પરિષહ આવે છે. તે સમભાવે સહન કરવાથી નિર્જરી જાય છે. મોટા પરિષહો કોઈક વખત આવે છે, પણ ક્ષુધા, પીડા, મચ્છર, માંકડ, ડાંસ, માંખ વગેરેના તુચ્છ પરિષહો ઘણીવાર આવે છે. તેમાં સમતા ધારણ કરવાનો અભ્યાસ કરી મૂક્યો હોય તો મોટા પરિષહ વખતે તે અભ્યાસ કામમાં આવે છે. પણ એવા પ્રસંગો તો તુચ્છ છે, એમાં શું? એમ કરીને જવા દીધાં હોય અને અભ્યાસ ન પાડ્યો હોય તો મોટા પરિષહો આવે ત્યારે જીવ ગભરાઈ જાય છે. મહાવીર ભગવાને પરિષહો કેવી રીતે સહન કર્યા છે તે **'આચારાંગ સૂત્ર'**ના આચારધર્મમાં આ પ્રમાણે આવે છે—

**ભગવાન મહાવીરનું દૃષ્ટાંત –** ''પોતાની સાધનામાં તે (ભગવાન મહાવીર) એટલા બધા નિમગ્ન હતા કે તેમણે આંખ પણ કદી ચોળી નથી કે શરીરને ખંજવાળ્યું નથી. રતિ તથા અરતિનો પરાજય કરી તેમણે આ લોકના તથા દેવ, યક્ષ વગેરેના અનેક ભયંકર સંકટો તથા અનેક પ્રકારના શબ્દો અને ગંધો સમભાવે સહન કર્યાં. કષાય વિનાના, લાલચ વિનાના, શબ્દ અને રૂપમાં મૂર્ચ્છા વિનાના તથા સાધન દશામાં પરાક્રમ કરતાં તે ભગવાન જરાપણ પ્રમાદ ન કરતાં, પોતાની મેળે સંસારનું સ્વરૂપ સમજીને આત્મશુદ્ધિમાં સાવધાન રહેતા હતા અને એ જ રીતે જિંદગી સુધી શાંત રહ્યા. મુમુક્ષુઓ એ જ રીતે વર્તે છે એમ સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે.''

## ૧૯૨. આત્માને પરમેશ્વર માનું.

'अप्पा सो परमप्पा' નિશ્ચયનયથી આત્મા એજ પરમાત્મા છે માટે શુદ્ધાત્માને પરમેશ્વર માનું.

**''જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઈ;**

**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.''** -શ્રીમદ્ રાજચંદ્ર

જેને આત્માની ઓળખાણ નથી તેણે, સ્વરૂપ જેણે પ્રગટ કર્યું છે એવા સદ્ગુરુના બોધનું ચિંતવન તથા તેની આજ્ઞાની ઉપાસના કરવા યોગ્ય છે. જેથી અંતરાત્મા થઈને પરમાત્મા ભજાય છે. શરૂઆતમાં અંતરાત્મા થવા માટે સદ્ગુરુ, તેના વચન, અને તેના આશય પ્રત્યે પ્રીતિ, ભક્તિ રાખવા યોગ્ય છે. પ્રેમ



સાથે પૂજ્યપણું છે ત્યાં ભક્તિ છે. બહિરાત્મપણું મટવા માટે આ કરવાનું છે. પછી જેણે આત્મા ઓળખ્યો તેણે આત્માની ઉપાસના કરવાની છે. શરૂઆતમાં સંસ્કારને લઈને સત્પુરુષ પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે. સત્પુરુષનો યોગ પહેલાં થાય ત્યારે ઠીક છે, સારું છે એમ લાગે. પણ જ્યારે તેનું માહાત્મ્ય ભાસે ત્યારે આત્મા ત્યાં ઢળે છે, અને તેમના પ્રત્યે પૂજ્યભાવ થાય છે, ભક્તિ ઉગે છે અને મનમાં થાય છે કેઃ—

**"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ."** પછી ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય છે.

અરિહંત સિદ્ધ આદિ પાંચે પરમશ્રેષ્ઠી શુદ્ધ આત્મા છે માટે પૂજવા યોગ્ય છે. તેમને પરમેશ્વર માનું. જુદા જુદા કામ કરવા પડે તેથી આચાર્ય, ઉપાધ્યાય વગેરે જુદા જુદા નામ આપ્યા છે. ગુરુપૂજા, મૂર્તિપૂજા વગેરેમાં પણ 'આત્માને પરમેશ્વર માનું'. સૂત્ર જેવું આ વાક્ય કહ્યું. મૂર્તિ દેખીને પણ આત્મા સાંભરે, આંગી, મુકુટ, અલંકાર, રોશની વગેરેની પેલી પાર જે આત્મા રહ્યો છે તેને પરમેશ્વર માનું.

**જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ.** -આત્મસિદ્ધિશાસ્ત્ર

જે જિનેશ્વર ભગવાનના દેહ પ્રમાણને કે સમવસરણાદિ સિદ્ધિને જિનનું વર્ણન સમજે તે મતાર્થીનાં લક્ષણ છે; આત્માર્થીનાં નહીં. આત્માર્થી તો શુદ્ધ આત્માને પરમેશ્વર માને છે.

## ૧૯૩. પુત્રને તારે રસ્તે ચડાવું. (પિતા ઇચ્છા કરે છે.)

વાક્ય ૧૯૩ થી ૨૦૦ સુધી પિતા, પુત્ર-પુત્રીના હિત માટે કેમ વર્તવું તે વિચારે છે.

માતાપિતાના વર્તનથી પુત્ર ઘણું શીખે છે. પુત્રને સારે રસ્તે ચઢાવવો હોય તો પોતાનું વર્તન સારું રાખવું. નાના છોડને જેમ વાળવો હોય તેમ વાળી શકાય. તેમ બાળકોને પણ જેવા દૃષ્ટાંતો તેમની આગળ રજુ કરાય તેવું તે શીખે છે. માતાપિતાએ પોતાનું વર્તન સુધારવા ઉપરાંત બાળક કોની કોની સોબતમાં જાય છે, કોની પાસે ભણે છે, કેવા પુસ્તકો વાંચે છે તેની પણ તપાસ માતાપિતાએ રાખવાની જરૂર છે.

## ૧૯૪. ખોટાં લાડ લડાવું નહીં. (પિતા ઇચ્છા કરે છે.)

મોક્ષમાળામાં જિતેન્દ્રિયતાના પાઠમાં આવે છે કે મન જે જે દુરિચ્છા કરે તે તેને આપવું નહીં, તેની સામે પડવું; તેવી રીતે બાળક પણ જે જે દુરિચ્છા કરે તે પોષવા યોગ્ય નથી. બાળકને મોઢે ચઢાવ્યું હોય તો તે નિરંકુશ થઈ જાય, પછી સારી અને હિતકારી શિખામણ પણ માને નહીં. મા બાપ એની જોઈતી ઇચ્છાઓ પૂરી કરે, પણ જગતના બધા માણસો કંઈ એની ઇચ્છા પ્રમાણે વર્તે નહીં. તેથી લાડ લડાવવા એ બાળકોને દુઃખી કરવાને રસ્તે ચઢાવવા જેવું છે. માટે ખોટાં લાડ લડાવું નહીં.

## ૧૯૫. મલિન રાખું નહીં. (પિતા ઇચ્છા કરે છે.)

નાનપણમાં બાળકને હિત અહિતનું ભાન હોતું નથી. તેથી મળ-મૂત્રમાં રમે, ધૂળમાં રમે અને માટી પણ ખાય. પણ સારી રીતભાતમાં તેને ઉછેર્યો હોય તો એને પણ સારો અભ્યાસ પડી જાય. પછી એને સારું જ ગમે, મલિન ન ગમે. ઘણા બાળકોના રોગો સ્વચ્છતાના અભાવે થાય છે માટે બાળકને રહેણી કરણીની રીતભાત શીખવું અને મલિન રાખું નહીં.

## ૧૯૬. અવળી વાતથી સ્તુતિ કરું નહીં. (પિતા ઇચ્છા કરે છે.)

ઘણા મા બાપને એવી ટેવ હોય છે કે બીજા આગળ પોતાના છોકરાની વાતો કરે કે અમારો



છોકરો તો કોઈને મારે નહીં, બધાનાં કામ કરી આપે, બધાને આવકાર આપે, ભગવાનનું નામ લે વગેરે કહે. તે કદાચ છોકરાને મોઢે એવું ન કહેતા હોય તો પણ છોકરાં સમજી જાય છે. તેથી એને માન પોષાય છે. તે એમ માની બેસે છે કે બધા છોકરા કરતાં હું ડાહ્યો છું, મોટો છું. પછી કોઈ તેનું અપમાન કરે તો એનાથી સહન થાય નહીં. માટે બાળકોની આવી પ્રશંસા કરવી તે તેના હિત માટે નથી.

મા બાપ જે કહે તે બધા ગુણ ખરી રીતે એનામાં હોતા નથી. પણ મોહવશ નાની વસ્તુને મા બાપ મોટી કરે છે, એમ અવળી વાતથી તેની સ્તુતિ કરું નહીં.

## ૧૯૭. મોહિનીભાવે નીરખું નહીં. (પિતા ઇચ્છા કરે છે.)

**''ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે''** -મેરી ભાવના

સંસારી જીવને મોહ તો હોય છે જ, પણ પુત્રને નિમિત્તે તેને પોષણ મળે છે; અને તે મોહ વધ્યા કરે છે. જેના પ્રત્યે મોહ હોય તેના દોષ દેખાય નહીં. દોષ હોય તે પણ તેને ગુણ દેખાય. જેમકે પોતાનો છોકરો કોઈને સામો થઈ મારતો હોય તો પણ તેના વખાણ કરે કે મારો છોકરો કેવો બહાદુર છે! હારે એવો નથી. એવા દોષ દૂર કરવાના હોય પણ મોહથી ઊલટી તેની વૃદ્ધિ થાય છે માટે મોહિનીભાવે કુટુંબને નીરખું નહીં.

## ૧૯૮. પુત્રીનું વેશવાળ યોગ્ય ગુણે કરું. (પિતા ઇચ્છા કરે છે.)

પુત્રીના વેશવાળ એટલે સગપણમાં છોકરાના યોગ્ય ગુણો જોવામાં ન આવે તો પુત્રીની આખી જિંદગી દુઃખમાં જાય. સરખું ન મળ્યું હોય તો તેનું ધર્મધ્યાન કરવાનું પણ ક્યાંય જતું રહે.

**શ્રી કૃષ્ણ અને પુત્રીઓનું દૃષ્ટાંત – યુક્તિ વડે કન્યાની મુક્તિ.** શ્રી કૃષ્ણ વાસુદેવને ઘણી કન્યાઓ હતી. તેમને પરણવાનો વખત આવે ત્યારે શ્રી કૃષ્ણ કન્યાને પૂછે કે તારે કેવો પતિ જોઈએ? સ્વામી થાય એવો કે સેવક થાય એવો? કન્યા કહે – ''સ્વામી''. તે સાંભળી શ્રી કૃષ્ણ તેને નેમિનાથ ભગવાન પાસે મોકલી આપે. તેમના ઉપદેશથી કન્યા દીક્ષા લઈ લે. બધી કન્યાઓ આ પ્રમાણે સાધ્વી થઈ ગઈ. એક કન્યા બાકી રહી. તેને તેની માતાએ શીખવી રાખ્યું કે તને શ્રી કૃષ્ણ પૂછે તો ''સ્વામી''ને બદલે ''સેવક'' થાય એવો પતિ જોઈએ એમ કહેજે. તેણીએ શ્રી કૃષ્ણને એમ કહ્યું. તેથી શ્રી કૃષ્ણે તેમની પાસે એક સેવક હતો તેનું નામ વીરો સાલવી હતું, તેને પૂછ્યું કે તેં તારી જિંદગીમાં કંઈ બહાદુરીનું કામ કર્યું છે? તેણે કહ્યું કંઈ નહીં. પછી શ્રી કૃષ્ણે કહ્યું કે યાદ કર, કંઈ હોય તો જણાવ. ત્યારે તેણે વિચારીને કહ્યું કે એકવાર ચોમાસામાં ઝાડ પર કાંચીડો કે જેનું મોં લાલ હોય છે તેને મેં એક ઢેફું માર્યું હતું તેથી તે મરી ગયો હતો. (૨) ગાડાના ચીલામાં પાણીનો રેલો વહેતો હતો તેને ચોમાસામાં મેં ડાબે પગે રોકી રાખ્યો હતો. (૩) એક ઘડામાં માખો બમણતી હતી તે ઘડાનું મોઢું મેં હાથ વડે ઢાંકી દીધું હતું. તેથી માખો અંદર જ બણબણ કરતી રહી ગઈ. તે સાંભળી શ્રી કૃષ્ણે રાજાઓની સભામાં એના વખાણ કર્યા કે આ વીરા સાલવીના પરાક્રમ એના કુળને ટપી જાય એવા છે. તેમાં પહેલું પરાક્રમ એ કે ઝાડ ઉપર લાલ ફેણવાળો નાગ હતો તેનો એણે ભૂમિશસ્ત્રથી (ઢેફાંથી) નાશ કર્યો. બીજું એણે ચક્રથી (ગાડાના પૈડાથી) ખોદાયેલી જમીનમાં ગંગાનદી જેવો વહેતો પ્રવાહ ડાબા પગથી રોકી રાખ્યો હતો. ત્રીજું ઘટપુરી નગરમાં (ઘડામાં) સેના હતી તેને એક હાથે એણે રોકી દીધી. એવો યથાર્થ નામવાળો આ વીરો સાલવી શૂરવીર છે, માટે એને મારી કન્યા આપું છું. બધાએ જાણ્યું કે આપણને એની ખબર નથી પણ એવું કંઈ પરાક્રમ એણે કર્યું હશે. પછી



શ્રી કૃષ્ણની કન્યા એને પરણાવવામાં આવી અને વળાવી.

વીરાએ તો પહેલાં આ લગ્નની ના પાડી હતી. પણ શ્રી કૃષ્ણના આગ્રહથી તેને પરણવું પડ્યું. ઘેર લાવ્યા પછી શ્રી કૃષ્ણની કન્યાને તે માનપૂર્વક રાખે અને તેની સેવા કરે. કન્યા તો ઢોલીયા પર બેસી રહે. એક દિવસ શ્રી કૃષ્ણે વીરાને પૂછ્યું કે મારી પુત્રી તારી સેવા કરે છે? એણે કહ્યું કે હું તેની સેવા કરું છું. પછી શ્રી કૃષ્ણે આંખ કાઢીને કહ્યું – એની પાસે તારા ઘરના બધા કામ નહીં કરાવે તો તને બંદીખાનામાં નાખીશ. પછી ઘેર જઈ એણે એની સ્ત્રીને કહ્યું – કેમ ઢોલીયા પર બેસી રહે છે, કામ કરતી નથી. ચાલ મને કામમાં મદદ કર. એની સ્ત્રીનો (શ્રી કૃષ્ણની કન્યાનો) મીજાજ ખસી ગયો અને કહ્યું કે અરે કોળી, તું મને જાણતો નથી કે હું કોણ છું? તે સાંભળી સાલવીએ તો દોરડું પડ્યું હતું તે લઈને એને ઝાપટવા માંડ્યું. ત્યાંથી રિસાઈને ચાલતી પિતાને ઘેર ગઈ. કૃષ્ણે પૂછ્યું કેમ આવી? ત્યારે કન્યાએ કહ્યુંઃ મારે તો સ્વામિની થવું છે દાસી થવું નથી. ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું : હવે તો તે વીરા સાલવીને હાથ છે. અમે તને પરણાવી દીધી છે. તે કહે તેમ થશે. કન્યાએ કહ્યું —ગમે તેમ કરી મને છૂટી કરો. શ્રી કૃષ્ણે વીરા સાલવીને બોલાવી સમજાવીને કહ્યું કે એને સંસાર છોડીને સાધ્વી થવાની ઇચ્છા છે, પણ તું રજા આપે તો સાધ્વી થાય. એણે હા કહી એટલે તેનો દીક્ષા-મહોત્સવ કર્યો અને શ્રી નેમિનાથ ભગવાનને કન્યા સોંપી એનું કલ્યાણ કર્યું.

## ૧૯૯. સમવય જોઉં. (પિતા ઇચ્છા કરે છે.)

પૈસાની લાલચે કજોડાં કરું નહીં. કન્યાના મા-બાપ પૈસા લેવા હલકી ન્યાતોમાં, કે ઉંમરનો ઘણો તફાવત હોય અથવા રોગીલો હોય પણ કુળ સારું છે એમ માનીને કન્યા આપી દે. પણ સ્વસ્થ અને સમવય જોઉં એટલે યોગ્ય ઉંમર જોઈને જ કન્યાનું વેવિશાળ કરું.

## ૨૦૦. સમગુણ જોઉં. (પિતા ઇચ્છા કરે છે.)

પુત્રી અને તેનો વર બેય ગુણોમાં લગભગ સરખા હોય તે જોઉં. સરખો સ્વભાવ અને સરખી વિદ્યા વગેરે જોઉં. કોઈ સારા ગુણવાળો પુત્રી માટે વર શોધી કાઢ્યો હોય પણ પોતાની દીકરીમાં એવી યોગ્યતા ન હોય તો તે સામાને અસંતોષનું કારણ થાય; તેથી પોતાની પુત્રી દુઃખી થાય અને તે જોઈ પોતે પણ દુઃખી થાય. તેથી એક બીજાને પરસ્પર સંતોષ થાય એવો સમગુણી વર, કન્યા માટે જોઉં. હવે પિતાની, પુત્ર,પુત્રી સંબંધીની વાત પૂરી થઈ.

## ૨૦૧. તારો સિદ્ધાંત ત્રુટે તેમ સંસાર વ્યવહાર ન ચલાવું.

કૃપાળુદેવે એવો નિશ્ચય કરેલો છે કે વેપારમાં કે ગમે તેમાં પણ જો આત્મલક્ષ ચૂકાય તો દેહત્યાગ કરું પણ અસમાધિથી વર્તું નહીં.તારો મુખ્ય સિદ્ધાંત સ્વરૂપનું વિસ્મરણ ન કરવું તે છે. માટે એ તારો સિદ્ધાંત ત્રુટે તેમ સંસાર વ્યવહાર ચલાવું નહીં.

**"કોઈ કોઈ વાર સંગીઓ અને પ્રસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે; તે વેળા તે વિવેક પર કોઈ જાતિનું આવરણ આવે છે, ત્યારે આત્મા બહુ જ મૂંઝાય છે. જીવનરહિત થવાની, દેહત્યાગ કરવાની દુઃખસ્થિતિ કરતાં તે વેળા ભયંકર સ્થિતિ થઈ પડે છે; પણ એવું ઝાઝો વખત રહેતું નથી; અને એમ જ્યારે રહેશે ત્યારે ખચીત દેહત્યાગ કરીશ. પણ અસમાધિથી નહીં પ્રવર્તું એવી અત્યાર સુધીની પ્રતિજ્ઞા કાયમ ચાલી આવી છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૧૬)



## ૨૦૨. પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું.

વાત્સલ્યતા એ સમકિતના આઠ અંગમાંનું સાતમું અંગ છે. વાત્સલ્યતાની જરૂર છે, માટે પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું. ગાયનો વાછરડા ઉપર જેવો પ્રેમ છે તેવો નિઃસ્વાર્થ પ્રેમ ધર્માત્મા પ્રત્યે રાખવો તે વાત્સલ્યતા છે. પ્રભુશ્રીજી કહેતા કે 'સંઘ અમારા મા બાપ'. સંઘ આખો સાધુને માતા-પિતારૂપ છે. તમે અમને શિખામણ આપવા યોગ્ય છો. અમારો કોઈ દોષ હોય તો સંઘે અમને જણાવવું. આવા પરસ્પર વાત્સલ્યભાવની જરૂર છે.

''દેહ જોવાનો નથી ,પણ આ જીવ કોને ભજે છે? એ જોવું. કૃપાળુદેવને ભજે છે, તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને શરણે આવ્યા હોય તેના અમે દાસના દાસ છીએ. આપણે સેવા કરવી છે એમ ઇચ્છા રાખવી. મુમુક્ષુ છે તે સગાંવહાલાં કરતાં પણ વધારે હિતકારી છે. વાત્સલ્યઅંગ તો પહેલું જોઈએ. બીજું કશું ન થાય અને વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકરગોત્ર બાંધે. એ ગુણ આપણામાં નથી તો લાવવો છે એમ રાખવું. સમ્યક્ત્વ થાય એવા ગુણો મારામાં ન આવ્યા તો બધું પાણીમાં ગયું. એમ મનમાં રાખવું. પહેલી દૃષ્ટિમાં પહેલામાં પહેલો ગુણ 'અદ્વેષભાવ' આવે છે.'' -બોધામૃત-ભાગ ૧ (પૃ. ૩૩૧)

''साधर्मिवत्सले पुण्यं, यद्भवेत्तद्वचोऽतिगम् ।
धन्यास्ते गृहिणोऽवश्यं, तत्कृत्वाश्नंति प्रत्यह'' ।।१।।

**ભાવાર્થ**—''સાધર્મીવાત્સલ્ય કરવામાં જે પુણ્ય થાય છે તે વચનથી કહી શકાય તેવું નથી. જે ગૃહસ્થો હમેશાં સાધર્મીવાત્સલ્ય કરીને જમે છે તેઓને ધન્ય છે.''

**શ્રી સંભવનાથ પ્રભુનું દૃષ્ટાંત** – શ્રી સંભવનાથ પ્રભુએ પોતાના પૂર્વના ત્રીજા ભવમાં ધાતકીખંડના એરાવત ક્ષેત્રમાં ક્ષેમાપુરી નગરીને વિષે વિમલવાહન નામે રાજા થઈ, મોટો દુકાળ પડતાં, સાધર્મી જનોને ભોજન આપવા વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું. પછી તે દીક્ષા લઈ આનત નામના નવમા દેવલોકે દેવતા થઈ સંભવનાથ નામે તીર્થંકર થયા. તેઓ ફાલ્ગુન માસની શુક્લ અષ્ટમીએ અવતર્યા, તે વખતે મોટો દુષ્કાળ હતો, પણ તેમના જન્મથી તે જ દિવસે સર્વ તરફથી ધાન્ય આવી પહોંચ્યું અને નવા ધાન્યનો સંભવ થયો તેથી તેમનું નામ સંભવ એવું પાડ્યું. ઇત્યાદિ દૃષ્ટાંતોથી સાધર્મીવાત્સલ્યનું પુણ્ય વચનથી કહી શકાય તેવું નથી, તેથી જે ગૃહસ્થો પ્રતિદિવસ તે આચરીને પછી ભોજન કરે છે તેઓને ધન્ય છે. -ઉપદેશપ્રાસાદ ભાષાંતર-ભા-૩માંથી

**કુમારપાળરાજાના વાત્સલ્યભાવનું દૃષ્ટાંત** – શ્રી હેમચંદ્રસૂરિએ કુમારપાળ રાજાની આગળ જણાવીને કહ્યું-'હે રાજા! તમારે બારમા વ્રતમાં સાધર્મીવાત્સલ્ય કરવું યોગ્ય છે.' પછી કુમારપાળે જ્યાં સુધી પોતાની આજ્ઞા ચાલતી હતી ત્યાં સુધી રહેનારા શ્રાવકોના ઉપરથી તમામ કર માફ કર્યો; જે કર વડે પ્રતિવર્ષ બોંતેર લાખ દ્રવ્ય ઉપાર્જન થતું હતું. વળી તેણે સાધર્મી બંધુઓના ઉદ્ધાર માટે ચૌદ કોટી દ્રવ્યનો વ્યય કર્યો.

પારણાને દિવસે પોતે કરાવેલા શ્રી ત્રિભુવનપાળવિહાર નામના પ્રાસાદમાં સ્નાત્રમહોત્સવના અવસરે જે સાધર્મીઓ એકઠા થતા તેઓની સાથે કુમારપાળ ભોજન કરતા હતા. ભોજન વખતે હમેશાં દીન, દુઃખી, અજ્ઞાત અને ક્ષુધાર્તોને અનુકંપાદાન દેવા માટે પડહ વગડાવતા અને તેમને અન્નદાન આપીને પછી ભોજન લેતા હતા. તેમણે ઘણી દાનશાળાઓ સ્થાપી હતી. -ઉ.પ્રા.ભા. ભાગ-૩માંથી



## ૨૦૩. તત્ત્વથી કંટાળુ નહીં.

તત્ત્વજ્ઞાન મેળવતાં કંટાળું નહીં. ઘણા સાધુ થાય પછી શ્રુતનો અભ્યાસ કરતાં થાકે તેને માટે કહે છે. આત્માને હિતકારક જ્ઞાનીનાં વચનો છે, તેનાથી કંટાળવું નહીં પણ ઊલટો તેનો લોભ રાખવો. મોહનો ઉદય હોય છે ત્યારે જીવ થાકી જાય છે, કંટાળે છે. આ પ્રસંગે પરંપરામાં થયેલા છેલ્લા દશપૂર્વના અભ્યાસી શ્રી આર્યરક્ષિતસૂરિની વાત નીચે પ્રમાણે છે :-

**આર્યરક્ષિત સૂરિનું દૃષ્ટાંત –** એક આર્યરક્ષિત નામનો બ્રાહ્મણ હતો. તે વેદશાસ્ત્રમાં પારંગત થઈને ઘેર આવ્યો. રાજાએ અને લોકોએ તેને ખૂબ માન આપ્યું. પછી એની માને નમસ્કાર કરવા ગયો. માના મુખ પર હર્ષ જણાયો નહીં, પણ દુઃખની છાયા જણાઈ. તેથી એણે પૂછ્યું –"કેમ મા, બધા ગામવાળાઓને હર્ષ થાય છે અને તને હર્ષ કેમ થતો નથી?" માએ કહ્યું કે, "જૈનશાસ્ત્રનું બારમું અંગ દૃષ્ટિવાદ ભણે તો ખરો, નહીં તો તારી ભણેલી વિદ્યામાં તો કંઈ માલ નથી." પછી છોકરાએ કહ્યું : એ મને કોણ ભણાવે? માએ કહ્યું : તારા મામા તોસલીપુત્ર સાધુ થયા છે તે ભણાવશે. પછી ત્યાં જવાનો નિશ્ચય કર્યો. સવારમાં વહેલા ઊઠીને મામા હતા તે ગામ ભણી જવા માટે ચાલવા માંડ્યું. રસ્તામાં કોઈ બ્રાહ્મણે શેરડીનો સાંઠો એને આપવા માંડ્યો. તેણે કહ્યું કે મારી માને આપજો. માએ સાંઠો લીધો અને ગણી જોયું તો તેમાં ૧૦ પેરઈઓ હતી. તેથી તેણે અનુમાનથી વિચાર કર્યો કે મારો પુત્ર ૧૦ પૂર્વ જ શીખશે. પછી આર્યરક્ષિત તેના મામા તોસલીપુત્ર સાધુ પાસે ગયો. તોસલીપુત્ર પાસે જેટલું જ્ઞાન હતું તે ભણીને વધારે ભણવા તે શ્રી વજ્રસ્વામી પાસે જવા નીકળ્યો. રસ્તામાં એક ગામમાં ભદ્રગુપ્તસૂરિ મળ્યા. તેણે ચેતાવ્યું કે ગુરુની સાથે તું ઊતરીશ નહીં બીજે ઊતરજે. શ્રી વજ્રસ્વામી ગુરુનો પ્રેમ એવો હતો કે ગુરુનો દેહ છૂટી જાય તો શિષ્યોને પણ એટલો પ્રેમ આવે કે ગુરુની પાછળ એ પણ સંથારો લે. પણ એમને પહેલાંથી સૂચના એટલા માટે આપી કે બધા સંથારો ગુરુની સાથે કરશે તો પાછળથી કોઈ શ્રુતજ્ઞાની રહેશે નહીં.

પછી તે અપાસરામાં જઈને બહાર બારણા આગળ ઊભો રહ્યો અને કોઈ અંદર શ્રાવક જાય તેની સાથે જવાનો વિચાર કર્યો. કેમકે તે વંદન વિધિ જાણતો નહોતો. એક શ્રાવક અંદર ગયો તેની સાથે તે પણ ગયો. તેણે કંઈ બોલીને નમસ્કાર કર્યા. તેમ આણે પણ નમસ્કાર કર્યા. શ્રી વજ્રસ્વામીએ ધર્મલાભ આપ્યો અને વાતચીત કરીને પૂછ્યું કે ક્યાંથી આવ્યો અને શા માટે આવ્યો વગેરે. ત્યારે આર્યરક્ષિતે કહ્યુંઃ મારે દૃષ્ટિવાદ અંગ ભણવું છે. આચાર્યે કહ્યું તે તો સાધુ થાય ત્યારે ભણાય એવું છે. તેથી સાધુ થયો એટલે એને ભણાવવા માંડ્યું. દશમું પૂર્વ ચાલતું હતું ત્યારે એનો ભાઈ ફલ્ગુરક્ષિત બોલાવવા આવ્યો કે આપણા માતા-પિતા તને બહુ યાદ કરે છે અને તમારા દર્શન કરવાની બહુ ઇચ્છા છે. તમે ત્યાં આવો તો તે પણ વિશેષ ધર્મ પામે. પછી જે ભાઈ બોલાવવા આવ્યો હતો એને કહ્યું કે તું આવ્યો છે તો તું તો ધર્મ પામ. એમ કહી ભાઈને દીક્ષા અપાવી. પોતાને મોહથી મા-બાપ સાંભર્યા તેથી શિષ્યે ગુરુને પૂછ્યું કે હવે કેટલું શ્રુતજ્ઞાન ભણવાનું બાકી રહ્યું? આચાર્ય સમજી ગયા કે આ થાક્યો છે. આચાર્યે જવાબ આપ્યો કે સમુદ્રમાંથી જેમ સળી બોળીને બહાર કાઢે તો તે સળી ઉપર કેટલું પાણી આવે તેટલું ટીપું માત્ર તું હાલ ભણ્યો છું અને આખા સમુદ્રના પાણી જેટલું શ્રુત તો હજી ભણવાનું બાકી છે. એમનું કહેવું બરાબર હતું, કારણ કે આખું શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન જેવું છે. શ્રુતકેવળી પણ પરોક્ષ રીતે કેવળી જેટલું જાણે છે. તે સાંભળી શિષ્ય હવે વધારે થાક્યો કે આટલું તો ક્યારે પુરું થશે? તેથી આચાર્યને વિનંતી કરી કે મારો ભાઈ



ફલ્ગુરક્ષિત મને તેના ગામે જવાની વિનંતી કરવા આવ્યો છે. આપની આજ્ઞા હોય તો એમને ત્યાં જઈએ. આચાર્યે તેને આચાર્યપદ આપીને વિદાય કર્યો. બીજા શિષ્યોમાં સૌથી વધારે દસ પૂર્વ સુધી ભણેલા એ આર્યરક્ષિત હતા. દસમું પૂર્વ પુરું થવા આવ્યું અને એમનું ભણવાનું પુરું થયું.

ગણધરોએ પહેલા બારમું દૃષ્ટિવાદ અંગ રચ્યું. તેના પાંચ ભેદ અર્થાત્ પંચ પ્રકરણ છે. તે પાંચ ભાગમાંના ચોથા ભાગમાં ૧૪ પૂર્વ છે. તીક્ષ્ણ બુદ્ધિવાળાઓ દૃષ્ટિવાદ શીખી ગયા. પણ ઓછી બુદ્ધિવાળા અને સાધ્વીઓને ૧૨મું અંગ દૃષ્ટિવાદ શીખવું અઘરું પડ્યું. તેથી દૃષ્ટિવાદ લખનારા ગણધરોએ ઓછા ક્ષયોપશમવાળાઓ ઉપર દયા લાવીને દૃષ્ટિવાદમાં જે કહેવું છે તેનો ભાવાર્થ જેમાં આવે એવા અગત્યના વિષયો ગોઠવી ૧૧અંગની રચના કરી. ૧૧ અંગમાંના આચારાંગ વગેરે હાલ થોડાં જ રહ્યાં છે, બાકી વિચ્છેદ ગયાં છે. બારમું અંગ દૃષ્ટિવાદ તો ભૂલાઈ જ ગયું છે.

૧૧ અંગમાંનુ મૂળ આચારંગ સૂત્ર ઘણું વિસ્તારવાળું હોવું જોઈએ એમ હાલના આચારાંગસૂત્રમાં છે. એમાં વૈરાગ્ય, ઉપશમ, સમકિત, ચારિત્ર, છૂટક છૂટક આત્મા સંબંધીની સૈદ્ધાંતિક વાતો છે. બાકી કથાઓ તથા ઉપદેશ-બોધ છે. મુખ્યપણે આમાં ઉપદેશબોધ છે, સિદ્ધાંતબોધ તો થોડોક જ છે. માટે સિંધુમાંથી બિંદુ જેટલાં રહેલા તત્ત્વજ્ઞાનને મેળવતાં કંટાળુ નહીં. પણ પ્રેમપૂર્વક ભક્તિભાવે તેને ગ્રહણ કરવા પ્રયત્ન કરું.

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ - ૪'ના આધારે :–**

**વરદત્તની કથા –** ભરતક્ષેત્રમાં પદ્મપુર નગરમાં અજિતસેન રાજાને વરદત્ત નામે પુત્ર થયો. તેને ભણવા મૂક્યો પણ એક અક્ષર પણ આવડે નહીં અને પૂર્વકર્મના ઉદયથી તેને કોઢરોગનો વ્યાધિ થયો. એકદા નગરમાં જ્ઞાની વિજયસેન ગુરુ પધાર્યા. તેમને આનું કારણ પૂછ્યું ત્યારે તેમણે તેનો પૂર્વભવ જણાવ્યો. પૂર્વભવમાં તે વસુદેવ નામે મુનિ હતા. તે સિદ્ધાંતરૂપ સમુદ્રના પારગામી થઈ આચાર્ય પદવીને પામ્યા. હમેશાં પાંચસો સાધુઓને વાચના આપતા હતા. વારંવાર સાધુઓ પ્રશ્ન પૂછવા આવતા. એક દિવસ ઊંઘમાં અંતરાય થતાં મુનિને જ્ઞાન ઉપર દ્વેષભાવ ઉત્પન્ન થયો અને મૂર્ખપણું શ્રેષ્ઠ જણાયું. જેથી બાર દિવસ સુધી કોઈને વાચના આપી નહીં. અને અંતે મૃત્યુ પામી હે રાજા! એ તારો પુત્ર થયો છે. પૂર્વે બાંધેલા કર્મથી તે મૂર્ખ અને કોઢી થયેલ છે. માટે તત્ત્વથી કદી કંટાળું નહીં પણ પ્રેમપૂર્વક તત્ત્વની વાર્તા કરું.

**ગુણમંજરીની કથા –** ભરતક્ષેત્રના પદ્મપુર નગરમાં સિંહદાસ નામે શેઠ રહેતો હતો. તેને કર્પૂરતિલકા નામની પત્ની હતી. તેમની પુત્રી બાલ્યવયથી જ રોગી અને મૂંગી હતી. નગરમાં શ્રી વિજયસેન ગુરુ પધાર્યા ત્યારે તેમને તેનું કારણ પૂછતા તેનો પૂર્વભવ જણાવ્યો કે ધાતકી ખંડમાં ખેટકપુર નગરમાં જિનદેવ નામે શેઠ રહેતો હતો. તેને સુંદરી નામે પત્ની હતી. તેને પાંચ પુત્રો તથા ચાર પુત્રીઓ હતી. શેઠે પુત્રોને ભણવા મૂક્યા પણ તેઓ ભણે નહીં. તેથી પંડિતે એકવાર સોટીથી માર્યા. તેથી માતાએ પુત્રોને કહ્યું કે માસ્તર તમને તેડવા આવે ત્યારે તેને દૂરથી પથ્થર વડે મારજો એમ પુત્ર પરના રાગથી જણાવ્યું. અને પાટી પુસ્તક વગેરે સર્વ અગ્નિમાં નાખી બાળી દીધાં. તેથી તે ત્યાંથી મરીને હે શેઠ! એ તારી પુત્રીરૂપે અવતરી છે. જ્ઞાનની આશાતનાને કારણે તે રોગી અને મૂંગી થઈ છે. માટે તત્ત્વથી કદી કંટાળું નહીં. પણ તત્ત્વ બતાવનાર શાસ્ત્રો કે શ્રી ગુરુનું બહુમાન કરું. (પૃ.૧૬)

પછી રાજા તથા શેઠ બન્નેના રોગ નાશનો ઉપાય ગુરુદેવને પૂછતાં શ્રી ગુરુએ કહ્યું કે જ્ઞાનપંચમીનું


૧
આચાર્યને ઉંઘમાં અંતરાય થતા જ્ઞાન ઉપર દ્વેષ
૨
માતાના કહેવાથી પંડિતને પત્થર મારતાં પુત્રો, પુસ્તક વગેરે અગ્નિમાં નાખતી માતા
વરદત્ત અને ગુણમંજરી
૩
વરદત્તને કોઢ રોગ
ગુણમંજરી રોગી અને મૂંગી


શ્રી આનંદઘનજીને ઉપદેશ
પ્રભુભક્તિમાં તન્મય
પતિ સાથે બળી સતી થવા તૈયાર,
શ્રી આનંદઘનજીનો ઉપદેશ



આરાધન કરવાથી રોગથી મુક્તિ થશે. પછી ગુરુઆજ્ઞાથી જ્ઞાનપંચમીનું આરાધન કરવાથી બન્ને રોગમુક્ત થયા. પછી વરદત્ત રાજા થયો અને શેઠની પુત્રી પણ નીરોગી થવાથી શેઠે તેને પરણાવી. અંતે આરાધન કરીને બન્ને સ્વર્ગે સિધાવ્યા. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે.

## ૨૦૪. વિધવા છું. તારા ધર્મને અંગીકૃત કરું. (વિધવા ઇચ્છા કરે છે.)

વિધવા છું માટે સંસારકામથી સર્વથા નિવૃત્તિ, તારા બોધેલા વીતરાગ ધર્મને મન વચન કાયાથી અંગીકૃત કરું. આપ પરમેશ્વરને જ મારા પતિ માનું. સતીને એક જ પતિ હોય, તેમ આપના પ્રત્યે અખંડ વૃત્તિ રાખી આપના બોધેલા 'સહજાત્મસ્વરૂપ'માં સદા વૃત્તિ રોકી રાગ દ્વેષ અજ્ઞાનથી નિવૃત્ત થવા પુરુષાર્થ કરું.

**પતિ સાથે બળી, સતી થતી બાઈને શ્રી આનંદઘનજીનો ઉપદેશ**

**સતી થવા તૈયાર થયેલ બાઈનું દૃષ્ટાંત –** મેવાડમાં શ્રી આનંદઘનજી મહારાજ વિચરતા હતા. જંગલમાં જતાં સ્મશાન ભૂમિ આવી. ત્યાં એક મોટી ચિતા ખડકેલી જોઈ અને પાસે એક શબ પડેલું દીઠું. આજુબાજુ શોકાતુર ચહેરે ડાઘુઓ બેઠેલા હતા. નજીકમાં જ એક શેઠની પુત્રી વિધવા થયેલી પોતાના મરણ પામેલા પતિ સાથે બળી સતી થવા તૈયાર થઈને ઊભી હતી. તે જોઈ આનંદઘનજીએ તે બાઈને પૂછ્યું કે તું તારા ખરા પતિને ઓળખે છે? ઓળખ્યા વિના કોની સાથે બળવા તૈયાર થઈ છું?

તે સાંભળી સ્ત્રીએ જવાબ આપ્યો કે 'હું મારા પતિને ઓળખું છું. આ શબ તેમનું જ છે. તેમની સાથે સતી થઈ તેમને સ્વર્ગમાં ભેટવા જઉં છું.

શ્રી આનંદઘનજીએ જવાબમાં કહ્યું કે બાઈ તું ભૂલે છે. આ પતિપત્નીનો સંબંધ આ જન્મ પૂરતો જ છે. મૃત્યુ પછી સૌ જીવો પોતપોતાના કર્મ અનુસાર ગતિને પામે છે. આમ સતી થવાથી તેનાથી મેળાપ થાય જ એવું ચોક્કસ નથી. તું તેના આત્માને પતિ માનતી હોય તો તે આત્માનો નાશ નથી, તે આત્મા તો બીજી ગતિને પામેલ છે. અને તું તેના શરીરને જ પતિ માનતી હોય તો તે આ રહ્યું. અને જો તે તારો સાચો પતિ જ હોત તો તને અહીં એકલી મૂકીને પરલોકે કેમ જાત! માટે આવા નાશવંત જગતના પતિનો મોહ છોડી, શાશ્વત સુખસ્વરૂપ એવા પરમાત્મારૂપ પતિ સાથે સ્નેહ સંબંધ જોડ કે જેથી તારું સર્વકાળનું દુઃખ સર્વ પ્રકારે નષ્ટ થાય; અને ફરી કદી જન્મ ધારણ કરીને આવી રીતે બળવાનો પ્રસંગ આવે નહીં.

આ ઉપદેશ શેઠની પુત્રીને ગળે સોંસરો ઊતરી ગયો. સતી થવાનો વિચાર માંડી વાળ્યો અને ત્યાગધર્મ સ્વીકારી પ્રભુ ભક્તિમાં તે તન્મય થઈ ગઈ. શ્રી આનંદઘનજી મહારાજ આ જ પ્રસંગને ભગવાન ઋષભદેવના સ્તવનમાં આલેખે છે કે :–

**''ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. '' -ઋષભ જિનેશ્વર૦**

## ૨૦૫. સુવાસી સાજ સજું નહીં.

વિધવા ઇચ્છા કરે છે કે સુવાસી સાજ એટલે સુહાગણનો સાજ સજું નહીં. જે વડે બીજાને મોહ થાય એવા વેષ પહેરું નહીં, ઘરેણાં પહેરું નહીં, શ્રૃંગાર સજું નહીં, માથામાં ફૂલ કે વેણી વગેરે નાખું નહીં, પણ સાદાઈથી રહું.

શણગાર કેવા સજવા કે જેથી પોતાનો આત્મા ઉન્નતિને પામે, એ વિષે 'આલોચનાદિ પદ



સંગ્રહ'માં **'સજ્જનીના શણગાર'** નામના કાવ્યમાં સોળ શણગાર સજવાની વાત જણાવે છે. તેનો ગદ્યાર્થ આ પ્રમાણે છે :—

(૧) કપાળમાં સમકિતરૂપી તિલક કરું. (૨) સંયમરૂપી કાજળ આંખમાં આંજુ. (૩) શ્રુતજ્ઞાનરૂપી કુંડળ કાનમાં પહેરું. (૪) શીલરૂપી સુવાસ વડે કેશને સુગંધિત કરું. (૫) શીલની વાડરૂપ કપાળમાં દામણી પહેરું. (૬) ભક્તિભાવ રૂપી સેંથી ભરું. (૭) વિનયરૂપ નથની નાકમાં સદા પહેરું. (૮) સમ્યક્જ્ઞાનરૂપ હારને સદા કંઠે ધારણ કરું. (૯) સત્સંગરૂપી સુંદર વસ્ત્ર પહેરું. (૧૦) વિદ્યા અને (૧૧) વિવેકરૂપ બંગડી હાથમાં ધરું. (૧૨) નીતિરૂપ કુમકુમથી થાળ ભરું. (૧૩) પુરુષાર્થરૂપ કંદોરો કમરમાં પહેરું (૧૪) સુસંપરૂપ ઘૂઘરીનો રણકાર કરું. (૧૫) શાંતિ અને સમતારૂપ ઝાંઝરને પગમાં પહેરું અને (૧૬) દયારૂપ કુમકુમને પ્રભુના પગલે ધરું. એમ ઉત્તમ સદ્ગુણો એ જ ખરા સોળ સુંદર શણગાર છે. જેથી તનના શણગારની પ્રીતિ મૂકી દઈ આત્મપ્રાપ્તિના આ સદ્ગુણો સજવાથી સદ્ગુરુના ઉપદેશ ઉપર શ્રદ્ધા થશે.

**શ્રી રતનબેનનું દૃષ્ટાંત –** શ્રી પુનશીભાઈના ગુજરી જવાથી રતનબેન વિધવા થયા હતા. તેમના દિયરે મિલ્કત લઈ લેવા કેસ કર્યો.જેથી કોર્ટમાં જવું પડતું. પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને જણાવતાં તેમણે ભલામણ કરી કે કોર્ટમાં જવું પડે તો સાદા ધોયેલાં કપડાં પહેરીને જવું, જેથી કોઈની નજર આપણા ઉપર જાય નહીં.

## ૨૦૬. ધર્મકથા કરું.

પરમપૂજ્ય પ્રભુશ્રીજી કહે, 'નવરો બેઠો નખ્ખોદ વાળે' માટે વિધવા છું તો ધર્મકથા કરું. મન બીજા વિચારમાં ન જાય તે માટે હમેશાં જ્ઞાની પુરુષના બોધમાં મનને પરોવું. ભક્તિમાં કે નવું નવું શીખવામાં, શીખેલું ફેરવવામાં, લખવામાં કે મંત્ર સ્મરણમાં મનને પરોવું. નવરી રહું નહીં એમ ધર્મકથામાં ઉપયોગને જોડેલો રાખું. વિશેષ યોગ્યતા હોય તો સ્ત્રીઓની સભામધ્યે ધર્મકથા કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી:–** ''ધર્મકથા—વીતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણીત કર્યા છે તે ભાવ તેવા લઈને, ગ્રહીને, વિશેષે કરીને નિશ્ચય કરીને, શંકા, કંખા અને વિતિગિચ્છારહિતપણે, પોતાની નિર્જરાને અર્થે સભામધ્યે તે ભાવ તેવા પ્રણીત કરીએ તેને ધર્મકથાલંબન કહીએ. જેથી સાંભળનાર, સદ્દહનાર બન્ને ભગવંતની આજ્ઞાના આરાધક થાય.'' (વ.પૃ.૧૧૪)

## ૨૦૭. નવરી રહું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– ''નકામો વખત જવા દેશો નહીં.''** (વ.પૃ.૧૨)

''નવરાશના વખતમાં નકામી કૂટ અને નિંદા કરો છો તે કરતાં તે વખત જ્ઞાનધ્યાનમાં લો તો કેવું યોગ્ય ગણાય!'' (વ.પૃ.૧૩)

''પળ એ અમૂલ્ય ચીજ છે. ચક્રવર્તી પણ એક પળ પામવા આખી રિદ્ધિ આપે તોપણ તે પામનાર નથી. એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે એમ તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધ છે!'' (વ.પૃ.૯૪)

**''સ્ત્રી નીતિ બોધક''માંથી :—વખત નકામો નહીં ગાળવા વિષે-**

(હરિ ભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર ન આવે.)

**અરે વખત વૃથા, કો દી ગુમાવો નહીં એ મારી વિનતી,**
**મળે નહીં પાછો, જાનારો એ ખરચો જો દામો અતિ.**
**મળે નહીં પાછો એ પોતે, ભલે દીપક લઈને તું ગોતે,**
**નહીં મળે ચંદ્ર કેરી જ્યોતે. અરે વખત૦૧**



બાબરાભૂત
શેઠ ઉપર વ્યંતરદેવ પ્રસન્ન
૧
વ્યંતરે બનાવેલી
હવેલી તથા વખાર
૨
શેઠ કહે સાંકળ ઉપર ચઢઉતર કરવું
૩
કામ પડે ત્યારે મને સંભારવો
૪



**નહીં પળ નકામી જાવા દ્યો, સારો ઉપયોગ જ થાવા દ્યો,**
**શુભ કામ કરીને લ્હાવો લ્યો. અરે વખત૦૨**
**વખત અમૂલ્ય જાણી લીધો, ઉપયોગ કરો તેનો સીધો,**
**અમથી કુથલી તો જાવા દ્યો. અરે વખત૦૩**
**રે! વાંચો સદ્‌ગ્રંથો સારા, રાખી તેના નિત્યે ધારા,**
**કરો કામો સારાં બહુ પ્યારાં. અરે વખત.૪** - શ્રીમદ્ રાજચંદ્ર

**'ઉપદેશામૃત'માંથી:–** ''વીલો મૂકવો નહીં. રાતદિવસ મંત્રનું સ્મરણ કરવું અને વખત મળ્યે વાંચન પઠન કરવું. અમૂલ્ય વખત આળસમાં કે પરપરિણતિમાં ન ખોવો. (પૃ.૪૦૭)

**'બોધામૃતભાગ - ૧'માંથી:– મન મંત્રમાં રાખે તો થાકે**

**બાબરાભૂતનું દૃષ્ટાંત –** ''એક વાણિયો હતો. તેને લાગ્યું કે કામ તો ઘણું છે અને ગુમાસ્તા થોડા છે, માટે કોઈ દેવને વશ કરું. પછી તેણે આરાધના કરી. તેની આરાધનાથી દેવ પ્રસન્ન થયો અને કહ્યું કે કામ બતાવ, નહીં તો તને ખાઈ જઉં. તેણે કહ્યું હિમાલયથી વાંસ લઈ આવ. તે લઈ આવ્યો. પછી નવરો હોય ત્યારે ચઢવા-ઉતરવાનું કામ બતાવ્યું. એવું આ મન છે. તેને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રમાં રાખવું તો થાકે, નહીં તો નહીં થાકે.'' (બો-૧ પૃ. ૧૮૮)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :–** વણિકની આરાધનાથી વ્યંતરદેવે પ્રસન્ન થઈ કહ્યું-શું કામ છે? બતાવ. ત્યારે વણિક કહે અહીં એક સાત માળનો આવાસ બનાવો તથા બાજુમાં ચાર વખાર બનાવો. તે તેણે તુરંત બનાવી લીધી. પછી ફરી બાબરાભૂતે કહ્યું કામ બતાવ નહીં તો તને ખાઈ જઈશ. વણિક કહે વનમાંથી એક ઊંચામાં ઊંચો વાંસ લાવી અહીં રોપો. તેના છેક ઉપર એક આડું લાકડું બાંધો. તેના ઉપરથી છેક નીચે સુધી લટકતી એક સાંકળ લટકાવો. દેવે તેમ કર્યું. ત્યારે વણિકે કહ્યું હવે હું બીજું કામ ન બતાવું ત્યાં સુધી આ સાંકળ ઉપર ચઢ ઉતર કર્યા કરો. વ્યંતરે આ સાંભળીને કહ્યું તું મારા માથા ઉપરનો મળ્યો. જ્યારે કામ પડે ત્યારે મને સંભારજે હું આવીશ. એમ કહી સ્વસ્થાનકે ચાલ્યો ગયો.

એમ મનને ખૂબ કામમાં રોકી થકવીએ તો થાકે. માટે સ્ત્રી નવરી પડે તો માઠા વિચાર કરે. તે કામમાં જ ગુંથાયેલી સારી. મુનિ પણ કામે વળગ્યા સારા. તેથી તેમને પણ આખા દિવસની નિત્ય ક્રિયા બતાવેલ છે.

**દયાનંદ સરસ્વતીનું દૃષ્ટાંત :– વૃત્તિઓને રોકવાનો ઉપાય ભક્તિ સ્વાધ્યાય.** શ્રી દયાનંદ સરસ્વતીને શરીરમાં હૃષ્ટ પુષ્ટ જોઈને એક ભાઈએ તેમને પૂછ્યું : 'આપકો કામ નહીં સતાતા હૈ?' તેમણે જવાબમાં કહ્યું 'કામ! કૌન સા કામ? મૈં તો સદા કામમેં હી રહતા હૂં.' એમ મનને સદા ભક્તિ સ્વાધ્યાય આદિ ઉત્તમ કામમાં પરોવેલું રાખીએ તો વૃત્તિઓને ભટકવાનો અવકાશ મળતો નથી.

## ૨૦૮. તુચ્છ વિચાર પર જઉં નહીં.

નવરી બેઠી તુચ્છ વિચાર કરું નહીં તે પર એક દૃષ્ટાંત છે.

**'હિત શિક્ષાના રાસનું રહસ્ય'ના આધારે :– નવરું મન નખ્ખોદ વાળે**

**શ્રીમતીનું દૃષ્ટાંત –** ''શ્રીપુર નામના નગરમાં જિનદત્ત નામે શેઠ રહેતો હતો. તેનો પુત્ર પરદેશ કમાવા ગયો. તેની શ્રીમતી નામે ભાર્યા હતી. પુત્રને પરદેશમાં ઘણો સમય વ્યતીત થવાથી તેની સ્ત્રી કામાતુર થઈ. તેની પાસે રહેનારી એક વૃદ્ધ સ્ત્રીને તેણે કહ્યું : 'મને કામ વિકાર બહુ થયો છે માટે



કોઈ સારો પુરુષ લાવી આપો, જેથી મને શાંતિ થાય.''

શ્રીમતી ઘરમાં નવરી હતી. ધન, રૂપ અને યૌવનમાં મદમાતી, મોટી હવેલી તથા અનેક ભોગના સાધન વચ્ચે રહેનારી તથા પતિ પરદેશ ગયો હોવાથી આવી તુચ્છ વિચારવાળી તેની મતિ થઈ. પણ વૃદ્ધ સ્ત્રી પ્રૌઢ વિચારવાળી હોવાથી તેના સસરાને એકાન્તમાં બોલાવી કહ્યું કે, હવે વહુનું મન વશ રહેતું નથી. યૌવનવંતી છે. નવરી રહી શકતી નથી. તે શિયળ કેમ પાળી શકે? માટે તે સંબંધી યોગ્ય લાગે તે ઉપાય કરો.

સસરાએ દીર્ઘ વિચાર કરી ઘરના સર્વ માણસોને બોલાવી પોતાની સ્ત્રી (શેઠાણી) ઉપર કૃત્રિમ ગુસ્સો કરીને કહ્યું –'અત્યારથી તમારે તમામ કામ વહુને પૂછીને કરવાં. પૈસા ટકા જે જોઈએ તે તેની પાસેથી માંગવા. બહારથી પણ કાંઈ લાવવું હોય તો તેને પૂછીને લાવવું.' આ પ્રમાણે હુકમ કરી વહુને બોલાવી ઘરનો તમામ કારભાર તેને સોંપી દીધો. બહુ નોકરચાકરવાળું અને મેમાન પરોણાવાળું શેઠનું ઘર હોવાથી વહુને એટલું બધું કામ માથે આવી પડ્યું કે એક ઘડીની પણ હવે નવરાશ મળે નહીં. કાયમ કામમાં ને કામમાં ગુંથાયેલી ને ગુંથાયેલી રહે. પછી શેઠની પ્રેરણાથી ડોશીએ વહુને એકાંતમાં પૂછ્યું કે 'તમે કહેતા હતા તે પુરુષને લાવું?' ત્યારે વહુ કહેઃ 'અરે માજી! એ શું બોલ્યા? અહીં તો એક મિનિટની પણ ફુરસદ નથી. હવે એવી વાત પણ કદી કરશો નહીં. ડોશીમાએ શેઠ પાસે જઈને બધી વાત કહી તેથી શેઠને પણ મનમાં શાંતિ થઈ ગઈ.

આ વાર્તાનો સાર એ લેવાનો છે કે નવરા રહેવાથી મન ઠેકાણે રહેતું નથી, જ્યાં ત્યાં ફર્યા કરે છે, માટે તેને કામમાં ગુંથાયેલું રાખવું. એ જ પ્રમાણે શ્રાવક કે સાધુ પણ ધર્મના કાર્યમાં વળગ્યા રહે તો તેનું મન ઠેકાણે રહે. નવરા માણસ હાંસી, ખેલ, કુતુહલાદિ કરે, અનેક પ્રકારની રમતો રમે, પણ જો કામમાં પરોવાયેલો હોય તો તુચ્છ વિચાર આવે નહીં. માટે જ્ઞાનીપુરુષો કહે છે–'હે ભવ્ય પ્રાણીઓ! તમે નવરા ન રહેશો પણ શુભ કાર્યમાં હમેશાં આત્માર્થે ગુંથાયેલા રહેજો; જેથી તમારા આત્માનું કલ્યાણ થાય.''

## ૨૦૯. સુખની અદેખાઈ કરું નહીં.

**''દેખ દૂસરોં કી બઢતી કો, કભી ન ઈર્ષા ભાવ ધરું.''** –મેરી ભાવના

**''બીજાની ચઢતી જોઈ કદી ઈર્ષાભાવ, અદેખાઈ કરું નહીં.''** –નિત્યનિયમાદિ પાઠ (પૃ.૩૦૯)

**'શ્રીપાલરાજાના રાસ'માંથી :–** જેના હૃદયમાં ઈર્ષા હોય છે તે માણસ બીજાની ઋદ્ધિ જોઈ શકતો નથી. જેમ મેઘની ગર્જના સાંભળવાથી સમુદ્ર દુબળો થાય છે એટલે સુકાવા લાગે છે તેમ બીજાની ઈર્ષાથી માણસ દુર્બળ થાય છે.

વર્ષાઋતુમાં સર્વ વનસ્પતિઓ લીલીછમ થાય છે ત્યારે જવાસાનું વૃક્ષ ઊભું સુકાય છે.

ઈર્ષાળુ માણસો જવાસાના વૃક્ષની જેમ કોઈનું પણ સારું જોઈ રાજી થતા નથી. તેથી ઈર્ષાની આગમાં બિચારા બળીને ખાખ થઈ જાય છે. માટે કોઈની ચડતી જોઈને ઈર્ષા કરવી નહીં. જેઓને ભાગ્યે મોટા બનાવ્યા હોય, તેઓની ઈર્ષા કરવાથી શું ફાયદો? જુઓને! પર્વતને મોટો જોઈ તેની ઈર્ષાથી, પર્વતને પાડવામાં હાથીના દાંત પડી ગયા, પણ પર્વત નાનો થયો નહીં અને તે ચીસો પાડતો જ રહ્યો.

આ દૃષ્ટાંતે, ધવળશેઠ પણ શ્રીપાળકુંવરની ઈર્ષા કરી તેને દુઃખી કરવા, થાય તેટલા ઉદ્યમ કરે છે. પરંતુ તેને દુઃખી કરવા જતાં પોતાના જ હાલ બગડે છે અને અંતે મરી સાતમી નરકે જાય છે.



દરેક જીવને પુણ્યના અનુસારે વૈભવ પ્રાપ્ત થાય છે. માટે કોઈપણ પ્રાણીની ઋદ્ધિ કે ચડતી દેખી ઈર્ષા કે દ્વેષ કરવો નહીં. દ્વેષ કરવાથી સામાને કંઈ થતું નથી. પરંતુ પોતાને અશુભ કર્મનો બંધ પડે છે. કહેવત છે કે ''હાથનાં કર્યાં હૈયે વાગે.''તેમ ભવાન્તરમાં તે કર્મના ઉદયથી તેનાથી પણ વધારે દરિદ્રતા કે નીચતા પ્રાપ્ત થાય છે એમ સમજી સુજ્ઞ પ્રાણીઓએ ઈર્ષા કરવી નહીં.'' (પૃ.૧૩૪)

**ચોરોનું દૃષ્ટાંત – સુખની અદેખાઈ વડે સર્વ દુઃખી.** ''એક શેઠને ત્યાં ચોરોએ રાત્રે ખાતર પાડ્યું. જેવી ભીંત તોડી મોઢું અંદર ઘાલ્યું કે શેઠે તેનું નાક કાપી લીધું. તે ચોરે વિચાર કર્યો કે મારું નાક કપાઈ ગયું અને બીજાના નાક રહી ગયા. તેથી બીજાની અદેખાઈથી કહ્યું કે મને તો અહીં માથું ઘાલવાથી નારાયણ દેખાય છે. તે સાંભળી બીજાએ પણ મોઢું ઘાલ્યું કે તેનું પણ નાક શેઠે કાપી લીધું. પહેલા ચોરે બીજાના કાનમાં કહ્યું કે તું પણ એમ જ કહે, નહીં તો બીજાના નાક સાબુદ રહી જશે. તેથી તેણે પણ એમ જ કહ્યું. જેથી બધા ચોરોના નાક કપાઈ ગયા. એમ બીજાના સુખની અદેખાઈ કરું નહીં.''

**''ઈર્ષ્યા થકી આ અવનીમાં, અવનતી અવશ્ય થાય;**
**તે માટે ઈર્ષ્યા થકી, રહેજો દૂર સદાય.''** -સાદી શિખામણ (પૃ.૧૫)

## ૨૧૦. સંસારને અનિત્ય માનું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય.'' (વ.પૃ.૪૫૨)

**અનિત્યભાવના**

**''વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;**
**પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !''**

**વિશેષાર્થ :-** લક્ષ્મી વીજળી જેવી છે. વીજળીનો ઝબકારો જેમ થઈને ઓલવાઈ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે. અધિકાર પતંગના રંગ જેવો છે. પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે, તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતો રહે છે. આયુષ્ય પાણીનાં મોજાં જેવું છે. પાણીનો હિલોળો આવ્યો કે ગયો તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં પડવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતા ઇંદ્રના ધનુષ્ય જેવા છે. જેમ ઇંદ્રધનુષ્ય વર્ષાકાળમાં થઈને ક્ષણવારમાં લય થઈ જાય છે, તેમ યૌવનમાં કામના વિકાર ફળીભૂત થઈ જરાવયમાં જતા રહે છે; ટૂંકામાં હે જીવ ! એ સઘળી વસ્તુઓનો સંબંધ ક્ષણભર છે; એમાં પ્રેમબંધનની સાંકળે બંધાઈને શું રાચવું ? તાત્પર્ય એ સઘળાં ચપળ અને વિનાશી છે, તું અખંડ અને અવિનાશી છે; માટે તારા જેવી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર !'' (વ.પૃ.૩૬)

**'સમાધિ સોપાન'માંથી :–** ''આ ધન, યૌવન, જીવન, કુટુંબના સંગમને પાણીના પરપોટા જેવા અનિત્ય જાણી આત્માના હિતરૂપ કાર્યમાં પ્રવર્તન કરો. સંસારના જેટલા સંગમ છે તે બધા વિનાશી છે. એમ અનિત્ય ભાવના ભાવો. પુત્ર, પૌત્ર, સ્ત્રી, કુટુંબ આદિક કોઈની સાથે પરલોક ગયાં નથી, અને જશે પણ નહીં. પોતાનાં ઉપાર્જન કરેલાં પુણ્ય પાપ આદિ કર્મો માત્ર સાથે રહેશે. આ જાતિ, કુળ, રૂપ આદિક તથા દેશ નગર આદિકનો સમાગમ દેહની સાથે જ નાશ પામશે. તેથી અનિત્યભાવના ક્ષણમાત્ર પણ વીસરી ન જાઓ; તેના પ્રભાવે પર ઉપરથી મમત્વ છૂટી આત્મકાર્યમાં પ્રવૃત્તિ થાય છે.'' (પૃ.૭૧)



**'પ્રજ્ઞાવબોધ'માંથી –**

**''પરણે પ્રાતઃકાળમાં જી, સાંજે પડતી પોક,**
**રંગ-રાગ પલટાય સૌ જી, હર્ષ હતો ત્યાં શોક.**
**જીવ, જોને ક્ષણ ક્ષણ નરભવ અવસર જાય.''** (પૃ.૫૭૬)

**'શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર'ના આધારેઃ–અનિત્ય એવા સંસારને ધિક્કાર**

**અનંગદેવનું દૃષ્ટાંત –** ''એક વખત અપરાજિત રાજા (શ્રી નેમિનાથ ભગવાનનો જીવ પૂર્વભવમાં) ઉદ્યાનમાં ગયો હતો. ત્યાં રૂપમાં કામદેવ જેવો અનંગદેવ નામે એક સાર્થવાહનો સમૃદ્ધિમાન્ પુત્ર તેના જોવામાં આવ્યો. તે દિવ્ય વેષને ધારણ કરનારા સમાન વયના મિત્રોથી વીંટાયેલો હતો. ઘણી રમણીય રમણીઓની સાથે ક્રીડા કરતો હતો, યાચકોને દાન આપતો હતો, બંદીજનો તેની સ્તુતિ કરતા હતા અને ગીતગાન સાંભળવામાં તે આસક્ત હતો. તેને જોઈને અપરાજિત રાજાએ પોતાના માણસોને પૂછ્યું કે, 'આ કોણ છે?' તેઓએ કહ્યું – 'આ સમુદ્રપાળ નામના સાર્થવાહનો અનંગદેવ નામે ધનાઢ્ય પુત્ર છે.' તે સાંભળીને 'મારા નગરના વ્યાપારી પણ આવા ધનાઢ્ય અને ઉદાર છે! તેથી હું ધન્ય છું.' એમ પોતાની પ્રશંસા કરતો કરતો અપરાજિત રાજા ઘેર આવ્યો.

બીજે દિવસે રાજા હાથી ઉપર બેસી નગર બહાર જતો હતો. તેવામાં ચાર પુરુષોએ ઉપાડેલું અને જેની આગળ વિરસ વાદ્ય વાગે છે એવું એક મૃતક તેના જોવામાં આવ્યું. તેની પછવાડે છાતી કુટતી, છુટે કેશે રૂદન કરતી અને પગલે પગલે મૂર્ચ્છા ખાતી અનેક સ્ત્રીઓ જતી હતી, તે જોઈ રાજાએ સેવકોને પૂછ્યું કે, 'આ કોણ મરી ગયું?' તેઓ બોલ્યા કે 'પેલો સાર્થવાહનો પુત્ર અનંગદેવ, અકસ્માત્ વિષૂચિકા (કૉલેરા)ના વ્યાધિથી મૃત્યુ પામ્યો છે.' તે સાંભળતાં જ રાજા બોલ્યા-'' અહો! આ અસાર સંસારને ધિક્કાર છે, અને વિશ્વાસીના ઘાત કરનાર વિધિને પણ ધિક્કાર છે. હા! મોહનિદ્રાથી અંધ ચિત્તવાળા પ્રાણીઓનો કેવો પ્રમાદ છે!'' આ પ્રમાણે મહાન સંવેગને ધારણ કરતા અપરાજિત રાજા પોતાને ઘેર પાછા ફર્યા અને કેટલાક દિવસ એવા ખેદમાં વ્યતિક્રમાવ્યા. અન્યદા જે કેવળીને પ્રથમ તેમને કુંડપુરમાં જોયા હતા તે કેવળી ભગવંતે જ્ઞાનવડે અપરાજિત રાજાને બોધને યોગ્ય થયેલ જાણી તેના ઉપકારને માટે ત્યાં પધાર્યા. તેમની પાસેથી ધર્મ સાંભળી પદ્મ નામના પ્રીતિમતીથી થયેલા પુત્રને રાજ્ય ઉપર બેસાડી અપરાજિત રાજાએ દીક્ષા ગ્રહણ કરી. તેમની સાથે તેમની પ્રિયા પ્રીતિમતી, અનુજ બંધુ સૂર તથા સોમ અને મંત્રી વિમળબોધ એ સર્વેએ દીક્ષા લીધી. તેઓ સર્વ તપસ્યા કરી મૃત્યુ પામીને આરણ નામના દેવલોકમાં પરસ્પર પ્રીતિવાળા ઇંદ્રના સામાનિક દેવતા થયા.'' એમ સંસારનું અનિત્ય સ્વરૂપ જાણી નિત્ય એવા આત્મસુખને પ્રાપ્ત કરું.

## ૨૧૧. શુદ્ધ બ્રહ્મચર્યનું સેવન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'ગ્રંથમાંથી :–**

**બ્રહ્મચર્ય :–** ''અહો! બ્રહ્મચર્ય સંબંધીનો એનો સિદ્ધાંત પણ ક્યાં ઓછો છે? સઘળા મહા વિકારોમાં કામવિકાર એ અગ્રેસર છે. તેને દમન કરવો એ મહા દુર્ઘટ છે. એને દહન કરવાથી ફળ પણ મહા શાંતિ-કારક હોય, એમાં અતિશયોક્તિ શી? કશીયે નહીં. દુઃસાધ્ય વિષયને સાધ્ય કરવો એ દુર્ઘટ છે જ તો! આ સિદ્ધાંત પણ એનો કેવો ઉપદેશજનક છે.'' (વ.પૃ.૨૫)

''સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને



માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્‌ભૂત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.'' (વ.પૃ. ૮૩૦)

''સર્વ પ્રકારના આરંભ તથા પરિગ્રહના સંબંધનું મૂળ છેદવાને સમર્થ એવું બ્રહ્મચર્ય પરમ સાધન છે. યાવત્ જીવન પર્યંત તે વ્રત ગ્રહણ કરવાને વિષે તમારો નિશ્ચય વર્તે છે, એમ જાણી પ્રસન્ન થવા યોગ્ય છે.'' (વ.પૃ. ૫૦૨)

''યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.'' (વ.પૃ.૨૬૨)

''સ્ત્રી એ હાડમાંસનું પૂતળું છે એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી; તો પણ સાધુને એવી આજ્ઞા કરી છે કે હજારો દેવાંગનાથી ન ચળી શકે તેવા મુનિએ પણ નાક કાન છેદેલી એવી જે સો વરસની વૃદ્ધ સ્ત્રી તેની સમીપ પણ રહેવું નહીં; કારણકે તે વૃત્તિને ક્ષોભ પમાડે જ એવું જ્ઞાનીએ જાણ્યું છે.'' (વ.પૃ.૬૮૯)

''જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા એવા ભદ્રિક મુમુક્ષુ જીવને 'બ્રહ્મચર્ય પાળવું એટલે સ્ત્રીઆદિકના પ્રસંગમાં ન જવું.' એવી આજ્ઞા ગુરુએ કરી હોય તો તે વચન પર દૃઢ વિશ્વાસ કરી તે તે સ્થાનકે ન જાય; ત્યારે જેને માત્ર આધ્યાત્મિક શાસ્ત્રાદિક વાંચી મુમુક્ષુતા થઈ હોય, તેને એમ અહંકાર રહ્યા કરે કે, 'એમાં તે શું જીતવું છે?' આવી ઘેલછાના કારણથી તે તેવા સ્ત્રીઆદિકના પ્રસંગમાં જાય. કદાચ તે પ્રસંગથી એક વાર, બે વાર બચે, પણ પછી તે પદાર્થ પ્રત્યે દૃષ્ટિ દેતાં 'આ ઠીક છે' એમ કરતાં કરતાં તેને તેમાં આનંદ થાય, અને તેથી સ્ત્રીઓ સેવે. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બાળોભોળો જીવ તો વર્તે; એટલે તે બીજા વિકલ્પો નહીં કરતાં તેવા પ્રસંગમાં ન જ જાય.'' (વ.પૃ.૬૮૫)

**''જે નવવાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;**
**ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ.''** - શ્રીમદ્ રાજચંદ્ર

**વજસ્વામીનું દૃષ્ટાંત :– બ્રહ્મચર્યમાં મેરુ સમાન અડોલ.** ''શ્રી વજસ્વામી કેવળ કંચનકામિનીના દ્રવ્યભાવથી પરિત્યાગી હતા. એક શ્રીમંતની રુક્‌મિણી નામની મનોહારિણી પુત્રી વજસ્વામીના ઉત્તમ ઉપદેશને શ્રવણ કરીને મોહિત થઈ. ઘેર આવી માતાપિતાને કહ્યું કે, જો હું આ દેહે પતિ કરું તો માત્ર વજસ્વામીને જ કરું, અન્યની સાથે સંલગ્ન થવાની મારે પ્રતિજ્ઞા છે. રુક્‌મિણીને તેનાં માતાપિતાએ ઘણુંયે કહ્યું, ''ઘેલી! વિચાર તો ખરી કે, મુનિરાજ તે વળી પરણે? એણે તો આસ્રવદ્વારની સત્ય પ્રતિજ્ઞા કરી છે.'' તોપણ રુક્‌મિણીએ કહ્યું ન માન્યું. નિરુપાયે ધનાવા શેઠે કેટલુંક દ્રવ્ય અને સુરૂપા રુક્‌મિણીને સાથે લીધી; અને જ્યાં વજસ્વામી વિરાજતા હતા ત્યાં આવીને કહ્યું કે, ''આ લક્ષ્મી છે તેનો તમે યથારુચિ ઉપયોગ કરો; અને વૈભવવિલાસમાં વાપરો; અને આ મારી મહા સુકોમલા રુક્‌મિણી નામની પુત્રીથી પાણિગ્રહણ કરો.'' એમ કહીને તે પોતાને ઘેર આવ્યો.

યૌવનસાગરમાં તરતી અને રૂપના અંબારરૂપ રુક્‌મિણીએ વજસ્વામીને અનેક પ્રકારે ભોગ સંબંધી ઉપદેશ કર્યો; ભોગનાં સુખ અનેક પ્રકારે વર્ણવી દેખાડ્યાં; મનમોહક હાવભાવ તથા અનેક પ્રકારના અન્ય ચળાવવાના ઉપાય કર્યા; પરંતુ તે કેવળ વૃથા ગયા; મહા સુંદરી રુક્‌મિણી પોતાના મોહકટાક્ષમાં નિષ્ફળ થઈ. ઉગ્રચરિત્ર વિજયમાન વજસ્વામી મેરુની પેઠે અચળ અને અડોલ રહ્યા. રુક્મિણીના મન, વચન અને તનના સર્વ ઉપદેશ અને હાવભાવથી તે લેશમાત્ર પીગળ્યા નહીં. આવી મહા વિશાળ દૃઢતાથી રુક્‌મિણીએ બોધ પામી નિશ્ચય કર્યો કે, આ સમર્થ જિતેન્દ્રિય મહાત્મા કોઈ કાળે ચલિત



થનાર નથી. લોહ પથ્થર પિગળાવવા સુલભ છે, પણ આ મહા પવિત્ર સાધુ વજસ્વામીને પિગળાવવા સંબંધીની આશા નિરર્થક છતાં અધોગતિના કારણરૂપ છે. એમ સુવિચારી તે રુક્મિણીએ પિતાએ આપેલી લક્ષ્મીને શુભ ક્ષેત્રે વાપરીને ચારિત્ર ગ્રહણ કર્યું; મન, વચન અને કાયાને અનેક પ્રકારે દમન કરી આત્માર્થ સાધ્યો.'' (વ.પૃ.૫૫)

**સુદર્શન શેઠનું દૃષ્ટાંત–બ્રહ્મચર્યની કસોટીમાં સુદર્શનની ઉત્તમ દૃઢતા.** ''પ્રાચીનકાળમાં શુદ્ધ એકપત્નીવ્રતને પાળનારા અસંખ્ય પુરુષો થઈ ગયા છે; એમાંથી સંકટ સહી નામાંકિત થયેલો સુદર્શન નામનો એક સત્પુરુષ પણ છે. એ ધનાઢ્ય સુંદર મુખમુદ્રાવાળો કાંતિમાન અને મધ્ય વયમાં હતો. જે નગરમાં તે રહેતો હતો, તે નગરના રાજ્યદરબાર આગળથી કંઈ કામ પ્રસંગને લીધે તેને નીકળવું પડ્યું. એ જ્યારે ત્યાંથી નીકળ્યો ત્યારે રાજાની અભયા નામની રાણી પોતાના આવાસના ગોખમાં બેઠી હતી. ત્યાંથી સુદર્શન ભણી તેની દૃષ્ટિ ગઈ. તેનું ઉત્તમ રૂપ અને કાયા જોઈને તેનું મન લલચાયું. એક અનુચરી મોકલીને કપટભાવથી નિર્મળ કારણ બતાવીને સુદર્શનને ઉપર બોલાવ્યો. કેટલાક પ્રકારની વાતચીત કર્યા પછી અભયાએ સુદર્શનને ભોગ ભોગવવા સંબંધીનું આમંત્રણ કર્યું. સુદર્શને કેટલોક ઉપદેશ આપ્યો તોપણ તેનું મન શાંત થયું નહીં. છેવટે કંટાળીને સુદર્શને યુક્તિથી કહ્યું : બહેન, હું પુરુષત્વમાં નથી! તોપણ રાણીએ અનેક પ્રકારના હાવભાવ કર્યા. એ સઘળી કામચેષ્ટાથી સુદર્શન ચળ્યો નહીં; એથી કંટાળી જઈને રાણીએ જતો કર્યો.

એક વાર એ નગરમાં ઉજાણી હતી; તેથી નગર બહાર નગરજનો આનંદથી આમ તેમ ભમતા હતા. ધામધૂમ મચી રહી હતી. સુદર્શન શેઠના છ દેવકુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા હતા. અભયા રાણી કપિલા નામની દાસી સાથે ઠાઠમાઠથી ત્યાં આવી હતી. સુદર્શનના દેવપૂતળાં જેવા છ પુત્રો તેના જોવામાં આવ્યા. કપિલાને તેણે પૂછ્યું : આવા રમ્ય પુત્રો કોના છે? કપિલાએ સુદર્શન શેઠનું નામ આપ્યું. એ નામ સાંભળીને રાણીની છાતીમાં કટાર ભોંકાઈ, તેને કારી ઘા વાગ્યો. સઘળી ધામધૂમ વીતી ગયા પછી માયાકથન ગોઠવીને અભયાએ અને તેની દાસીએ મળી રાજાને કહ્યું : તમે માનતા હશો કે, મારા રાજ્યમાં ન્યાય અને નીતિ વર્તે છે; દુર્જનોથી મારી પ્રજા દુઃખી નથી; પરંતુ તે સઘળું મિથ્યા છે. અંતઃપુરમાં પણ દુર્જનો પ્રવેશ કરે ત્યાં સુધી હજુ અંધેર છે! તો પછી બીજાં સ્થળ માટે પુછવું પણ શું? તમારા નગરના સુદર્શન નામના શેઠે મારી કને ભોગનું આમંત્રણ કર્યું. નહીં કહેવા યોગ્ય કથનો મારે સાંભળવાં પડ્યાં; પણ મેં તેનો તિરસ્કાર કર્યો. એથી વિશેષ અંધારું કયું કહેવાય! રાજા મૂળે કાનના કાચા હોય છે એ તો જાણે સર્વમાન્ય છે, તેમાં વળી સ્ત્રીનાં માયાવી મધુરાં વચન શું અસર ન કરે? તાતા તેલમાં ટાઢા જળ જેવાં વચનથી રાજા ક્રોધાયમાન થયા. સુદર્શનને શૂળીએ ચઢાવી દેવાની તત્કાળ તેણે આજ્ઞા કરી દીધી, અને તે પ્રમાણે સઘળું થઈ પણ ગયું. માત્ર શૂળીએ સુદર્શન બેસે એટલી વાર હતી.

ગમે તેમ હો પણ'સૃષ્ટિના' દિવ્ય ભંડારમાં અજવાળું છે. સત્યનો પ્રભાવ ઢાંક્યો રહેતો નથી. સુદર્શનને શૂળીએ બેસાર્યો, કે શૂળી ફીટીને તેનું ઝળઝળતું સોનાનું સિંહાસન થયું; અને દેવદુંદભિના નાદ થયા; સર્વત્ર આનંદ વ્યાપી ગયો. સુદર્શનનું સત્યશીળ વિશ્વમંડળમાં ઝળકી ઊઠ્યું. સત્યશીળનો સદા જય છે. શિયળ અને સુદર્શનની ઉત્તમ દૃઢતા એ બન્ને આત્માને પવિત્ર શ્રેણિએ ચઢાવે છે!'' (વ.પૃ.૮૧)

**'ઉપદેશામૃત'માંથી :–** ''બ્રહ્મચર્ય વ્રત આવ્યું તો મનુષ્યપણાનું સફળપણું છે. તે વ્રત લઈને કોઈની સાથે પ્રતિબંધ, દૃષ્ટિરાગ કે પ્રસંગ કરવા નહીં, જાગ્રત રહેવું. કદી એ વ્રત લઈ ભાંગવાનો પ્રસંગ



આવે ત્યારે પેટમાં કટાર મારી કે ઝેરનું પવાલું પીને મરી જવું, પણ વ્રત ભાંગવું નહીં – આટલો ટેક રાખવો. વ્રત લઈને ભાંગે તો નરકની ગતિ થાય. આ વ્રત પાળવાથી પાત્રતા, સમકિત વગેરે આવશે; કેમકે, તમને ખબર નથી પણ જેની સાક્ષીએ વ્રત લીધું છે તે પુરુષ સાચો છે, માટે દુઃપચ્ચખાણ નથી પણ સુપચ્ચખાણ છે – જાણીને આપેલું છે. લક્ષ એક આત્માર્થનો રાખવો.'' (ઉ.પૃ.૪૯૬)

''સત્ અને શીલ એ જ કર્તવ્ય છે. શીલવ્રત મહાવ્રત છે. સંસારને કાંઠે આવી પહોંચેલાને જ તે પ્રાપ્ત થાય છે. દેહ પડી જાય તો ભલે, દેહ જતો હોય તો જવા દેવો પણ બ્રહ્મચર્ય પાળવું. વૃદ્ધાવસ્થામાં પણ એ વ્રત આવે તો મહાભાગ્ય સમજવું. તેની દેવની ગતિ નિશ્ચયે થાય છે.'' (ઉ.પૃ.૩૯૧)

''સર્વથી શ્રેષ્ઠ મનુષ્યભવ પામીને બધાએ અવશ્ય મૂળ પગ ભરવો. પરસ્ત્રીનો ત્યાગ કરવો; તેમાં વળી ચોથું મહાવ્રત મોટું કીધું, તે માટે તૈયાર થઈ જવું. આ જગતને વિષે બીજા વિષય-ભોગ, હસવા બોલવાના કરે તે દુઃખદાયી અને ઝેર છે. ભાઈ હોય તો સ્ત્રી તરફ નજર રાખવી ન જોઈએ.'' (ઉ.પૃ.૨૪૩)

''મોટામાં મોટું એ મહાવ્રત છે. ધન્ય છે તેને જે આ વ્રત લેશે. આ વ્રત અમને અંતરથી ગમે છે અને કરવા જેવું છે, માટે એ જ કરવું.'' (ઉ.પૃ.૨૩૮)

''બહારથી બ્રહ્મચર્ય વ્રત પાળતો હોય અને મન ભટકતું હોય. 'શેઠ ક્યાં ગયા છે? તો કહે, ઢેડવાડે' એવું ન થવું જોઈએ.'' (ઉ.પૃ.૩૩૧)

''બ્રહ્મચર્યને તમે કેવું જાણો છો!? બ્રહ્મચારી તો ભગવાન તુલ્ય છે! 'બ્રહ્મ' એ આત્મા છે. આટલો ભવ લક્ષ રાખીને ખમીખૂંદે અને બ્રહ્મચર્ય સંપૂર્ણ પાળે તો બેડો પાર થાય. એ વ્રત જેવું તેવું નથી. સત્પુરુષને આશ્રયે આવેલું વ્રત જેવું તેવું ન જાણવું.'' (ઉ.પૃ.૩૩૧)

''ભોગ ભોગવવા, વિષયોમાં રાચવું એ ઝેર છે, કાળકૂટ ઝેર છે..... ઝેરનો વાટકો પીવો, કટારી મારીને મરી જવું; પણ વ્રતનો ભંગ ન કરવો''.

**''નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;**
**ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.''** –શ્રીમદ્ રાજચંદ્ર

નારી કાષ્ઠની પૂતળી સમાન ગણવી. બધાં પૂતળાં જ છે. આત્મા જુદો છે. એક વિષયને જીતતાં બધો સંસાર જીત્યો. મરણિયા થઈ જવાનું છે. 'એક મરણિયો સોને ભારે'.

જ્ઞાન એ આત્મા છે; ધ્યાન એ આત્મા છે. વિષયથી જ્ઞાન અને ધ્યાનનો નાશ થાય છે. એક વાડથી ખેતરનું રક્ષણ થાય છે તેમ આ બ્રહ્મચર્યરૂપી કલ્પવૃક્ષનું નવ મહાવાડથી રક્ષણ થાય છે. બધી વાડ સાચવવી. મન, વચન, કાયાથી બ્રહ્મચર્યરૂપી કલ્પવૃક્ષને સેવે છે તેનો સંસાર શીઘ્ર નાશ પામે છે. પાત્ર થવા માટે બ્રહ્મચર્યને બુદ્ધિમાનો નિરંતર સેવે છે. (ઉ.પૃ.૩૯૮)

''મનુષ્યભવ બહુ દુર્લભ છે. સત્ અને શીલ એ મુખ્ય છે. બાધા લીધી હોય છતાં મનથી સાચવવાનું છે. મનને મારી નાખવું, ધક્કો મારી, મારી નાખવું. કલ્પના છે. હાડકાં, માંસ, લોહી, પરુ આદિ ચામડાંમાં રાચવા જેવું શું છે?'' (ઉ.પૃ.૩૫૪)

''જ્ઞાની પાસેથી દ્રવ્યે પણ શીલ એટલે બ્રહ્મચર્યવ્રત આવ્યું છે તેને સમકિત થવાનું કારણ છે. સત્ અને શીલ જેની પાસે છે તેને સમકિત અવશ્ય થશે.'' (ઉ.પૃ.૩૫૫)

**'બોધામૃત ભાગ -૧'માંથી :–** ''જેને બ્રહ્મચર્ય વ્રત આવ્યું છે તેણે તો ખૂબ ગોખવું, શીખવું.



એમાં જ કાળ ગાળવો. પ્રમાદ ન કરવો.'' (બો-૧ પૃ.૨૧૧)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''તા.ક.- રોજ સૂતાં પહેલાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ બની શકે તેમ હોય તો બ્રહ્મચર્યની ભાવના કરી સૂઈ જવું અને ઊઠીએ ત્યારે પણ જોગવાઈ હોય ત્યાં સુધી વ્રત એક દિવસનું પણ લઈ લેવું તે લેખે આવશેજી.'' (બો-૩ પૃ.૪૪૬)

''બ્રહ્મચર્ય પાળવું સહેલું નથી. જીવ નિમિત્તાધીન અત્યારે છે. અગ્નિની પાસે ઘીનો ઘડો મૂક્યો હોય તો ઘી ઓગળ્યા વિના રહે નહીં; તેમ જેને બ્રહ્મચર્યની ભાવના પોષવી છે તેણે તેવાં નિમિત્તોથી જરૂર દૂર રહેવું ઘટે છે.'' (બો-૩ પૃ.૧૬૬)

''પાંચ ઇન્દ્રિયોમાંથી સ્પર્શ ઇન્દ્રિયનો અભ્યાસ જીવને ઘણો છે, કારણ કે દરેક ભવમાં તે ઇન્દ્રિય હોય છે. તેને રોકવાથી સંસારવૃત્તિ મોળી પડી જાય છે.

**''એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;**
**નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.''** - શ્રીમદ્ રાજચંદ્ર

એ સ્પર્શ-ઇન્દ્રિયના સુખ માટે જીવ ધન કમાય છે, પરણે છે, કપડાં ઘરેણાં ઘર ખેતરરૂપ પરિગ્રહને વધારે છે. તે પ્રત્યેની જેની વૃત્તિ ઓછી થાય, તેને સંસાર પ્રત્યેનો મોહ ઓછો થવાથી આત્મા પ્રત્યે વૃત્તિ વળે છે, આત્માના વિચાર તેને ગમે છે, આત્માની કથા તેને રુચે છે, તે સાંભળવામાં આનંદ આવે છે અને એમ કરતાં કરતાં જ્ઞાની પુરુષે જાણેલા આત્માની શ્રદ્ધા, પકડ, પ્રતીતિ થાય છે. રુચિ સંસાર વધારવાની જેને વર્તતી હોય તેને આત્મવિચાર કે આત્મકથા કે તેવું વાંચન, શ્રવણ છાર પર લીંપણા જેવું જુદું ને જુદું જ રહે છે, પરિણામ પામતું નથી. એ બધી વાત તમે ઘણી સાંભળી છે. હવે નીચે સામાન્ય નિયમો જણાવું છું :—

૧. જેણે બ્રહ્મચર્ય પાળવા માટે એક દિવસ કે અનેક દિવસ માટેનો નિયમ લીધો હોય તેણે સ્ત્રી સાથે દિવસે કે રાત્રે એક પથારીમાં બેસવું કે સુવું નહીં.

૨. કામને પોષે તેવી વાતો કરવી નહીં કે કોઈ હાંસી વગેરેમાં પણ કામચેષ્ટા કે હાવભાવને પુષ્ટિ આપવી નહીં.

૩. આલિંગન, ચુંબન આદિ ભારે અતિચારો છે. તે રસ્તે વ્રત તૂટવાના પ્રસંગો આવે છે. માટે તેવા પ્રસંગોમાં દોરાવું નહીં કે સામાને તેવા ભાવ પ્રગટ થતા જણાય તો તેને ચેતાવી દઈ, તે દોષો ઝેર જેવા જાણી ધમકાવીને પણ દૂર કરવા.

૪. માંદગીને કારણે માથું દબાવવું કે તેવી કોઈ મદદ લેવી પડે તો અપવાદરૂપ ગણી તે સિવાય બીજા કોઈ કારણે બ્રહ્મચર્યના દિવસોમાં શરીરસેવા પણ સ્ત્રી પાસેથી સ્વીકારવી નહીં. શરીરસ્પર્શના પ્રસંગ ઓછા કરી નાખવા.

૫. ખોરાક પણ નિયમ-બાધાના દિવસોમાં સાદો રાખવો. કપડાં, ઘરેણાં પણ સાદાં પહેરવા. ટૂંકામાં, ઇન્દ્રિયો ઉન્મત્ત ન બને તેવી કાળજી રાખવી.

૬. ભોગવેલા ભોગના પ્રસંગોની વાતો કે સ્મૃતિ કર્યા કરવી નહીં.

૭. સત્સંગ, ભક્તિ, સદ્વાંચન, સદ્વિચારમાં કાળ ગાળવા વિચાર રાખવો.

નિયમ બ્રહ્મચર્યનો ન લીધો હોય તેવા દિવસોમાં પણ દિવસે મૈથુનનો ત્યાગ રાખવા પૂરતા દૃઢ ભાવ રાખે તો બાર માસમાં છ માસ જેટલો કાળ બ્રહ્મચર્યવાળો ગયો એમ હિસાબ કરતાં સમજાય તેમ છે.



જેમ રાત્રિભોજનના ત્યાગવાળાને છ મહિનાના ઉપવાસનું ફળ છે તેમ દિવસે મૈથુન તજનારને પણ છ માસનું બ્રહ્મચર્ય વર્ષમાં પળે છે આટલું વિચારશો.'' (બો-૩ પૃ.૧૩૩)

''સ્ત્રી સાથે વસવું પડતું હોય તોપણ તે આપણો મુમુક્ષુભાઈ છે, સદ્‌ગુરુની શ્રદ્ધાવાળો છે, તેના હૃદયમાં પરમપુરુષ પ્રત્યે પ્રેમ છે એટલી આપણને જો શ્રદ્ધા રહેતી હોય તો તેને વિષયના સાધન તરીકે વાપરવાં કરતાં તેની સાથે સત્પુરુષના માહાત્મ્યની વાતચીત અને ભક્તિભજનમાં કાળ ગાળવા એક ભક્તિમાન આત્માનો સમાગમ પરમકૃપાળુની કૃપાથી થયો છે, તો તેનું વૈરાગ્ય, ભક્તિ આદિ સાધનથી કલ્યાણ થાઓ અને હું પણ તેને જોઈને વૈરાગ્ય, ભક્તિનો બોધ પામું એવી ભાવના પરસ્પર રાખવાથી કુટુંબ પણ મંદિરરૂપ પલટાઈ જાય. તેની ભૂલ થાય તો આપણે ચેતવણી આપવાની જરૂર છે, આપણી ભૂલ જણાય તો તેણે આપણને ચેતવવાની ફરજ છે. આવી સમજૂતીથી આત્માર્થે બન્ને આત્માઓનું પ્રવર્તન થાય તો ધર્મ પ્રગટાવવામાં ઘણી અનુકૂળતા થઈ પડે. બન્નેની તેવી સમજણ મહાપુણ્યના ઉદયે થવી સંભવે છે, પણ બન્નેને એક સદ્‌ગુરુનો આશ્રય છે, એ આધારનો વિશેષ લક્ષ રહે અને હૃદય વૈરાગ્યવાળું એકનું પણ હોય તો બન્નેને લાભ થવાનો સંભવ છે.'' (બો-૩ પૃ. ૧૩૦)

**'સમાધિસોપાન'માંથી :–** ''સર્વ વિષયોમાંથી આસક્તિ તજી, બ્રહ્મ એટલે જ્ઞાયકસ્વભાવ આત્મા તેમાં ચર્યા એટલે પ્રવૃત્તિ તે બ્રહ્મચર્ય છે. હે જ્ઞાનીજન! આ બ્રહ્મચર્ય નામનું વ્રત આકરું છે. બિચારા વિષયોમાં ફસાયેલા, આત્મજ્ઞાન રહિત મનુષ્યો તે વ્રત ધારણ કરવા સમર્થ નથી. મનુષ્યોમાં દેવ સમાન હોય તે જ એ વ્રત પાળી શકે છે. વિષયોની લાલસાવાળા અન્ય રંક જીવો તે પાળી શકવા સમર્થ નથી. બ્રહ્મચર્ય વ્રત અતિ દુષ્કર છે. જે બ્રહ્મચર્ય પાળે છે તેને સર્વ ઇન્દ્રિયો અને કષાયો જીતવા સુલભ છે. હે ભવ્યો! સ્ત્રીના સુખમાં કે પુરુષના ભોગમાં રાગી જે મનરૂપ મદોન્મત્ત હાથી છે, તેને વૈરાગ્યની ભાવનામાં રોકીને, વિષયોની આશાનો અભાવ કરીને, દુર્ધર બ્રહ્મચર્ય ધારણ કરો.'' (સ.પૃ.૩૦૯)

## ૨૧૨. પરઘેર જઉં નહીં.

પરઘેર જવાથી પરિચય વધે. વિધવાને જોઈ કદાચ મોહમાં ફસાવવાનો પ્રયત્ન કરે. પછી એની વૃત્તિ ત્યાંને ત્યાં રહે. માટે પરઘેર જવાની આદત રાખું નહીં. પણ સમય મળ્યે સ્વાધ્યાય કરું.

પરમકૃપાળુદેવ 'સ્ત્રીનીતિ બોધક'માં જણાવે છે :-

**''પરઘરે ઝાઝુ જાનારી એ નહીં, સદ્‌ગુણ કેરી જાણું એ તો ખાણ જો.**
**સજ્જની સારીના સુલક્ષણ સાંભળી, તેવી થાવા કરજે રૂડા કામ જો.''**

**'બોધામૃત ભાગ-૩'માંથી - મોહમાં ફસાઈ જવાના નિમિત્તમાં કરવા યોગ્ય વિચાર**

**એક વિધવા સ્ત્રીનું દૃષ્ટાંત –** ''જો હું તમારી પેઠે સ્ત્રીભવમાં હોઉં તો એમ વિચારું કે મેં પૂર્વભવમાં કોઈ સત્પુરુષના આગળ સાચેસાચી વાત પ્રગટ કરવાને બદલે માયાકપટ કરી તેમને છેતરવાની બુદ્ધિ કરી હશે, તેથી આ ધિક્કારવા યોગ્ય સ્ત્રીવેદ બાંધ્યો હશે. તેને લઈને પરાધીનપણું, નિર્બળપણું, અતિશય લજ્જા તથા જ્યાં પુરુષ પ્રત્યે નજર જાય ત્યાં વિકાર થવા યોગ્ય ચંચળ પ્રકૃતિ બાંધી આત્માને નિરંતર મેં ક્લેશિત કર્યો છે. પૂર્વે વ્રત લઈને ભાંગ્યા હશે, તેથી આ ભવમાં વિધવાપણું પ્રાપ્ત થયું. પૂર્વે બહુ ભોગોની ઇચ્છા કરી હશે, તેથી આ ભવમાં ભોગોની સામગ્રી ઓછી મળી; કારણ કે લોભ પાપનું મૂળ છે. પૂર્વે કોઈની સેવાચાકરી કરી નહીં હોય તેથી આ ભવમાં કોઈ મને સંભાળનાર, મારી સેવાચાકરી કરનાર નથી. પૂર્વે પ્રતિબંધ બાંધ્યો હશે, તેથી આ ભવમાં સદ્‌ગુરુ ભગવાનની પ્રાપ્તિ થયાં છતાં ધર્મમાં



ચિત્ત સ્થિર રહેતું નથી અને ભૂંડા ભોગો મેળવવા ભટક્યા કરે છે. મોક્ષે લઈ જાય તેવા મહાપુરુષોની તનમનધનથી સેવા પૂર્વે થઈ નહીં હોય તેથી આ ભવમાં મોક્ષે જવા યોગ્ય સામગ્રી મળ્યા છતાં, મોક્ષ કરતાં મોહ વધારે સારો લાગે છે. જો આ ભવમાં પૂર્વભવના જેવી જ ભૂલો કરી ફરી વર્તન તેવું જ રાખીશ એટલે આ ભવમાં જો સત્પુરુષ આદિ પ્રત્યે કપટબુદ્ધિ સેવીશ, તો સ્ત્રીવેદ છેદવાનો લાગ આ ભવમાં મળ્યો છે તે વહી જશે; અને પરભવમાં કાગડી, કૂતરી, બિલાડી કે ગધેડી જેવા હલકા ભવોમાં સ્ત્રીવેદ પાછળ ને પાછળ ફરશે. જો ભગવાનતુલ્ય સત્પુરુષ આ ભવમાં મળ્યા છે તેમણે આપેલા વ્રત, મોહને વશ થઈને કે કોઈની ભૂંડી શિખામણથી ભોળવાઈને તોડીશ તો ભવિષ્યમાં ઘણા ભવ રંડાપો ભોગવવાનું લલાટે લખાશે. જો હજી વિષયભોગોનો લોભ નહીં છોડું તો નરકમાં કરોડો વર્ષ સુધી દુઃખો ભોગવી, એવા ભવમાં ભટકવું પડશે કે જ્યાં ભોગોની પ્રાપ્તિમાં અંતરાય સદાય પડ્યા કરશે.'' (પૃ.૩૬૩) માટે મોહમાં ફસાઈ જવાના નિમિત્ત સમા પરઘેર જવાની આદત રાખું નહીં.

## ૨૧૩. કોઈ પુરુષ સાથે વાત કરું નહીં.

વિકારભાવથી કોઈ પુરુષ સાથે વાત કરું નહીં. વિધવા છું માટે કોઈ પુરુષ સાથે ખાસ પ્રયોજન વગર વાત કરું નહીં.

**સુભદ્રાનું દૃષ્ટાંત –** સુભદ્રા ધન્નાની સ્ત્રી હતી. કર્મવશાત્ ધન્નો ભાઈઓના ક્લેશને કારણે પરદેશ ગયો. તે ગયા પછી ભાઈઓની માલમિલકત, સર્વ નાશ પામ્યું. તેથી તે પણ પરદેશ ગયા. યોગાનુયોગ જ્યાં ધન્નો રહેતો હતો તે ગામમાં જ બધા ભાઈઓ અને સુભદ્રા આવી કામે લાગ્યા. સુભદ્રા ધન્નાને ત્યાં છાશ લેવા ગઈ ત્યારે ધન્નાએ બોલાવી તો પણ નહીં ઓળખવાથી તેના સાથે બોલી નહીં; એના સામું પણ જોયું નહીં. પછી ધન્નાએ કહ્યું કે તમારા પતિને કોઈ ચિહ્ન છે? તે સાંભળી તેણે પગમાં પદ્મનું ચિહ્ન જોયું ત્યારે વાત કરી અને સામું જોયું ત્યારે ખબર પડી કે આ મારા પતિ છે. નહીં તો સામુ પણ જોયું નહીં. એમ પુરુષો સાથે ખાસ કારણ વગર બોલું નહીં.

## ૨૧૪. ચંચળતાથી ચાલું નહીં.

આમ તેમ જોતી ચાલું નહીં. જેથી બીજાને મોહનું કારણ થાય. પણ ગંભીરતાપૂર્વક ચાલું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** 'ચાલ ગંભીર અને ધીમી રાખવી' (વ.પૃ.૭૮)

**'સમાધિસોપાન' માંથી :–** ''ઉદ્ધતાઈથી અભિમાનભરી ચાલ, નજર, વચન, ઊઠવું, બેસવું દૂરથી છોડી દે તેને લોકમાન્ય માર્દવ (વિનય) ગુણ પ્રગટે છે. (સ.પૃ.૨૭૫)

## ૨૧૫. તાળી દઈ વાત કરું નહીં.

કુળવાન સ્ત્રી તાળી દઈ વાત કરે નહીં. નીચકુળની સ્ત્રીઓ કે નપુસંકો તાળી દઈને વાતો કરે. માટે તાળી દઈ વાત કરું નહીં. પણ સભ્યતાથી મર્યાદાપૂર્વક વાર્તાલાપ કરું.

## ૨૧૬. પુરુષ લક્ષણ રાખું નહીં.

પુરુષનો પહેરવેષ પહેરું નહીં. પુરુષની જેમ જોશભેર ચાલું નહીં કે ખડખડ હસું નહીં; પણ ભગવંતે ઉપદેશેલ સ્ત્રીના મર્યાદા ધર્મમાં હંમેશાં રહું.


क्षमाश्रमण प्रभु महावीर
... बुझ बुझ चंडकौशिक ...



## ૨૧૭. કોઈના કહ્યાથી રોષ આણું નહીં.

કોઈ કંઈ કહે તેના પ્રત્યે રોષ એટલે ગુસ્સે થાઉં નહીં; પણ ખમી ખૂંદવાનો અભ્યાસ કરું.

**'ઉપદેશામૃત' માંથી :–** ''જગત ગમે તેમ કહે તેના સામું જોવું નહીં. સૌની સાથે સંપ રાખવો. કંઈ સમજણ નથી, કંઈ સમજતો નથી એમ કહે તો પણ ખમી ખૂંદવું. માન જીવનું ભૂંડુ કરે છે, માન વેરી છે. બીજા તરફથી વધારે માન મળતું હોય કે જીવ બીજા ઉપર વધારે વહાલ કરે તો તે રાગ બંધનું કારણ છે, તેમજ દ્વેષ કરે તો દ્વેષ પણ બંધનું કારણ છે. તો બંધના કારણ એવા કોઈના રાગ કે વહાલની ઇચ્છા સમજુ જીવો રાખતા નથી; પણ સમભાવ રાખી, જાણ્યું ન જાણ્યું કરી, ખમીખૂંદે છે. માટે તે માન મૂકી સૌનાથી નાના થઈ જાણે કંઈ સમજતો નથી એમ રહેવું. કોઈ કંઈ શિખામણ દે તો તેને કહેવું કે તમારું કહેવું સાચું છે. આત્મહિત થતું હોય તો તેમ કરી લેવું; પણ છણકા કરવા નહીં, કે ખીજાવું નહીં.'' (ઉ.પૃ.૯૫)

**તપસ્વીમુનિનું દૃષ્ટાંત– ક્રોધ વડે મુનિમાંથી બનેલ ચંડકૌશિક નાગ.** એક તપસ્વી મુનિ અને તેનો શિષ્ય બહાર દિશાએ ગયા હતા. રસ્તામાં ગુરુજીના પગ નીચે નાની દેડકી કચરાઈ ગઈ. શિષ્યે ગુરુજીને ઉપાશ્રયમાં આવ્યા પછી યાદી આપી કે દેડકી મરી ગઈ તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. ફરી સાંજે પ્રતિક્રમણ વખતે પણ યાદ દેવડાવ્યું. તેથી ગુરુજીને ક્રોધ ચઢ્યો અને શિષ્યને મારવા માટે ઊઠીને દોડ્યા. પણ ક્રોધથી આંધળા બનેલા તપસ્વી ગુરુ થાંભલા સાથે અથડાયા અને મૃત્યુ પામી જ્યોતિષિદેવમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને કનકખલ નામના તાપસના આશ્રમમાં પાંચસો તાપસોના અધિપતિ ચંડકૌશિક નામે તાપસ થયો.

એકદા રાજપુત્રોને તે આશ્રમમાં ફળો તોડતા જોઈ ક્રોધ આવવાથી તેમને મારવા દોડ્યો. વચ્ચે અંધકુવામાં પડી મરીને દૃષ્ટિવિષ સર્પ થયો. તેના રાફડા પાસે મહાવીર પ્રભુ ધ્યાનમાં ઊભા રહ્યાં. પ્રભુની સામે સર્પ મુખમાંથી જ્વાલા મૂકવા લાગ્યો, પણ પ્રભુને કંઈ અસર થઈ નહીં. તેથી પ્રભુના અંગૂઠે દંશ દીધો તો દૂધ નીકળ્યું. તેથી તે આશ્ચર્ય પામ્યો. પછી ભગવાન બોલ્યા કે હે ચંડકૌશિક ! તું બોધ પામ, બોધ પામ. તે ઉપદેશથી તેને જાતિસ્મરણજ્ઞાન ઊપજ્યું. પૂર્વભવ જાણ્યા. તેથી હવે પોતાનું મુખ રાફડામાં રાખી કીડીઓ વગેરેના ઉપસર્ગ સહન કરીને દેહ છોડી આઠમા દેવલોકમાં દેવરૂપે અવતર્યા.

**ક્ષમા રાખનાર શેઠનું દૃષ્ટાંત– કાકાએ મેળવેલ ક્રોધ ઉપર વિજય.** એક શેઠે પાલીતાણાની યાત્રાનો સંઘ કાઢ્યો. પાલીતાણા ઉપર શેઠને વિચાર આવવાથી ક્રોધ ન કરવાનો ગુરુ પાસે નિયમ લઈ ઘેર આવ્યા. ભત્રીજાને ખબર પડી કે કાકા ક્રોધનું પચ્ચખાણ લઈને આવ્યા છે. કાકાની પરીક્ષા કરવા ભત્રીજાએ જમણવાર કર્યો. કાકા યાત્રા કરીને આવ્યા છે તેથી આખા ગામમાં જમણનું આમંત્રણ આપ્યું, પણ કાકાને ઘેર આમંત્રણ આપ્યું નહીં. તેથી કાકીએ કાકાને કહ્યું કે આપણે ત્યાં જમવાનું કહ્યું નથી માટે આપણે એને ત્યાં જમવા જવું નહીં. કાકાએ કહ્યું - ઘરનાને વળી આમંત્રણ શું ? આપણે તો આપણા ઘરે જ જમવા જવું છે. એમ કાકીને સમજાવી બન્ને જણ ભત્રીજાને ત્યાં જમવા ગયા. કાકા જમવા બેઠા ત્યારે ભત્રીજાએ થાળીમાં પથરો મૂક્યો. તે





જોઈ કાકી કહેવા લાગી કે જોયું એણે કેવું કર્યું. કાકા કહે આમાં ભૂલ આપણી છે. એણે પથરો મૂકી આપણી આંખ ઉઘાડી છે કે લોકોને પહેલા જમાડવા જોઈએ, પછી આપણે જમવું જોઈએ. એમ કહી કાકા બધાને પીરસવા લાગ્યા. તે વખતે ભત્રીજો ગળગળો થઈને કાકાને પગે પડ્યો અને કહેવા લાગ્યો કે કાકા તમે ખરેખર ક્રોધને જીત્યો છે. તમારી પરીક્ષા કરવાને માટે જ મેં આ બધું કર્યું છે.

એ અભ્યાસ આપણે કરવાનો છે. એકદમ રોષ એટલે ક્રોધ ન જીતાય તો થોડો થોડો અભ્યાસ કરે તો ક્રોધ ઓછો થાય. મનમાં લાગવું જોઈએ કે ક્રોધ એ દોષ છે, તે મારે કાઢવો છે. ક્રોધ મારા આત્માને બાળનાર છે. તે વડે પહેલો હું જ બળું છું. માટે કોઈના કંઈ પણ કહ્યાથી રોષ આણું નહીં; પણ ક્રોધને જીતવાનો અભ્યાસ કરું.

## ૨૧૮. ત્રિદંડથી ખેદ માનું નહીં.

મન, વચન, કાયાને સંયમમાં રાખતાં ખેદ માનું નહીં. એના માટે શારિરીક કે માનસિક ત્રાસ આવી પડે તો પણ સમતાભાવે સહન કરું.

૧. મનમાં જે જે સંકલ્પ વિકલ્પ આવે તેથી આત્મા દંડાય છે અર્થાત્ નવા નવા કર્મ બાંધે છે અને તેના ફળમાં ચારે ગતિમાં દુઃખ પામે છે. પણ મન દંડથી ખેદ ન પામતાં પોતાના મનમાં જે જે દુષ્ટ વિચારો આવે તેને પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કરું. એમ મનને પવિત્ર કર્યા પછી ખેદનું કારણ રહે નહીં.

૨. વચનથી કોઈને ગમે તેમ બોલી જવાયું હોય તો પણ જીવ દંડાય છે. તેથી મીઠા વચન વડે માફી માગી તે વચનના ખેદને દૂર કરું.

૩. આપણી કાયા કોઈને દુઃખનું કારણ બની હોય તો પણ જીવ દંડાય છે. તેથી તે દોષ નિવારવા તેનો વિનય કરી ખેદને દૂર કરું.

આમ ત્રિદંડથી ખેદ માનું નહીં પણ તેનો યથાયોગ્ય ઉપાય કરી ભાવની શુદ્ધિ કરું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''મનમાં સંકલ્પ-વિકલ્પ આવે છે તેથી ગમે તો બમણા આવોને! પરંતુ તે સંકલ્પ-વિકલ્પ આવ્યા કોને? તો કે મને. એમ જે કહે છે તે 'હું' સંકલ્પ-વિકલ્પથી કેવળ ન્યારો છું; હું અને તે એક નથી. આકાશ અને ભૂમિને જેટલું અંતર છે તેટલું જ તેને અને મારે અંતર છે.'' (પૃ. ૩૪૩)

## ૨૧૯. મોહદૃષ્ટિથી વસ્તુ નીરખું નહીં.

રાગભાવ વડે સ્ત્રી કે કોઈપણ વસ્તુને નીરખું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે.'' (વ.પૃ.૧૫૬)

**''મોહિનીભાવ વિચાર અધીન થઈ, ના નીરખું નયને પરનારી;**
**પથ્થરતુલ્ય ગણું પરવૈભવ, નિર્મળ તાત્ત્વિક લોભ સમારી!''** (વ.પૃ.૯૦)

**ભાવાર્થ -** (૧) મોહિનીભાવ=રાગ ભાવ=કામ વિકારને વશ થઈ પરસ્ત્રીને આંખો વડે ન જોઉં. પરાયા વૈભવને પથ્થર સમાન ગણી ન ઇચ્છું અને નિર્મળ તત્ત્વ જાણવાની અભિલાષા રાખીને લોભને સવળો કરું. આખું જગત કનક અને કાંતાથી લોભાયું છે. એ ધન અને વિષયનો લોભ મૂકીને નિર્મળ તત્ત્વ જાણવાનો લોભ કરું. એમ લોભને સમો એટલે સવળો કરું. -મોક્ષમાળા વિવેચન (પૃ.૧૦૮)



**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :– રાગનું ફળ આર્તધ્યાનથી મૃત્યુ**

**વસુભૂતિનું દૃષ્ટાંત–** વસંતપુર નગરમાં શિવભૂતિ અને વસુભૂતિ નામના બે ભાઈઓ રહેતા હતા. એકદા મોટાભાઈ શિવભૂતિની સ્ત્રી કમલશ્રીએ કામદેવ જેવા પોતાના દિયર વસુભૂતિને જોઈ તેના પ્રત્યે રાગ ઉત્પન્ન થવાથી ભોગને માટે તેની પાસે યાચના કરી. ત્યારે વસુભૂતિ બોલ્યો- ભાભી! 'મોટાભાઈની પત્ની તો માતા સમાન છે', એમ નીતિ શાસ્ત્રમાં કહ્યું છે. વસુભૂતિએ ઘણી સમજાવવા છતાં તે ન સમજી તેથી એક દિવસ સર્વથા સ્ત્રીસંગનો ત્યાગ કરી વસુભૂતિ દીક્ષા લઈ વિહાર કરવા લાગ્યો. તે ખબર જાણી તેની ભાભી આર્તધ્યાનથી મૃત્યુ પામી કૂતરી થઈ. વસુભૂતિમુનિને ગોચરી માટે ફરતા જોઈ પૂર્વરાગના કારણે તે કૂતરી મુનિની સાથે જ રોજ ચાલવા લાગી. તેથી મુનિને લજ્જા આવવાથી તેની દૃષ્ટિ ચુકવી ત્યાંથી જતા રહ્યાં. મુનિને નહીં જોવાથી તે કૂતરી આર્તધ્યાનથી મૃત્યુ પામી કોઈ વનમાં વાનરી થઈ. કૂતરીની જેમ વાનરી મુનિની સાથે ફરવા લાગી. મુનિ વિચારવા લાગ્યા કે ''અહો! કર્મની ગતિ કેવી ગહન છે?'' એને ભૂલાવી મુનિ બીજે જતા રહ્યા તો વાનરી આર્તધ્યાનથી મૃત્યુ પામી કોઈ જળાશયમાં હંસી થઈ. મુનિ એકદા શીત પરિષહ સહન કરવા માટે પ્રતિમા ધારણ કરીને ઊભા હતા, તેમને જોઈ હંસી કામાતુર થઈ. બન્ને પાંખો વડે મુનિને આલિંગન કર્યું. મુનિ શુભધ્યાનમાં મગ્ન રહ્યા. પછી અન્યત્ર વિહાર કર્યો. મુનિને નહીં જોવાથી હંસી આર્તધ્યાન વડે મુનિનું સ્મરણ કરતી મૃત્યુ પામીને વ્યંતરી થઈ. વિભંગજ્ઞાન વડે જાણ્યું કે પૂર્વભવમાં મારા દિયરે મારી વાત માની નહીં તેથી ક્રોધ કરી મુનિને હણવા તૈયાર થઈ. મુનિના ધ્યાન અને તપના પ્રભાવથી તેમને મારી શકી નહીં. તેથી અનુકૂળ ઉપસર્ગો શોધવા લાગી. તે વખતે મુનિએ આત્મધ્યાનમાં આરૂઢ થઈ કેવળજ્ઞાન પ્રગટાવ્યું. મોહ દૃષ્ટિથી નિરખવાનું ફળ આવી અનેક કુયોનિઓમાં ભટકવાનું આવ્યું માટે તેમ કરું નહીં.

પણ નેત્ર વડે વીતરાગમુદ્રાના દર્શન કરી કે સત્પુરુષના વચનો વાંચી વિચારી આત્માને પવિત્ર કરું.

## ૨૨૦. હૃદયથી બીજું રૂપ રાખું નહીં.

હૃદયમાં બીજો ભાવ રાખું નહીં. જેવું અંતરમાં હોય તેવું જ કહું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''કોઈને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે.'' (વ.પૃ.૧૫૫)

**'શ્રી સમાધિસોપાન'માંથી :–** ''આત્માનું કલ્યાણ ઇચ્છનારે આર્જવ (સરળતા) ધર્મનું અવલંબન લેવું ઘટે છે. જેવું મનમાં ચિંતવ્યું હોય, તેવું જ બીજાને વચનથી કહેવું, અને તે પ્રમાણે કાયાએ કરીને વર્તવું, તે સુખની ખાણરૂપ આર્જવ ધર્મ છે. માયાચારરૂપ શલ્ય મનમાંથી દૂર કરી, ઉજ્જ્વળ, પવિત્ર આર્જવ ધર્મનો વિચાર કરો. કેમકે માયાચારીનાં વ્રત, તપ, સંયમ સર્વ નિરર્થક છે. આર્જવ ધર્મ મોક્ષમાર્ગના મિત્રરૂપ છે. કુટિલ વચન ન બોલે તેને આર્જવ ધર્મ પ્રાપ્ત થાય છે. આર્જવ ધર્મ છે તે સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ચરિત્રનું અભેદ સ્વરૂપ છે; અતીંદ્રિય સુખનો ખજાનો છે; અતીંદ્રિય અવિનાશી સુખ પ્રાપ્ત કરાવવા સમર્થ છે; સંસારસમુદ્ર તરવાનું જહાજ છે.'' (સ.પૃ.૨૭૬)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :– સત્યનો સદા જય**

**મહણસિંહનું દૃષ્ટાંત –** દિલ્લી શહેરમાં મહણસિંહ નામે એક શાહુકાર હતો. તે સત્યવાદી અને શુદ્ધ વ્યવહારવાળો છે એવી તેની પ્રશંસા સાંભળી બાદશાહે તેને બોલાવીને પૂછ્યું કે, 'તમારી પાસે કેટલું ધન છે'? મહણસિંહે જવાબ આપ્યો કે, 'હું ચોપડા જોઈ લેખુ કરીને આપને કહીશ.' એમ કહી ઘેર આવી



સારી રીતે લેખુ કરી બાદશાહ પાસે આવીને કહ્યું કે ''સાહેબ! મારી પાસે ચોરાસી હજાર દ્રવ્ય છે.'' બાદશાહે વિચાર્યું કે, 'મેં તેની પાસે આથી થોડું દ્રવ્ય છે એમ સાંભળ્યું હતું અને આ શાહુકારે તો વધારે કહ્યું, માટે તે બરાબર સત્ય કહે છે.' આથી ખુશી થઈ રાજાએ મહણસિંહને પોતાનો કોશાધ્યક્ષ બનાવ્યો. માટે હૃદયથી બીજું રૂપ રાખી અસત્ય ભાષણ કરું નહીં.

## ૨૨૧. સેવ્યની શુદ્ધ ભક્તિ કરું. (સામાન્ય)

સેવવા યોગ્ય એક સત્પુરુષ છે. તેમની મન, વચન અને કાયાથી તન્મયપણે ભક્તિ કરું; જેથી આખું જગત ભુલાઈ જઈ સત્પુરુષના ગુણોમાં તલ્લીનતા આવે.

**'ગુરુભક્તિ સે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ.'** -નિત્યક્રમ

**'વીસ સ્થાનક પદ કથા સંગ્રહ'માંથી :– રાજાએ ગુરુભક્તિથી મેળવેલ તીર્થંકર પદ**

**પુરુષોત્તમ રાજાનું દૃષ્ટાંત –** અમૃત સમાન ગુરુની દેશના શ્રવણ કરી પુરુષોત્તમ રાજા પ્રતિબોધ પામી કહેવા લાગ્યો – 'હે કરુણાનિધિ! આ અનંત સંસારમાં પરિભ્રમણ કરી અનેક જન્મમરણના દુઃખથી ભય પામી હું આપના શરણે આવ્યો છું, તો મને તે દુઃખથી મુક્ત કરનાર ચારિત્ર આપી ઉપકાર કરો.'

ગુરુ – 'હે દેવાનુપ્રિય! તને જેમ સુખ ઉત્પન્ન થાય તેમ કર, ધર્મને વિષે જરા પણ વિલંબ ન કર.'

પછી ગુરુની આજ્ઞા લઈ નૃપતિએ રાજભુવનમાં આવી સાતે ક્ષેત્રમાં પુષ્કળ દ્રવ્ય વાપરી પુરુષસિંહ નામના પોતાના કુમારને રાજગાદીએ સ્થાપન કરી મંત્રી સહિત મહોત્સવપૂર્વક મુનીશ્વર પાસે ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે ગુરુ પાસે સર્વ ક્રિયા શીખી સમિતિગુપ્તિયુક્ત નિરતિચારપણે ચારિત્રનું પાલન કરતાં નવ પૂર્વધર થયા.

એક દિવસ અપ્રમત રાજર્ષિમુનિ શુભ ધ્યાનમાં રહી આ પ્રમાણે ચિંતવવા લાગ્યા – 'અહો! સમ્યગ્જ્ઞાનરૂપ ચક્ષુના આપનાર, દુર્ગતિથી તારનાર, એવા સદ્ગુરુનો કરોડો ઉપાય કર્યે છતે પણ ઉપકાર વાળી શકાય તેમ નથી. માતા, પિતા, પુત્ર, મિત્ર અને સ્ત્રી વિગેરે તો કેવળ આ ભવને વિષે પોતાના સ્વાર્થ અર્થે જ ઉપકાર કરે છે, પરંતુ ગુરુમહારાજ તો નિઃસ્વાર્થપણે ઉપકાર કરનારા છે, તેથી ખરા માતાપિતા તો ગુરુમહારાજ જ છે; આ પ્રમાણે વિચારી પોતાના મનમાં અભિગ્રહ ધારણ કર્યો કે 'આજથી મારે નિરંતર ગુરુજનની ભક્તિ કરવી.' આવો અભિગ્રહ ધારણ કરી નિરંતર અસ્ખલિતપણે ગુરુની તેત્રીશ આશાતના ત્રિવિધે તજી ગુરુના છત્રીશ ગુણોનું ચિંતવન કરી સ્વમુખે અન્યની આગળ ગુરુના ગુણનું કીર્તન કરતાં રાજાએ ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જનથી તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો.''

**'સમાધિસોપાન'માંથી :–** ''આચાર્યભક્તિ એ જ ગુરુભક્તિ છે. ધનભાગ્ય જેનાં હોય તેને વીતરાગ ગુરુના ગુણોમાં અનુરાગ ઉત્પન્ન થાય છે. ધન્ય પુરુષો મસ્તક ઉપર સદ્ગુરુની આજ્ઞા ચઢાવે છે. આચાર્ય છે તે અનેક ગુણોની ખાણ છે. શ્રેષ્ઠ તપના ધારક છે. એમના ગુણ મનમાં ધારણ કરીને પૂજવા લાયક છે, અર્ઘ ઉતારવા લાયક છે, આગળ પુષ્પાંજલિ મૂકવા લાયક છે. એવી ભાવના કરવી કે આવા સદ્ ગુરુના ચરણનું મને શરણ હો! '' (સ.પૃ. ૨૧૨)

## ૨૨૨. નીતિથી ચાલું.

ભગવાનના કહ્યા પ્રમાણે વ્યવહારમાં કે પરમાર્થમાં પ્રવર્તવું તે નીતિ છે. તેનાથી વિરુદ્ધ વર્તન



કરવું તે સર્વ અનીતિ છે. આ સાતસો વાક્ય પણ નીતિ જ બતાવે છે. તે નીતિ જ નહીં પણ મહાનીતિઓ છે. તે પ્રમાણે આત્માર્થીએ વર્તવું જોઈએ.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતા પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.'' (વ.પૃ.૩૯૮)

''અમુક નિયમમાં 'ન્યાસસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે.'' (વ.પૃ.૬૩૪)

**'બોધામૃત ભાગ - ૧'માંથી :–** ''જ્ઞાનીપુરુષોનો ઉપદેશ સર્વસંગ પરિત્યાગ કરાવવાનો હોય છે. ન્યાયનીતિનું ધન પ્રાપ્ત કર્યું હોય, તે પણ મૂકવાનો ઉપદેશ છે, તો અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન અંશે પણ કરવાનો ઉપદેશ કેમ હોય? રાજ્યના કાયદા જેવા હોય તે મુજબ વર્તવું જોઈએ. પોતાની આવક ઉપર વેરો સરકારમાં ભરવાનો આવે તો સાચી રીતે આપવામાં આવે તેથી ધન ઓછું થઈ જતું નથી. પોતાની ખોટી કલ્પના છે કે સરકારના કાયદા પ્રમાણે ચાલી શકાય તેવું નથી. તેમ કરવાથી પૈસાદાર થઈ જવાતું નથી. તેમ વેરો બરાબર સાચી રીતે ભરવાથી ભિખારી થઈ જવાતું નથી. નસીબમાં માંડ્યું હોય તેટલું જ રહે છે. તેને ગમે તે રસ્તે બચાવવા ધારીએ તો તેમ થઈ શકે તેમ નથી. તેમ કરવામાં ખોટા ચોપડા બનાવવા પડે છે, તે પોતાને ચોરી કરવા જેવું લાગે છે કે નહીં? જ્યારે પોતાને તે કરવું ઠીક ન લાગતું હોય તો જ્ઞાની પુરુષો તેમાં સંમતિ કેમ આપે? જો આપણાથી રાજ્યના કાયદાનું પાલન ન થઈ શકે તો બીજા રાજ્યમાં જવું. રાજ્યમાં રહેવું હોય તો તેના કાયદા પણ પાળવા જોઈએ.''

**ગોપાળદાસનું દૃષ્ટાંત – નીતિમય જીવન.** ''ગોપાળદાસ પંડિત હતા. તે સત્યવક્તા હતા. એક વખત પોતાના નાના છોકરા સાથે ગાડીમાં મુસાફરી કરતા હતા. મુસાફરી લાંબા ટાઈમની હતી. ટિકિટ તપાસનારે આવી છોકરાની ઉંમર પૂછી ત્યારે ગોપાળદાસ તરફથી જવાબ મળ્યો કે ત્રણ વર્ષ પૂરાં થતાં અગાઉ મુસાફરી શરૂ કરેલી તેથી ટિકિટ લીધી નથી. આજે ત્રણ વર્ષ ઉપર એક દિવસ થયો. જે ટિકિટનો ચાર્જ થતો હોય તે હું આપવા તૈયાર છું. આવા પુરુષો પણ ગૃહસ્થ વ્યવહારમાં હોય છે.'' (બો-૧ પૃ.૧૬)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''ન્યાયનીતિથી વર્તવું એ ધર્મનો પાયો છે. પ્રાણ જાય પણ સત્ય આદિ નીતિનો ભંગ ન થાય એમ વર્તે તેને સત્પુરુષનો બોધ પરિણામ પામે છે. માટે નુકશાન વેઠીને પણ આત્માને લૂંટાતો અટકાવવો. અનીતિથી કોઈ સુખી થયું નથી.'' (પૃ.૭૪૯)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– નીતિ અનીતિનું ફળ**

''ઉત્તમ પુરુષ વ્યવહાર શુદ્ધિ વડે દ્રવ્ય મેળવે છે, અને એવી રીતે મેળવેલું ધન થોડું હોય તો પણ ઘણું થઈ પડે છે. આ સંબંધમાં બે વણિકનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે :-

**દેવા અને જસાનું દૃષ્ટાંત –** દેવો અને જસો એ નામના બે મિત્રો એક ગામમાં રહેતા હતા. તે નિર્ધન હોવાથી દ્રવ્ય મેળવવા માટે પરદેશ ચાલ્યા. માર્ગમાં એક સોનાનું કુંડળ પડેલું દેવાએ દીઠું. તે



વ્રતધારી હોવાથી તેણે તે લીધું નહીં. તેની પાછળ રહેલા જસાએ તે દીઠું અને ઉપાડી લીધું. 'હું દેવાને પણ ભાગ આપીશ' એમ વિચાર્યું. પછી તેઓ બીજા મોટા ગામે આવ્યા. ત્યાં તેણે કુંડળ છાની રીતે વેચ્યું. અને તે દ્રવ્ય તેમજ સાથે લાવેલ દ્રવ્યથી બન્ને જણાએ કેટલીક વસ્તુઓ ખરીદી; પછી પોતાને ગામ આવ્યા. ત્યાં વસ્તુ વહેંચી લેતા દેવાએ કહ્યું — ''આટલી બધી વસ્તુ શી રીતે આવી? આપણી પાસે આટલું દ્રવ્ય તો નહોતું.'' એટલે જસાએ કહ્યું કે -''મેં માર્ગમાં પડેલ કુંડળ લીધું હતું તે વેચતાં આવેલા દ્રવ્યથી આ વસ્તુઓ ખરીદી છે.'' દેવો કહે કે 'હું તેમાંથી ભાગ લેવાનો નથી. તે લઉં તો મારું છે તે પણ ચાલ્યું જાય.' ત્યારે જસો કહે - 'તારો એવો વિચાર હોય તો તારી મરજી.' પછી દેવાએ પોતાના દ્રવ્યથી લીધેલી વસ્તુઓ જ લીધી, બીજી બધી જસાને આપી દીધી.

દૈવયોગે તે રાત્રે જ ચોરો આવ્યા અને જસાની બધી વસ્તુ ઉપાડી ગયા. સવારે ગામમાં જે વસ્તુ દેવો લાવ્યો તેની અછત થવાથી કિંમત વધી, એટલે દેવાને પોતાની વસ્તુના સારા પૈસા ઉપજ્યા; તે સુખી થયો અને જસો નિર્ધન થઈ જવાથી દુઃખી થયો. દેવાએ તેને કેટલીક લક્ષ્મી આપીને સુખી કર્યો. પછી તે પણ દેવાની જેવો શ્રાવક બની વ્યવહાર શુદ્ધિથી દ્રવ્ય મેળવવા લાગ્યો, તેની બુદ્ધિ પણ નિર્મળ થઈ અને દ્રવ્ય વૃદ્ધિ પામ્યું; માટે ઉત્તમ પુરુષોએ ન્યાયથી જ દ્રવ્ય મેળવવું; અર્થાત્ નીતિપૂર્વક ચાલવું.'' (પૃ.૧૪૮)

## ૨૨૩. તારી આજ્ઞા તોડું નહીં.

**'બોધામૃત ભાગ - ૧'માંથી :–** ''સત્પુરુષની આજ્ઞા એ જ ખરો માર્ગ છે. નાગને પાર્શ્વનાથ ભગવાને સ્મરણમંત્ર સંભળાવ્યો, તેથી તે ધરણેન્દ્ર થયો, નહીં તો નાગ નરકે જાય. ભીલે એક 'મારે કાગડાનું માંસ નથી ખાવું' એટલી જ આજ્ઞા આરાધી, જેથી મરીને તે દેવ થયો, પછી શ્રેણિક રાજા થયો, અનાથીમુનિ મળ્યા ત્યારે સમકિત પામ્યો અને મહાવીર ભગવાન મળ્યા ત્યારે ક્ષાયિક સમકિત થયું અને તીર્થંકર ગોત્ર બાંધ્યું.'' (પૃ.૫૧)

'' જીવ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરવા માંડે તો પછી પાપની પ્રવૃત્તિ સહેજે ઓછી થાય અને સમયે સમયે જો ઉપયોગ આજ્ઞામાં પ્રવર્તાવે તો પછી પાપ તો થાય જ ક્યાંથી? કારણ કે જે કામ કરવા માંડે તે પહેલાં જ વિચાર આવે કે એમાં આજ્ઞા પળાય છે કે કેમ? જો નથી પળાતી તો તે કામ થાય નહીં'' (પૃ. ૩૩)

**'શીલોપદેશમાળા'ના આધારે :– પ્રાણ જતાં પણ આજ્ઞાનો ભંગ કરું નહીં**

હે ભગવાન! તેં જે જે આજ્ઞા કરી હોય તે હું ન તોડું, વંકચૂલની જેમ. વંકચૂલે પોતાના પ્રાણ જતા કર્યા પણ જ્ઞાનીપુરુષે જે આજ્ઞા આપી હતી તેનો ભંગ કર્યો નહીં.

**વંકચૂળનું દૃષ્ટાંત—**વંકચૂળ રાજાનો કુંવર હતો. પણ વ્યસનોમાં પડવાથી રાજાએ કુંવરને દેશનિકાલ આપ્યો. તે પોતાની પત્ની અને બહેનને સાથે લઈ નીકળી પડ્યો. જંગલમાં ભીલોનો રાજા થયો. ત્યાં મુનિઓ વિહાર કરતા કરતા આવી ચઢ્યા. મુનિઓએ કુંવરને કહ્યું - વર્ષાઋતુ નજીક આવી ગઈ છે તેથી અમે વિહાર કરી શકીએ એમ નથી. માટે અમને રહેવા માટે સ્થાન આપો. ત્યારે વંકચૂળે કહ્યું—રહેવા માટે સ્થાન આપું પણ તમારે અહીં ઉપદેશ આપવો નહીં. મુનિએ આ વાત કબુલ કરી. ચોમાસું પુરુ થયે મુનિઓ વિહાર કરી જતા હતા ત્યારે વંકચૂળ પણ વળાવવા આવ્યો. ત્યારે મુનિએ કહ્યુ- તું કંઈ નિયમ લે. તેણે કહ્યું શું નિયમ લેવો? મુનિએ કહ્યું આ ચાર નિયમ લે. એક તો અજાણ્યું ફળ ખાવું નહીં. બીજું કોઈને ઘા કરે તો સાત ડગલાં પાછા વળીને ઘા કરવો. ત્રીજું રાજાની રાણીનું સેવન ન કરવું



અને ચોથું કાગડાના માંસનો ત્યાગ કરવો. તે ચારેય નિયમ કુંવરે અંગીકાર કર્યા. મુનિએ કહ્યું પ્રાણ જાય તો પણ નિયમ તોડીશ નહીં.

એક દિવસ વંકચૂળ ઘણા ભીલો સાથે જંગલમાં આવ્યો. ત્યાં એક ઝાડ ઉપર સુંદર ફળો જોઈ તોડી લાવી વંકચૂળ આગળ મૂક્યા. ત્યારે તેણે કહ્યું શેના ફળ છે? ભીલોએ કહ્યું : અમને ખબર નથી. ત્યારે વંકચૂળે અજાણ્યા ફળ ખાવાની ના પાડી. પણ બીજા બધાએ ખાધા તેથી બધા મરી ગયા.

વંકચૂળ ઘરે આવી જોતાં પોતાની બહેન પુરુષના કપડાં પહેરી પોતાની સ્ત્રી સાથે સૂતેલી જોઈ, કોઈ પરપુરુષ છે એમ જાણી તેને મારવાનો વિચાર કર્યો. તે ગુરુની આજ્ઞા પ્રમાણે સાત ડગલાં પાછા હઠી ઘા કરતાં તલવાર દિવાલે અથડાઈ અને બહેન જાગી ગઈ અને બોલી કોણ? ભાઈ તમે. આમ નિયમના કારણે આ બીજું અનર્થ થતાં અટક્યું. તેથી ગુરુના વચન ઉપર વિશેષ શ્રદ્ધા આવી.

એક વખત રાજાના મહેલમાં ચોરી કરવા જતાં બારીમાં જેવો હાથ નાખ્યો કે રાણીના હાથને જ લાગ્યો. રાણી તેના ઉપર મોહિત થઈ ગઈ અને પોતાની સાથે દુર્વ્યવહાર કરવા જણાવ્યું. વંકચૂળે કહ્યું તમે કોણ છો? રાણીએ કહ્યું - હું રાજાની રાણી છું. ત્યારે તેણે કહ્યું — તમે તો મારી માતા સમાન છો. વંકચૂળે ન માનવાથી રાણીએ બૂમાબૂમ કરી તેને પકડાવ્યો.

રાજા રાત્રિની બધી હકીકત જાણતો હતો. છતાં સભામધ્યે વંકચૂળને કહ્યું : તું મારી રાણીને લઈ જા. ત્યારે તેણે કહ્યું : એ તો મારી માતા સમાન છે. હું લઈ જઈશ નહીં. રાજાએ ફાંસીની શિક્ષા આપી તો પણ ડર્યો નહીં. મંત્રી ફાંસી ઉપર ચઢાવવા લઈ ગયો. રાજાએ અંદરથી ફાંસી નહીં આપવાની ભલામણ કરી હતી. આવી વંકચૂળની દૃઢતા જોઈ રાજાએ તેને યુવરાજપદ આપ્યું. પછી ચંદ્રયશાસૂરિ પધાર્યા ત્યારે તેમનો ઉપદેશ સાંભળી શ્રાવકના વ્રત અંગીકાર કર્યાં.

અંત સમયે લડાઈમાં ઘણા ઘા વાગ્યા. તેની રૂઝ માટે બીજા ઔષધ કારગત ન લાગવાથી કાગડાના માંસની વૈદ્યે ભલામણ કરી. ત્યારે વંકચૂળ કહે–મારું મૃત્યુ ભલે થાય. હું ગુરુ આજ્ઞાનો ભંગ કદી કરીશ નહીં. પછી સમાધિપૂર્વક દેહ ત્યાગી બારમા દેવલોકમાં બાવીસ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી અનુક્રમે સિદ્ધિપદને પામશે. આમ મૃત્યુને સ્વીકારું પણ ગુરુ આજ્ઞાનો ભંગ કરું નહીં.

## ૨૨૪. અવિનય કરું નહીં.

કોઈનો અવિનય કરું નહીં. પણ સર્વનો યથાયોગ્ય વિનય કરું.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''ગુરુનો વિનય કરે તેથી શાસ્ત્રાભ્યાસ થાય, જ્ઞાન થાય, તેથી વિરતિ આવે, તેથી ચારિત્રમોહ ટળે, ત્યારે કેવળજ્ઞાન પામી મોક્ષે જાય. એમ વિનયથી તત્ત્વની એટલે શુદ્ધાત્માની સિદ્ધિ અથવા મોક્ષ થાય છે.'' (મો.વિ.પૃ.૭૮)

**'સમાધિ સોપાન'માંથી :–** ''જેને માથે ગુરુ બિરાજે છે તે ભાગ્યશાળી છે. વિનયવંત, માનરહિત પુરુષ સર્વ કાર્ય ગુરુને જણાવી દે છે. આ કળિકાળમાં મદ રહિત કોમળ પરિણામ સહિત સર્વત્ર પ્રવર્તે છે તેને ધન્ય છે. ઉત્તમ પુરુષો, બાળક, વૃદ્ધ, નિર્ધન, રોગી, મૂર્ખ, નીચ પ્રત્યે પણ યથાયોગ્ય પ્રિય વચન, આદરસત્કાર, સ્થાન, દાન આપવાનું કદી ચૂકતા નથી. (સ.સો.પૃ.૨૭૫)

કઠોર પરિણામીને શિક્ષા અસર કરતી નથી. સજ્જન પુરુષો અવિનયી, કઠોર પરિણામીને દૂરથી ત્યાગવાના ભાવ રાખે છે. જેવી રીતે પથ્થરમાં પાણી પ્રવેશ કરી શકતું નથી, તેવી રીતે સદ્ગુરુનો ઉપદેશ કઠોર પરિણામીના હૃદયમાં પ્રવેશ કરી શકતો નથી. જે પથ્થર કે કાષ્ઠ આદિ નરમ હોય તેને વાળ વાળ



જેટલું જ્યાં જ્યાં ઘડવું હોય, છોલવું હોય ત્યાં ત્યાં વાળ માત્ર જ ઊખડી આવે તો તેની જેવી મુખાકૃતિ કે મૂર્તિ બનાવવી હોય તેવી જ બને છે. પરંતુ જે કાષ્ઠ પાષાણ કોમળતા રહિત હોય તે કારીગરના અભિપ્રાય પ્રમાણે ઘડાય નહીં, ઘડતાં ગમે તેવાં છોડિયાં ઊખડી પડે, તો તેના ઘાટ ઘડી શકાતા નથી; તેવી રીતે કઠોર પરિણામીને જેવી જોઈએ તેવી બોધની અસર થતી નથી. અભિમાની કોઈને પ્રિય લાગતો નથી. વગર કારણે અભિમાનીના લોકો વેરી બને છે અને પરલોકમાં હલકા મનુષ્ય-તિર્યંચના અવતાર ધારી અસંખ્યાત કાળ સુધી તિરસ્કારને પાત્ર અનેક રીતે થાય છે. તેથી કઠોર પરિણામ તજી માર્દવ (કોમળભાવ) નિરંતર ધારણ કરો.'' (સ.સો.પૃ. ૩૧૪)

**'હિતશિક્ષાના રાસનું રહસ્ય'માંથી :– વૃદ્ધનો અવિનય કરવો નહીં**

**હંસનું દૃષ્ટાંત –** ''એકવાર હંસના સો બાળકો ચણને માટે ચાલ્યા. સાથે તેનો વૃદ્ધ પિતા આવતો હતો તે તેમને ગમ્યું નહીં. તેથી 'એ બુઢ્ઢાનું શું કામ છે?' એમ કેટલાક બોલ્યા. બુઢ્ઢાએ કહ્યું કે ભાઈ! હું સાથે સારો, કષ્ટને વખતે તમારો બચાવ કરી શકું' તો પણ યુવાન હંસના ધ્યાનમાં આવ્યું નહીં. વૃદ્ધ પાછળ પાછળ ગયો. આગળ જતાં હંસો એક ઝાડ ઉપર ચણવા બેઠા. ત્યાં કોઈ પારધીએ પ્રથમથી જાળ પાથરેલી હતી તેમાં બધા સપડાઈ ગયા. પછી દૂર બેઠેલા વૃદ્ધને પૂછવા લાગ્યા કે 'હવે અમારે શું કરવું?' ત્યારે બુઢ્ઢાએ કહ્યું ''તમે સૌ અચેતન થઈને પડ્યા રહો, લેવા આવનાર તમને પાશમાંથી કાઢી કાઢીને નીચે ફેંકી દેશે. બધાને ફેંકી દે એટલે એકી સાથે બધા ઊડી જજો.'' હંસોએ તે શિખામણ ધ્યાનમાં રાખી. પછી પારધી આવ્યો, બધાને મૂવેલા જાણી દૂર ફેંકી દીધા. બધા નીચે પડ્યા ત્યારે એક સાથે બધા ઊડી ગયા. પછી વૃદ્ધના બહુ વખાણ કરવા લાગ્યા અને કરેલ અવિનયની માફી માંગી. એમ વૃદ્ધની શિખામણ માની વિનય કરશે તે સુખી થશે અને તેની કીર્તિ વૃદ્ધિને પામશે.''

**'પાર્શ્વનાથ ચરિત્ર'માંથી :–** ''ધર્મના મૂળભૂત વિનય અને વિવેક અવશ્ય ગ્રહણ કરવા. તે ગુણો સત્સંગથી પ્રાપ્ત થાય છે. પ્રથમ સંગતિ કરવા લાયક સજ્જનો કેવા હોય તે કહે છે : જે પર દૂષણને કહે નહીં, અલ્પ પણ પરગુણને વખાણે, પરધન જોઈ સંતોષ પામે, પરને બાધા જોઈ શોક કરે, આત્મશ્લાઘા ન કરે, નીતિનો ત્યાગ ન કરે, અપ્રિય કહ્યાં છતાં ઉચિત હોય તે ગ્રહણ કરે એવું સંતજનોનું ચરિત્ર હોય છે.'' એવા સજ્જનની સંગતિથી શું ફળ થાય તે કહે છે : 'સત્સંગ દુર્ગતિને હરે છે, મોહને ભેદે છે, વિવેકને લાવે છે, પ્રેમને આપે છે, નીતિને ઉત્પન્ન કરે છે, વિનયને વિસ્તારે છે, યશને ફેલાવે છે અને ધર્મને ધારણ કરાવે છે. અહો! 'સત્સંગ' માણસોને શું શું અભીષ્ટ ઉત્પન્ન નથી કરતો અર્થાત્ સર્વ કરે છે.'' (પૃ.૧૭૧) માટે કોઈનો અવિનય કરું નહીં. પણ સર્વનો યથાયોગ્ય વિનય કરું.

## ૨૨૫. ગળ્યા વિના દૂધ પીઉં નહીં.

દૂધ ગાળીને ગરમ કરીને પીઉં. કારણ તેમાં વાળ હોય, કચરો હોય અથવા જીવજંતુ વગેરે હોય તેથી ગાળીને પીઉં.

## ૨૨૬. તેં ત્યાગ ઠરાવેલી વસ્તુ ઉપયોગમાં લઉં નહીં.

સાત વ્યસન, સાત અભક્ષ્ય, રાત્રિભોજન, કંદમૂળ વગેરે તેં ત્યાગ ઠરાવેલી વસ્તુઓ છે. માટે ઉપયોગમાં લઉં નહીં.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''(૧) જુગાર-લોભ મહા ખરાબ છે. જો તે છૂટે તો ઘણો જ લાભ



થાય એમ છે. એકદમ પૈસાદાર થઈ જવાની કામનાએ કરી સટ્ટા, લોટરી વગેરે કરવા નહીં. (૨-૩) માંસ અને દારૂ ત્યાગવા યોગ્ય છે. (૪) ચોરી-ચોરી કરીને તુરત પૈસા આવે તે સારુ લાગે છે, પણ જેનું પરિણામ ખરાબ આવે તે દુઃખદાયક છે, એમ સમજી કોઈને પૂછ્યા સિવાય શાક જેવી વસ્તુ પણ ન લેવી. લાખ રૂપિયાની કિંમતી ચીજ રસ્તામાં પડી હોય તે પણ લેવી નહીં. **"એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં."** જેનું પરિણામ દુઃખદાયક છે તે કામ કદી કરવું નહીં, એમ કૃપાળુદેવે કહ્યું છે. (૫) શિકાર - કોઈ પણ જીવને ઇરાદાપૂર્વક મારવો નહીં. ઘણા માણસોને એવી ટેવ હોય છે કે માકડ, મચ્છર, ચાંચડ વગેરેને ઇરાદાપૂર્વક મારી નાખે છે. પણ તેમ કરવું નહીં. ચૂલો સળગાવતાં પણ લાકડાં ખંખેરીને નાખવાં જેથી જીવ હોય તે મરી જાય નહીં. જૂ-લીખ મારવી નહીં. (૬) પરસ્ત્રી અને (૭) વેશ્યાગમન - આ વ્યસનોથી આ લોક અને પરલોક બન્ને બગડે છે માટે તેમનું સેવન કરવું નહીં. લોકોમાં પણ તે નિંદ્ય છે માટે તેનો ત્યાગ કરવો." (પૃ. ૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ - ૨'માંથી :–**

मद्यमांसाशनं रात्रौ, भोजनं कंदभक्षणं ।
ये कुर्वंति वृथा तेषां, तीर्थयात्रा जपस्तपः ॥

**અર્થ** – "જે મદ્ય પીવે, માંસ ખાય, રાત્રિ ભોજન કરે, કંદમૂળનું ભક્ષણ કરે તેઓની તીર્થયાત્રા, જપ અને તપ સર્વ વૃથા થાય છે." તેમજ તેનું કરેલું એકાદશીનું વ્રત, રાત્રિ જાગરણ, પુષ્કરતીર્થની યાત્રા, અને ચાંદ્રાયણ વ્રત પણ વૃથા થાય છે એમ પદ્મપુરાણમાં કહ્યું છે.

चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनं ।
परस्त्रीगमनं चैव, संघानानंतकायिके ॥

**અર્થ** – "ચાર નરકનાં દ્વાર છે, તેમાં પ્રથમ દ્વાર રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું દ્વાર બોળ અથાણું અને ચોથું દ્વાર અનંતકાય (કંદમૂળનું ભક્ષણ) છે." વળી આયુર્વેદમાં કહ્યું છે કે "જ્યારે સૂર્ય અસ્ત પામે છે ત્યારે હૃદયકમળ તથા નાભિકમળ સંકોચ પામે છે, એથી રાત્રિભોજન કરવું નહીં, તેમજ તેમ કરવાથી સૂક્ષ્મ જીવોનું ભક્ષણ થઈ જાય છે તે કારણથી પણ કરવું નહીં. (પૃ. ૧૬૭)

ગોરસ એટલે ઉના કર્યા વિનાના દૂધ, દહીં અને છાશ - તેમાં જો દ્વિદલ મિશ્ર થાય તો તેમાં કેવલીગમ્ય સૂક્ષ્મ જંતુઓ ઊપજે છે. શાસ્ત્રમાં દ્વિદલનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે - "જેને પીલવાથી તેલ નીકળે નહીં અને પીલતાં બે દલ (દાલ) જુદા પડે તે દ્વિદલ કહેવાય છે, એરંડી, રાઈ વિગેરેને પીલવાથી બે દલ થાય છે પણ તેમાંથી તેલ નીકળે છે માટે તે દ્વિદલ ન કહેવાય." આવા કઠોળની સાથે ટાઢાં દૂધ, દહીં કે છાશ ખાવા નહીં. (પૃ.૧૩૦)

## ૨૨૭. પાપથી જય કરી આનંદ માનું નહીં.

હિંસા કરીને કે જાુઠું બોલીને અથવા ચોરી કરીને આનંદ માનું નહીં.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** "રૌદ્ર ધ્યાન - પાપ કરીને રાજી થાય તે રૌદ્ર ધ્યાન. તે પાપરૂપ છે. તેના ચાર ભેદ છે - હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનંદી અને પરિગ્રહાનંદી. એ રૌદ્રધ્યાનના ચાર ભેદ ત્યાગવા યોગ્ય છે. આના ત્રણ પ્રકાર સમજાય છે પણ પરિગ્રહાનંદ પાપ છે તે મનાતું નથી. પરિગ્રહ મેળવીને આનંદ માને, તેથી નરકે જાય." (પૃ. ૧૭૫)



**'બોધામૃત ભાગ-૩'માંથી :–**

**શ્રેણિક રાજાનું દૃષ્ટાંત–હિંસા કરી આનંદ માનવાનું ફળ દુર્ગતિ.** ''એક દિવસ શ્રેણિક શિકારે ગયેલા ત્યાં એક હરણને તાકીને જોરથી બાણ માર્યું. તે હરણના શિકારને વીંધીને પાસે ઝાડ હતું તેમાં ચોંટી ગયું. તે જોઈ શ્રેણિકને પોતાના બાહુબળનું અભિમાન સ્ફુરી આવ્યું અને ખૂબ કૂદ્યો અને અહંકારથી બોલ્યો, ''દેખો મારું બળ, હરણના પેટની પાર થઈને ઝાડમાં પેસી ગયું છે. મારા જેવો બળવાન જગતમાં કોઈ હશે?'' આમ આનંદમાં આવી પાપની પ્રશંસા કરતાં જે તીવ્ર ભાવો થયા તે વખતે તેણે નરકનું આયુષ્ય બાંધી દીધું.'' (પૃ.૧૯૪) આમ પાપ કરી આનંદ માન્યો તો નરકગતિનો બંધ પડ્યો. માટે પાપથી વિજય મેળવી આનંદ માનું નહીં.



## ૨૨૮. ગાયનમાં વધારે અનુરક્ત થઉં નહીં.

**'ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર' ના આધારે :–**



**ત્રિપુષ્ટ વાસુદેવનું દૃષ્ટાંત –** ભગવાન મહાવીરે પોતાના .પુષ્ટ વાસુદેવના ભવમાં, શય્યાપાળકને પોતે ઊંઘી ગયા પછી ગીત બંધ કરવાની આજ્ઞા કરી; પણ ગાયનમાં વધારે અનુરક્ત ાથી શય્યાપાળકે તે ચાલુ રાખ્યું. તેથી ત્રિપુષ્ટ વાસુદેવે તને .યન વધુ પ્રિય છે એમ કહી કાનમાં ગરમાગરમ શીશુ રેડાવી ધું. માટે ગાયનમાં વધારે અનુરક્ત થાઉં નહીં. તેના ફળમાં ગવાન મહાવીરના ભવમાં પણ કાનમાં ખીલા ઠોકાયા. ગાયનમાં ધારે અનુરક્ત થવાથી હરણાઓ પણ પોતાના પ્રાણ ગુમાવે છે.

**'ધર્મામૃત'માંથી :– સંગીતમાં આસક્ત એવી રાણીએ જાને પણ તજ્યો.**

**દવરાતરાજાનુ દૃષ્ટાત –** દવરતિ નામે અયોધ્યાનો રાજા હતો. તે પોતાની રાણી રક્તામાં ઘણો આસક્ત રહેતો અને રાજ્યકાર્યમાં બિલકુલ લક્ષ ન આપતો. તેથી મંત્રીઓએ તેના પુત્રને ગાદીએ બેસાડ્યો ત્યારે તે રક્તારાણીને સાથે લઈ રાજ્ય છોડીને ચાલ્યો. તેઓ જમના નદીને કાંઠે આવ્યાં ત્યારે રાણીને બહુ ભૂખ લાગી તેથી રાજા ભોજન લેવા ગામમાં ગયો. તેટલામાં તે રાણીએ એક પાંગળાને ગાયન લલકારીને બગીચામાં કોસ ખેંચતો જોયો. તેનો કંઠ બહુ મધુર હતો તેથી તે રક્તારાણી તેના પર મોહિત થઈ ગઈ. પછી રાજા આવ્યો ત્યારે રાણીએ સ્ત્રીચરિત્ર કરીને કપટથી તેને બાંધી લીધો અને બન્ને મળીને તેને જમના નદીમાં નાખી દીધો. પછી તે રક્તા પંગુ સાથે મોજ કરવા લાગી.

દેવરતિરાજા પુણ્યના પ્રતાપે નદીમાંથી બહાર નીકળ્યો અને ફરીથી બીજું રાજ્ય પામ્યો. પરંતુ હવે તે રાજા સ્ત્રીનો બિલકુલ વિશ્વાસ કરતો નહીં. તેમજ સ્ત્રીનું મુખ પણ જોતો નહીં. રક્તા રાણી



પાંગળાને ટોપલામાં નાખી માથે ઊંચકી ફરવા લાગી. તે કહેતી કે આ મારો પતિ અપંગ છે પરંતુ મારા માતાપિતાએ મને તેને સોંપી છે તેથી હું તેની સેવા કરું છું! આથી લોકો તેને સતી માની પૂજવા લાગ્યા. તેઓ બન્ને ગાયનવાદનથી લોકોને રંજિત કરી પૈસા મેળવી ગુજરાન ચલાવતાં. કેટલેક કાળે ફરતાં ફરતાં તેઓ દેવરતિરાજાની સભામાં આવ્યાં. રાજાએ આડો પડદો રાખી તેમનું ગાયન સાંભળ્યું. સભાજનો તો ગાયનની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. પરંતુ રાજાએ રાણીને ઓળખી તેથી પડદો દૂર કરાવી પોતાની સર્વ વીતક કથા કહી, અને રક્તાને અને પંગુને શહેર બહાર કાઢવાનો હુકમ કર્યો. પછી રાજા દેવરતિને સ્ત્રીચરિત્ર ઉપરથી અતિશય વૈરાગ્ય આવ્યો, તેથી પોતાના પુત્ર જયસેનને અયોધ્યાથી બોલાવી પોતાનું નવું રાજ્ય પણ સોંપી દીધું; અને પોતે જિનદીક્ષા ગ્રહણ કરીને ઘણી તપશ્ચર્યા કરી અને અનેકને કલ્યાણનો માર્ગ બતાવ્યો. અંતમાં સમાધિથી શરીર ત્યાગીને મોટો ઋદ્ધિધારી દેવ થયો. (પૃ.૧૫૩)

## ૨૨૯. નિયમ તોડે તે વસ્તુ ખાઉં નહીં.

જેનો નિયમ કર્યો હોય તે વસ્તુ ખાઉં નહીં.

**'બોધામૃત ભાગ - ૧'માંથી :–** ''પ્રશ્ન - સાત અભક્ષ્યનો ત્યાગ શા માટે કહ્યો છે?

પૂજ્યશ્રી - જીવને એથી પાપ બંધાય છે. અનાદિકાળથી જીવ પાપ કરતો આવ્યો છે. એથી છૂટે તો ભક્તિ થાય. એ ખાય તો ઘણું પાપ થાય છે અને ન ખાય તો એના વિના ચાલે એવું છે. જ્યારથી નિયમ કરે કે મારે આ નથી વાપરવું, ત્યારથી વ્રત કહેવાય. એથી જીવ આગળ વધે છે. સ્વાદનો જય કરવાનો છે. માખણને માંસનો અતિચાર કહ્યો છે. એ ખાતાં ખાતાં પછી માંસાહારી થઈ જાય. આ સાત વ્યસન, અને પાંચ ઉદંબર ફળ તથા મધ, માખણ એ સાત અભક્ષ્ય, તેના ત્યાગમાં અણુવ્રત આવી જાય છે. વિચાર કરે તો સમજાય એવું છે.'' (પૃ.૨૭૨)

## ૨૩૦. ગૃહસૌંદર્યની વૃદ્ધિ કરું.

ઘરને સ્વચ્છ રાખી યત્નાથી પ્રવર્તવું એ ગૃહ સૌંદર્ય છે. તથા અતિથિનો યથાયોગ્ય સત્કાર કરવો એ પણ ઘરની શોભા છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''પાંચ સમિતિરૂપ યત્ના તો બહુ શ્રેષ્ઠ છે; પરંતુ ગૃહસ્થાશ્રમીથી તે સર્વ ભાવે પાળી શકાતી નથી, છતાં જેટલા ભાવાંશે પાળી શકાય તેટલા ભાવાંશે પણ અસાવધાનીથી પાળી શકતા નથી. જિનેશ્વર ભગવંતે બોધેલી સ્થૂળ અને સૂક્ષ્મ દયા પ્રત્યે જ્યાં બેદરકારી છે ત્યાં બહુ દોષથી પાળી શકાય છે. એ યત્નાની ન્યૂનતાને લીધે છે. ઉતાવળી અને વેગભરી ચાલ, પાણી ગળી તેનો સંખારો રાખવાની અપૂર્ણ વિધિ, કાષ્ઠાદિક ઇંધનનો વગર ખંખેર્યે, વગર જોયે ઉપયોગ, અનાજમાં રહેલા સૂક્ષ્મ જંતુઓની અપૂર્ણ તપાસ, પૂંજ્યાપ્રમાર્જ્યા વગર રહેવા દીધેલા ઠામ, અસ્વચ્છ રાખેલા ઓરડા, આંગણામાં પાણીનું ઢોળવું, એંઠનું રાખી મૂકવું, પાટલા વગર ધખધખતી થાળી નીચે મુકવી, એથી પોતાને અસ્વચ્છતા, અગવડ, અનારોગ્યતા ઇત્યાદિક ફળ થાય છે, અને મહાપાપના કારણ પણ થઈ પડે છે. એ માટે થઈને કહેવાનો બોધ કે ચાલવામાં, બેસવામાં, ઊઠવામાં, જમવામાં અને બીજા હરેક પ્રકારમાં યત્નાનો ઉપયોગ કરવો. એથી દ્રવ્યે અને ભાવે બન્ને પ્રકારે લાભ છે.'' (પૃ. ૭૭)

એમ યત્નાપૂર્વક પ્રર્વતવું તથા આવેલ અતિથિનો આદર કરવો તે પણ ગૃહસ્થનું ગૃહસૌંદર્ય છે.



## ૨૩૧. સારાં સ્થાનની ઇચ્છા ન કરું.

મારા પ્રારબ્ધ પ્રમાણે જે સ્થાન મને મળ્યું તેમાં સંતોષ રાખું. તેથી વિશેષ મેળવવાની ઇચ્છા ન કરું. પ્રારબ્ધરૂપી કમંડલ લઈને નદી ઉપર જાઉં કે સમુદ્ર પાસે જાઉં પણ કર્મરૂપી કમંડળમાં વિશેષ પાણી સમાઈ શકે એમ નથી.

**'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–**

**''હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ અને, મળી પટલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;**
**સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને, આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને;**
**મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને, દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને;**
**અહો ! રાજચંદ્ર માનો માનો શંકરાઈ મળી, વધે તૃષનાઈ તોય જાય ન મરાઈને.''**

**અર્થ** – ''ગરીબને દરેક પ્રત્યે પોતાની દીનતા લાગે કે હું ગરીબ છું. ગરીબ હતો ત્યારે એમ થયું કે પટેલ થાઉં તો સારું. તાકી=બહુ તીવ્ર ઇચ્છા હોય ત્યારે તાકી કહેવાય; ક્યારે એવો થાઉં? એમ રાતદહાડો વિચારે. પટેલ=મુખી વગેરે કહેવાય, પણ પૈસા ન હોય, મજૂરી કરી ખાય. હાથે કામ કરવું પડે. સાથે લગી જમીન હોય તે પાટ કહેવાય, તે ઉપરથી પાટીદાર, પાટીલ અથવા પટેલ કહેવાય છે. પછી પટેલ થયો ત્યારે શેઠના જેવું નથી તેથી શેઠ થવાની ઇચ્છા કરી. શેઠ=શ્રેષ્ઠ ઉપરથી શેઠ. શેઠને ત્યાં પૈસા હોય તેથી તેને ત્યાં નોકર વગેરે હોય. શહેરમાં પંકાય એવો નગરશેઠ થયો ત્યારે મંત્રી થવાની ઇચ્છા કરી. મંત્રી=રાજ્યની ગુપ્ત વાત જાણે, રહસ્યને જાણે. મંત્રીને પૈસા સાથે રાજનું માન વગેરે મળે. એવો થયો પણ તોયે તેને સંતોષ થયો નહીં અને રાજા થવાની ઇચ્છા કરી. નૃપ=નૃપતિ એટલે મનુષ્યના પતિ, પાળનાર, રાજા. રાજાને દેવની આરાધના કરવી પડે તેથી દેવ થવાની ઇચ્છા કરી. દેવ થયો ત્યારે શંકર=મહાદેવ=ઇંદ્ર થવાની ઇચ્છા કરી. આવી રીતે માનો કે હે રાજચંદ્ર ! એ દેવોનો પણ દેવ ઇંદ્ર થયો, તો પણ તેની તૃષ્ણાનો પાર રહ્યો નહીં. મોટો ઇંદ્ર થાય તો પણ તૃષ્ણા વધે પણ ઘટે નહીં.'' -બો.ભા.(પૃ.૧૧૩)

તેમ કર્મ અનુસાર જેવી પરિસ્થિતિ આવી પડે તેમાં શાંતિથી રહું તો નવા કર્મ ન બંધાય. ઇચ્છા કરવાથી કંઈ મળતું નથી. પણ જીવ બીજાનું જોઈને કર્મ બાંધી દુઃખી થાય છે.

**'આલોચનાદિપદ સંગ્રહ'માંથી :–** 'જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.' (પૃ.૨૨)

## ૨૩૨. અશુદ્ધ આહાર જળ ન લઉં. (મુનિત્વભાવ)

દોષ રહિત શુદ્ધ આહાર જળનું સેવન કરું.

તેના વિષે પૂર્વાચાર્યવિરચિત **'ગચ્છાચાર પયન્ના'** માં સાધુએ ૪૨ દોષ રહિત આહાર લેવો. તે આ પ્રમાણે જણાવેલ છે. **સોળ ઉદ્ગમ દોષ :–**

૧. **આધાકર્મ** – કેવલ સાધુને માટે જ છકાય જીવની વિરાધના વડે અશનાદિક આહાર તૈયાર કરવાની ક્રિયા. આ પ્રમાણેની પાપક્રિયાથી તૈયાર થયેલ આહાર દૂષિત ગણાય. એ જ પ્રમાણે આગળના દરેક દોષોમાં પણ સમજી લેવું.

૨. **ઔદેશિક** – સર્વ સાધુઓને ઉદ્દેશીને કરવામાં આવેલ.

૩. **પૂતિકર્મ** – શુદ્ધ આહારમાં અશુદ્ધ આહારનો સંયોગ, શુદ્ધ આહારમાં આધાકર્મિક આહારનો



એક પણ કણ મિશ્ર થાય તો તે પૂતિકર્મ થઈ જાય.

૪. **મિશ્રજાત** – શરૂઆતથી જ ગૃહસ્થ અને સાધુ બન્નેને માટે ભેગો બનાવેલ.

૫. **સ્થાપના** – કેટલોક સમય સાધુને અર્થે આહારાદિ રાખી મૂકવા.

૬. **પ્રાભૂતિક** – સાધુનો લાભ લેવા માટે વિવાહાદિનો કાળ આગળ-પાછળ રાખવો.

૭. **પ્રાદુષ્કરણ** – સાધુને વહોરાવવાના સ્થાનમાં વસ્તુને પ્રકાશિત કરવા માટે દીપક કરે, બારી બારણા હોય તે ઉઘાડે.

૮. **ક્રીત** – સાધુને વહોરાવવા નિમિત્તે દ્રવ્યાદિથી વસ્તુઓ ખરીદવી.

૯. **પ્રામિત્ય** – વહોરાવવા માટે વસ્તુ ઉધાર લેવી.

૧૦. **પરિવર્તિત** – સાધુને વહોરાવવા નિમિત્તે વસ્તુનો અદલો-બદલો કરે.

૧૧. **અભ્યાહત** – સાધુને વહોરાવવા નિમિત્તે જ્યાં સાધુ વસતા હોય ત્યાં સામો આહાર લઈ જાય અથવા બીજા ગામથી મંગાવે, એક સ્થાનથી બીજે સ્થાને લઈ જાય.

૧૨. **ઉદ્‌ભિન્ન** – માટી વગેરેથી ઢાંકેલ ઘડાને ખોલીને આહાર આપે.

૧૩. **માલાહત** – ભોંયરામાંથી, કોઠારમાંથી અગર તો માળ ઉપરથી લાવીને આપે.

૧૪. **આચ્છેદ્ય** – પોતાના પુત્રાદિકની સાધુને વહોરાવવાની અનિચ્છા છતાં તેના પાસેથી બળજબરીથી ગ્રહણ કરીને આપે.

૧૫. **અનિસૃષ્ટ** – કોઈ પદાર્થની માલિકી ઘણાઓની હોય છતાં તેઓની અનુમતિ વિના આપે.

૧૬. **અધ્યવપૂરક** – ગૃહસ્થે પોતાની રસોઈની શરૂઆત કર્યા પછી 'સાધુ આવશે' એમ વિચારી સાધુને નિમિત્તે વિશેષ રસોઈ રાંધવી.

**ઉત્પાદનના સોળ દોષ –**

૧. **ધાત્રી** – બાળકને રમાડીને આહાર લેવો.

૨. **દૂતી** – એક બીજાના સંદેશા પરસ્પર કહીને આહાર લેવો.

૩. **નિમિત્ત** – ભૂતકાળ તથા ભવિષ્યકાળ સંબંધી નિમિત્ત કહેવું.

૪. **આજીવિકા** – દાતાર પુરુષની પાસે પોતાની જાત્યાદિકનો પ્રકાશ કરવો.

૫. **વનીપક** – અન્ય ભિક્ષુકની માફક લોકને ગમતી પ્રશંસા કરે, અથવા દાતાર વ્યક્તિને જે સાધુપુરુષ પૂજ્ય હોય તેનો પોતે ભક્ત છે તેમ દર્શાવે.

૬. **ચિકિત્સા** – કોઈપણ પ્રકારની વ્યાધિ દૂર કરીને અશનાદિ સ્વીકારે.

૭. **ક્રોધ** – ઘેબરીયા સાધુની માફક ક્રોધ કરીને આહાર ગ્રહણ કરે.

**'શ્રીગચ્છાચાર પયન્ના'માંથીઃ– ક્રોધ, માન, માયા, લોભ ઉપર ચાર દૃષ્ટાંત.**

**ઘેબરીયા સાધુનું દૃષ્ટાંત –** હસ્તિકલ્પ નગરમાં એક સાધુ માસક્ષપણને પારણે એક બ્રાહ્મણને ઘેર ગયા. ત્યાં મરણપ્રસંગે ઘેબર પીરસાતા હતા. બ્રાહ્મણે ભિક્ષા ન આપતા તિરસ્કાર કર્યો. તેથી સાધુએ કહ્યું-ફરી આવા જ પ્રસંગે આવીશ. દૈવયોગે બીજું માણસ મરી ગયું. તેના જ્ઞાતિભોજનના દિવસે બીજા માસક્ષપણના પારણે સાધુ ત્યાં ગયા. છતાં ભિક્ષા ન આપી. તેથી સાધુએ ફરી કોપથી કહ્યું-ફરી આવા જ કાર્યમાં આવીશ. વિધિવશ ત્રીજું માણસ મરી ગયું. સાધુ આવ્યા. ફરી ભિક્ષાની મનાઈ કરી ત્યારે દ્વારપાળે આ જોઈને ઘરધણીને કહ્યું-એ ભિક્ષા ન આપવાથી ક્રોધ કરીને જાય છે. માટે એમને સંતોષ



પમાડો. તેથી તેણે ક્ષમા માગી. ઘેબર વહોરાવ્યા. આવી રીતે લીધેલો પિંડ તે ક્રોધપિંડ કહેવાય છે. પછી ગુરુએ તેની આલોચના આપી મુનિની શુદ્ધિ કરી.

૮. **માન** - સેવિયા ક્ષુલ્લક સાધુની માફક માન અભિમાન કરીને આહાર સ્વીકારે.

**સેવીયા સાધુનું દૃષ્ટાંત –** કોશલદેશમાં ગિરિપુષ્પ નગરમાં ઓચ્છવના દિવસે ઘેર ઘેર સેવ થતી હતી. તે જોઈ યુવાન સાધુએ કહ્યું—આજે તો સેવો મળશે પણ કાલે ભિક્ષામાં ઘી ગોળ સાથે સેવો લાવે તો ખરો કહેવાય. અભિમાની યુવાન સાધુએ ગર્વથી કહ્યું—હું લાવી આપીશ. બીજે દિવસે એક ગૃહસ્થને ઘેર સેવ જોઈને વિવિધ યુક્તિથી માગણી કરી. પણ તેણીએ આપી નહીં. તેથી એના પતિની શોધ કરી તેને સમજાવી એના ઘરેથી સેવો વહોરી લાવ્યા. આલોચણા વખતે ગુરુએ કહ્યું—આ માનપિંડ કહેવાય છે. મુનિઓએ આ પ્રમાણે કદી આહારપિંડ લેવો નહીં. તેથી મુનિએ પોતાના આત્માની નિંદા કરી તે કર્મ આલોચ્યું.

૯. **માયા** - અષાઢાભૂતિની માફક કપટ કરીને આહાર લે.



**અષાઢાભૂતિ મુનિનું દૃષ્ટાંત –** એકવાર અષાઢાભૂતિ મુનિ નટને દ્વારે ભિક્ષા લેવા આવી ચઢ્યા. નટની બે સુંદર કન્યાઓએ મુનિને મોદક વહોરાવ્યા. મોદકની સુગંધથી મુનિને વિચાર આવ્યો કે આ મોદક તો ગુરુને આપવા પડશે. તેથી લબ્ધીવડે વેષ પલટી બીજો લાડુ લઈ આવ્યા. આ તો વળી ઉપાધ્યાયને આપવો પડશે એમ વિચારી બીજું રૂપ કરી ત્રીજો લાડુ વહોરી આવ્યા. ઝરુખે બેઠેલા નટકન્યાના પિતાએ આ બધું જોયું. તેથી પોતાની પુત્રીઓને મુનિને રીઝવવા કહ્યું. મુનિને મોહ થવાથી ગુરુને કહી નટ કન્યા સાથે લગ્ન કર્યાં. ગુરુએ માંસ મદીરા વાપરે તેનો સંગ કરવો નહીં. એમ કહ્યું. એક દિવસ રાજાને ત્યાં નાટક કરવા એકલા અષાઢાભૂતિને જવાનું થયું. તે દિવસે નટ કન્યાઓએ ખૂબ દારૂ પીધો અને માંસ ખાધું. રાજાને ત્યાં નાટક બંધ રહેવાથી અષાઢાભૂતિએ ઘેર આવી આ બધું જોયું. તેથી પાછો વૈરાગ્યભાવ જાગ્યો. પણ કન્યાઓની માગણીથી તેમની આજીવિકા માટે ભરત ચક્રવર્તીનું નાટક ભજવ્યું. તે ભજવતા આરીસા ભુવનમાં ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન ઊપજ્યું હતું. તેમ અષાઢાભૂતિને પણ કેવળજ્ઞાન પ્રગટ્યું. અષાઢાભૂતિએ માયા કપટ કરી મોદક ગ્રહણ કર્યા તેમ મુનિઓએ માયા કરી કદી આહાર લેવો નહીં.





૧૦. **લોભ** - સિંહ કેસરીયા મુનિની માફક સારા આહારની ઇચ્છાથી ગૃહસ્થ શ્રીમંત લોકોના ઘરે ગોચરીએ જાય.

**સિંહ કેસરીયા મુનિનું દૃષ્ટાંત –** એક સાધુ આહાર માટે ફરતાં શ્રાવકની લાણીમાં સિંહકેસરીયા



મોદક દીઠા. મારે પણ આજે એજ લેવા. તેથી ઘણાને ઘેર ફર્યા પણ ક્યાંય મળ્યા નહીં. તે લાડુના જ ધ્યાનમાં તલ્લીન થવાથી દિવસ વીતી ગયો. રાત પડી છતાં ગોચરી માટે ભમવા લાગ્યા. રાત્રે બે પ્રહર વીતી ગયા. રાત્રે એક શ્રાવકના ગૃહમાં પેઠા 'ધર્મલાભ' ને બદલે 'સિંહકેસરા' એમ બોલ્યા. શ્રાવક સમજી ગયા. જેથી લાડુ વહોરાવી કહ્યું—મહારાજ! મેં આજે પુરિમઢ્ઢનું પચખાણ કર્યું છે તો તેનો કાળ પૂરો થઈ ગયો કે નહીં? તે વિચારતા મુનિને ભાન થયું કે હમણા તો મધ્યરાત્રિનો સમય છે. પછી પશ્ચાત્તાપ કરી સવારના તે આહારને પરઠતા પોતાની આત્મનિંદા કરતા કરતા કેવળજ્ઞાનને પામ્યા. આમ લોભથી મેળવેલ પિંડ શુદ્ધ ન હોવાથી મુનિએ તે ગ્રહણ કરવા યોગ્ય નથી.

૧૧. **પૂર્વપશ્ચાત્સંસ્તવ** - આહાર ગ્રહણ કર્યા પૂર્વે અને આહાર ગ્રહણ કર્યા પછી પણ દાતાર પુરુષની પ્રશંસા કરે કે ''તમને ધન્ય છે. તમે સાધુઓની રૂડી ભક્તિ કરનારા છો ઇત્યાદિ''

૧૨. **વિજ્જા** - વિદ્યા શીખવા માટે સાધના બતાવે.

૧૩. **મંત્ર** - દેવાધિષ્ઠિત મંત્ર શીખવે.

૧૪. **ચૂર્ણ** - નેત્રાંજનાદિક ચૂર્ણ દઈ આહાર સ્વીકારે.

૧૫. **યોગ** - ઉન્નતિ કરનાર, સુખ અર્પનાર એવો દ્રવ્ય સમુહ પ્રાપ્ત કરવા માટેનો યોગ દર્શાવે.

૧૬. **મૂલકર્મ** - દશ પ્રકારના પ્રાયશ્ચિત્તો પૈકી આઠમું મૂલ નામનું પ્રાયશ્ચિત્ત જેથી પ્રાપ્ત થાય તે. ગર્ભપાત કરાવવા માટે ઔષધ કરે અથવા વનસ્પતિનું છેદન કરી લોકોને આપે અને 'આ મૂળિયાના જળથી સ્નાન કરવાથી સંતાન પ્રાપ્તિ થાય' તેવો ઉપદેશ આપે તેને આ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

**એષણા (આહારપાણી) ના દશ દોષ —**

૧. **શંકિત** - આધાકર્માદિક દોષની શંકાવાળા અશનાદિ સ્વીકારે.

૨. **મ્રક્ષિત** - સચિત્તાદિથી ખરંટીત (લીંપાયેલ)

૩. **નિક્ષિપ્ત** - સચિત્ત પદાર્થ પર સ્થાપન કરેલ.

૪. **પિહિત** - સચિત્તાદિકથી ઢાંકેલ.

૫. **સંહૃત** - સચિત્તવસ્તુવાળા ભાજનમાંથી તે સચિત્ત પદાર્થો બીજા ભાજનમાં કાઢી નાખી પ્રથમના ભાજન દ્વારા આહાર વહોરાવે તે.

૬. **દાયક** - શાસ્ત્રમાં દાન આપવા માટે નિષિદ્ધ કરાયેલ બાળક, ગર્ભવતી સ્ત્રી, સચિત્ત પદાર્થવાળી, ખાંડતી, દળતી, કાંતતી એવી સ્ત્રી ઊઠી દાન આપે તે અથવા તો આંધળો, કંપતી સ્ત્રી ઊઠી દાન આપે તે.

૭. **ઉન્મિશ્ર** - સચિત્ત વસ્તુઓ યુક્ત.

૮. **અપરિણત** - અચિત નહીં બનેલ. ભાવથી તો સૂતકાદિ હોય અથવા તો દાતાર પોતાના ભાવ વિના આપે તે પણ અપરિણત જાણવું.

૯. **લિપ્ત** - લેપ દ્રવ્યથી ખરડાયેલ ભાજન અથવા હસ્ત દ્વારા અપાય તે.

૧૦. **છર્દિત** - આહાર વહોરાવતી વખતે દાતારના હાથમાંથી છાંટો ભૂમિ ઉપર પડ્યો, છતાં સ્વીકારે તો આ દોષ લાગે. (પૃ. ૧૩૮)



## ૨૩૩. કેશલોચન કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''લોચ કરવો શા માટે કહ્યો છે? શરીરની મમતાની તે પરીક્ષા છે માટે. (માથે વાળ) તે મોહ વધવાનું કારણ છે. નાહવાનું મન થાય; અરીસો લેવાનું મન થાય; તેમાં મોઢું જોવાનું મન થાય અને એ ઉપરાંત તેના સાધનો માટે ઉપાધિ કરવી પડે. આ કારણથી જ્ઞાનીઓએ લોચ કરવાનું કહ્યું છે.'' (વ.પૃ.૭૨૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ - ૫' માંથી :–** ''સ્થાનાંગ સૂત્રમાં દશ પ્રકારનો લોચ કહેલો છે. તેમાં પાંચ ઇન્દ્રિયોનો જય અને ચાર કષાયનો ત્યાગ એ નવ પ્રકારે ભાવલોચ કહેલો છે અને દશમા કેશલોચનને દ્રવ્યલોચ કહ્યો છે. તે દ્રવ્યલોચ નવ પ્રકારના ભાવલોચપૂર્વક કરવો જોઈએ. અહીં તેના ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે –

૧. કોઈક પ્રથમ ભાવલોચ કરીને પછી દ્રવ્યલોચ કરે છે. કહ્યું છે કે ''સાધુ (સાધક) હોય તે જ સાધુ થાય છે.'' આ ઉપર જંબુસ્વામી વિગેરેના દૃષ્ટાંત જાણવા.

૨. કોઈક પ્રથમ ભાવલોચ કરે છે, પછી દ્રવ્યલોચ કરતા નથી. અહીં મરુદેવી માતા વિગેરેના દૃષ્ટાંત જાણવા.

૩. કોઈક પ્રથમ દ્રવ્યલોચ કરીને પછી ભાવલોચ કરે છે. તે ઉપર દ્રુમક સાધુ (સંપ્રતિરાજાનો પૂર્વભવ) વિગેરેના દૃષ્ટાંત જાણવા. અને

૪. કોઈક પ્રથમ દ્રવ્યલોચ કરીને પછી ભાવલોચ કરતો નથી. તે વિષે ઉદાયિ રાજાને મારનાર વિનયરત્નનું દૃષ્ટાંત જાણવું અથવા આધુનિક વેષધારીઓ અને આજીવિકા માટે યતિલિંગ ધારણ કરનારના દૃષ્ટાંતો જાણવા. (પૃ.૪)

## ૨૩૪. પરિષહ પ્રત્યેક પ્રકારે સહન કરું.

મુનિઓ માટે બાવીશ પરિષહો કહ્યાં છે, તેમ ગૃહસ્થને પણ અનેક પરિષહો છે. તેને સમભાવે સહન કરવા પ્રયત્ન કરું. એ વિષે પરમકૃપાળુદેવ જણાવે છે –

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઈ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પ કાળમાં સાધ્ય થાય છે.

તમે સૌ એવા શુદ્ધ આચરણથી વર્તજો કે વિષમ દૃષ્ટિએ જોનાર માણસોમાંથી ઘણાને પોતાની તે દૃષ્ટિનો કાળ જતાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે.'' (પૃ.૨૮૩)

### મુનિના બાવીશ પરિષહ

બાવીશ પરિષહો ઉપર સંક્ષિપ્ત કથાઓ આપવામાં આવે છે તે **'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'**ના આધારે છે.

**૧. ક્ષુધા પરિષહ ઉપર હસ્તીભૂતની કથા –** ઉજ્જયિની નગરીમાં હસ્તીમિત્ર નામનો શેઠ તથા તેનો પુત્ર હસ્તીભૂત બન્ને જણે દીક્ષા લીધી. વિહાર કરતાં કરતાં એક જંગલમાં આવ્યા. ત્યાં પિતાને કાંટો વાગ્યો. ચાલવાને અસમર્થ તેથી બીજા સાધુ બોલ્યા કે તમને વારાફરતી ઉપાડીશું ને ચાલીશું. ત્યારે હસ્તીમિત્ર સાધુએ કહ્યું કે મારું આયુષ્ય હવે અલ્પ છે તેથી હું અનશન કરીશ. તમે બધા જાઓ. કારણ



મારા માટે અહીં રહેવાથી બધા સાધુઓ દુઃખી થશે. બધા ગયા પછી તેમણે અનશન કર્યું. તેમના પુત્રને પણ સમજાવીને સાથે લીધો, પણ રસ્તામાં સાધુઓને છેતરી તે પિતા પાસે પાછો આવ્યો પણ ત્યારે પિતા કાળધર્મ પામી ગયા હતા. છતાં મોહને લીધે તેને સમજાયું નહીં કે તે મરી ગયા છે. ત્યાં જંગલમાં અત્યંત ક્ષુધા લાગી. છતાં પણ તેણે ફળ વગેરે ખાવાની ઇચ્છા કરી નહીં. પણ ક્ષુધા પરિષહ ધૈર્યપણે સહન કર્યો. તેમ સર્વેએ ક્ષુધા પરિષહ જીતવાનો અભ્યાસ કરવો યોગ્ય છે.

**૨. તૃષા પરિષહ ઉપર ધનશર્મા સાધુની કથા –** ઉજ્જયિની નામની નગરીમાં ધનમિત્ર વણિક તથા તેના પુત્ર ધનશર્માએ એકદા ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. ઉનાળામાં વિહાર કરતાં રસ્તામાં મધ્યાહ્ન સમયે ભયંકર ગરમીના કારણથી તૃષા લાગી. પાસે પાણી નહીં હોવાથી તાળવું સુકાવા લાગ્યું. તેના પિતાએ કહ્યું કે સામે નદી છે તેમાંથી પાણી પી લે, પછી ગુરુ આગળ પ્રાયશ્ચિત્ત લઈ લેજે. પિતાએ જાણ્યું કે મારી શરમને લીધે પાણી નહીં પીવે એટલે પોતે આગળ જતા રહ્યાં. પછી પુત્ર નદી પાસે આવ્યો અને વિચાર્યું - આ નદીનું પાણી અકલ્પ્ય છતાં હું પીઉં, પછી ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઈશ. એમ વિચારી ખોબામાં પાણી લઈ મુખ પાસે લાવ્યું તેટલામાં તો ફરી વિચાર આવ્યો કે ભગવાનની વાણી જાણતાં છતાં આ જીવોનું હું કેમ પાન કરું? એક જળનાં બિંદુમાં જિનેશ્વર ભગવંતે અસંખ્ય જીવો કહ્યાં છે એમ વિચારી પાણીને ધીમે રહી પાછું નદીમાં મૂકી દીધું. નદી ઊતરી પેલી પાર ગયો. પણ ચાલી નહીં શકવાથી પડી ગયો. બહુ ધૈર્ય રાખી પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ કરતો તે મરણ પામીને સ્વર્ગે ગયો. મરણ સ્વીકાર્યું પણ સચિત્ત જળને પીધું નહીં. એમ તૃષા પરિષહ જય કરવાનો પ્રભુનો ઉપદેશ છે.

**૩. શીત પરિષહ ઉપર ભદ્રબાહુ સ્વામીના શિષ્યોની કથા –** રાજગૃહ નગરમાં ચાર વણિક મિત્રો હતા. તેઓએ ભદ્રબાહુ સ્વામી પાસે ધર્મોપદેશ સાંભળી દીક્ષા લીધી. અનુક્રમે તેઓ શ્રુતના પારગામી થયા. પછી તેઓએ એકાકી વિહાર નામની પ્રતિમા અંગીકાર કરી. તે પ્રતિમાનો એવો કલ્પ-આચાર છે કે વિહાર તથા અનશનાદિક સર્વ ત્રીજા પહોરમાં જ કરવું અને ચોથો પ્રહર શરૂ થાય તે જ વખતે જ્યાં હોય ત્યાં જ તેણે પ્રતિમા ધારણ કરી (કાઉસ્સગ ધ્યાને) બાકીના સાત પહોર ઊભા રહેવું. આવો કલ્પ પાળતા તેઓ અનુક્રમે રાજગૃહ નગરમાં આવ્યા. તે વખતે શિયાળાની ઋતુ હતી. એકદા તેઓ ત્રીજે પહોરે વૈભારગિરિથી ઊતરી નગરમાં આવ્યા. ત્યાંથી આહારાદિક કરી તેઓ પાછા જુદા જુદા સમયે વૈભારગિરિ તરફ ચાલ્યા. તેમાં એક મુનિ વૈભારગિરિની ગુફાના દ્વાર પાસે પહોંચ્યા, બીજા મુનિ નગરના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્રીજા ઉદ્યાનની પાસે જ પહોંચ્યા અને ચોથા હજાું નગરની બહાર જ પહોંચ્યા. ત્યાં તો ત્રીજો પ્રહર પૂર્ણ થઈ ચોથો પ્રહર શરૂ થઈ ગયો એટલે તેઓ તે તે સ્થળે જ કાયોત્સર્ગે ઊભા રહ્યાં. તેમાં ગુફાની દ્વારે ઊભેલ મુનિને અતિ દારૂણ શીત એટલે ઠંડી લાગવાથી તે રાત્રિના પહેલે પહોરે જ મરણ પામ્યા. ઉદ્યાનમાં રહેલા બીજે પ્રહરે અને ઉદ્યાનની પાસે આવેલા ત્રીજા પ્રહરે અને ગામની બહાર જ પહોંચેલા મુનિ ચોથે પ્રહરે મરણ પામ્યા. તે ચારે સાધુ મૃત્યુ પામીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે સાધુઓએ શીત પરિષહ સહન કરવો એવી ભગવાનની આજ્ઞા છે.

**૪. ઉષ્ણ પરિષહ ઉપર અરહન્નક મુનિની કથા –** તગરા નામના નગરમાં દત્ત નામે એક વણિક હતો. એકદા ગુરુનો ઉપદેશ સાંભળીને દત્ત, તેની સ્ત્રી ભદ્રા તથા તેનો પુત્ર અરહન્નક એ ત્રણે



જણાએ ગુરુ પાસે દીક્ષા લીધી. પિતા સ્નેહને કારણે પુત્રને ભિક્ષા લેવા મોકલે નહીં. પણ પોતે લાવીને આપે. અનુક્રમે દત્ત મુનિ મૃત્યુ પામ્યા. પછી બીજા સાધુઓએ પુત્રને ભિક્ષા લેવા મોકલ્યો. પણ કોઈ દિવસ ભિક્ષા લેવા ગયેલ નહીં અને ગરમીના કારણે પગ બળે, માથું તપે તેથી ધીમે ધીમે હવેલીઓના નીચે ઊભા રહેતા રહેતા ચાલે છે. ત્યાં એક હવેલી નીચે ઊભા હતા ત્યાં ઉપરથી શેઠાણીએ તેમને જોયા. તેના પર મોહિત થઈ તેમને ઉપર બોલાવ્યા. મુનિ પણ ત્યાં આસક્ત થઈ ગયા અને ત્યાં જ રહેવા લાગ્યા.

અરહન્નકમુનિ ઉપાશ્રયે આવ્યા નહીં ત્યારે ઘણી તપાસ કરી તો પણ પત્તો લાગ્યો નહીં. તેથી ભદ્રા સાધ્વીને કહ્યું કે તમારો પુત્ર મળતો નથી. તે સાંભળીને શોકથી માતાનું ચિત્ત ભ્રમિત થઈ ગયું. હે અરહન્નક! હે અરહન્નક! એમ બોલતી ગલીએ ગલીએ ફરવા લાગી. ત્યાં ગોખમાં બેઠેલા અરહન્નકે પોતાની માતાને જોઈ નીચે આવી માતાના પગમાં પડ્યો. હે માતા! કુળમાં અંગાર જેવો હું અરહન્નક આ રહ્યો. માતા સ્વસ્થ થઈને બોલી હે વત્સ! આટલા દિવસ ક્યાં હતો? અરહન્નકે પોતાનો સર્વ વૃતાંત કહ્યો. તે સાંભળીને માતાએ કહ્યું કે હે પુત્ર! તું ફરીથી ચારિત્ર અંગીકાર કર. તે બોલ્યો - માતા હું ચારિત્ર પાળવાને અસમર્થ છું પણ તમે આજ્ઞા આપો તો હું અનશન ગ્રહણ કરું. તે સાંભળી હર્ષ પામેલી ભદ્રા સાધ્વી બોલી કે હે વત્સ! તારે તેમ કરવું પણ સારું છે. પરંતુ અનંતભવમાં ભ્રમણ કરાવવાનું કારણ એવું વ્રત ભાંગીને જીવવું તે સારું નથી.

તે સાંભળીને ગુરુ પાસે જઈ સર્વ સાવદ્ય પચ્ચખાણ કરી સર્વ જીવોને ખમાવી, દોષોની નિંદા ગર્હા કરી, અરિહંતાદિના ચાર શરણ ગ્રહણ કરી, નગરની બહાર સૂર્યના કિરણોથી તપેલી શિલા પર પાદોગમન એટલે વૃક્ષની જેમ સ્થિર રહેવું. પોતાની સેવા પોતે પણ ન કરે અને બીજા પાસે પણ કરાવે નહીં, એવું અનશન કર્યું. ધર્મધ્યાન વડે દારુણ ઉષ્ણ પરિષહને સહન કરી પંચનમસ્કારમંત્રનું ધ્યાન કરતાં મૃત્યુ પામી સ્વર્ગે સિધાવ્યા.

**૫. દંશમશક પરિષહ ઉપર શ્રમણભદ્રમુનિની કથા –** ચંપા નગરીમાં જિતશત્રુ નામે રાજા રહેતો હતો. તેના પુત્ર શ્રમણભદ્રે ધર્મઘોષ ગુરુ પાસે ધર્મ સાંભળી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. શ્રુતસાગરના પારગામી થયા. એકાકી વિહાર નામની પ્રતિમા અંગીકાર કરી. શરદઋતુમાં મોટી અટવીને વિષે રાત્રિએ પ્રતિમા ધારણ કરીને ઊભા રહ્યા. તીક્ષ્ણ મુખવાળા હજારો ડાંસો તેમના શરીરે વળગ્યા અને લોહી પીવા લાગ્યા. તેમના ડંખથી અત્યંત વેદના ઉત્પન્ન થઈ ત્યારે મુનિ વિચારવા લાગ્યા કે નરકમાં પરાધીનપણે ઘણીવાર આ જીવે વેદના સહન કરી છે. આમ શુભ ભાવના ભાવતાં તે રાત્રે જ કાળધર્મ પામીને સ્વર્ગે સિધાવ્યા.

**૬. અચેલ પરિષહ ઉપર સોમદેવ ઋષિની કથા –** આર્યરક્ષિત સૂરિના પિતા સોમદેવે દીક્ષા લીધી. તેઓ ધોતિયું પહેરતા પણ ચોલપટો નહીં. આર્યરક્ષિતસૂરિએ એક દિવસ યુક્તિપૂર્વક બીજા સાધુઓ પાસે તેમનું ધોતિયું ખેંચી કઢાવ્યું. ત્યારે અચેલ એટલે નગ્ન પરિષહ સહન કર્યો. અને ચોળપટો ધારણ કર્યો.

**૭. અરતિ પરિષહ ઉપર પુરોહિત પુત્રની કથા –** પૂર્વભવે પુરોહિત પુત્રે દીક્ષા લીધી. પણ સંયમ પ્રત્યે અરતિ એટલે અણગમો હતો. પછી મરીને તે દેવ થયો. ત્યાંથી ચ્યવી શેઠનો મોટો પુત્ર હતો તેનો તે ભાઈ થયો. મોટોભાઈ મંદિરે કે ઉપાશ્રયે તેને લઈને જાય, પણ દુર્લભબોધિને લીધે રડવા માંડે.



મોટાભાઈએ તેને પ્રતિબોધ કરવા ઘણો પ્રયત્ન કર્યો પણ તે બોધ પામ્યો નહીં. પછી મોટાભાઈએ વૈરાગ્ય પામી ગુરુ પાસે દીક્ષા લીધી. ચારિત્ર પાળી દેવલોકે ગયો. નાનાભાઈને પ્રતિબોધ કરવા માટે તેના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન કરી. પોતે વૈદ્યનું રૂપ લઈ તેની પાસે આવીને કહ્યું કે દીક્ષા લે તો તારી વ્યાધિ સારી કરું, એમ કહી તેને સાજો કર્યો. પછી દીક્ષા અપાવી પણ દીક્ષા છોડીને પાછો ઘેર આવ્યો. દેવે ત્રણચાર વાર પ્રયત્ન કર્યા પણ તે પ્રતિબોધ પામ્યો નહીં. છેવટે તેનો પૂર્વભવ કહ્યો ત્યારે તેણે ભાવથી ચારિત્ર લીધું અને ચારિત્ર પ્રત્યે રતિવાળો થયો.

**૮. સ્ત્રી પરિષહ ઉપર સ્થૂલિભદ્રમુનિની કથા –** સ્થૂલિભદ્રમુનિએ કોશા વેશ્યાને ત્યાં ચોમાસુ કર્યું. તેમને ચળાવવા કોશાએ ઘણો પ્રયત્ન કર્યો તો પણ ચળ્યા નહીં; પણ સ્ત્રી પરિષહ સહન કર્યો.

**૯. ચર્યા પરિષહ ઉપર સંગમાચાર્યની કથા –** કોલાક નામના નગરમાં સંગમ નામના આચાર્ય હતા. જંઘાબળ ક્ષીણ થવાથી તે જ નગરમાં નિયતવાસ કરીને રહેલા હતા. દુષ્કાળ પડવાથી પોતાના સિંહ નામના શિષ્યને આચાર્ય પદવી આપી ગચ્છ સહિત તેમને દૂર દેશમાં મોકલી દીધા. પોતે એક જ ગામમાં રહ્યા છતાં, કોઈ સ્થાનમાં કે શ્રાવકમાં મમતા કરી નહીં. પણ તે જ નગરમાં નવ ભાગ પાડીને રહ્યા. આઠ માસના આઠ અને એક ચોમાસું મળી કુલ નવ ભાગ કરીને નવ જાુદે જાુદે સ્થાને વિચરીને રહ્યા. ચર્યા એટલે વિહાર કરવામાં તબિયતને કારણે અશક્ત હોવા છતાં પણ નવ સ્થાને ફરતા હતા. તે જોઈ નગરની અધિષ્ઠાયકા દેવી પ્રસન્ન થઈ તેમની ભક્તિ કરતી હતી.

**૧૦. નૈષેધિકી (એટલે એક સ્થાને બેસવાના કે ઊભા રહેવાના) પરિષહ ઉપર કુરુદત્ત સાધુની કથા –** હસ્તિનાપુરમાં કોઈ શ્રેષ્ઠીના પુત્ર કુરુદત્તે ગુરુનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. એક વખત રાત્રિએ પ્રતિમા ધારીને ઊભા હતા. ત્યાં ચોરો ગાયોનું ધણ ચોરીને જતા રહ્યા. પછી ગાયોને શોધનારા આવ્યા. તેઓએ આવી મુનિને કહ્યું - હે મુનિ! ગાયોને લઈને ચોરો કયે માર્ગે ગયા? તે સાંભળી મુનિ કંઈ બોલ્યા નહીં. ત્યારે મુનિના માથા ઉપર માટીની પાળ કરી અંદર ધગધગતા અંગારા ભરી ચાલ્યા ગયા. મુનિએ તે સમભાવે ઉપસર્ગ સહન કર્યો પણ ત્યાંથી ખસ્યા નહીં. તે નૈષેધિકી પરિષહ સહન કર્યો. સમાધિપૂર્વક દેહત્યાગ કરી સ્વર્ગે ગયા.

**૧૧. શય્યા પરિષહ ઉપર સોમદત્ત અને સોમદેવ મુનિની કથા –**કૌશાંબી નગરીમાં યજ્ઞદત્ત નામના બ્રાહ્મણને બે પુત્રો હતા. તેમણે સોમભૂતિ નામના ગુરુ પાસે દીક્ષા લીધી. બન્ને બહુશ્રુત થયા. બન્ને ભાઈઓ વિહાર કરતા ઉજ્જયિની નગરીએ આવ્યા. તેમના માતાપિતા પહેલેથી જ ત્યાં આવીને રહ્યા હતા. તેમને ત્યાં વહોરવા ગયા. તે દેશની રીતિ પ્રમાણે અનેક ઔષધના મિશ્રણથી મદિરા જેવો પદાર્થ બનાવેલ હતો. તે અજાણતાં પ્રાસુક જળ જાણીને ગ્રહણ કર્યો. તે પીવાથી મુનિઓ ભ્રમિત થયા. પછી વિચાર્યું કે અજાણતાં મદ્યપાન થયું છે તેથી પાદોપગમન અનશન ગ્રહણ કર્યું. પછી વરસાદ આવવાથી તણાઈને સમુદ્રમાં ગયા. ત્યાં જળજંતુઓ તેમને ખાઈ ગયા. એમ શય્યા ઉપસર્ગ સહન કરી સ્વર્ગે ગયા. બન્ને મુનિઓએ શય્યા પરિષહનો જય કર્યો. સમાધિપૂર્વક દેહત્યાગ કરી સ્વર્ગે ગયા.

**૧૨. આક્રોશ પરિષહ ઉપર અર્જુનમાળી મુનિની કથા –** રાજગૃહ નગરમાં અર્જુન નામે એક માળી રહેતો હતો. તેની અંદર યક્ષે પ્રવેશ કર્યો. તેથી રોજ છ પુરુષો તથા એક સ્ત્રીને મારતો હતો. રાજગૃહ નગરમાં મહાવીર ભગવાન પધાર્યા. પણ એ દિશા તરફ કોઈ જાય નહીં. જ્યારે અર્જુનમાળીએ સાત માણસોને માર્યા છે એમ સાંભળે પછી જ એ દિશા તરફ લોકો જતા હતા. પણ સુદર્શન શેઠે વિચાર્યું



કે જે થવું હોય તે થાય પણ મારે તો ભગવાનના દર્શન કરવા જવું જ છે. એમ વિચારી શેઠ તે તરફ ગયા. તેમને આવતા જોઈ અર્જુનમાળી મારવા આવ્યો. ત્યારે શેઠ સાગાર અનશન ગ્રહણ કરી પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્રનું ધ્યાન કરતાં ત્યાં જ ઊભા રહ્યા. શેઠ પાસે આવતા જ અર્જુનમાળીના શરીરમાંથી તે યક્ષ ભાગી ગયો. તેથી માળી સ્વસ્થ થઈ શેઠ પાસે આવ્યો. ત્યાં પોતાનો સર્વ વૃતાંત સાંભળી શેઠ સાથે તે ભગવાન પાસે ગયો. ત્યાં ભગવાનનો ઉપદેશ સાંભળી અર્જુનમાળીએ દીક્ષા લીધી. છતાં લોકો તેને આક્રોશ વચનો વડે કહેવા લાગ્યા કે આ તો ધૂર્ત જેવો છે. પણ તે મુનિએ મનમાં રોષ આણ્યો નહીં. છ મહિના સુધી આવા અનેક આક્રોશ વચનો સહન કરી તે અર્જુનમાળી કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષે પધાર્યા. માટે મુનિઓએ આક્રોશ પરિષહ સહન કરવો.

**૧૩. વધ પરિષહ ઉપર સ્કંદકાચાર્યની કથા –** શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજાનો પુત્ર સ્કંદકકુમાર હતો. તે દીક્ષા લઈ વિહાર કરતાં કુંભકારકટક નગરમાં આવ્યા. ત્યાં પાલક નામે મંત્રી હતો. તેણે પૂર્વના વૈરભાવને લઈને આ મુનિઓને જોઈ રાજાને કહ્યું કે તમારી સાથે લડાઈ કરીને રાજ્ય લેવા માટે આ સૈનિકો સાધુવેશે આવ્યા છે. પાલક મંત્રીએ પોતે જ ગુપ્ત રીતે દાટેલા શસ્ત્રો બતાવી રાજાને ખાત્રી કરાવી. તેથી તેમને શિક્ષા કરવા માટેનું કામ રાજાએ પાલક મંત્રીને જ સોંપ્યું. મંત્રીએ સ્કંદકમુનિના પાંચસોય શિષ્યોને ઘાણીમાં ઘાલીને પીલી નાખ્યા. તે બધાએ વધ પરિષહ સહન કરી ત્યાં જ કેવળજ્ઞાન પ્રગટાવ્યું. પણ ગુરુ સ્કંદકાચાર્યે તે પાલક મંત્રી પ્રત્યે ક્રોધ કરી નિયાણું કર્યું કે હું તપના પ્રભાવથી આ સમગ્ર દેશનો બાળનાર થાઉં. તે દેહ ત્યાગી અગ્નિકુમારમાં દેવતા થયા અને વૈર સંભારી તે નગરીને બાળી નાખી. તે પ્રદેશ અત્યારે પણ દંડકારણ્યના નામથી ઓળખાય છે. બીજા સાધુઓએ વધ પરિષહ સહન કર્યો પણ સ્કંદકાચાર્યે ન કર્યો તેમ કોઈએ કરવું નહીં.

**૧૪. યાચના પરિષહ ઉપર બળભદ્રમુનિની કથા –** કૃષ્ણના ભાઈ બળભદ્રે કૃષ્ણના મૃત્યુ



પછી વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરી. એકદા ભિક્ષાને માટે બળદેવમુનિ કોઈ ગામમાં જતા હતા. ત્યાં બહાર કૂવા ઉપર કોઈ સ્ત્રી પાણી ભરવા આવી. તેણીએ તે મુનિનું અનુપમ રૂપ જોઈ અતિ મોહ પામી ઘડાને બદલે પોતાના બાળકના જ કંઠમાં દોરડાનો પાશ નાખ્યો. તે જોઈ બળદેવમુનિએ તેની પાસે આવી પ્રતિબોધ કર્યો. ત્યારે તેણીએ બાળકના કંઠમાંથી દોરડાનો પાશ બહાર કાઢ્યો. ત્યાર પછી મુનિએ ગામની ભિક્ષાને અનર્થનું કારણ જાણી વૈરાગ્ય પામી ગામમાં પ્રવેશ ન કરવાનો નિયમ કર્યો. વનમાં ઘાસ કે કાષ્ઠ લેવા આવનાર લોકો પાસેથી જે કાંઈ આહાર મળે તે જ લઈને પોતાનો નિર્વાહ કરવો એવો નિશ્ચય કર્યો. આહાર ન મળે તો તપ કરવા લાગ્યા. ગામમાં સહેલાઈથી ભિક્ષા મળી શકે છે પણ વનમાં મળવી દુર્લભ છે, છતાં બળભદ્રમુનિએ તેમ કરી યાચના પરિષહ સહન કર્યો.

**૧૫. અલાભ પરિષહ ઉપર ઢંઢણકુમારમુનિની કથા –** શ્રી કૃષ્ણ વાસુદેવે નેમિનાથ પ્રભુની વંદના કરીને પૂછ્યું કે હે સ્વામી! આ સર્વ મુનિઓમાં વધારે દુષ્કર કરનાર કોણ છે? સ્વામીએ કહ્યું કે -



સર્વ મુનિઓ દુષ્કર કરનાર છે, તો પણ તેમાં ઢંઢણમુનિ વધારે દુષ્કર કરનાર છે. વાસુદેવે તેનું કારણ પૂછ્યું ત્યારે પ્રભુએ તેના અભિગ્રહ સંબંધી સર્વ વૃતાંત કહ્યો કે ઢંઢણમુનિએ પોતાની લબ્ધિથી જ આહાર મળે તો જ લેવો, નહીં તો નહીં લેવો એવો નિયમ કરેલ છે, તે સાંભળી કૃષ્ણે પૂછ્યું કે તે મહાત્મા અત્યારે ક્યાં છે? પ્રભુએ કહ્યું - તે નગરીમાં ભિક્ષા



લેવા માટે ગયા છે. એ તમને નગરીમાં પ્રવેશ કરતાં જ સામા મળશે. પછી પ્રભુને વાંદી શ્રીકૃષ્ણ વાસુદેવ નગરી તરફ ચાલ્યા. દરવાજામાં પ્રવેશ કરતાં જ મુનિને જોયા. તેથી શ્રીકૃષ્ણે હાથી પરથી નીચે ઊતરી તેમને વંદન કર્યું. ત્યારબાદ મુનિ એક શેઠને ત્યાં વહોરવા ગયા. ત્યાં શેઠે શ્રીકૃષ્ણને નમસ્કાર કરતા જોઈ આ કોઈ પૂજનીય મહાત્મા છે એમ ધારી મોદક વહોરાવ્યા. પછી ભગવાન પાસે આવી ઢંઢણમુનિએ પૂછ્યું કે હે પ્રભુ! મારો લાભાંતરાય ક્ષીણ થયો? કે જેથી મને આજે ભિક્ષા મળી. ત્યારે નેમિનાથ પ્રભુ બોલ્યા કે વાસુદેવે તમને નમસ્કાર કર્યા તેથી ભિક્ષા મળી છે. ત્યારે મુનિ બોલ્યા કે - પરની લબ્ધિથી મળેલ આહાર મારે કલ્પે નહીં; એમ વિચારી નગરની બહાર મોદકને પરઠવા ગયા. ત્યાં પરઠવતાં શ્રી ઢંઢણમુનિ શુક્લધ્યાન વડે સર્વ કર્મદળને ચૂરી નાખી કેવળજ્ઞાનને પામ્યા. જેમ એ મુનિએ અલાભ પરિષહ છ મહિના સુધી સહન કર્યો તેમ બીજા મુનિએ પણ અલાભ પરિષહનો જય કરવો, એમ ભગવાનનો ઉપદેશ છે.

**૧૬. રોગ પરિષહ ઉપર કાળવૈશિકમુનિની કથા –** મથુરા નગરમાં જિતશત્રુ નામે રાજા હતો. તેણે કાળા નામની વેશ્યાને પોતાના અંતઃપુરમાં રાખી હતી. તેને કાળવૈશિક નામે પુત્ર તથા એક પુત્રી થઈ. એક દિવસ યુવાવસ્થામાં આવેલ કુમારે રાત્રિમાં એક શિયાળનો અવાજ સાંભળી સેવકોને કહ્યું કે આ અવાજ કોનો છે? તેઓએ કહ્યું : શિયાળનો અવાજ છે. કુમારે તેને બાંધીને લાવવા કહ્યું. સેવકો તેને બાંધીને લાવ્યા. પછી કુમાર શિયાળને મારવા લાગ્યો. જેમ જેમ મારે તેમ તેમ તે ખી ખી શબ્દ કરે. તે સાંભળી કુમાર હર્ષ પામે. એમ કરતાં કરતાં શિયાળ અકામ નિર્જરાથી મૃત્યુ પામી વ્યંતર થયો.

સમય વીત્યે કાળવૈશિકકુમારે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેમને મુદ્રશૈલ નામના નગરમાં હરસનો રોગ થયો. તેની વ્યાધિથી અત્યંત પીડા પામતા છતાં ઔષધની મનથી પણ ઇચ્છા કરી નહીં. ઔષધ ન કરવાનો અભિગ્રહ લીધો. તે જ નગરમાં પોતાની બહેન રાજાની રાણી હતી. તેને ભાઈના અભિગ્રહની જાણ હોવાથી આહારમાં જ ઔષધ મિશ્રણ કરીને આપ્યું. તે આહાર કરવાથી તેમના હરસનો વ્યાધિ શાંત થયો. તે જાણી મુનિને થયું કે આહારના અર્થી એવા મેં ઉપયોગ નહીં રાખવાથી હરસના જંતુઓ નાશ પામ્યા. તેથી મારા અભિગ્રહનો ભંગ થયો. હવે મારે આહાર જ કરવો નથી એમ વિચારી નગરની બહાર પર્વત ઉપર પાદોપગમન અનશન ગ્રહણ કર્યું. રાજાએ તેમના ઉપસર્ગ નિવારણ માટે સેવકો મૂક્યા. આ અવસરે પેલો શિયાળાનો જીવ વ્યંતર, મુનિને જોઈ પૂર્વભવનું વૈર સંભારી ઉપસર્ગ કરવા આવ્યો. જ્યારે



રાજસેવકો ન હોય ત્યારે ખી ખી શબ્દ કરતો શિયાળનું રૂપ કરી બચ્ચાઓ સહિત મુનિને ખાવા લાગ્યો. એમ પંદર દિવસ સુધી વ્યંતરનો ઉપસર્ગ સહન કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. આ રીતે બીજા મુનિઓએ પણ રોગ પરિષહનો જય કરવો.

**૧૭. તૃણસ્પર્શ પરિષહ ઉપર ભદ્રર્ષિની કથા** – શ્રાવસ્તિ નગરીના રાજા જિતશત્રુને ભદ્ર નામે પુત્ર હતો. ગુરુ પાસે જૈનધર્મ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લઈને બહુશ્રુત થયા. એકાકીવિહાર પ્રતિમા ધારીને વિચરતા તે મુનિ વિરુદ્ધ રાજ્યમાં ગયા. ત્યાંના રાજપુરુષોએ પકડીને પૂછ્યું કે તું કોણ છે? કોણે ચર તરીકે તને મોકલ્યો છે, સત્ય કહે. તો પણ મુનિ તો પ્રતિમાધારી હોવાથી કાંઈપણ જવાબ આપ્યો નહીં. ત્યારે રાજસેવકોએ તેના શરીરમાં શસ્ત્ર વડે ઘા કરી તેને તીક્ષ્ણ અણિવાળા દર્ભોથી (ઘાસના પૂળાથી) મજબૂત બાંધીને ચાલ્યા ગયા. શરીરમાંથી રૂધિર નીકળવા માંડ્યું. તો પણ મનમાં દુર્ધ્યાન કર્યા વિના તે ક્ષમાનિધિએ વેદના સહન કરી. તેમ બીજાઓએ પણ તૃણ પરિષહનો જય કરવો.

**૧૮. મલ પરિષહ ઉપર સુનંદ શ્રાવકની કથા** – ચંપા નગરીમાં સુનંદ નામે શ્રાવક રહેતો હતો. તે સર્વ જાતના કરીયાણાનો વેપાર કરતો. તેની પાસે મુનિઓ કાંઈ ઔષધ માગે તે ગર્વ સાથે અને અવજ્ઞાસહિત આપતો હતો. એકદા ગ્રીષ્મ ઋતુમાં પસીનાથી નીતરતા મુનિઓ ઔષધ લેવા તેની દુકાનમાં આવ્યા. તેમની દુર્ગંધથી દુકાનમાં રહેલ ઔષધોનો ગંધ પણ પરાભવ પામ્યો. તે જોઈ સુનંદે વિચાર્યું કે સાધુઓનો સર્વ આચાર સારો છે, પરંતુ તેઓ મેલા રહે છે તે સારું નથી. આ રીતે મુનિની નિંદા કરવાથી તેણે દુષ્કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે મરણ પામી દેવ થયો. ત્યાંથી ચ્યવી શેઠનો પુત્ર થયો. પછી વૈરાગ્ય પામીને દીક્ષા ગ્રહણ કરી. આ ભવમાં તેને મુનિનિંદાનું દુષ્કર્મ ઉદયમાં આવ્યું અને તેનું આખુ શરીર દુર્ગંધમય બની ગયું. તેની અસહ્ય દુર્ગંધની લોકોમાં ચર્ચા થવા લાગી; તેથી ગુરુએ તેમને ઉપાશ્રયની બહાર જવાનો નિષેધ કર્યો. રાત્રિએ તેમણે કાયોત્સર્ગ કર્યો. દેવીએ પ્રસન્ન થઈ તેમનું શરીર કસ્તુરીમય કરી દીધું. માટે મુનિઓએ મલ પરિષહ સહન કરવો. તેમજ શ્રાવકોએ પણ તેવા મહાત્માઓની નિંદા કરવી નહીં.

**૧૯. સત્કાર પરિષહ ઉપર સાધુ તથા શ્રાવકની કથા** – મથુરા નગરીમાં ઇંદ્રદત્ત નામે પુરોહિત જૈનધર્મનો વિરોધી હતો. તે હમેશાં પોતાના ગવાંક્ષની નીચે થઈ જતા મુનિઓ ઉપર પગ લાંબા કરીને બેસતો. તો પણ મુનિઓ કોપ કરતા નહીં. પણ એક શ્રાવક તેના ઉપર કોપાયમાન થયો, અને તેના પગ કાપવાની ઇચ્છા કરી. તે વાત ગુરુને જણાવી. ગુરુએ કહ્યું : સાધુઓને તો સત્કાર પરિષહ સહન કરવાનો ભગવંતનો ઉપદેશ છે. ત્યારે શ્રાવકે કહ્યું કે જૈનધર્મના વિરોધી એવા બ્રાહ્મણને શિક્ષા ન મળે તો ધર્મની બીજા પણ હિલના કરશે. માટે તેનો ઉપાય બતાવો. તેનો આગ્રહ જાણી ગુરુએ કહ્યું કે હાલમાં તેના ઘરની શી હકીકત છે? શ્રાવકે કહ્યું : તેણે એક નવો પ્રાસાદ કરાવ્યો છે. તેમાં રાજાને આમંત્રણ આપ્યું છે. તેથી રાજા તેને ઘેર અમુક દિવસે જવાના છે. તે સાંભળી ગુરુએ કહ્યું : જ્યારે રાજા તેના મહેલમાં પ્રવેશ કરે તે વખતે રાજાને તમારે હાથે પકડી રાખવા અને કહેવું કે આ મહેલ હમણાં પડવાનું છે. પછી હું તે મહેલને વિદ્યાના બળે પાડી દઈશ. શ્રાવકે તે જ પ્રમાણે કર્યું. તેથી પ્રાસાદ પડી ગયો. તે જોઈ રાજાએ કહ્યું આ શું? ત્યારે શ્રાવકે કહ્યું : તમને મારવા માટે આ કપટ કર્યું હતું. તેથી પુરોહિત ઉપર રાજા કોપ પામ્યો. તેને શિક્ષા કરવા માટે રાજાએ આ શ્રાવકને જ સોંપ્યો. ત્યારે શ્રાવકે આ બ્રાહ્મણ પુરોહિતને કહ્યું કે મુનિઓ પર તું દ્વેષ રાખે છે તેનું આ ફળ છે. ત્યારે પુરોહિતે કહ્યું : હવે આવું અકૃત્ય હું કદી નહીં કરું. ત્યારે શ્રાવકે



તેને છોડી મૂક્યો. જેમ મુનિઓએ સત્કાર પરિષહ સહન કર્યો, તેમ સર્વે મુનિઓએ સહન કરવું.

**૨૦. પ્રજ્ઞા પરિષહ ઉપર સાગરાચાર્યની કથા –** ઉજ્જયિની નગરીમાં કાલકાચાર્ય સદા ઉગ્ર વિહારી તથા બહુશ્રુત હતા. પણ તેમના શિષ્યો ક્રિયામાં પ્રમાદી હતા. ગુરુ પ્રમાદ ટાળવા માટે શિષ્યોને ઉપદેશ આપતા ત્યારે શિષ્યો ક્રોધ પામતા. તેથી એક વખત ગુરુ કુશિષ્યોને સૂતા મૂકી વહેલા વિહાર કરી સુવર્ણકુળ નગરે આવી ગયા. કાલકાચાર્ય પોતાના ગુરુના ગુરુ હોવા છતાં કોઈ દિવસ જોયેલા નહીં હોવાથી સાગરાચાર્યે ઓળખ્યા નહીં. તેથી કાલકાચાર્યને પૂછ્યું કે – હે વૃદ્ધ મુનિ! તમે ક્યાંથી આવો છો? તેમણે કહ્યું અવંતિથી આવું છું.

હવે એકવાર સાગરાચાર્ય શિષ્યોને શ્રુતસ્કંધ ભણાવતા હતા. ત્યારે કાલકાચાર્ય વૃદ્ધ મુનિને પૂછ્યું કે તમે શ્રુતસ્કંધના અર્થ જાણો છો? તેમણે હા કહી. છતાં સાગરાચાર્યે પ્રજ્ઞાના ગર્વથી કહ્યું કે હું આ સાધુઓ પાસે શ્રુતસ્કંધનું વ્યાખ્યાન કરું તે સાંભળજો. વૃદ્ધ કાલકાચાર્યને પોતાની પ્રજ્ઞા દેખાડવા માટે તે વિશેષ વિશેષ પ્રકારે વ્યાખ્યાન કરવા લાગ્યા.

કાલકાચાર્યના શિષ્યો ગુરુને શોધતા શોધતા સુવર્ણકુળ નગરે આવ્યા. ગુરુની શોધ કરતા સાગરાચાર્ય પાસે આવ્યા અને કહ્યું કે અમારા ગુરુ અહિં આવ્યા છે? ત્યારે સાગરાચાર્યે કહ્યું : તેમની મને ખબર નથી પણ કોઈ વૃદ્ધ મુનિ આવેલા છે. પછી ખબર પડી કે આ તો મારા ગુરુના ગુરુ છે, એમ જાણી ગુરુને વારંવાર ખમાવ્યા અને કહ્યું કે હે – પિતામહ! મેં શ્રુતની વ્યાખ્યા કરી તે કેવી કરી? ત્યારે વૃદ્ધ મુનિએ કહ્યુંઃ વ્યાખ્યા સારી કરી છે પણ ગર્વ કરે છે તે યોગ્ય નથી. બુદ્ધિના નિધાનરૂપ વૃદ્ધ કાલકાચાર્યે સાગરાચાર્યને પ્રતિબોધ કરવા માટે નદીમાંથી એક પલ્લક રેતી મંગાવી તેને એક ઠેકાણે નખાવી. ત્યાંથી બીજે ઠેકાણે નખાવી, ત્રીજે ઠેકાણે નખાવી. એમ જાુદે જાુદે ઠેકાણે નખાવવાથી તે રેતી ઘણી ઓછી થઈ ગઈ. આ પ્રમાણે રેતીનું દૃષ્ટાંત આપી કાલકાચાર્યે સાગરાચાર્યને કહ્યું કે – નદીમાં જેમ ઘણી રેતી છે તેમ જિનેન્દ્રમાં અનંતજ્ઞાન છે. તેમાંથી ગણધરોએ અલ્પશ્રુત લીધું. તેમના પાસેથી તેમના શિષ્યો પ્રશિષ્યોએ ગ્રહણ કર્યું. તથા વિસ્મૃતિને કારણે હાલમાં શ્રુતનું ઘણું જ અલ્પજ્ઞાન રહ્યું છે. એમ વિચારી હે વત્સ! શ્રુતનો મદ કરવો કિંચિંત્‌માત્ર પણ યોગ્ય નથી. પ્રજ્ઞા પરિષહ જેમ સાગરાચાર્ય સહન કરી શક્યા નહીં, તેમ કરવું નહીં. પણ કાલકાચાર્યની જેમ પ્રજ્ઞા પરિષહનો જય કરવો.

**૨૧. અજ્ઞાન પરિષહ ઉપર આભીર સાધુની કથા –** ગંગા નદીને કાંઠે કોઈ ગામમાં બે ભાઈઓએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેમાં એક વિદ્વાન થયા, બીજા મૂર્ખ રહ્યા. જે સાધુ વિદ્વાન હતા તે શિષ્યોને રાત દિવસ ભણાવવાથી એક દિવસ ખેદ પામીને વિચારવા લાગ્યા કે મારા ભાઈને ધન્ય છે કે જે સાધુ થઈ સુખે રહે છે અને અવસરે નિદ્રા કરે છે. એવું મૂર્ખપણું સારું કે જેમાં આઠ ગુણ રહેલા છે. ૧. નિશ્ચિંતપણું ૨. ઘણો આહાર, ૩. નિર્લજ્જપણું ૪. રાત્રિદિવસ સુવાનું ૫. કાર્ય અકાર્યના વિચાર રહિતપણું, ૬. માન તથા અપમાનમાં સમાનપણું, ૭. પ્રાયે કરીને રોગરહિતપણું તથા ૮. દૃઢ શરીર. એ આઠ ગુણ હોવાથી મૂર્ખની જિંદગી સુખી છે. આવા અશુભ વિચારથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ કર્યો. અહિંથી દેહ છોડી સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવી આભીરનો પુત્ર થયો. આ ભવમાં વૈરાગ્ય પામી દીક્ષા લીધી. પછી ઉત્તરાધ્યયનના યોગ વહન કરતા ચોથા અસંખ્યાધ્યયનનો પ્રથમ ઉદ્દેશો કર્યો ત્યારે તે આભીર સાધુને પૂર્વે બાંધેલો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થયો. તેથી એક પદ પણ આવડ્યું નહીં. ત્યારે ગુરુએ કહ્યું કે



પ્રયત્ન કરતાં છતાં પણ તને આવડતું નથી, માટે અભ્યાસ ચાલે ત્યાં સુધી તારે આયંબીલ તપ કરવું જોઈએ. ગુરુની આજ્ઞા માથે ચઢાવી આયંબીલ તપ કરવા લાગ્યા. અને મનમાં ખેદ પામ્યા વિના બારવર્ષ સુધી આયંબીલ તપ કરી તે અધ્યયન પુરું કર્યું. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી બીજું શ્રુત પણ ભણ્યા અને અંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે પધાર્યા. આભીર મુનિએ પુરુષાર્થ કરી અજ્ઞાન પરિષહનો જય કર્યો તેમ બીજાએ પણ જય કરવો જોઈએ.

**૨૨. દર્શન પરિષહ ઉપર આર્ય આષાઢસૂરિની કથા –** વત્સભૂમિને વિષે આર્ય આષાઢ નામના આચાર્ય રહેતા હતા. તેમના શિષ્યોનો મોટો પરિવાર હતો. તેમના ગચ્છમાં અનશન કરીને જે જે સાધુ કાળધર્મ પામતા, તે સર્વને આચાર્ય મહારાજ આરાધના કરાવીને કહેતા હતા કે હે વત્સ! તું જો દેવ થાય તો તારે શીઘ્ર અહીં આવીને મને દર્શન આપવું. પછી દેહત્યાગ કરીને સ્વર્ગે જતા હતા. પરંતુ તેમાંના કોઈએ આવીને આચાર્યને દર્શન આપ્યા નહીં. તેથી આચાર્યને પરલોકના વિષયમાં શંકા થવા લાગી. છેવટે એક શિષ્ય જે આચાર્યનો પરમ ભક્ત હતો તેના સમાધિમરણ સમયે પણ ગુરુએ આરાધના કરાવી કહ્યું કે – હે વત્સ! તું સ્વર્ગમાં જાય ત્યારે અવશ્ય અહીં આવીને મને દર્શન આપજે, પ્રમાદ કરીશ નહીં. પછી તે પણ મરણ પામી સ્વર્ગે ગયો. પરંતુ સ્વર્ગની વિચિત્ર રચના અને નાટક વગેરે જોવામાં વ્યગ્ર થવાથી તે પણ આવ્યો નહીં. તેથી સૂરિએ વિચાર્યું કે પરલોક વગેરે કંઈ છે જ નહીં. ફોગટ જ ભોગોનો મેં ત્યાગ કર્યો. એમ વિચારી મિથ્યાત્વ પામીને ગચ્છનો ત્યાગ કરી સાધુના વેષ સહિત નીકળી પડ્યા. પેલા ભક્તશિષ્યને કેટલાક દિવસે ખ્યાલ આવ્યો કે ગુરુના પ્રેમને લીધે હું અહીં સ્વર્ગમાં આવ્યો છું. ઉપયોગ



દેતાં ગુરુને તો મિથ્યાત્વ પામેલા જોયા. તેથી તેમને પ્રતિબોધ કરવા માટે કોઈ ગામના સીમાડમાં દેવે નાટક વિકુર્વ્યું. તે નાટક જોવામાં ગુરુને છ મહિના વીતી ગયા. તો પણ ક્ષુધા તૃષાની વેદના થઈ નહીં. પછી છ માસને અંતે દેવે નાટક સંહરી લીધું અને સૂરિને પ્રતિબોધ કરવા અનેક ઉપાયો કર્યા. દેવે રાજાનું રૂપ વિકુર્વ્યું અને દેવમાયાથી બે પુત્રને દાગીના સહિત વિકુર્વીને મોકલ્યા. તે જોઈ સૂરિએ વિચાર્યું કે હું ઘરે જઈશ



તો દાગીના જોઈશે તેથી તેમને મારીને પણ દાગીના લઈ લીધા. પછી



રાજા બનેલ દેવે મુનિને વહોરવા માટે ઘણો આગ્રહ કર્યો. પણ સૂરિ ના પાડે કે મારે આહાર નહીં જોઈએ. તેમ છતાં રાજાએ તેમની ઝોલી ખેંચી તો તેમાંથી દાગીના નીકળ્યા. તે જોઈ રાણી બોલી કે – અરે આ તો મારા પુત્રોના દાગીના છે. રાજા કહે—તેં જ મારા પુત્રોને મારી નાખ્યા છે. અરે દુષ્ટ! તું હવે જીવતો શી રીતે જઈ શકીશ? રાજાના આવા વચનો સાંભળી સૂરિએ વિચાર્યું કે આ મારા પાપનું ફળ અહીં જ મળ્યું. હવે મને કોણ શરણરૂપ છે એમ પશ્ચાત્તાપમાં સૂરિને પડેલા જોઈ તે દેવ પ્રગટ થઈ કહેવા લાગ્યો કે હું તમારો શિષ્ય છું. તમે આરાધના



કરાવી હતી તેથી હું મરીને દેવ થયો છું. આપને બોધ દેવા માટે જ આ બધું નાટક વગેરે મેં વિકુર્વ્યું હતું. દેવો સુખમાં મગ્ન થયેલા હોવાથી ખાસ પ્રયોજન વિના મનુષ્યલોકમાં આવતા નથી. આ પ્રમાણે દેવ થયેલા શિષ્યના વચનો સાંભળીને પ્રતિબોધ પામી તે સૂરિ ફરીથી સંયમમાં લીન થયા. તેમણે પ્રથમ દર્શન પરિષહ સહન ન કર્યો, પણ પછીથી કર્યો; તેમ બીજાઓએ કરવું નહીં. પણ હંમેશાં ભગવંતના ઉપદેશ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી.

## ૨૩૫. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરું.

નવા નવા તાત્વિક શાસ્ત્રોનો અભ્યાસ કરું, જેથી ભગવાને કહેલા તત્ત્વ ઉપર દૃઢ શ્રદ્ધા થાય અને વિશેષ સમજણ વધતી જાય તેમ તેમ સંસારમાં રહેલા પદાર્થો પ્રત્યેની આસક્તિ ઘટતી જાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** 'વીતરાગશ્રુતનો અભ્યાસ રાખજો.' (પૃ.૬૨૯)

'પારમાર્થિક શ્રુત અને વૃત્તિજયનો અભ્યાસ વર્ધમાન કરવો યોગ્ય છે.' (વ.પૃ.૬૩૫)

'ઇન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત અને સત્સમાગમ નિરંતર ઉપાસવા યોગ્ય છે.' (વ.પૃ. ૬૩૭)

''જ્ઞાનનો અભ્યાસ જેમ બને તેમ વધારવો; અભ્યાસ રાખવો તેમાં કુટિલતા કે અહંકાર રાખવાં નહીં. આત્મા અનંત જ્ઞાનમય છે. જેટલો અભ્યાસ વધે તેટલો ઓછો છે.'' (વ.પૃ.૭૨૫)

'''આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', તેથી તે નિવૃત્ત થઈ શકે છે' અને 'નિવૃત્ત થઈ શકવાના સાધન છે' એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને વિવેકજ્ઞાન અથવા સમ્યક્દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.'' (વ.પૃ.૪૫૨)

''હિંદુસ્તાનના લોકો એક વખત વિદ્યાનો અભ્યાસ એવી રીતે છોડી દે છે કે ફરીને તે ગ્રહણ કરતાં તેઓને કંટાળો આવે છે. યુરોપિયન પ્રજામાં તેથી ઊલટું છે, તેઓ તદ્દન છોડી દેતા નથી, પણ ચાલુ જ રાખે છે. પ્રવૃત્તિના કારણને લઈને વત્તોઓછો અભ્યાસ થઈ શકે એ વાત જુદી.'' (વ.પૃ.૭૮૦)

''જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઈ લેજે. હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.'' (વ.પૃ.૫)

**''કરત કરત અભ્યાસ કે, જડમતિ હોત સુજાન;**
**રસરી આવત જાત તે, શીલ પર પરત નિશાન.''**

**'સમાધિસોપાન'માંથી :– અભીક્ષણ જ્ઞાનોપયોગ ભાવના :**

''હે આત્મન્! આ મનુષ્ય જન્મ પામીને નિરંતર જ્ઞાન - અભ્યાસ જ કરો. જ્ઞાનના અભ્યાસ વિના એક ક્ષણ પણ ગુમાવો નહીં. જ્ઞાનનાં અભ્યાસ વિના મનુષ્યો પશુ સમાન છે, તેથી યોગ્ય કાળમાં જિનાગમનો પાઠ કરો અને સમભાવ થાય ત્યારે ધ્યાન કરો. શાસ્ત્રના અર્થનું ચિંતન કરો. વિશેષ જ્ઞાની ગુરુજન પ્રત્યે નમ્રતા, વંદના, વિનય આદિ કરો. ધર્મશ્રવણ કરવાની ઇચ્છાવાળા હોય તેમને ધર્મનો ઉપદેશ કરો. આને અભીક્ષણ-જ્ઞાનોપયોગ કહે છે.

નવીન શિષ્યોની આગળ શ્રુતના અર્થનો એવો પ્રકાશ કરવો કે સંશય આદિ રહિત શિષ્યોનાં હૃદયમાં જેમ છે તેમ સ્વપર પદાર્થોનું સ્વરૂપ પ્રગટ થઈ જાય. પાપ પુણ્યનું સ્વરૂપ, લોક અલોકનું સ્વરૂપ, મુનિ-શ્રાવકના ધર્મનું સ્વરૂપ, સત્યાર્થ નિર્ણયરૂપ થઈ જાય તેવો જ્ઞાનાભ્યાસ કરવો. પોતાના ચિત્તમાં



સંસાર, દેહ અને ભોગો પ્રત્યે અનાસક્તિ (વૈરાગ્ય) ચિંતવવી. સંસાર, દેહ અને ભોગોના યથાર્થ સ્વરૂપનું ચિંતવન કરવાથી રાગ, દ્વેષ અને મોહ, જ્ઞાનને વિપરીત નહીં કરી શકે. સર્વ દ્રવ્યોમાં એકમેક રહ્યા છતાં આત્માનો ભિન્ન અનુભવ થાય તે જ જ્ઞાનોપયોગ છે. જ્ઞાનના અભ્યાસ વડે વિષયોની વાંછા નાશ પામે છે, કષાયોનો અભાવ થાય છે, માયા, નિદાન અને મિથ્યા એ ત્રણ શલ્ય રહિત થવાય છે. જ્ઞાનના અભ્યાસથી જ મન સ્થિર થાય છે. અનેક પ્રકારના વિકલ્પો નાશ પામે છે. ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં સ્થિર થવાય છે. વ્રત, સંયમથી ચલાયમાન થવાતું નથી. અશુભ કર્મોનો નાશ થાય છે. જિનેન્દ્રનું શાસન (આજ્ઞા) પ્રવર્તે છે. જિન ધર્મની પ્રભાવના પણ જ્ઞાનાભ્યાસે કરીને જ થાય છે.

જ્ઞાનના અભ્યાસથી લોકોના હૃદયમાં પૂર્વનાં કરેલાં પાપના સંચયરૂપ દેવું હોય તે પતી જાય છે. અજ્ઞાની જીવ ઘોર તપ વડે કરોડો ભવમાં જેટલા કર્મ ક્ષય ન કરે તેટલાં બલકે તેથી વધુ કર્મોનો ક્ષય જ્ઞાની આત્મા અંતર્મુહૂર્તમાં કરે છે. જિન ધર્મનો સ્તંભ જ્ઞાનનો અભ્યાસ જ છે. જ્ઞાનના જ પ્રભાવથી સર્વ વિષયોની વાંછા છોડી સંતોષ ધારણ થાય છે. ઉત્તમ ક્ષમા આદિ ગુણો પ્રગટ થાય છે. ભક્ષ્ય-અભક્ષ્યનો, યોગ્ય-અયોગ્યનો, ત્યાગવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્યનો વિચાર પ્રાપ્ત થાય છે.

જ્ઞાન વિના પરમાર્થ અને વ્યવહાર બન્ને નાશ પામે છે. જ્ઞાનરહિત રાજપુત્રનો પણ નિરાદર થાય છે. જ્ઞાન સમાન કોઈ ધન નથી; જ્ઞાનના દાન સમાન કોઈ દાન નથી. દુઃખી, સુખી સર્વને સદા જ્ઞાન જ શરણરૂપ છે. સ્વદેશ પરદેશ સર્વત્ર આદરમાન અપાવનાર પરમ ધનરૂપ જ્ઞાન જ છે. જ્ઞાનધન કોઈથી ચોરી શકાતું નથી. કોઈને આપવાથી ઘટતું નથી. જ્ઞાન જ સમ્યક્દર્શન પ્રાપ્ત કરાવે છે. જ્ઞાનથી જ મોક્ષ થાય છે. સમ્યક્જ્ઞાન આત્માનું અવિનાશી સ્વાધીન ધન છે. જ્ઞાન વિના સંસાર સમુદ્રમાંથી ડૂબતા પ્રાણીનો હાથ પકડી કોણ ઉદ્ધાર કરે?

વિદ્યા સમાન આભૂષણ નથી. વિદ્યા વિના એકલાં આભૂષણથી જ સત્પુરુષોના આદરને યોગ્ય બનાતું નથી. નિર્ધનને પરમ નિધાન પ્રાપ્ત કરાવનાર એક સમ્યક્જ્ઞાન જ છે. તેથી હે ભવ્ય જીવો! ભગવાન પરમકૃપાળુ વીતરાગ ગુરુ તમને એ ઉપદેશ કરે છે કે પોતાના આત્માને સમ્યક્જ્ઞાનના અભ્યાસમાં લગાવો, જોડો. મિથ્યાદૃષ્ટિઓના પ્રરૂપેલા મિથ્યાજ્ઞાનને દૂરથી તજો. સમ્યક્ અને મિથ્યાની (સાચા-ખોટાની) પરીક્ષા કરીને સમ્યક્જ્ઞાન ગ્રહણ કરો. પોતાનાં સંતાનને ભણાવો, અન્ય જનોને વિદ્યાનો અભ્યાસ કરાવો. ધનવાન હો અને પોતાના ધનને સફળ કરવા ઇચ્છતા હો તો ભણનારા અને ભણાવનારાને આજીવિકા આદિ દઈને સ્થિરતા કરાવો; પુસ્તકો લખાવી દો, વિદ્યા ભણનારાઓને પુસ્તક આદિ આપો. પુસ્તકો શુદ્ધ કરો, કરાવો, છપાવો. ભણવા, ભણાવવાને અર્થે સ્થાન આપો. નિરંતર ભણવામાં, શ્રવણ કરવામાં જ મનુષ્ય જન્મનો કાળ વ્યતીત કરો. આ અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે. જ્યાં સુધી આયુષ્ય, કાયા, ઇંદ્રિયો બુદ્ધિ ટકી રહે ત્યાં સુધીમાં મનુષ્ય જન્મની એક ઘડી પણ સમ્યક્જ્ઞાન વિના ગુમાવશો નહીં.

જ્ઞાનરૂપી ધન પરલોકમાં પણ સાથે જાય છે. આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગનો મહિમા કરોડો જીભોથી પણ વર્ણવ્યો જાય તેમ નથી. તેથી જે ગૃહસ્થ ધન સહિત હોય તે ભાવના ભાવીને અર્ઘ્ય ઉતારો; જે ત્યાગી હોય તે નિરંતર ભાવના ભાવો.'' (સ.પૃ.૧૭૮)

''સત્શાસ્ત્રના અભ્યાસમાં જે દિવસ જાય તે દિવસ ધન્ય છે; પરમાગમના અભ્યાસ વિના જે કાળ જાય છે તે વ્યર્થ વહ્યો જાય છે. સ્વાધ્યાય વિના શુભ ધ્યાન થતું નથી, સ્વાધ્યાય વિના પાપથી છુટાતું



નથી, કષાયની મંદતા થતી નથી. સત્શાસ્ત્રના સેવન વિના સંસાર-દેહ-ભોગો ઉપરથી વૈરાગ્ય ઊપજતો નથી. સર્વ વ્યવહારની ઉજ્જ્વળતા, પરમાર્થના વિચાર આગમના સેવનથી જ થાય છે. શ્રુતના સેવનથી જગતમાં માન્યતા, ઉચ્ચતા, ઉજ્જ્વળ યશ અને આદરસત્કાર પમાય છે.

સમ્યક્જ્ઞાન જ પરમ બાંધવ છે, ઉત્કૃષ્ટ ધન છે, પરમ મિત્ર છે. સમ્યક્જ્ઞાન જ સ્વાધીન અવિનાશી ધન છે. સ્વદેશમાં, પરદેશમાં, સુખમાં, દુઃખમાં, આપદામાં, સંપત્તિમાં પરમ શરણરૂપ સમ્યક્ જ્ઞાન જ છે. તેથી શાસ્ત્રોના પરમાર્થનું સેવન કરવું, પોતાના આત્માને નિત્ય જ્ઞાનદાન દેવું તથા પોતાના સંતાનોને તથા શિષ્યોને જ્ઞાનનું જ દાન દો; કરોડો રૂપિયાનું દાન પણ જ્ઞાનદાન સમાન નથી. ધન તો મદ ઉપજાવે છે, વિષયમાં પ્રીતિ કરાવે છે, દુર્ધ્યાન કરાવે છે અને સંસારરૂપી અંધ કૂવામાં ડૂબાડે છે; તેથી જ્ઞાનદાન સમાન દાન નથી.

એક શ્લોક, અર્ધો શ્લોક, એક પદ માત્રનો પણ જે નિત્ય અભ્યાસ કરે તે શાસ્ત્રાર્થનો પારગામી થઈ જાય. વિદ્યા છે તે પરમ દેવતા છે. જે માતાપિતા જ્ઞાન-અભ્યાસ કરાવે છે તેણે કરોડો રૂપિયાનું ધન દીધું. સમ્યક્જ્ઞાનના દાતા ગુરુના ઉપકાર સમાન ત્રણે લોકમાં કોઈનો ઉપકાર નથી. જ્ઞાન દેનાર ગુરુના ઉપકારને ઓળવે (લોપે) તેના જેવો કૃતઘ્ની પાપી કોઈ નથી. જ્ઞાનના અભ્યાસ વિના વ્યવહાર પરમાર્થ બન્નેમાં જીવ મૂઢ રહે છે તેથી પ્રવચનભક્તિ જ પરમ કલ્યાણ છે. પ્રવચનના સેવન વિના મનુષ્ય પશુ સમાન છે. પ્રવચનભક્તિ હજારો દોષોનો નાશ કરનારી છે. તેનો ભક્તિપૂર્વક અર્ઘ ઉતારો. તેથી સમ્યક્ દર્શનની ઉજ્જ્વલતા થાય છે. (સ.પૃ.૨૩૯)

**'બોધામૃતભાગ-૧'માંથી :–** ''જે જે શીખ્યા હોય તેનો અભ્યાસ ન રાખે તો જતું રહે. અભ્યાસ ન કરે તો નાશ પામે, આવડે નહીં. પણ જ્ઞાનકળા એવી છે કે આત્માનું જ્ઞાન એક વાર પ્રગટ્યું તો વધ વધ કરે, એ જાય નહીં. એક વખત જ્ઞાન પ્રગટ થાય તો પછી વધતું જાય, કેવળજ્ઞાન સુધી લઈ જાય. ભણવાની કળાઓ છે, તે બધી કળાઓ, અભ્યાસ ન રાખે તો નાશ પામે છે. (બો.૧ પૃ.૧૬૦)

**'પ્રજ્ઞાવબોધ'માંથી :–**

**''આગમના અભ્યાસે ઉજ્જ્વલ સૌ વ્યવહાર સધાતો,**
**પોષાયે પરમાર્થ-વિચારો, ઉજ્જ્વલ યશ ફેલાતો-**
**અહોહો ! પરમ શ્રુત. ઉપકાર ! ભવિને શ્રુત પરમ આધાર.**
**સમ્યગ્જ્ઞાન જ ઉત્તમ ધન છે, સુહૃદ શ્રેષ્ઠ વિચારો,**
**સ્વાધીન આપદ-સંપદમાં ઉર-કંઠે શોભન ધારો -અહોહો૦**
**જ્ઞાન-દાન પોતાને દેજો વળી સંતાનાદિને,**
**કોટિ ધનથી પણ તે અધિકું, હણશે મદ આદિને -અહોહો૦**
**શ્લોક, કડી, લીટી કે પદ પણ નિત્ય ભણે જે ભાવે,**
**તે પારગ શાસ્ત્રોનો બનશે પ્રવચન-ભક્તિ-પ્રભાવે -અહોહો૦** (પૃ.૩૩)

**'સાદી શિખામણ' માંથી :– અભ્યાસ વડે સર્વ સિદ્ધિ**

**એક બાળકનું દૃષ્ટાંત –** અભ્યાસથી પોપટ જેવું પ્રાણી વિવેકી વાણી શીખી શકે છે. અભ્યાસથી જંગલી ક્રુર સિંહો પણ મનુષ્યના તાબે થાય છે. અભ્યાસથી ઊંચુ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. કોઈ એક



તરતના જન્મેલા બાળકને એવા સ્થાનમાં કોઈએ રાખ્યું હતું કે, જ્યાં કોઈની બોલચાલ સુદ્ધાં નહોતી અને તે બચ્ચાનું સંરક્ષણ કરવાને એક આયા (પયપાન કરાવનાર) રાખવામાં આવી હતી. જે આયા પણ બોલાવ્યા ચલાવ્યા વિના જ પયપાન કરાવીને ત્યાંથી ચાલી આવતી. એમ કરતાં બાળક મોટું થયું અને દૂધ છોડાવીને અન્ન ખાતાં શીખવાડ્યું છતાં પણ તેની સાથે બોલચાલ ન કરવી તેવો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. છોકરો મોટો થયો. બારેક વર્ષની ઉંમર થવા આવી તે વખતે આ છોકરાને શું આવડે છે તેની તપાસ કરવામાં આવી તો છોકરો કેવળ પશુની માફક કશું બોલી કે સમજી શકતો નહોતો. આવી રીતે અભ્યાસ વિના મનુષ્યને કોઈપણ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. માટે જેવા સંસ્કાર નાખવા હોય તેવો તેને અભ્યાસ કરાવવો જરૂરી છે. (પૃ.૧૧૯)

**'ધર્મામૃત'માંથી :–** ''અવિદ્યાના અભ્યાસરૂપ સંસ્કારો લઈને મન વશ થતું નથી. તેથી મિથ્યા સંકલ્પવિકલ્પરૂપ વિક્ષેપવાળું થઈને ભટકે છે, તે જ મન જો સમ્યક્જ્ઞાનના અભ્યાસથી સુસંસ્કારવાળું કરવામાં આવે તો પોતાની મેળે જ આત્માને વશ થઈને સ્થિર થઈ રહે છે.'' (પૃ. ૧૦૭)

માટે સદા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ રહું.

## ૨૩૯. કંદમૂળનું ભક્ષણ ન કરું.

**'ઉપદેશામૃત'માંથી :–** ''જીવે હજી ધર્મ જાણ્યો નથી. ત્યાગનું ફળ મળે છે. 'ત્યાગે તેની આગે અને માગે તેથી ભાગે.' એમ કહેવાય છે. કંદમૂળ–લસણ–ડુંગળી–બટાકા વગેરે, લીલોતરી, ઉમરડાં, વડના ટેટાં, પીંપળના ટેટા, પીપળાના ટેટા એવાં અભક્ષ્ય ફળ ખાધાથી ખરાબ ગતિ થાય છે, બુદ્ધિ બગડે છે. કેટલો કાળ જીવવું છે? કેટલાય લોક ઘર કરાવી ભોગવ્યા પહેલાં મરી જાય છે. મનુષ્યભવ પામીને જો ચેતી ન લેવાય તો નરકતિર્યંચના ભવમાં દુઃખ ભોગવવાં પડશે.'' (ઉ.પૃ.૩૩૦)

**'જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી-પ્રકાશ'માંથી :-**

**અનંતકાય-કંદમૂળ અભક્ષ્ય –** એક શરીરમાં અનંતા જીવો હોય છે. જેને સાધારણ વનસ્પતિ કહેવામાં આવે છે. જેની નસો, સાંધા, ગાંઠ, તાંતણા–રેખા દેખાય નહીં. જેનો કોઈપણ ભાગ છેદીને વાવવાથી ફરી ઊગે તે અનંતકાય છે. જે ખાવાથી અનંતજીવોનો નાશ થાય છે. તેવા બટાકા, ડુંગળી, લસણ, આદુ, લીલી હળદર, મૂળા, રતાળુ, ગાજર, સૂરણ, થેગ, કોમળ આમલી, ફણગા ફૂટેલા કઠોળ, ગરમર વગેરે ૩૨ પ્રકારે અનંતકાય વર્જ્ય છે. જે ખાવાથી બુદ્ધિ વિકારી, તામસી અને જડ બને છે. ધર્મ વિરુદ્ધ વિચારો આવે છે. માટે તે નરકનાં આશ્રવદ્વાર છે. (પૃ.૪૮)

**'અભક્ષ્ય અનંતકાય વિચાર'માંથી - બત્રીશ અનંતકાયના નામ**

૧ ભૂમિ મધ્યે કંદ થાય, એવી સર્વ કંદજાતિ
૨ લીલી હળદર
૩ શૃંગબેર - લીલું આદુ
૪ સુરણકંદ
૫ વજ્રકંદ
૬ સતાવળી વેલી ઔષધિ
૭ વિરાલી-લતાવિશેષ, સોફાલી, ભોંયકોળુ
૮ કુંવાર (તેના શેલરા પણ વર્જવા)
૯ થોહરીકંદ (થોર) તે સીજ તથા લુંકાસીજની જાતિ
૧૦ લીલો કચુરો
૧૧ ગિલો-ગુલવેલ (ગળો)
૧૨ લસણ
૧૩ વાંસકારેલા એટલે વાંસ સંબંધિની કારેલી
૧૪ ગાજર
૧૫ લુણી એટલે સાજી વનસ્પતિ
૧૬ લોઢી પદ્મિનિ કંદ



૧૭ ગરમર (ગિરિકર્ણી)
૧૮ કિસલય પત્ર
૧૯ ખીરસુઆકંદ
૨૦ થેગ
૨૧ હરિમોથ
૨૨ લુણવૃક્ષની છાલ
૨૩ ખીલોડાકંદ
૨૪ અમૃતવેલી
૨૫ મૂળા
૨૬ ભૂમિફોડા
૨૭ વથુલાની ભાજી
૨૮વિરૂઢાહાર
૨૯ પલ્લંકાની ભાજી
૩૦ સુઅરવલ્લી
૩૧ કોમળ આંબલી
૩૨ બટાકા, રતાળુ, પિંડાળુ''

**બાવીશ અભક્ષ્ય –** ૧. ગુલર, ૨. પ્લક્ષ, ૩. કાકોદુંબરી, ૪. વડ અને ૫. પીપલ એ પાંચ જાતિના ફળ ૬. માંસ, ૭. મદિરા, ૮. માખણ, ૯. મધુ એ ચાર વિકૃત્તિ (મહાવિગઈ) વિકાર કરનારી વિગઈ, ૧૦. અજાણ્યું ફળ, ૧૧. અજાણ્યાં ફૂલ, ૧૨. હિમ (બરફ), ૧૩. વિષ, ૧૪. કરા, ૧૫. સચિત્ત માટી, ૧૬. રાત્રિ ભોજન, ૧૭. ઘોલવડાં-કાચાં દૂધ, દહીં, છાશ સાથે મિશ્ર કરેલ દ્વિદળ (કઠોળ), ૧૮. રીંગણા, ૧૯. પંપોટા-ખસખસના ડોડા (ખસખસનો સર્વથા ત્યાગ કરવો), ૨૦. સિંગોડા (જો કે તે અનંતકાય નથી તથાપિ કામવૃદ્ધિજનક હોવાથી તથા પાણીમાં થતાં હોવાથી ''જત્થ જલં તત્થ વણં'' વણં એટલે વનસ્પતિ એ રીતે અનંતકાયના સંબંધવાળા હોવાનો સંભવ હોવાથી વર્જનીય છે) ૨૧. વાયંગણ અને ૨૨. કાયવાણિ'' (પૃ.૮૯) ઉપરોક્ત વસ્તુઓમાં ઘણા જીવોની હિંસા હોવાથી તેનો સદા ત્યાગ રાખું.

**'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માંથી:–** હવે અહીં એક સાધારણ વનસ્પતિનો વિચાર કરવામાં આવે છે. જેમકે એક બટેટું લ્યો. આ બટેટાના જેટલા પ્રદેશો છે તેના કરતાં અસંખ્યાતગુણાં શરીર છે, તે બધાં શરીરના પિંડને 'સ્કંધ' કહીએ છીએ. (જેમ એક આપણું શરીર છે.) અને તે એક સ્કંધમાં અસંખ્યાત લોકપ્રમાણ 'અંડર' છે. (જેમ આપણા શરીરમાં હાથ, પગ વગેરે ઉપાંગ છે.) અને એક અંડરમાં અસંખ્યાત લોકપ્રમાણ 'આવાસ' છે, (જેમ આપણા હાથને આંગળીઓ છે.) અને એક આવાસમાં અસંખ્યાત લોકપ્રમાણ 'પુલવિ' છે, (જેમ એક આંગળીમાં ત્રણ વેઢા હોય છે) અને એક 'પુલવિ' માં અસંખ્યાત લોકપ્રમાણ નિગોદના 'શરીર' છે. (જેમ એક વેઢામાં અનેક રેખાઓ છે.) અને એક નિગોદ શરીરમાં અનંત સિદ્ધ (મુક્તાત્મા)ની રાશિથી અનંતગુણા જીવ છે (જેમ એક આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે.) એ રીતે એક બટેટામાં અથવા એક બટેટાના ટુકડામાં અનંતાનંત જીવ રહે છે. તેથી આવી વનસ્પતિઓનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ. (પૃ.૧૨૩)




## ૨૩૭. કોઈ વસ્તુ જોઈ રાચું નહીં.

જગતમાં અનેક વસ્તુઓ છે તે જોઈ રાગ કરું નહીં કે દ્વેષ કરું નહીં. કોઈપણ વસ્તુ ખરાબ નથી કે સારી નથી. સર્વ વસ્તુઓ પુદ્ગલની બનેલી છે. એકની એક વસ્તુ એકને સારી લાગે અને બીજાને



ખરાબ લાગે. એકને કપડાનો લાલ રંગ ગમે અને બીજાને લાલ રંગ ન ગમે. તેથી લાલ રંગ ખરાબ નથી તેમજ સારો પણ નથી. જેમ છે તેમ છે. માત્ર દૃષ્ટિમાં સારા ખોટાનો ભાવ છે. માટે કોઈ વસ્તુ જોઈ રાચું નહીં એટલે રાગ કરું નહીં. જે વસ્તુ પ્રત્યે રાગ છે તે વસ્તુ કોઈ લઈ જાય તો તે પ્રત્યે દ્વેષ થાય. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ સમાયેલો જ છે. માટે કોઈ વસ્તુ જોઈ તેમાં રાગ ન થવા જાગૃત રહું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્‌માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.'' (વ.પૃ.૬૦૪)

**'મોક્ષમાળા વિવેચન'માંથી – તુચ્છ વસ્તુથી આનંદ.** જગતની બધી વસ્તુઓ તુચ્છ છે. તેમાં આનંદ માને તે તુચ્છ વસ્તુથી આનંદ. એવા જીવને જ્ઞાનીપુરુષના વચનમાં આનંદ આવે નહીં. તુચ્છ વસ્તુથી આનંદ માને છે તેને ઉચ્ચ વસ્તુથી જે આનંદ છે તેની ખબર નથી. ઇન્દ્રિયોની બાહ્ય વસ્તુઓમાં જીવનો લક્ષ છે. તેથી આ વસ્તુ વિલાયતથી આણી છે એમ મહત્તા માને. પરંતુ જ્ઞાની પાસે છે તે ઉત્તમ વસ્તુ છે. તેની ખબર નથી તેથી તુચ્છ વસ્તુ મેળવવા પ્રયત્ન કરે; એમાં જ રંજાયમાન થાય અને એની જ વાતો કરે. જેથી મોક્ષસુખ એ ઉત્તમ લક્ષ છે તે તરફ એનું લક્ષ ન જાય. જગતની વસ્તુઓ તુચ્છ છે એમાં ચિત્ત જાય તો આત્મામાં ચિત્ત ન આવે. (પૃ.૨૧૯)

જગતની વસ્તુઓ દેખાવમાં સુંદર લાગે, તેથી જીવ દેખત ભૂલીમાં પડ્યો છે. દેખે છે અને ભૂલે છે.

**રાજા પ્રજાનું દૃષ્ટાંત– જીવનમાં પ્રાપ્ત કરવાં યોગ્ય માત્ર આત્મધન.** એક રાજાએ એવો હુકમ કર્યો કે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં રાજાના ભંડારમાંથી જે વસ્તુઓ જોઈએ તે લઈ જઈ શકો છો. તે સાંભળી લોકો રાજભંડારમાંથી વસ્તુઓ લેવા નીકળ્યા. પણ રાજાએ રસ્તામાં પાંચે ઇન્દ્રિયોના વિષયોની એવી અદ્ભુત રચના કરી કે લોકો ખાવા, પીવા, જોવા, સાંભળવામાં જ રાચી માચીને ત્યાંજ લીન થઈ ગયા. રાજાના ભંડાર સુધી તો કોઈક જ પહોંચી શક્યું હશે. તેનો ઉપનય એમ છે કે સૂર્યોદય સમાન મનુષ્યભવ જાણવો અને સૂર્યાસ્ત સમાન મરણ જાણવું. રાજભંડાર સમાન સદ્‌ગુરુ ભગવંત જાણવા. જીવન અને મરણ વચ્ચેના ગાળામાં સદ્‌ગુરુ ભગવંત પાસે આત્મધન પ્રાપ્ત કરી શકાય છે. પણ જીવ તો સંસારની વસ્તુઓ જોઈને તેમાં જ રાચી રહે છે. માટે કૃપાળુદેવ જણાવે છે કે તમે સંસારની કોઈપણ વસ્તુ જોઈ લીન થશો નહીં, પણ આત્મધન પ્રાપ્ત કરવા સદા પ્રયત્નશીલ રહેજો.

## ૨૩૮. આજીવિકા માટે ઉપદેશક થાઉં નહીં. (૨)

ઉપદેશકને જ્યાં સ્વાર્થ આવ્યો ત્યાં તે ઉપદેશ વાસનાવાળો થયો. તે બન્નેને નુકશાનકર્તા છે. નિસ્પૃહ ભાવે આપેલ ઉપદેશ તે પોતાને અને પરને લાભદાયક થાય.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''મન વચનાદિ બળવાન યોગવાળા જુદા જુદા પુરુષો બોધ પ્રરૂપતા આવ્યા છે, પ્રરૂપે છે; પણ હે પ્રભુ! વાસનાને કારણે તે બોધ વાસિત છે, મારે તો નિર્વાસિત બોધ જોઈએ છે. તે તો, હે વાસના વિષય કષાયાદિ જેણે જીત્યા છે એવા જિન વીતરાગ અજિતદેવ! તારો છે. તે તારા પંથને હું ખોજી, નિહાળી રહ્યો છું. તે આધાર મારે જોઈએ છે. કારણ કે પ્રગટ સત્યથી ધર્મ પ્રાપ્તિ થાય છે.'' (વ.પૃ. ૬૬૪) યથાર્થ રીતે ઉપદેશ યોગ્ય ભૂમિકા તે છઠ્ઠું અને તેરમું ગુણસ્થાનક છે.



''ઉદયને યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય તો વિચારવાન મુમુક્ષુ પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના લોકોને ઉપદેશે છે; જે પ્રકારે મતમતાંતરનો અભિનિવેશ ટળે, અને સત્પુરુષના વચન ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય તેમ કરે છે. વર્તમાનકાળમાં તે પ્રકારની વિશેષ હાનિ થશે એમ જાણી જ્ઞાનીપુરુષોએ આ કાળને દુષમકાળ કહ્યો છે, અને તેમ પ્રત્યક્ષ દેખાય છે.'' (વ.પૃ.૪૯૨)

''યથાર્થજ્ઞાન ઉત્પન્ન થયા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું વર્તતું હોય તે જીવે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિનો લક્ષ થાય તે પ્રકારે પ્રસંગપ્રાપ્ત જીવોને ઉપદેશ આપવો ઘટે', અને જે પ્રકારે તેને નાના પ્રકારના અસદ્ આગ્રહનો તથા કેવળ વેષવ્યવહારાદિનો અભિનિવેશ ઘટે તે પ્રકારે ઉપદેશ પરિણામી થાય તેમ આત્માર્થ વિચારી કહેવું ઘટે. ક્રમે કરીને તે જીવો યથાર્થ માર્ગની સન્મુખ થાય એવો યથાશક્તિ ઉપદેશ કર્ત્તવ્ય છે.'' (વ.પૃ. ૪૯૩)

''વ્યાખ્યાન કરવું પડે તો કરવું; પણ આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી અને આ મને પ્રતિબંધ છે, એમ સમજતાં જતાં ઉદાસીન ભાવે કરવું. ન કરવા માટે જેટલા સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલા કરવા અને તેમ છતાંય જ્યારે કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવું.'' (વ.પૃ.૨૬૧)

''મુનિને વ્યાખ્યાન કરવું પડતું હોય તો પોતે સ્વાધ્યાય કરે છે એવો ભાવ રાખી વ્યાખ્યાન કરવું. મુનિને સવારે સ્વાધ્યાયની આજ્ઞા છે, તે મનમાં કરવામાં આવે છે, તેના બદલે વ્યાખ્યાનરૂપ સ્વાધ્યાય ઊંચા સ્વરે માન, પૂજા, સત્કાર, આહારાદિની અપેક્ષા વિના કેવળ નિષ્કામબુદ્ધિથી આત્માર્થે કરવો. (વ.પૃ.૬૭૮)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ખાસ લક્ષમાં રાખવાનું એ છે કે ધર્મને નામે બીજાને ભોળવી, ધર્મની વાતોથી રાજી થઈ વગર મહેનતે આજીવિકા ચલાવવાની વૃત્તિ રાખે તો જીવને અધોગતિનું કારણ છેજી. (બો.-૩ પૃ.૫૦૬)

**'પ્રજ્ઞાવબોધ' માંથી :–**

**''આત્માર્થે જો ના આરાધ્યાં વાચન-શ્રવણ નકામું,**
**આજીવિકા, કીર્તિ, મદ માટે સાધ્યે બંધન સામું.**
**અહોહો ! પરમ શ્રુત-ઉપકાર ! ભવિને શ્રુત પરમ આધાર.''** ( પૃ.૩૪)

## ૨૩૯. તારા નિયમને તોડું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''જે નિયમોમાં અતિચારાદિ પ્રાપ્ત થયાં હોય તેનું યથાવિધિ કૃપાળુ મુનિશ્રીઓ પ્રત્યે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે, નહીં તો ભયંકર તીવ્ર બંધનો હેતુ છે. નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહત્પુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય?'' (વ.પૃ.૬૫૪)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''નિયમ કર્યો હોય અને અતિચાર વગેરે દોષ લાગે તો તે માટે પોતાના આત્માને નિંદવો, પરંતુ એમ ન થવું જોઈએ કે દોષ થશે તો ફરી તે પ્રમાણે કરી લઈશું. એમ થાય તો તેવા ભુલાવામાં ત્યાંનું ત્યાં રહેવાય. ગુરુ પાસે દોષનું પ્રાયશ્ચિત્ત લેવું તે ગર્હા કહેવાય. ગુરુ પાસે દોષનું



પ્રાયશ્ચિત્ત લેવાથી નિઃશલ્ય થવાય.'' (બો.૧ પૃ.૩૪)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય છેજી. સત્પુરુષની રૂબરૂમાં જે વચન કે ટેક અંગીકાર કરી હોય તે ન ચુકાય એટલું માહાત્મ્ય મુમુક્ષુના હૃદયમાં રહેવું જોઈએ. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા, પાછા પેસે નહીં તેમ સજ્જનનું વચન ફરે નહીં. દુર્જનનું વચન, કાચબાની ડોક ઘડીમાં બહાર ને ઘડીમાં પાછી ખેંચે તેના જેવું, 'અબી બોલ્યા અબી ફોક' થઈ જાય તેવું હોય છે, માટે હવે કદી નિત્યનિયમ ન ચુકાય તેવી કાળજી રાખવા ભલામણ છેજી. (બો.૩ પૃ.૩૨૮)

''કંઈ વધારે ન બને તો નિત્યનિયમના ત્રણ પાઠ સવારે જાગતાં જ બોલી જવા અને તેમાંથી એકાદ કડી તે દિવસે વારંવાર વિચારવા નક્કી કરી પથારીમાંથી ઊઠવું, અને મંત્રનું સ્મરણ ૧૦૮ વાર તો જમતાં પહેલાં કે પછી કરી લેવું. પછી હરતાં-ફરતાં જેટલી વાર મંત્રનું રટણ રહ્યા કરે તેટલો વધારે લાભ; પણ આટલું તો અવશ્ય કરવું એવો દૃઢ નિશ્ચય કરવો. જે દિવસે નિત્યનિયમ સવારે, બપોરે કે સાંજે પણ ન બને તે દિવસે ઊંઘવાનો મને હક નથી, એમ માનવું. થાકને લીધે ઊંઘ સિવાય કંઈ પણ ન બને તેવું લાગે તો ઊંઘ પૂરી થયે તો જરૂર તે નિત્યનિયમ પૂરો કરી લેવો. રાત્રે જાગીને પણ નિત્યનિયમ કરીને પણ ફરી ઊંઘી શકાય. તે પ્રમાણે ન બને તો બીજે દિવસે મીઠું, ગળ્યું કે ઘી આદિ સ્વાદમાંથી કંઈક નથી વાપરવું એવો નિયમ કરવાથી નિયમિત થઈ શકાશે. મન ઉપર વાત લીધી તો તેનો ઉપાય નીકળી શકશે. માટે ધર્મની બાબતમાં ઢીલા ન પડવા અને બને તેટલા ભલા, વિચારવાન અને સમજણ આપવી ન પડે તેવા થવા પ્રેરણા આ પત્રથી થાય તેમ કર્તવ્ય છેજી. (બો.૩ પૃ.૬૬૫)

**'ધર્મામૃત'માંથી :– પ્રાણાંતે પણ નિયમ તોડું નહીં**

**ચંડ માતંગનું દૃષ્ટાંત –** ''ઉજ્જૈનમાં ચંડ નામે માતંગ-ભંગી હતો. તેને ચૌદશને દિવસે હિંસાનો ત્યાગ હતો. રાજાએ અષ્ટાહ્નિકા મહોત્સવ નિમિત્તે આઠ દિવસ હિંસા બંધ કરાવી હતી. ત્યારે રાજાના કુંવરે બકરો માર્યો. કુંવરને ફાંસી આપવા ચંડને બોલાવ્યો. તે દિવસે ચૌદશ હોવાથી ચંડ સંતાઈ ગયો. તેની સ્ત્રીએ કહ્યું કે તે પરગામ ગયો છે. પછી કુંવરના દાગીનાના લોભથી ખૂણામાં છે એમ બતાવ્યું. તેથી રાજાના સિપાઈઓ ચંડને રાજા પાસે પકડી ગયા. તેણે મારવાની ના કહી તેથી રાજા સમજ્યો કે કુંવરના કાર્યમાં તેનો ભાગ હશે તેથી બન્નેને બાંધી તળાવમાં નખાવ્યા. ત્યાં દેવ હતો તેણે ધર્માત્મા જાણી ચંડને સિંહાસન પર બેસાડી કુંવર પાસે છત્ર ધરાવ્યું એમ તેનો મહિમા પ્રગટ કર્યો. (પૃ.૪૫૦)



## ૨૪૦. શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરું.

જેને આત્મસાક્ષાત્કાર થયો છે એવા શાસ્તા પુરુષના વચનો તે સત્શ્રુત છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્



જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દૃષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પ કાળમાં પ્રાપ્ત કરી શકે છે; કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.'' (વ.પૃ.૬૧૮)

''શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવા યોગ્ય છે. સર્વકાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે. તેમાં આવા કાળમાં દુર્લભપણું વર્તે તે યથાસંભવ છે.

દુષમકાળ અને 'હુંડાવસર્પિણી' નામનો આશ્ચર્યભાવ અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે; આત્મશ્રેય-ઇચ્છક પુરુષે તેથી ક્ષોભ ન પામતાં વારંવાર તે યોગ પર પગ દઈ સત્શ્રુત, સત્સમાગમ અને સદ્વૃત્તિ બળવાન કરવા યોગ્ય છે.'' (વ.પૃ.૬૧૮)

''કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો અને બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે..... શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણા છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્માપુરુષોનું ક્વચિતત્વ છતાં, હે આર્યજનો! સમ્યક્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે, એ પરમ હર્ષનું કારણ છે.'' (વ.પૃ.૫૮૧)

''જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્ત્તવ્ય છે.'' (વ.પૃ.૬૦૮)

''ચિત્ત અવિક્ષેપ રાખી પરમશાંત શ્રુતનું અનુપ્રેક્ષણ કર્તવ્ય છે.'' (વ.પૃ.૬૩૭)

''પરમ શાંત શ્રુતનું મનન નિત્ય નિયમપૂર્વક કર્તવ્ય છે.'' (વ.પૃ.૬૪૧)

''જ્ઞાન એહિ જ આત્મા'' એ એકાંત નિશ્ચયનયથી છે. વ્યવહારથી તો એ જ્ઞાન અવરાયેલું છે. તેનો ઉઘાડ કરવાનો છે. એ ઉઘાડ થવા ભણવું, ગણવું, ઉપદેશશ્રવણ, શાસ્ત્રવાંચન આદિ સાધનરૂપ છે. પણ એ ભણવું, ગણવું, ઉપદેશશ્રવણ, શાસ્ત્રવાંચન આદિ સમ્યક્દૃષ્ટિએ થવું જોઈએ. આ શ્રુતજ્ઞાન કહેવાય છે. સંપૂર્ણ નિરાવરણ જ્ઞાન થતાં સુધી એ શ્રુતજ્ઞાનના અવલંબનની જરૂર છે. 'હું જ્ઞાન છું', 'હું બ્રહ્મ છું' એમ પોકાર્યે જ્ઞાન કે બ્રહ્મ થઈ જવાતું નથી. તે રૂપ થવા સત્શાસ્ત્રાદિ સેવવાં જોઈએ.'' (વ.પૃ.૬૬૩)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''જ્ઞાનની વૃદ્ધિ થઈ શકે છે એ સર્વના અનુભવનો વિષય છે, તો જે વધી શકે તે પૂર્ણ પણ થઈ શકે. પૂર્ણ જ્ઞાન તે જ સર્વજ્ઞતા છે.'' (બો-૩ પૃ.૩૫૫)

**'પ્રજ્ઞાવબોધ'માંથી :–**

**વિષય-કષાયે જે દિન વીત્યા તે તો સર્વે ભૂંડા,**
**સત્શાસ્ત્રોના અભ્યાસે જે વીતે તે દિન રૂડા -અહોહો૦**
**સત્શાસ્ત્રોના સ્વાધ્યાયે શુભ ધ્યાન વિષે મન રાખો,**
**પ્રમાદ, પાતક તો ઝટ છૂટે, ઉપશમ-અમીરસ ચાખો -અહોહો૦**
**સત્શાસ્ત્રોના સેવન વિણ તો ભવ, તન, ભોગાદિમાં,**
**વૃત્તિ ફરતી કદી ન અટકે, ક્યાંથી વિરાગ વધે ત્યાં? -અહોહો૦** (પૃ.૩૨)



**'પૂજા સંચય'માંથી :–**

**''શરધાવંત સુસંયમી, ગુરુકુલવાસી સાધ;**
**શ્રુત અભ્યાસ કરી ભજે, તરે સંસાર અગાધ.''**

**ભાવાર્થ** – જિનેશ્વર ભગવંત ઉપર શ્રદ્ધાવંત એવા સુસંયમી સાધુ, ગુરુકુલવાસી એટલે પોતાને દીક્ષા આપનાર આચાર્યના શિષ્ય સમુદાય સાથે રહીને, શ્રુતનો અભ્યાસ કરી, પ્રભુને ભજી, અગાધ એવા સંસાર સાગરને તરી જાય છે.

**''શ્રુતદાયક જિનરાજને ધ્યાવો, જીમ અતિશય જ્ઞાનને પાવો રે; શ્રુતના અધિકારી.**
**શ્રુતફળ વિરતિ, વિરતિફળ ધ્યાન, ધ્યાને લહે સમયિકજ્ઞાન રે. શ્રુતના અધિકારી''**

**ભાવાર્થ** - શ્રુતજ્ઞાનને આપવાવાળા એવા જિનેશ્વર પ્રભુને ધ્યાવો, પૂજો. જેથી કેવળજ્ઞાનને પામશો. શ્રુતજ્ઞાનનું ફળ વિરતિ એટલે ત્યાગ છે. વિરતિનું ફળ આત્માનું ધ્યાન પ્રગટે છે. તથા ધ્યાન વડે જીવ સમયિકજ્ઞાન એટલે કેવળજ્ઞાનને પામે છે.

**''શ્રુતથી શરધા થિર રહે, શરધાથી વ્રત સાર;**
**વ્રતથી શિવસુખ પામીએ, તિણે શ્રુત જગદાધાર.**
**શ્રુત વિણ જે કિરિયા કરે, તે સંસારનું મૂળ;**
**શ્રુત-ઉપયોગે જે ક્રિયા, તે શિવપદ અનુકૂળ.''**

**ભાવાર્થ** – શ્રુતજ્ઞાનથી જીવની સમજણ વધે છે. હિતાહિતનું ભાન થાય છે. જ્ઞાનીપુરુષના બોધના આધારે સમજીને જે શ્રદ્ધા કરે તે સ્થિર રહે છે. કોઈના કહેવાથી શ્રદ્ધા કરી હોય પણ બીજો વ્યક્તિ જ્યારે બીજી રીતે સમજાવે ત્યારે તેવી રીતે શ્રદ્ધા કરવા લાગી જાય છે. કારણ સમજીને એણે ગ્રહણ કર્યું નથી. સમજીને શ્રદ્ધાપૂર્વક વ્રત ગ્રહણ કરે તે જ સારરૂપ છે. નહીં તો વ્રત લઈને મૂકતા વાર ન લાગે. સાચી શ્રદ્ધાપૂર્વક જે વ્રત લે છે તેને અવશ્ય મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તે માટે પ્રભુશ્રીજી કહેતા કે નાચી કૂદીને પણ એક શ્રદ્ધા કરી લ્યો કે આ પરમકૃપાળુદેવ સાચા છે. તેથી શ્રુતજ્ઞાન છે તે જગતના જીવોને આધારરૂપ છે કેમકે તે સાચી શ્રદ્ધા કરાવે છે.

શ્રુતજ્ઞાન વિના જે જે ક્રિયા કરે તે સંસારનું મૂળ છે. શ્રુતજ્ઞાનના આધારે જે ક્રિયા કરે તે મોક્ષપદને અનુકૂળ છે અર્થાત્ મોક્ષપદની પ્રાપ્તિનું કારણ થાય છે. (શ્રુતજ્ઞાનપૂજા પૃ.૧૫૪-૧૫૫)

**'બોધામૃત ભાગ-૨'માંથી :– શાસ્ત્રાભ્યાસે સવળી સમજણ થતાં સંસારનો ત્યાગ**

**પુરોહિતનું દૃષ્ટાંત** – ''એક પુરોહિત હતો. તે શાસ્ત્રો ભણેલો, પણ કષાય મંદ નહીં. તે રોજ રાજાની સાથે ફરે. રાજાએ તેને પોતાની વીંટી રાખવા આપી. તે પુરોહિત વીંટી પાછી આપવી ભૂલી ગયો. સંધ્યાકાળે સરોવરના કિનારે અંજલિ આપતાં વીંટી સરી પડી. તે નીચે કમળમાં પડી, પણ બ્રાહ્મણને ખબર નહીં. ઘેર ગયા પછી વીંટી ન જોઈ તેથી રાજાનો બહુ ભય લાગવા લાગ્યો. ઘણો વિચાર કર્યો પણ વીંટીનો પત્તો લાગે એવો ઉપાય મળ્યો નહીં. પછી એક જૈન જ્ઞાની સાધુ અહીં આવ્યા છે એવું તેના સાંભળવામાં આવ્યું. તેથી તે ત્યાં ગયો અને કહ્યું કે બાપજી, એક કામ છે. મુનિએ જાણ્યું કે આ ભવ્ય જીવ છે. તેથી કહ્યું કે ભલે કહો. પછી તેણે વીંટીની વાત કરી. મુનિએ કહ્યું –સરોવરમાં અંજલિ આપી હતી ત્યાં કમળમાં પડી છે. સવારે કમળ ખૂલે ત્યારે જઈને જોજો. પછી વીંટી મળી, તે લઈને રાજાને આપી આવ્યો. એ એક ચિંતા મટી, પણ આ વિદ્યા મારી પાસે નથી, માટે એ વિદ્યા મારે શીખવી, છેતરીને પણ શીખવી



પુરોહિત અને મુનિ
૧
૨
૩
કમળ ઉપરથી
વીંટી લે છે
પુરોહિતને વીંટી આપતા રાજા
વીંટી બાબત મુનિને પૂછપરછ કરતા પુરોહિત
૪
મુનિ પાસે વિદ્યા શીખવાની કુટુંબને  જાણ  કરે છે
શાસ્ત્ર અભ્યાસથી હવે ઘેર કોણ જાય ? એમ કહેતા પુરોહિત મુનિ
૫


૧
મુનિની આજ્ઞાથી ભીલે કરેલ કાગડાના માંસનો ત્યાગ
પોતાના વ્રતમાં નિશ્ચલ રહેલ ભીલ
૨
શ્રેણિક રાજાનો પૂર્વભવ
૩
તે ભીલ સૌધર્મ
દેવલોકમાં ઉત્પન્ન
૪
દેવલોકથી આવી થયેલા
શ્રેણિક રાજા



એમ થયું. તે ઘેર ગયો અને કહ્યું કે હું વિદ્યા લેવા માટે જાઉં છું. તેઓ મને કહેશે કે સાધુ થા તો સાધુ પણ થઈશ, પણ વિદ્યા શીખી પાછો આવીશ. એમ કહી તે મુનિ પાસે ગયો. મુનિએ તેને દીક્ષા આપી, પછી તે શાસ્ત્રાભ્યાસ કરતો. થોડાંક વર્ષો ગયાં પછી મુનિએ કહ્યું ઘેર જવું છે? તેણે કહ્યું હવે કોણ જાય? બળ્યું એ ઘર.'' (બો.-૨ પૃ.૩૬૦)

પુરોહિતે મુનિ પાસે દીક્ષા લઈ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તો શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થઈ અને સંસાર પ્રત્યે સાચો વૈરાગ્ય આવવાથી ઘરે જવાની ઇચ્છા મટી ગઈ. એ બધો પ્રભાવ શ્રુતજ્ઞાનનો છે. માટે મહાપુરુષો કહે છે કે તમે પણ શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરો. તેને ભણો, ભણાવો અને ભણતા હોય તેની અનુમોદના કરો. જેથી ભગવાનના કહેલા તત્ત્વો સમજાય અને સત્શ્રદ્ધાનું આત્મામાં બીજારોપણ થાય.

**'આઠ દૃષ્ટિની સજ્ઝાય' માંથી :–**

**''લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;**
**ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીરજિનેસર દેશના**

**અર્થ** – આત્માની જાગૃતિ રહે અને સંસાર ઉપરથી વૈરાગ્ય થાય એવાં શાસ્ત્રો લખાવવાં, તેવા શાસ્ત્રોનું પુષ્પાદિ વડે પૂજન કરવું, પોતાની પાસે હોય તે શાસ્ત્ર અન્યને વાંચવા આપવું, આચાર્ય પાસે શાસ્ત્રનું વારંવાર શ્રવણ કરવું અને વાચના એટલે શીખવાની આજ્ઞા, ઉદ્ગ્રાહો એટલે વિધિપૂર્વક-વિનય નમસ્કાર સહિત ગ્રહણ કરવા ઉદ્યમી થવું. ગુરુ પાસે તેનો ભાવ-અર્થ, તેમજ વિસ્તાર કરે તે સમજવો અને પછી તદનુસાર સ્વાધ્યાય કરવો, તે સંબંધી ચિંતન, ભાવન એટલે મનન તથા અનુપ્રેક્ષામાં તત્પર રહેવું, એ વગેરે પણ યોગનાં બીજ અથવા કારણ છે.'' (પૃ.૧૦) શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરવી એ પણ એક યોગનું બીજ હોવાથી આત્માર્થે અવશ્ય કર્ત્તવ્ય છે.

## ૨૪૧. તારા નિયમનું મંડન કરું.

તારા બતાવેલા નિયમોની પ્રશંસા કરું. તેને દૃઢપણે વળગી રહું, પણ કદી ખંડન કરું નહીં.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''પ્રશ્ન - આપણે એકાસણું, ઉપવાસ, વ્રત, નિયમ જે જે કરવાં હોય તે ભગવાનને પૂછીને કરવાં?

ઉત્તર - હા, **'આણાએ ધમ્મો આણાએ તવો.'** તમે જે સુખ જાણ્યું છે, અનુભવો છો તે સુખ પ્રાપ્ત કરવા તમારી આજ્ઞાથી આ નિયમ વગેરે કરું છું, એમ ચિત્રપટ આગળ ભાવ કરી કરવું. જ્ઞાનીની આજ્ઞા ઓળંગીને કંઈ કરવું નથી. જ્ઞાની પ્રત્યક્ષ હોય તો પૂછીને કરે અને પ્રત્યક્ષ ન હોય તો એમના ચિત્રપટ આગળ જઈ આ પ્રત્યક્ષ જ છે એમ જાણી, હે ભગવાન! આપની આજ્ઞાથી આ કરું છું, એમ ભાવના કરી વ્રત નિયમ વગેરે કરવાં.'' (બો.૧ પૃ.૩૫૧)

**'ધર્મામૃત'માંથી :– મરણાંતે પણ નિયમનું મંડન કરવાથી થયેલ તીર્થંકર પદ પ્રાપ્તિ**

**શ્રેણિક રાજાના ભીલભવનું દૃષ્ટાંત –** ''શ્રેણિકનો જીવ અગાઉ ત્રીજે ભવે વિંધ્યાચળ પર્વતના કુટચ નામના વનમાં ખદિરસાર નામનો ભીલ હતો. એક દિવસ તેણે સમાધિગુપ્ત નામના મુનિરાજને જોયા, ત્યારે ઘણા હર્ષ સહિત નમસ્કાર કર્યા. તેના ઉત્તરમાં તે મુનિરાજે ''આજે તને ધર્મલાભ હો''! એવો આશીર્વાદ આપ્યો, ત્યારે તે ભીલે પૂછ્યું ''હે પ્રભો! ધર્મ શું છે અને તેથી જીવોને લાભ શો થાય છે?'' મુનિરાજ બોલ્યા કે ''મદ્યમાંસાદિકનું સેવન પાપનું કારણ છે તેથી તેનો ત્યાગ કરવો તે ધર્મ



છે. તે ધર્મની પ્રાપ્તિ થવી તે ધર્મલાભ છે. ધર્મસેવનથી જીવોને પુણ્યની પ્રાપ્તિ થાય છે અને પુણ્યથી સ્વર્ગના ઉત્તમ સુખ મળે છે.'' આ સાંભળી ભીલે કહ્યું કે એ ધર્મ મારાથી પાળી શકાય તેમ નથી. ત્યારે મુનિરાજે તેના કુળનો વિચાર કરીને પૂછ્યું-હે ભવ્ય! શું તેં કાગડાનું માંસ કદી ખાધું છે? તે બુદ્ધિમાન શ્રેષ્ઠ ભીલ વિચાર કરીને બોલ્યો-''ના, મેં કાગડાનું માંસ તો કદી ખાધું નથી.'' ત્યારે મુનિરાજે કહ્યું : તો કાગડાનું માંસ તારે જરૂર છોડી દેવું જોઈએ. તે વચન સાંભળી ભીલે પ્રસન્ન થઈને કહ્યું કે મને એ વ્રત આપો. પછી મુનિ પાસે વ્રત લઈને, મુનિને નમસ્કાર કરી તે ભીલ પોતાને ઘેર ગયો.

કેટલેક કાળે તે ભીલને કોઈ અસાધ્ય રોગ થયો. વૈદ્યોએ બતાવ્યું કે કાગડાનું માંસ ખાવાથી આ રોગ મટી શકે. તે સાંભળી તે ભીલે વિચાર્યું કે ભલે મારા પ્રાણ જાઓ, તે ચંચળ પ્રાણોથી મારે શું પ્રયોજન છે? મેં ધર્મ પામવા માટે મુનિરાજ પાસે વ્રત સ્વીકાર્યું છે તેનો ભંગ ન કરી શકું. હું આ પાપરૂપ માંસ ખાઈને આજે જીવવા નથી ઇચ્છતો, એમ વિચારીને તેણે કાગડાનું માંસ ખાવાનો સ્વીકાર ન કર્યો. તેની આ વાત સાંભળતા શૂરવીર નામનો તેનો સાળો સારસ નગરથી તેને સમજાવવા માટે નીકળ્યો. રસ્તે આવતાં ગહન વનમાં એક વડ નીચે બેઠેલી કોઈ રડતી સ્ત્રીને તેણે જોઈ. શૂરવીરે તેણીને પૂછ્યું : 'તું કેમ રડે છે?' તેના ઉત્તરમાં તે બોલી કે ''તું લક્ષપૂર્વક સાંભળ-હું વનયક્ષી છું અને અહીં આ વનમાં રહું છું. તારા બનેવી ખદિરસાર વ્યાધિથી બહુ પીડિત છે અને કાગડાનું માંસ ત્યાગવાથી તે મારો પતિ થશે. પરંતુ હવે તું તેણે ત્યાગ કરેલ માંસ ખવડાવવા માટે જઈ રહ્યો છે અને એ રીતે તેને ઘોર નરકમાં નાખીને દુઃખોનો પાત્ર બનાવવા ઇચ્છે છે તે માટે હું રડું છે. હે ભદ્ર! તું તે તારો આગ્રહ છોડી દે.'' આ પ્રમાણે દેવીની વાત સાંભળીને શૂરવીર આગળ ચાલ્યો અને કુટચવનમાં આવી ખદિરસાર રોગીને જોયો. પછી બોલ્યો કે વૈદ્યે જે ઔષધિ બતાવી છે તે મારી પ્રસન્નતા અર્થે પણ ખાઓ. તેના ઉત્તરમાં માંસની અનિચ્છા કરતો ખદિરસાર બોલ્યો કે તું મારા પ્રાણસમાન પ્રિય ભાઈ છે અને સ્નેહને લીધે મારુ જીવિત રહેવાની ઇચ્છાથી આમ કહે છે. પરંતુ વ્રતનો ભંગ કરીને જીવિત રહેવાથી જીવનું હિત નથી થઈ શકતું. વળી વ્રત ભંગ કરી જીવતા રહેવું તે દુર્ગતિનું પણ કારણ છે. આ પ્રમાણે કહીને તે પોતાના વ્રતમાં નિશ્ચળ જ રહ્યો. તેનો આવો નિશ્ચય જોઈને શૂરવીરે તે વનયક્ષીનું વૃત્તાંત પણ તેને સંભળાવ્યું. તે પર વિચાર કરીને તે ખદિરસારે શ્રાવકનાં પૂર્ણ પાંચ વ્રત ધારણ કર્યાં અને આયુના અંતમાં મરીને સૌધર્મ સ્વર્ગમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

શૂરવીરને ખદિરસારના વિયોગથી ઘણું દુઃખ થયું. પછી તેની ઉત્તરક્રિયા કરી તે પોતાના ઘર તરફ ચાલ્યો. રસ્તે જતાં ફરી પેલા વટવૃક્ષ નીચે આવ્યો અને ત્યાં બેઠેલી યક્ષીને જોઈ પૂછ્યું, ''કેમ મારો બનેવી મરીને તારો પતિ થયો કે નહીં?'' તેના ઉત્તરમાં યક્ષીએ કહ્યું કે સંપૂર્ણ વ્રત ધારણ કરવાથી તે વ્યંતરયોનિમાં ન ઊપજતાં સૌધર્મસ્વર્ગમાં જઈને દેવ થયો તેથી મારો પતિ કેમ થઈ શકે? તે તો હવે ઉત્કૃષ્ટ દિવ્ય ભોગોનો ભોક્તા થયો છે. તે યક્ષીની આ સાચી વાત સાંભળીને શૂરવીર વિચાર કરવા લાગ્યો કે જુઓ વ્રતનું માહાત્મ્ય કેવું છે! તેનાથી ઇચ્છાનુસાર સુખોની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે વિચાર કરતાં તેણે પણ સમાધિગુપ્ત મુનિ સમીપ જઈને શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં.

ખદિરસારના જીવે સ્વર્ગમાં બે સાગરની આયુ સુધી દિવ્ય ભોગ ભોગવ્યા પછી ત્યાંથી ચ્યવીને મગધ દેશના રાજાને ત્યાં જન્મ્યો. તે શ્રેણિક નામે મહાન રાજા અને મહાવીર ભગવાનના મુખ્ય પ્રભાવક



તરીકે પ્રસિદ્ધ થયો.ભગવાનની અત્યંત ભક્તિથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ નામે થઈ ઘણા જીવોનું કલ્યાણ કરી મોક્ષે પધારશે.'' (પૃ.૪૫૦)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :– નિયમની દૃઢતા જોઈ દેવ પણ પ્રસન્ન**

**કંજૂસ શેઠનું દૃષ્ટાંત –** ''એક શેઠ હતો. તેની સ્ત્રી ધર્મિષ્ઠ હતી. પણ શેઠ ધર્મ કરતો નહોતો. તેથી શેઠાણીએ કહ્યું : બીજું કાંઈ ના કરો તો આટલું કરો કે ભગવાનનાં દર્શન કર્યા વિના હું જમીશ નહીં. શેઠ બહુ કંજૂસ હતો. તે વ્યાખ્યાન વગેરે સાંભળવા પણ જાય નહીં. કારણ કોઈ દિવસ ટીપ વગેરે લખાવવી પડે. પણ શેઠે વિચાર્યું કે ભગવાનના દર્શન કરવામાં કંઈ ખર્ચ કરવો પડતો નથી. તેથી દર્શન કરવાનો નિયમ ગ્રહણ કર્યો. એક દિવસ દર્શન કરવાનું ભૂલી ગયો અને જમવા બેઠો. ખીચડીમાં હાથ નાખ્યો અને યાદ આવ્યું કે આજે મારે દર્શન કરવાના બાકી રહી ગયા. હવે હાથ ધોવે તો ખીચડી હાથને ચોંટેલી નકામી જાય, તેથી હાથે પાટો બાંધી દર્શન કરવા ગયો. ભગવાનના ભાવપૂર્વક દર્શન કરી પાછો વળતો હતો તે વખતે શાસનદેવીએ પ્રગટ થઈને કહ્યું કે 'માગ માગ. હું તારા પર પ્રસન્ન થઈ છું.' તે સાંભળી શેઠ બોલ્યા કે હું મારી સ્ત્રીને પૂછીને આવું. ઘરે આવી શેઠાણીને વાત કરી કે દેવી પ્રસન્ન થઈ છે માટે શું માંગું? શેઠાણીએ વિચાર્યું કે ધન તો ઘરમાં ઘણું છે, પણ સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય તો હિત થાય. તેથી સદ્‌બુદ્ધિ માંગવા જણાવ્યું. શેઠે ત્યાં જઈ દેવીને કહ્યું કે મને સદ્‌બુદ્ધિ આપો. દેવી 'તથાસ્તુ' કહી અંતર્ધાન થઈ ગઈ.

હવે સદ્‌બુદ્ધિ આવવાથી શેઠ ઘરે આવતા વિચારે છે કે અલ્પ ખીચડી માટે મેં હાથે પાટો શું કામ બાંધ્યો? વળી ઘરે આવી કહ્યું : કંઈ સારી રસોઈ બનાવ, દાન વગેરે આપ. એમ એની બુદ્ધિમાં પરિવર્તન આવવા લાગ્યું. તાત્પર્ય કે નિયમ દૃઢપણે પાળવાથી જીવમાં અનેક ગુણો પ્રગટે છે. (પૃ.૧૧)

## ૨૪૨. રસગારવ થઉં નહીં.

ભોજનના રસમાં લુબ્ધ થવું એ દોષ છે. તેનો વળી ગર્વ કરવો તે મહાદોષ છે. જેમકે અમારે તો બે શાક વિના ન ચાલે. સાથે મીઠાઈ તો જોઈએ જ. એવો ભોજનના રસનો જીવને અહંકાર હોય તે રસગારવ કહેવાય છે. મુમુક્ષુને આ વસ્તુ વિના ન ચાલે એવું રાખવું જોઈએ નહીં. જે વસ્તુ હાજર હોય તેમાંથી ચલાવી લેવું. પ્રારબ્ધ પ્રમાણે કોઈ વખત ભોજનમાં શીરો ને પુરી મળે તો કોઈ વખત લુખું સુકું પણ ચલાવી લેવું પડે. બધામાં સમભાવ રાખવાની ટેવ પાડવા યોગ્ય છે.

**'મોક્ષમાળા વિવેચન'માંથી :–** ''**રસગારવલુબ્ધતા** - રસ કરીને ગર્વ કરે અને તેનો પાછો લોભ રાખે તે રસગારવલુબ્ધતા. બધી ઇન્દ્રિયોને પોષનાર જીભ છે. રસલુબ્ધ જીવને ખાવાના જ વિચારો આવે અને 'બે શાક વિના ખાઈએ નહીં', એમ મોટાઈ માને. એ તુચ્છ વસ્તુનો જ પ્રકાર છે. જીભ બધી તુચ્છ વસ્તુનું મૂળિયું છે. એને લઈને ''રસદેવ નિરંજન'' ભુલાઈ જાય છે. શાંતરસમય ધર્મ - કષાય રહિત આત્માની પરિણતિ એ ખરો અમૃત જેવો રસ છે. બીજા રસથી ઉદાસ થાય તો એ રસ મળે. ''પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત.'' (આનંદઘનજી-૪) (પૃ.૨૨૦)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''રસગારવલુબ્ધતા મટાડવાની છે. મનને જીતવું હોય તેણે રસગારવ દોષ ત્યાગવો. એ દોષ હોય તો મન જિતાય નહીં. જીભનાં બે કામ છે. એક ખાવું અને બીજું વચન બોલવું.'' (પૃ.૨૪૦)



''પ્રશ્ન - આયંબિલ કર્યું હોય અને રસવાળા પદાર્થોમાં મન જતું હોય તો શા વિચાર કરવા કે જે વિચારથી મન ત્યાં ન જાય? પૂજ્યશ્રી કહે ઘણું ખાધું છે. ખાધેલું શું થાય છે? વિષ્ટા. જગત એઠવાડા જેવું છે. **''સકલ જગત તે એઠવત્.''** આત્માનું હિત થાય એવું વિચારવું. ઘીથી હિત છે કે જ્ઞાનીનાં વચનોથી? જ્ઞાનીનાં વચનોથી આત્માનું હિત છે તો મારે ઘી નથી ખાવું. શું કરવા આવ્યો છું અને શું કરું છું? એ વિચારવું. જીવને ટેવ પડી ગઈ છે, પણ એનું ફળ શું આવશે એની ખબર નથી. કલ્પનાઓ કે લોકના કહેતા કહેતી રસમાં લુબ્ધાય છે. રસને જીતે તો જ્ઞાનીનાં વચનોમાં રસ આવે. અભયદેવસૂરિને આયંબિલ કરવું ઠીક પડ્યું. બાર અંગની ટીકા લખતા સુધી આયંબિલ જ કર્યાં. આત્મા ભણી જાય તો લાભ થાય. ભારે ખાધું હોય તો પચાવવા મહેનત કરવી પડે. આ આયંબિલનું ભોજન તો વહેલું ઠેકાણે પડી જાય. લોલુપતા છે એ જીવને નીચે લઈ જાય છે, અધોગતિ થાય છે.'' (બો-૧ પૃ.૨૧૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫'માંથી :– સ્વાદલંપટતા વડે આચાર્યનું પતન**

**મંગુ આચાર્યનું દૃષ્ટાંત –** ''મથુરા નગરીમાં મંગુ નામના આચાર્ય પાંચસો સાધુ સહિત રહેતા હતા. તેના ઉપદેશથી રાગી થયેલા લોકો તેને યુગપ્રધાન તરીકે માનતા, અને બીજા સર્વ કામો પડતાં મુકીને તથા બીજા સર્વ મુનિઓનો અનાદર કરીને જાણે ભક્તિવડે વશ થયા હોય તેમ ઘણા લોકો તે સૂરિને જ સેવતા હતા. તે લોકો હમેશાં સ્નિગ્ધ અને મધુર આહારાદિકવડે સૂરિની સેવા કરતા હતા. અનુક્રમે કર્મના વશથી સૂરિ રસમાં લોલુપ થયા. તેથી એક સ્થાનેજ વાસ અંગીકાર કર્યા પછી અધિક સુખ મળવાથી (સાતા ગારવથી) વિહાર તથા ઉપદેશ આપવામાં પણ આળસુ થયા. ૠદ્ધિગારવના વશપણાથી મિથ્યાભિમાની થયા, અને યથાયોગ્ય વિનયાદિ ક્રિયામાં પણ મંદાદરવાળા થયા; અને રસમાં લોલુપ થવાથી ક્ષેત્ર, કુળ વિગેરે સ્થાપન કરીને ગોચરીની ગવેષણા કરવામાં પણ આળસુ થયા. અનુક્રમે તે આચાર્ય મૃત્યુ પામીને તેજ નગરની ખાઈ પાસે આવેલા કોઈ યક્ષના મંદિરમાં તેના અધિષ્ઠાયક વ્યંતરપણે ઉત્પન્ન થયા. ત્યાં વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પછી હમણાં તો ''આમ કરવું જ યોગ્ય છે'' એમ વિચારીને તે મંદિર પાસેથી જતા આવતા સાધુઓને યક્ષ, પ્રતિમાના મુખમાંથી મોટી જિહ્વા બહાર કાઢીને દેખાડવા લાગ્યો. એ રીતે હમેશાં કરવાથી એકદા કોઈ સાહસિક સાધુએ તેને પૂછ્યું કે ''તું કોણ છે? અને આ જિહ્વા બહાર કાઢીને શા માટે સર્વને બતાવે છે? તે સાંભળીને તે યક્ષે પ્રત્યક્ષ થઈને ખેદ સહિત સર્વ વૃત્તાંત કહી બતાવ્યો કે ''હું ધર્મરૂપી માર્ગમાં પંગુ (લંગડો) થયેલો તમારો ગુરુ મંગુ નામનો આચાર્ય પ્રમાદથી મૂળોત્તર ગુણનો ઘાત કરીને મહાવ્રતનો ભંગ કરવાથી આ નગરીની ખાઈમાં યક્ષ થયો છું. માટે તમારે રસમાં લોલુપી થવું નહીં. હું જિહ્વાના સ્વાદથી ભ્રષ્ટ થયો છું, તેવું જણાવવાને માટે જિહ્વા બહાર કાઢીને બતાવું છું.'' આ સાંભળીને તે સર્વ સાધુઓ રસત્યાગરૂપી તપમાં તત્પર થયા, અને સર્વ લોકોને ઉપદેશ કરવા લાગ્યા કે ''હે ભવ્ય પ્રાણીઓ! પુરુષોને ઇન્દ્રિયજય મહા સંપત્તિનું કારણ થાય છે. કહ્યું છે કે –

इन्द्रियाण्येवतत्सर्वं, यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि, स्वर्गाय नरकाय च ॥

**ભાવાર્થ** - ''સ્વર્ગ અને નરક એ બેની જે પ્રાપ્તિ થવી, તે સર્વ ઇન્દ્રિયોવડે જ છે; કેમકે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી સ્વર્ગ મળે છે, અને તેમને છુટી મુકવાથી નરક પ્રાપ્ત થાય છે.'' (પૃ.૨)



## ૨૪૩. કષાય ધારું નહીં.

કષ એટલે પાપ તેની આય એટલે આવક થવી, પાપની આવક થવી તે કષાય છે. માટે તેવા કષાયને ધારું નહીં અર્થાત્ ધારણ કરું નહીં.

આત્માના વિભાવસ્વરૂપ રાગદ્વેષના કારણે ક્રોધાદિ કષાયો થાય છે. કષાયો ચાર છે. ક્રોધ, માન, માયા, લોભ. તેના પાછા સોળ ભેદ છે. ચાર અનંતાનુબંધી, ચાર અપ્રત્યાખ્યાની, ચાર પ્રત્યાખ્યાની અને ચાર સંજ્વલન. ભાવોની તરતમતા અનુસાર તેના પાછા અસંખ્યાત ભેદ છે.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''આ કષાયના અસંખ્યાત ભેદ છે. જેવા આકારમાં કષાય તેવા આકારમાં સંસારપરિભ્રમણને માટે કર્મબંધ જીવ પાડે છે. કષાયમાં મોટામાં મોટો બંધ અનંતાનુબંધી કષાયનો છે. જે અંતર્મુહૂર્તમાં ચાલીશ કોડાકોડિ સાગરોપમનો બંધ પાડે છે. (વ.પૃ.૭૫૮)

''જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત (માઠા) ભાવે તીવ્રપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં 'અનંતાનુબંધી'નો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે, તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છે. સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમજ અસત્‌દેવ, અસત્‌ગુરુ તથા અસત્‌ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી કષાય' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી' હોવા યોગ્ય છે.'' (વ.પૃ.૪૭૧)

''ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય.'' (વ.પૃ.૭૨૭)

''ક્રોધ, માન, માયા, લોભ મારે પાતળાં પાડવા છે એવો જ્યારે લક્ષ થશે, જ્યારે એ લક્ષમાં થોડું થોડું પણ વર્તાશે ત્યાર પછી સહજરૂપ થશે. બાહ્ય પ્રતિબંધ, અંતર પ્રતિબંધ આદિ આત્માને આવરણ કરનાર દરેક દૂષણ જાણવામાં આવે કે તેને ખસેડવાનો અભ્યાસ કરવો. ક્રોધાદિ થોડે થોડે પાતળા પાડ્યા પછી સહજરૂપે થશે. પછી નિયમમાં લેવા માટે જેમ બને તેમ અભ્યાસ રાખવો; અને તે વિચારમાં વખત ગાળવો. કોઈના પ્રસંગથી ક્રોધાદિ ઊપજવાનું નિમિત્ત ગણીએ છીએ તે ગણવું નહીં. તેને ગણકારવું નહીં; કેમકે પોતે ક્રોધ કરીએ તો થાય. જ્યારે પોતાના પ્રત્યે કોઈ ક્રોધ કરે, ત્યારે વિચાર કરવો કે તે બિચારાને હાલ તે પ્રકૃતિનો ઉદય છે; એની મેળે ઘડીએ, બે ઘડીએ શાંત થશે. માટે જેમ બને તેમ અંતર્‌વિચાર કરી પોતે સ્થિર રહેવું. ક્રોધાદિ કષાય આદિ દોષને હમેશાં વિચારી વિચારી પાતળા પાડવા.'' (વ.પૃ.૭૨૩)

''ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. '' (વ.પૃ.૫૧૬)

''દરેક જીવની અપેક્ષાએ જ્ઞાનીએ ક્રોધ, માન, માયા અને લોભ એમ અનુક્રમ રાખ્યો છે, તે ક્ષય થવાની અપેક્ષાએ છે.

પહેલો કષાય જવાથી અનુક્રમે બીજા કષાયો જાય છે, અને અમુક અમુક જીવોની અપેક્ષાએ માન,



માયા, લોભ અને ક્રોધ એમ ક્રમ રાખેલ છે, તે દેશ, કાળ, ક્ષેત્ર જોઈને. પ્રથમ જીવને બીજાથી ઊંચો મનાવા માન થાય છે, તે અર્થે છળકપટ કરે છે; અને તેથી પૈસા મેળવે છે; અને તેમ કરવામાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ કરે છે. એવી રીતે કષાયની પ્રકૃતિઓ અનુક્રમે બંધાય છે, જેમાં લોભની એટલી બળવત્તર મીઠાસ છે, કે તેમાં જીવ માન પણ ભૂલી જાય છે ને તેની દરકાર નથી કરતો; માટે માનરૂપી કષાય ઓછો કરવાથી અનુક્રમે બીજા એની મેળે ઓછા થઈ જાય છે.'' (વ.પૃ.૬૭૩)

**'ઉપદેશામૃત'માંથી :–** ''સમ્યક્ત્વને, આત્માના શુદ્ધ પરિણામને ઘાતે તે કષાય. અરરર! તે તો કસાઈ જ. તેનાથી મોટું પાપ શું?'' (ઉ.પૃ.૨૮૨)

''કૃપાળુદેવે ચાર કષાયને ચાર ચક્રવર્તી કહ્યા છે. તેમને જીતવા તે ચક્રવર્તીઓને જીતવા સમાન છે. રાગદ્વેષરૂપ બળદ લઈ કષાયખેડૂત મિથ્યાત્વબીજ વાવી રહ્યો છે. તે કેવું ફળ આપે છે? અરરર! અનંત સંસાર રઝળાવે છે. આ વેરી, એને ન મારવા?'' (ઉ.પૃ.૨૮૨)

''અનંત કાળથી આ જીવને રખડાવનાર પાંચ ઇન્દ્રિયના વિષય અને ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય છે. તેના જેવા બીજા કોઈ વેરી નથી. તેમાં ક્રોધ વડે પ્રીતિનો નાશ થાય છે, માને વિનયનો નાશ થાય છે, માયાથી મૈત્રીનો નાશ થાય છે; પણ લોભથી તો સર્વ વિનાશ પામે છે એવું સૂત્રમાં કહ્યું છે. તેથી, અનાદિકાળનો લોભ છૂટતો નથી તે ઓછો કરવાને અર્થે હે ભગવાન! જે આ સો સવાસો રૂપિયા મારા ગણતો હતો તેને હું તજું છું, તે લોભપ્રકૃતિ છોડવાને અર્થે દાન કરું છું. પુણ્ય મળે કે સ્વર્ગનાં સુખ પરભવમાં પ્રાપ્ત થાય એ માટે હવે હું દાન નહીં કરું. કોઈ કૂતરાને બચકું રોટલો નાખું કે ભિખારીને મૂઠી દાળિયા આપું તે પણ હે ભગવાન! એટલો લોભ છોડવાને આપું. લોભ છૂટે તો જ અપાય છે. પણ જો ભિખારીને આપીને મનમાં પરભવમાં પામવાની ઇચ્છા રાખે તો તે દાન આપનાર પણ ભિખારી જ છે. કોઈ કરણી વાંઝ નથી હોતી, કરણીનું ફળ તો મળે છે. પણ જે લૌકિકભાવથી આજ સુધી દાન કર્યાં તેનું ફળ પામી દેવલોકની રિદ્ધિ સિદ્ધિ ભોગવી પણ તે પુણ્ય ક્ષય થતાં પૃથ્વી, પાણી, વનસ્પતિ, પશુપંખી, નોળ-કોળ, કૂતરાંબિલાડાનાં ભવ ધરી પરિભ્રમણ કરવું પડે છે. માટે કોઈ સંતના યોગે, હે ભગવાન! હવે જે દાનપુણ્ય કરું તે અલૌકિક દૃષ્ટિથી કરું, જન્મમરણ છૂટવા કરું—એવી ભાવના કર્તવ્ય છે. (ઉ.પૃ.૩૩૨)

''ક્રોધ, માન, માયા અને લોભ એ મોક્ષમાર્ગમાં જનારે મૂકવાનાં છે. લાખ વર્ષનું ચારિત્ર હોય, પણ ક્રોધથી બળીને ભસ્મ થઈ જાય અને નરકે લઈ જાય એવો મહા વેરી ક્રોધ છે. માન છે તે પણ મોટો વેરી છે. વિનય એ ધર્મનું મૂળ છે. વિનય છે, લઘુતા છે – છોટા છે તે મોટા થશે. માયાથી મૈત્રીનો નાશ હોય છે. જે સરળ છે એ ધર્મ પામવાના ઉત્તમ પાત્ર છે. 'लोहो सव्वविणासणो' લોભથી સર્વ નાશ પામે છે. લોભ છૂટ્યો તેને સમકિત પામવાનું કારણ થાય છે. ચારે કષાયનો વિસ્તાર કરવામાં આવે તો પુસ્તક ભરાય. મોક્ષમાર્ગમાં આગળ વધનારે તે બધા મૂકવાના છે.'' (ઉ.પૃ.૩૬૯)

''ક્રોધ કરવો તો પોતાના કર્મવેરી પ્રત્યે કરવો. માન સત્પુરુષની ભક્તિનાં પરિણામમાં કરવું. માયા પરનાં દુઃખ નિવારણ કરવામાં કરવી. લોભ ક્ષમા ધારણ કરવામાં કરવો. રાગ સત્પુરુષ પ્રત્યે અથવા દેવગુરુ-ધર્મ પ્રત્યે કરવો. દ્વેષ, અણગમો વિષયો પ્રત્યે કરવો. વિષયવિકારની બુદ્ધિ પ્રત્યે દ્વેષભાવ કરવો. મોહ સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવામાં કરવો. એમ એ દોષરૂપ છે તેને સવળા કરી ગુણરૂપ કરી નાખવા.'' (ઉ.પૃ.૪૩૪)



**શીતળદાસ બાવાનું દૃષ્ટાંત – શીતળદાસ અગ્નિદાસ બન્યા.** ''એક શીતળદાસ બાવા હતા. તેને એક જણે આવીને નામ પૂછ્યું તો કહે શીતળદાસ; ફરી પૂછ્યું તો કહે, શીતળદાસ, એમ બે ત્રણ વાર તો ઉત્તર આપ્યો; પણ પાંચ સાત વાર પૂછ પૂછ કર્યું એટલે એ તો ઊઠ્યો ચીપિયો લઈને મારવા. એટલે પેલા માણસે કહ્યું; શીતળદાસ તમારું નામ નથી, ખરી રીતે તો અગ્નિદાસ છે.'' (ઉ.પૃ.૨૮૩)

'' ધર્મના નામે અવળી પકડ થઈ ગઈ છે, તેથી સમજાઈ ગયું છે કે હું ધર્મ કરું છું. દાતરડાં ગળ્યાં છે તે નીકળવાં મુશ્કેલ છે. ધર્મના નામે જે અવળી પકડ થઈ છે તે અનંતાનુબંધી કષાય છે.

અમારે પણ સાચી માન્યતા થઈ તેથી બધું સવળું થયું. અમારો સાત પેઢીનો ઢુંઢિયાનો ધર્મ, તેની પકડ હતી. પણ સાચી માન્યતા થયા પછી તે પકડ છૂટી ગઈ. આત્માને ધર્મ માન્યો.'' (ઉ.પૃ.૪૫૪)

''અનંતાનુબંધી શાથી ટળે? જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ઘટવાનો પ્રકાર બનવા યોગ્ય છે. સૂર્ય ઊગે ત્યાં અંધારુ નાસે છે. તેમ જ્ઞાની પુરુષનો સમાગમ, ઓળખાણ એ અનંતાનુબંધી ટળવાનો ઉપાય છે.

બાપનો કૂવો માટે બૂડી મરાય નહીં. તેમ બાપદાદાએ માન્યો તે મારો ધર્મ, તે મારા ગુરુ એવો આગ્રહ તે અનંતાનુબંધી. આત્મા શ્વેતાંબર નથી, દિગંબર નથી, વૈષ્ણવ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, વૃદ્ધ નથી, યુવાન નથી. આમ પર્યાય દૃષ્ટિ દૂર કરી હું આત્મા છું - જ્ઞાની એવા સદ્ગુરુએ જાણ્યો તેવો, એમ આત્મા ભણી નજર ક્યારે કરશો?'' (ઉ.પૃ.૩૫૩)

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''અનંતાનુબંધી કષાયનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ છે. પરમકૃપાળુદેવે એક મુમુક્ષુને કહેલું કે તમો તેનું સ્વરૂપ સમજવા માટે યોગ્ય નથી. મુખ્યપણે તો જ્ઞાનીપુરુષ તથા તેના આશ્રિતનો દ્રોહ થાય તે અનંતાનુબંધી કષાય કહેવાય. જો પાછળથી સવળી સમજણ આવી જાય તો જીવ માર્ગે આવે અને ખોટો આગ્રહ પકડી રાખે તો તે દુરાગ્રહ કહેવાય.'' (બો.૧ પૃ.૩૨)

''અનંતાનુબંધી એટલે સાચા ધર્મ પ્રત્યે અભાવ. જ્ઞાની કંઈ કહે ત્યારે ક્રોધ આવે, હું સમજું છું એમ થાય તે અનંતાનુબંધી ક્રોધ તથા માન છે. અને ઉપરથી તમે કહો છો તે જ હું માનું છું એમ જણાવવું એ અનંતાનુબંધી માયા છે. ધર્મ કરી મોક્ષ ન ઇચ્છતાં પુત્ર, દેવલોક આદિની ઇચ્છા કરે તે અનંતાનુબંધી લોભ છે.'' (બો.૧ પૃ.૧૩૨)

''મુમુક્ષુ—કષાય શાથી ઘટે? પૂજ્યશ્રી—અભ્યાસથી ઘટે. મારે બે કલાક લોભના વિચાર નથી કરવા.....એમ કરતાં કરતાં કષાય ઘટે છે.'' (બો.૧ પૃ.૧૦૬)

''જેટલા રાગદ્વેષ ઓછા તેટલો જ ધર્મ પરિણમે છે; અને રાગદ્વેષ ઓછા કરવા એ તો પોતાથી બની શકે છે. ક્રોધ આવ્યો હોય અને નથી કરવો એમ જો ધારે તો કદી પણ ક્રોધ આપોઆપ થતો નથી. અને ક્રોધ ન થાય તો પોતાને સુખ અનુભવાય છે. ક્રોધ કરે ત્યારે પ્રથમ તો પોતાના અંતરમાં સાક્ષાત્ દુઃખ થાય અને પછી ક્રોધ દેખાય છે, તેમ જ દરેક કષાય કરતાં પહેલાં પોતાને દુઃખ થાય છે. માટે પ્રત્યક્ષ પોતાને દુઃખી કરનાર એવા જે કષાયભાવો તેનો જો જીવ વિચાર કરે તો તે શત્રુઓને પછી પોતાના અંતરરૂપી ઘરમાં કેમ પ્રવેશ કરવા દે? પણ વિચાર જ આવતો નથી. વિચાર કેમ આવે? સર્વનું કારણ સત્સંગ છે. જો જીવ આત્માને અર્થે સત્સંગમાં અપ્રમાદી બની ટકી રહે તો અવશ્ય વિચાર ઉત્પન્ન થાય, અને શું કરવું તે ધ્યાનમાં આવે.'' (બો.૧ પૃ.૩૫)



''એક ભાઈ – ક્રોધ ન થાય એનો ઉપાય શો?

પૂજ્યશ્રી – સમજણ આવે પછી ક્રોધ મંદ પડે છે. ક્રોધ આવે ત્યારે વિચારે કે ક્રોધ કરું છું પણ એ તો ઝેર છે. મને આથી નુકશાન થાય છે, માટે મારે નથી કરવો. ''પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે.'' (૪૯૩) એ ઉપાય છે. જેમ જેમ દોષ દેખાય તેમ તેમ દોષને કાઢવાનો ઉપયોગ રાખે તો નીકળે.'' (બો.૧ પૃ.૬૪)

''પાંચ ઇન્દ્રિયોના વિષયોની લોલુપતા મટે તો કષાય મટે, કારણ કે પાંચ ઇન્દ્રિયોના વિષયને લઈને કષાય ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયોના વિષયો પરથી ભાવ ઊઠી જાય તો કષાય કોના ઉપર કરે?'' -બો.૧ (પૃ.૫૦)

''કામ, ક્રોધ અને લોભ એ ત્રણ મોટા વિકારો છે. કામ છે તે ભૂત જેવો છે. મનુષ્યને ગાંડો બનાવનાર છે. કામમાં આસક્ત થયેલાને વિચાર નથી હોતો. જ્યારે જીવને ક્રોધ ચઢે છે ત્યારે પણ એને કંઈ ભાન રહેતું નથી, આંધળા જેવો બની જાય છે. કંઈ જુએ નહીં અને મોઢામાંથી જેમ આવે તેમ બકે. લોભ પણ એવો છે. જેમ જેમ લોભ કરે છે તેમ તેમ વધતો જાય છે. લોભથી કોઈ સુખી થતું નથી. એ ત્રણે વસ્તુ ખરાબ છે.'' (બો.૧ પૃ.૩૩૯)

''કોઈ માણસ બીજાને મારતો હોય તો કહે કે પાપ કરે છે; પણ ક્રોધ, માન, માયા, લોભ એ મોટાં પાપ છે, તે હોય તો તેને પાપ કહેતા નથી. ક્રોધ આવે ત્યારે તરત ખબર પડે. આંખો લાલ થઈ જાય, પોતે દુઃખી થવા લાગે. પણ જ્યારે માન આવે ત્યારે જીવને પોતાને ખબર પડવી મુશ્કેલ છે. સામાને તેની ખબર પડે. માયાની તો સામાને પણ ખબર ન પડે. એ તો સત્પુરુષોના યોગે જ જાય. માયા તો પંડિતોને પણ છેતરી જાય છે. લોભ છે તે સર્વથી મોટો દોષ છે. લોભને લઈને બીજા ત્રણ દોષો થાય છે. ક્રોધ, માન, માયા એ લોભને લઈને કરે છે. (બો.૧ પૃ.૬૫)

**'ઋષભદેવ ભગવાનના ચારિત્ર'માંથી :–**

**શ્રી ઋષભદેવ, ભરત, બાહુબલિ આદિના પૂર્વભવનું દૃષ્ટાંત –** ''હસ્તિનાપુરમાં એક વેપારીનો પુત્ર હતો પણ તીવ્ર ક્રોધને લીધે તે મરીને સિંહ થયો. એક રાજપુત્ર હતો પણ તીવ્રમાનને લઈ મરીને ભૂંડ થયો. એક વણિકપુત્ર હતો, પણ તીવ્ર માયાને લીધે મરીને વાંદરો થયો. એક હલવાઈ હતો, પણ તીવ્ર લોભને લીધે મરીને નોળીયો થયો. આ ચારેજણ, વજ્જંઘ રાજા મુનિને દાન દઈ રહ્યા છે તે જોઈને ચારેને જાતિસ્મરણ જ્ઞાન થયું. વજ્જંઘ રાજા તે ભવિષ્યમાં ઋષભદેવ ભગવાન થશે. અને આ ચારેજણા દાનના અનુમોદનના કારણે ભરત, બાહુબલિ વગેરે પુત્રો થશે.





''એ ચારે ક્રોધાદિ કષાયને કાઢવા માટે તેના ચાર પ્રતિપક્ષી લક્ષમાં રાખવાનાં છે. ક્રોધનો પ્રતિપક્ષી ક્ષમા છે. માનનો પ્રતિપક્ષી વિનય છે. ક્ષમા, વિનય હોય ત્યાં ક્રોધ, માન ન રહે. માયાનો પ્રતિપક્ષી સરલતા છે. લોભનો પ્રતિપક્ષી સંતોષ છે.

**ક્રોધ**—ક્રોધાદિને શત્રુઓ જાણે તો વહેલા મોડા નીકળે. એ આત્માના મોટા



શત્રુઓ છે. કેવા શત્રુઓ છે! કેટલાય ભવનું પુણ્ય કર્યું હોય તેને બાળી નાખે છે. પુંડરિકનો ભાઈ કુંડરિક ક્રોધથી સાતમી નરકે ગયો. ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.'' (૮)

**માન**—''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય'' એવું રોજ બોલીએ છીએ, પણ અંદરથી લાગવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.(૨૧-૭૩) માનને કાઢવા માટે ખરો ઉપાય વિનયગુણ છે. દૃષ્ટિ ફેરવવી છે. જ્યાં ધર્મનું માહાત્મ્ય લાગે ત્યાં શરીરનું માહાત્મ્ય ન લાગે. શરીર તો નાશ પામવાનું છે. અભિમાન કરીશું તોય નાશ પામશે. ગમે તેટલું અભિમાન કરે તો પણ રહે નહીં. અભિમાન કરવા જેવી તો કોઈ વસ્તુ જગતમાં નથી.

**માયા**—સરલભાવ આવે ત્યારે માયા છૂટે. સરલતા એ મોટો ગુણ છે. જેટલી સરલતા હોય તેટલો બોધ પરિણમે. સરલભાવ ન આવે ત્યાં સુધી બોધ ન પરિણમે. સરળતાવાળો સીધો છે અને માયાવાળો વક્ર એટલે વાંકો છે.

**લોભ**—જ્યાં લોભ ન હોય ત્યાં સંતોષ અને સુખ છે. જેમ જેમ લોભ ઓછો થાય તેમ તેમ સમકિત થાય છે. લોભ જાય તો બધી આકાંક્ષા જાય.''

''લોભમાં બધા દહાડા જાય છે. ઇચ્છા માત્ર લોભ છે. એ જ મોટી ભૂલ છે. ''ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ.'' વસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા એ જ પરિભ્રમણનું કારણ છે. જીવને ગ્રહણ કરવાની બુદ્ધિ છે, તો પછી સુખી ક્યાંથી થાય? માથે બોજો ઉપાડે તો દુઃખી જ થાય. ઇચ્છા દુઃખનું મૂળ છે. એક લોભ જાય તો ચારેય જાય. છેક અગિયારમા ગુણસ્થાનથી પાડનાર લોભ છે.''

લોભને કાઢવા માટે પરિગ્રહની, જરૂર હોય તેટલી અમુક મર્યાદા કરે કે આટલું થયા પછી ધર્મધ્યાન કરીશું. જ્યાં સુધી સમજણ ન ફરી હોય, ત્યાં સુધી મર્યાદા પણ એવી જ હોય. જરૂર હોય એક લાખની અને મર્યાદા કરે ચાર લાખની, તો શાથી પાર આવે? લોભ શત્રુ છે એમ જાણે તો જ તેને કાઢવા લાગે. કંઈક પાછું વળવાની ઇચ્છા હોય, તો જ થાય. કષાયની ઉપશાંતતા તે આત્માર્થીનું પહેલું લક્ષણ છે.'' (બો.૧ પૃ.૬૫,૬૬)

''માન સંસારમાં સર્વત્ર નજરે આવે છે. ખાતાં, પીતાં, ચાલતાં, બેસતાં, જીવ માન સાથે રાખીને ફરે છે. વિચારે કે મેં શું કર્યું? અભિમાન કરવા જેવું તો કશું છે નહીં. પણ વિભાવ અને અહંભાવને લઈને જીવને એવા વિચાર નથી આવતા. અમૃતચંદ્રાચાર્યે 'તત્ત્વાર્થસાર' ગ્રંથમાં છેવટે લખ્યું છે : મેં કશું કર્યું નથી; ધાતુને લઈને શબ્દ થયા, શબ્દોથી વાક્ય બન્યાં અને વાક્યોથી ગ્રંથ બન્યાં. એમાં મેં શું કર્યું? કશુંય કર્યું નથી.' સમજણ હતી તેથી અભિમાન ન થયું.'' (બો.૧ પૃ. ૯૨)

''મુમુક્ષુ — કોઈ પદ અથવા પત્ર બોલતા અભિમાન આવી જતું હોય તો બોલવું કે ન બોલવું?

પૂજ્યશ્રી — જ્યારે બોલે ત્યારે વિચારે કે હું હજુ શીખ્યો નથી. એવું અભિમાન કરવા જેવું શું શીખ્યો છું? પૂર્વે થઈ ગયેલા ગણધરોએ ચૌદપૂર્વની રચના કરી હતી. ઘણા એ પૂર્વોને ભણ્યા હતા. તે જ્ઞાનની આગળ મારું જ્ઞાન શું છે? કશુંયે નથી. ભગવાનમાં કેટલા ગુણો છે! મારામાં કેટલા બધા દોષો ભરેલા છે? મારે તો હજુ ઘણું કરવાનું છે. એમ જો વિચાર કરે તો અભિમાન થાય નહીં, અને પુરુષાર્થ પણ જાગે. જ્યારે મનમાં અભિમાન આવે ત્યારે ભગવાનને સંભારે તો અભિમાન ન થાય. પોતાનાથી જે નીચા છે તેના ઉપર દૃષ્ટિ રાખે તો અભિમાન થાય.'' (બો.૧ પૃ. ૫૪)



**બાહુબલિજીનું દૃષ્ટાંત –** ઋષભદેવ ભગવાન પોતાના પુત્ર ભરત અને બાહુબલિને રાજ સોંપી સર્વસંગ પરિત્યાગી થયા. ભરતેશ્વર ચક્રવર્તી થયા. છ ખંડમાં પોતાની આણ મનાવી. બાહુબલિએ એ આણ અંગીકાર ન કરી. બન્ને વચ્ચે યુદ્ધ મંડાયું. ભરતે બાહુબલિ ઉપર ચક્ર મૂક્યું. આ જોઈ બાહુબલિએ ભરતેશ્વર પર મહા બલવત્તર મુષ્ટિ ઉપાડી. પણ ભાવનાનું સ્વરૂપ ફર્યું અને વિચાર્યું કે આનું પરિણામ મહાદુઃખદાયક આવશે; ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવે. તે ઉપાડેલી મુષ્ટિ વડે પોતાનું કેશલુંચન કર્યું અને મુનિ થઈ ભગવાન ઋષભદેવજી પાસે જવા ઇચ્છા કરી. પણ મનમાં માન કષાય આવ્યો કે ત્યાં જઈશ તો મારાથી નાના અઠ્ઠાણું દીક્ષિત ભાઈઓને વંદન કરવું પડશે, માટે વનમાં જ એકાગ્ર ધ્યાને ઊભા રહ્યાં. બાર માસ વીતી ગયા. શરીરે વેલડીઓ વીંટાણી, દાઢીમાં પક્ષીઓએ માળા કર્યાં, પણ માનનો અંકુર મનમાંથી ખસ્યો નહીં.

બાહુબલિને પ્રતિબોધ કરવા ઋષભદેવ ભગવાને બ્રાહ્મી અને સુંદરી નામની તેમની બે બહેનોને મોકલી. તેમણે જઈ કહ્યું કે 'વીરા મારા ગજ થકી ઉતરો.' આ વચન સાંભળી તેમને ભાન થયું કે અહો! સત્ય છે, હું માનરૂપી હાથી ઉપરથી હજું ક્યાં ઊતર્યો છું? એમ જાણી પોતાના ભાઈઓને વંદન કરવા માટે પગલું ભર્યું કે તરત જ કૈવલ્યકમળાને વર્યાં.

''વાંચનાર! જુઓ માન એ કેવી દુરિત વસ્તુ છે! -શ્રીમદ્ રાજચંદ્ર

**'બોધામૃતભાગ-૨'માંથી :–** ''અનંતાનુબંધી કષાય છે તે જ્યાંથી કલ્યાણ થવાનું છે, ત્યાંથી જીવને આઘો ખસેડે છે; અને મિથ્યાત્વ છે તે અવળી સમજણ કરાવે છે. એ અંદર હોય અને જ્ઞાની પાસે જાય; જ્ઞાનીપુરુષ એના દોષ બતાવે ત્યારે કહે કે એ તો મારા દોષ દેખે છે, એમ દ્વેષભાવ થઈ જાય તે અનંતાનુબંધી ક્રોધ છે. જ્ઞાનીપુરુષ જાણે છે અને હું કંઈ નથી જાણતો તેને બદલે 'હું જાણું છું' એમ રહે તે અનંતાનુબંધી માન છે. જ્ઞાની પુરુષ પાસે જાય ત્યારે ઉપરઉપરથી સારું દેખાડે અને મનમાં તો એમ રાખે કે જ્ઞાનીને છેતરી, મારું કામ કરી જતો રહું, એ અનંતાનુબંધી માયા છે. લોકો પાસે વખાણ કરાવે, જ્ઞાની પાસેથી સંસારની વસ્તુઓ ઇચ્છે તે અનંતાનુબંધી લોભ છે.'' (બો.૨ પૃ.૫૦)

**'બોધામૃતભાગ-૩'માંથી :–** ''કષાય જેવો કોઈ કટ્ટો શત્રુ નથી અને વિષય જેવું કોઈ વિષ નથી. માટે જાણી જોઈને પોતે પોતાના શત્રુ ન બનવું. શ્રી શ્રેણિક રાજાને શ્રી અનાથી મહર્ષિએ એ જ ઉપદેશ દીધો છે કે પોતે જ પોતાને નરકે લઈ જાય છે અને દુઃખી કરે છે, પોતે જ પોતાને સ્વર્ગે લઈ જાય છે અને પોતે જ પોતાને મોક્ષપ્રાપ્તિ કરાવશે. માટે આવો યોગ મળી આવ્યો છે તે તરવા અર્થે જ છે.''

''જેમ ખાધાનો નિયમ કરીએ છીએ તેમ કષાયનો પણ નિયમ શક્તિ વિચારીને કરવો કે આજે ક્રોધ કોઈના ઉપર ન થાય તેમ વર્તવું. પછી ગમે તેવો પ્રસંગ આવી પડે તો પણ પોતાના ભાવ બગાડવા નહીં. એમ કરતાં કરતાં ક્રોધ ઓછો સહેજે થાય છે એમ જણાય ત્યારે ક્રોધ અને માન એ બન્નેનો નિયમ રખાય. ગમે તે વખાણે કે ગમે તેવું રૂપ હોય કે તપ થતું હોય કે સારી સમજણ હોય, ધર્મનું કામ થતું હોય તો પણ અભિમાન થઈ ન જાય તેવી વૃત્તિઓ ઉપર ચોકી રાખતાં શીખવાનું છે. પછી માયા, પછી લોભ એમ કષાયો ઓછાં કરવાં.'' (બો.૩ પૃ.૧૩૨)

''બાળવા યોગ્ય ક્રોધ છે; ટાળવા યોગ્ય માયા-કપટ છે; વાવવા યોગ્ય વિનય છે; સાધવા યોગ્ય સંતોષ છે; સમજવા યોગ્ય સત્પુરુષનું શરણ છે. આ વાત સત્સમાગમે સમજી હૃદયમાં લખી રાખવાની



છેજી.'' (બો.૩ પૃ.૭૩૨)

''અનંત કાળથી જીવને જન્મમરણ, જન્મમરણ થયા કરે છે તેનું કારણ અણસમજણ અને કષાયભાવ છેજી. તે દોષોને દોષોરૂપ જાણી તેથી સદાયને માટે છૂટવાની ભાવના સદ્ગુરુયોગે જાગે છેજી. ધર્મને નામે અનેક ઉપવાસ આદિ ક્રિયા કરવા જીવ દોડે છે પણ કષાય ઘટાડી સદ્ગુરુની શિખામણ પ્રમાણે સમજણ કરવાનું જીવે કર્યું નથી.'' (બો.૩ પૃ.૪૨૫)

''કષાય પરિણતિ વિષે જણાવ્યું તેવા પ્રસંગે બહુ ચેતવા જેવું છેજી. ડુંગળી ખાય તો તેના ઓડકાર તેવા જ આવે, રોક્યા રોકાય નહી, ગંધાય, ગમે નહીં, બીજાને પણ અપ્રિયતા ઊપજાવે અને પોતાને પણ પસ્તાવો, ક્લેશ કરાવે; તેમ કષાયને હૃદયમાં અલ્પ સ્થાન આપ્યું તો તે ધર્મ, દાન, તપ વેળા પણ બધું બગાડી નાખી પોતાની સત્તા અંતઃકરણ ઉપર જમાવે એવો એનો સ્વભાવ છે, માટે મહાભયંકર વિષ સમાન સમજી કષાયના પ્રસંગો કુટુંબીઓને કારણે, ધનને કારણે કે દેહાદિની સગવડને કારણે પણ ઊભા ન કરવા, ઊભા થતા હોય તો પોતે તેમાં તણાવું નહીં, બને તો શાંત કરવા. ગમે તેવો ધનનો, માનનો કે હઠનો ભોગ આપીને, ન છાજે તેવી દીનતા કરીને, પગે લાગીને પણ તેથી દૂર રહેવા યોગ્ય છેજી.'' (બો.૩ પૃ.૪૧૬)

આમ કષાય ભાવોને ઘટાડતાં તેનું સાવ નિર્મૂળપણું કરું પણ નવીન કષાયભાવોને ધારણ કરું નહીં.

## ૨૪૪. બંધન રાખું નહીં.

બંધન રાખું નહીં અર્થાત્ કર્મ બંધન રાખું નહીં. કર્મના બંધન ન રાખવા હોય તો તેના કારણોનો છેદ કરું. કર્મબંધનના કારણ રાગ, દ્વેષ અને અજ્ઞાન છે. **'રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ'** અથવા મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગ છે. તેના કુલ ૫૭ ભેદ અથવા આશ્રવના દ્વાર છે. તેના વિષે 'આત્મસિદ્ધિમાં જણાવે છે -

**''જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભગવંત.''** ૯૯

**અર્થ** — ''જે જે કારણો કર્મબંધના છે, તે તે કર્મબંધનો માર્ગ છે; અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે, ભવનો અંત છે.'' (૯૯)

**ભાવાર્થ** — ''કર્મ બંધાય એ રીતે વર્તવું તે બંધ એટલે સંસાર પરિભ્રમણનો માર્ગ છે. આશ્રવના ૫૭ દ્વાર કહ્યાં છે તે બધાં કર્મબંધનાં કારણ છે, તેમાં ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય, ૧૫ યોગ આવે છે. આ ૫૭ કારણોને રોકીને પ્રમાદરહિતપણે આત્મસ્વરૂપમાં વર્તે એવી જે દશા તે જ સંવર અથવા મોક્ષનો માર્ગ છે. અને મોક્ષમાર્ગમાં વર્તે ત્યાં સંસારનો ક્ષય થાય છે.'' (૯૯)

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન. એ બંધન ટાળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો.'' (વ.પૃ.૨૬૦)

**''સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વચરશું કવ મહત્પુરુષને પંથ જો?**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.''** (વ.પૃ.૫૬૪)



## ૨૪૫. અબ્રહ્મચર્ય સેવું નહીં.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''બ્રહ્મચર્ય વિષે : પરમાર્થહેતુ માટે નદી ઊતરવાને ટાઢા પાણીની મુનિને આજ્ઞા આપી, પણ અબ્રહ્મચર્યની આજ્ઞા આપી નથી; ને તેને માટે કહ્યું છે કે અલ્પ આહાર કરજે, ઉપવાસ કરજે, એકાંતર કરજે, છેવટે ઝેર ખાઈને મરજે, પણ બ્રહ્મચર્ય ભાંગીશ નહીં.'' (વ.પૃ.૭૧૫)

''મહા રૌદ્ર એવું અબ્રહ્મચર્ય, પ્રમાદને રહેવાનું સ્થળ, ચારિત્રનો નાશ કરનાર, તે આ જગતમાં મુનિ આચરે નહીં.'' (વ.પૃ.૧૮૬)

''વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય સેવન, શુદ્ધ સાત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે.'' (વ.પૃ.૬૭૦)

''સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછા હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત.'' (વ.પૃ.૪૧૩)

**'બોધામૃતભાગ-૧'માંથી :–** ''બ્રહ્મચર્યવ્રત લેવું તે ઘણું ઉત્તમ છે. તે લેતા અગાઉ વરસ બે વરસ અખતરો કરવો અને પૂર્ણ ભરોસો પડે કે હવે પાળી શકાશે તો લેવું. વ્રત લઈને ભાંગવું નહી, તે ભાંગે તો મહાદોષ લાગે. વ્રત લઈને ભાંગવામાં તે ન લીધું હોય તેના કરતાં વધુ દોષ છે. લીધા પછી સાધુના જીવન મુજબ જિંદગી સુધી વખત પસાર કરવો. વ્રત ભંગ ન થવા દેવું, ઝેર ખાઈને અથવા કટાર પેટમાં મારીને મરવું પણ વ્રતમાં આંચ આવવા દેવી નહીં. ત્યાગેલી વસ્તુ પ્રત્યે તે વિષ્ટા સમાન છે તેવો તુચ્છ ભાવ રાખવો. તેનું કંઈ માહાત્મ્ય નથી.'' (બો.૧ પૃ.૯)

''બ્રહ્મચર્ય દશ પ્રકારે તથા પાંચ ભાવનાએ કરી સુરક્ષિત રહી શકે છે. તેનું યથાર્થ રીતે પાલન કરવા ઇચ્છનારે સ્ત્રીઓનો સહવાસ ન રાખવો. તે બેઠી હોય ત્યાર બાદ બે ઘડી સુધીમાં તે જગ્યાએ બેસવું નહીં. તેમના રૂપનું નિરીક્ષણ કરવું નહીં તથા સ્પર્શ કરવો નહીં. મોટી ઉંમરની, સમાન વયની તથા નાની વયની સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, ભગિનીભાવ તથા પુત્રીભાવની દૃષ્ટિથી જોવું. તિર્યંચ, નપુંસક તથા ચિત્રો જોવાથી વિકાર થાય છે, માટે તેનો ત્યાગ કરવો. વીર્યસ્ખલન થવા દેવું નહીં. યુવાનવયના માણસો કે જે કામવિકારની વાર્તા કરતા હોય તેથી દૂર રહેવું; અને વૃદ્ધ કે જેના સહવાસથી જ્ઞાનવાર્તા થાય તથા વૃદ્ધાવસ્થાનાં દુઃખ જોવા મળે તેથી વૈરાગ્યનું કારણ થાય છે, માટે તેમનો સહવાસ રાખવો. સ્ત્રી હોય તે રૂમમાં સુવું નહીં. ગરિષ્ઠ ભોજન કરવું નહીં.'' (બો.૧ પૃ.૧૩)

''કામ છે તે કલ્પનારૂપી ઇંડામાંથી ઉત્પન્ન થતા સર્પ સમાન, રતિરૂપ મુખવાળો, હર્ષશોકરૂપ બે જીભવાળો, અજ્ઞાનરૂપ દરમાં રહેનારો, કામજ્વરરૂપ ઝેરી દાહથી દેહ-કાંચળીના ત્યાગરૂપ મરણ નીપજાવનારો છે. વિકારો ઉત્પન્ન થતા પહેલાં જ દાબી દેવા, તેમજ તેવાં નિમિત્તોથી દૂર રહેવું. તે ઉત્પન્ન થયા બાદ ઠંડા ઉપચારથી કે સ્નાનવિલેપનથી કામદાહ શાંત થતો નથી. તેને શાંત કરવામાં બાહ્ય ઉપચારો કામ લાગતા નથી. તે તો મન ઉપર આધાર રાખે છે. માટે મન ઉપર કાબૂ રાખતાં શીખવું.



કામીપુરુષ લજ્જાહીન હોય છે. તેવા પુરુષ વિકારવશ થઈ પોતાની કીર્તિ, યશ, જ્ઞાન ને ધ્યાનનો નાશ કરે છે. તેમને કોઈ પ્રકારનું ભાન રહેતું નથી અને તેનું ફળ મળે ત્યારે પસ્તાવો કરે છે. કામ વ્યાપેલા પુરુષનું શરીર ધ્રુજે છે, શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલે છે, જ્વર આવે છે, અને મરણ પણ પામે છે.'' (બો.૧ પૃ.૧૩)

''એક ભાઈ — મારે ચોથું વ્રત બ્રહ્મચર્ય લેવું છે.

પૂજ્યશ્રી — આત્માને માટે કરવાનું છે. નિશ્ચય છે ને? પ્રભુશ્રીજી કહેતા કે એક હાથમાં ઝેર અને એક હાથમાં કટાર લે. મરી જવું, પણ વ્રત ભંગ ન કરવું.'' (બો.૧ પૃ.૬૦)

''હવે ચોથા વ્રત સંબંધી કહે છે. મૂળ વ્રત તો અહિંસાવ્રત છે, તેને પોષવા બીજાં વ્રતો છે. મૈથુનમાં પણ હિંસા છે. તેથી ત્યાગવા કહ્યું છે. નિશ્ચયથી તો આત્મામાં રહેવું તે બ્રહ્મચર્ય છે. પણ તે માટે વ્યવહાર-બ્રહ્મચર્યની જરૂર છે. પરસ્ત્રીને માતા, બહેન, પુત્રી સમાન ગણવી. મનની નિર્મળતા ન થવાનું કારણ અબ્રહ્મચર્ય છે. મન જીતવું હોય તો બ્રહ્મચર્ય પાળવા યોગ્ય છે. જગતમાંથી કંઈ જોઈતું નથી એમ થાય ત્યારે બ્રહ્મચર્ય પળાય. પ્રભુશ્રીજી કહેતા 'યોગ્યતા લાવો, યોગ્યતા લાવો.' એ યોગ્યતા બ્રહ્મચર્યથી આવે છે. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે આશ્રમનો પાયો સત્ અને શીલ છે.'' (બો.૧ પૃ.૨૯૪)

**બ્રહ્માનું દૃષ્ટાંત —** ''બ્રહ્મચર્ય મહાવ્રત વિષે વાત છે. મોટા મોટા ઋષિઓ પણ ચળી ગયા છે. પાંચ મહાવ્રતમાં બ્રહ્મચર્ય બહું અઘરું છે. બ્રહ્મચર્યની પરીક્ષા કરવા દેવદેવીઓ પણ આવે છે. બ્રહ્માને બ્રહ્મચર્યથી ડગાવવા એક તિલોત્તમા અપ્સરાને ઇન્દ્રે મોકલી. તે ત્યાં બ્રહ્માની પાસે નૃત્ય કરવા લાગી ને ચારે બાજુ ફરવા લાગી. બ્રહ્માનું ચિત્ત તેમાં એટલું બધું ચોંટી ગયું કે ચારે બાજુથી નૃત્ય જોવાની ઇચ્છા થઈ તેથી ચાર મોઢાં બનાવ્યાં. પછી અપ્સરાએ આકાશમાં ઊંચે નૃત્ય કરવા માંડ્યું. તેને જોવા બ્રહ્માએ પાંચમું મોઢું બનાવવાની ઇચ્છા કરી, પણ પુણ્ય ક્ષીણ થઈ ગયેલું હોવાથી મનુષ્યનું મુખ તો ન થયું, પણ તેને બદલે ગધેડાનું મોઢું થયું. મોટા દેવો પણ કામવિકારને વશ થઈ ગયા છે. હલકી વૃત્તિઓથી પાપ બંધાય છે. જીવને પશુવૃત્તિ છે. પશુ ઇચ્છે તેને એ ઇચ્છે તો એ પશુ જ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એ ત્રણ મોટા દેવો કહેવાય છે. તેમાં બ્રહ્મા મોટા, તે પણ કામવિકારથી ચળી ગયા. વિકાર એ હલકી વસ્તુ છે. દરેકના જીવનમાં આ બધી વૃત્તિઓ આવી પડે છે, પણ મહાપુરુષો એનો જય કરી છોડે છે. એને શત્રુ જાણે છે. મુખ્ય વાત આત્મજ્ઞાન છે. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું.' આત્મજ્ઞાન હોય તો સ્ત્રીથી ચળે નહીં. નહીં તો બાહ્ય પરિત્યાગ કર્યો હોય પણ સ્ત્રીઓથી ચળી જાય. પારો મારી નાખ્યો હોય તે પણ સિદ્ધૌષધિથી સજીવન થઈ જાય છે. તેવી રીતે જેને સમાધિયુક્ત મન થયું હોય તેને પણ સ્ત્રીને લીધે રાગ પાછો સજીવન થઈ જાય છે.'' (બો.૧ પૃ.૨૯૫)

''અબ્રહ્મચર્ય જીવને મારી નાખે એવું ઝેર છે. એથી કર્મ બંધાય છે. તેથી જન્મવું મરવું પડે. વેર જેવું ઝેર છે, એવું સ્નેહ એ પણ ઝેર છે. વેરને લીધે પાર્શ્વનાથ ભગવાન અને કમઠને કેટલાય ભવો સુધી વિરોધ થયો. એવું સ્નેહને લીધે રાવણને સીતાના સંબંધે કેટલી લડાઈઓ થઈ! જો બ્રહ્મચર્ય હૃદયમાં બરાબર વસી જાય, તો સંસારનું મૂળિયું ઊખડી જાય. સંસારનું મૂળિયું ભોગ છે. તે જો ઊખડી જાય તો પછી કશાની જરૂર ન પડે. સારાં કપડાં પહેરવાની, સારું ખાવાપીવાની ઇચ્છા ન રહે. માત્ર મોક્ષને માટે દેહને વાપરે છે.'' (બો.૧ પૃ.૨૯૫)

**'બોધામૃતભાગ-૩'માંથી :—** ''મનમાં બે વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું જ છે એવો નિશ્ચય રાખી



છ માસનું વ્રત પૂ...પાસે પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ લેવા ભલામણ છેજી. છ માસ પૂરા થવા આવ્યે ફરી તેવો જોગ મળ્યે વ્રત વધારી લેવું કે પત્રથી જણાવવું. પણ વ્રત લીધા પછી તૂટે તો ભારે કર્મબંધ થવા સંભવ છે અને તમારી ઉંમર તથા તે પ્રદેશનો દૂધ ઘીનો મનમાન્યો ખોરાક, આકર્ષક પહેરવેશ અને પ્રસંગો વિચારી આ ટૂંકા ટૂંકા હપતા તમને અનુકૂળ પડશે જાણી તેમ લખ્યું છે. ફરી વ્રત લેવામાં કંઈ હરકત નથી તથા ઉત્સાહ ઊલટો વધતો રહેશે અને તે બહાને પણ સત્સંગનો યોગ મેળવવા ભાવના રહેશે. જ્યારથી વ્રત લો ત્યારથી ભાઈ-બહેન તરીકે રહેવાની ટેવ પાડવી, એક પથારીમાં સુવું નહીં; જરૂર વિના એકબીજાને અડવું પણ નહીં. એકાંતમાં બહુ વખત વાતચીત આદિ પ્રસંગો પણ પાડવા નહીં. આ બધા વ્યવહાર શુદ્ધિના નિયમ વાડ જેવા છે, વ્રતની રક્ષા કરનાર છે; પણ પરમકૃપાળુદેવની આજ્ઞા પાળવાની દૃઢતા એ વ્રતનું મૂળ છે. તેની સમક્ષ લીધેલા વચનને પ્રાણ જતાં પણ ન તોડું એવી પકડ આત્મામાં થયે તે પુરુષનો આત્મકલ્યાણક બોધ હૃદયમાં ઊતરવો સુગમ પડે છે, માટે સાદો ખોરાક, સાદો પહેરવેશ, બને તો ગરમ કરીને ઠારેલું પાણી પીવામાં વાપરવું. તમારાં માતાપિતા બ્રહ્મચર્ય પાળે છે તો કુટુંબમાં પીવા માટે ગરમ પાણીની જ ટેવ રાખી હોય તો બધાને લાભકારી છેજી'' (બો.૩ પૃ.૬૩૯)

''નિયમ ન હોય તો પણ આઠમ, પાંચમ, બીજ, ચૌદશ, પૂનમ આદિ દિવસો ધર્મને અર્થે નિર્માણ મોટા પુરુષોએ કરેલા છે તે દિવસોએ તો બ્રહ્મચર્ય પાળવું જ અને બને ત્યાં સુધી એ પશુપણાની વૃત્તિ (મૈથુન)ને વારંવાર વશ ન થવું. તેમાં જ સુખ માની શરીરશક્તિને બરબાદ ન કરવી. જેટલું મન સંયમમાં રહેશે તેટલી દયા પળાશે. ભોગમાં મન આસક્ત રહેશે તેટલી હિંસાપ્રિય વૃત્તિ બનશે.'' (બો.૩ પૃ.૬૯૯)

''આ દેહ હાડ, માંસ, મળ, મૂત્ર, લોહી, પાચ આદિ મહા અપવિત્ર, દુર્ગંધવાળા પદાર્થોનો કોથળો છે. બહાર સર્વે બાજુથી ચામડાની પાતળી ચાદર લપેટ્યાથી તે રાગી જીવોને સારો લાગે છે. જો તે ચામડીરૂપી ચાદર લઈ લેવામાં આવે કે વૃદ્ધાવસ્થા આવી જાય તો તે તરફ જોવું પણ ન ગમે. આવા દુર્ગંધભર્યા શરીરમાં ક્રીડા (ક્રીડા=લહેર, મજા) શી કરવી? વિષ્ટાના કીડાની પેઠે તેમાં પોતે પોતાને ફસાવી ચારગતિનાં દુઃખમાં પડવાનું શા માટે કરવું? આમ બ્રહ્મચર્યવંત વિચારે છે. તે કામનો દુર્જય કિલ્લો તોડી પોતાના અનંત સુખમય આત્મામાં વિહાર કરે છે, જે ધારે તે કરી શકે છે.'' (પ્રવેશિકા-શિક્ષાપાઠ ૯૯) (બો.૩ પૃ.૧૬૯)

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨'માંથી :–** ''જ્ઞાનાદિ સર્વ ધર્મનું જીવિત શીલ છે. જે પ્રાણીઓ તે શીલની રક્ષા કરે છે તેઓની કીર્તિ આ જગતને વિષે માતી નથી.'' જ્ઞાનાદિ એ વાક્યમાં આદિ શબ્દ વડે દર્શન, ચારિત્ર વિગેરે ગ્રહણ કરવા. તેના પ્રાણરૂપ બ્રહ્મચર્ય (શીલ) છે, અર્થાત્ તે વિના સર્વ ધર્મ વ્યર્થ છે. તે વિષે અન્ય દર્શનીના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, ''હે યુધિષ્ઠર! જે એક રાત્રિ પણ બ્રહ્મચારી રહ્યો હોય, તેને જે ગતિ મળે, તે ગતિ હજારો યજ્ઞથી પણ મેળવી શકાતી નથી.'' (પૃ.૮૩)

''જેઓ આ સંસારમાં રહ્યા સતા નિરંતર વિષયભોગની આકાંક્ષા રાખે છે, તેઓ ઘોર સંસારસાગરમાં પડે છે, અને જેઓ ભોગની અપેક્ષા રાખતા નથી તેઓ સંસાર અટવીનો પાર પામે છે.'' (પૃ.૮૫)

**'સમાધિસોપાન'માંથી :–** ''કુશીલ મહા પાપ છે, સંસાર પરિભ્રમણનું બીજ છે. બ્રહ્મચર્ય પાળનાર પાસેથી હિંસાદિક પાપો દૂર ભાગી જાય છે. બ્રહ્મચર્ય પાળનારમાં સર્વ સદ્ગુણો આવીને વસે છે.



બ્રહ્મચર્યથી જિતેન્દ્રિયતા પ્રગટે છે, કુળ જાતિ આદિ દીપે છે; અને પરલોકમાં તે અનેક ઋદ્ધિનો ધારક દેવ થાય છે. (પૃ.૩૧૯)

કામ-વિકાર ચિત્તરૂપી ભૂમિમાં ઉત્પન્ન થાય છે, તેની પીડા સહન નહીં થવાથી જીવ નહીં કરવા યોગ્ય એવાં પાપ કરે છે. કામ મનનું મથન કરે છે, મનમાંના જ્ઞાનનો નાશ કરે છે તેથી કામનું નામ 'મનમથ' પડ્યું છે. જ્ઞાનનો નાશ થવાથી અથવા વિવેકચક્ષુનો નાશ થવાથી જ સ્ત્રીના મહા દુર્ગંધી નિંદ્ય શરીરમાં રાગી બની, તેનું સેવન કરે છે. કામથી અંધ બની મહા અનીતિ કરે છે-પોતાની કે પરની સ્ત્રીનો વિચાર પણ કરતો નથી. આ દુરાચારથી આ લોકમાં પણ હું માર્યો જઈશ, રાજા ભારે શિક્ષા કરશે, મારી આબરૂના કાંકરા થશે, મારી ધર્મકરણીમાં ધૂળ પડશે, હું ધર્મભ્રષ્ટ થઈશ, બુદ્ધિભ્રષ્ટ થઈશ અને ભૂંડા મોતે મરીને નરકે જઈશ, ત્યાં અસંખ્યાત કાળ પર્યંત ઘોર દુઃખ ભોગવવાં પડશે, વળી તિર્યંચ (પશુ આદિ) ના અનેક ભવમાં અસંખ્ય દુઃખ ભોગવવાં પડશે, કદાચ મનુષ્ય થઈશ તો આંધળો, લૂલો, કૂબડો, ગરીબ, અપંગ, બહેરો, બોબડો થઈશ; ચંડાળ, ભીલ, ચમાર આદિ નીચ કુળોમાં જન્મવું પડશે; ત્યાંથી વળી ઝાડ, પહાડ આદિ સ્થાવર જંગમ જંતુ થઈ અનંત કાળ સુધી જન્મ, મરણનાં દુઃખ ભોગવવાં પડશે. આવો સત્ય વિચાર કામીને ઊપજતો નથી.

કામ-વિકારનાં અનેક સ્વભાવસૂચક નામ જગતમાં પ્રસિદ્ધ છે. કં એટલે ખોટો, દર્પ એટલે ગર્વ, તે ઉપરથી 'કંદર્પ' નામ પડ્યું છે. દુષ્ટ ગર્વ ઉપજાવે તે કંદર્પ. અતિ કામના એટલે વાંછા ઉત્પન્ન કરી દુઃખી કરે છે તેથી તેને 'કામ' કહ્યો છે. તિર્યંચ તથા મનુષ્ય ભવમાં જેને માટે જીવો લડી મરે છે એવા કામને 'માર' પણ કહે છે. સંવરનો વેરી છે માટે 'સંવરારિ' કહેવાય છે. તપ-સંયમરૂપ બ્રહ્મ ધર્મનો નાશ કરે છે તેથી 'બ્રહ્મસૂ' કહેવાય છે, ઇત્યાદિ અનેક દુષ્ટ નામથી તે ઓળખાય છે.

આ પ્રકારે વિચારી મન, વચન ને કાયાથી પ્રીતિપૂર્વક બ્રહ્મચર્ય વ્રત પાળો. બ્રહ્મચર્યથી સંસાર-સમુદ્ર તરી જશો. બ્રહ્મચર્ય વિના વ્રત, તપ અસાર છે. વૃથા કાયક્લેશ છે. બાહ્ય સ્પર્શેન્દ્રિયના સુખથી વિરક્ત થઈને અભ્યંતર પરમાત્મસ્વરૂપ જે આત્મા તેની ઉજ્જ્વળતા પર દૃષ્ટિ રાખો. આત્મવૃત્તિ કામમાં આસક્ત ન થાય તેવો પુરુષાર્થ કરો. બ્રહ્મચર્યથી આ ભવ પરભવ બન્ને લોક સુધરે છે.

જો શીલ સાચવવું હોય, ઉજ્જ્વળ યશ ઇચ્છતા હો, ધર્મનો ખપ હોય, અને પોતાની આબરૂ રાખવા ઇચ્છતા હો તો શાસ્ત્રની નીચે જણાવેલી શિખામણ મનમાં ધારણ કરો :—

સ્ત્રીઓની કથા કહો નહીં, સાંભળો પણ નહીં; સ્ત્રીઓના રાગ, રંગ, કુતૂહલ, ચેષ્ટા નીરખો નહીં, એ મલિનભાવ દેખવાથી આપણા ભાવ બગડે છે; વ્યભિચારી પુરુષોની સોબત ન રાખો; ભાંગ, જરદો વગેરે માદક, કેફી વસ્તુઓનો ત્યાગ કરો; પાન-બીડી, ફુલના હાર, અત્તર, ફુલેલ આદિ શીલવ્રતનો ભંગ કરાવનાર કારણો સેવવાનો ત્યાગ કરો; ગીત, નૃત્ય, નાટક આદિ કામ-વિકાર જાગ્રત કરનારાં કારણો તજો; રાત્રિ-ભોજનનો ત્યાગ કરો; વિકાર પેદા કરે તેવાં લોક-વિરુદ્ધ વસ્ત્ર, આભરણ ન પહેરો; એકાંતમાં કોઈ પણ સ્ત્રીનો સંસર્ગ-પરિચય ન રાખો; સ્વાદની લંપટતા ત્યાગો. ''ઇંદ્રિય-દમનકૂં સ્વાદ તજ,'' જીભની લંપટતા સાથે હજારો દોષો આવે છે, તેથી મોટાઈ, યશ, ધર્મ બધાનો નાશ થાય છે. જીભના લંપટીનો સંતોષ નાશ પામે છે, તેને સમભાવનું સ્વપ્ન પણ આવતું નથી; લોક વ્યવહારથી ભ્રષ્ટ થઈ જાય છે, બ્રહ્મચર્યનો ભંગ થઈ જાય છે. માટે આત્મ-કલ્યાણ ઇચ્છતા હો તો એક બ્રહ્મચર્યની ખાસ રક્ષા કરો. (પૃ.૩૧૦)



## ૨૪૬. આત્મ પરાત્મ સમાન માનું. (૨)

'અપ્પા સો પરમપ્પા' આત્મા એ જ પરમાત્મા છે. મારા આત્માને નિશ્ચયનયે-મૂળ સ્વરૂપે પર એટલે ઉત્કૃષ્ટ આત્મા અર્થાત્ પરમાત્મા સમાન માનું.

**'ગ્રંથ યુગલ'માંથી :–** **''હું પરમાત્મારૂપે છું ને, પરાત્મા તે જ હું નકી;**
**તેથી ઉપાસના મારી, મારે કર્તવ્ય, એ સ્થિતિ.''** -સમાધિશતક

**ભાવાર્થ** - સદ્ગુરુની ઉપાસના કરી, સદ્ગુરુકૃપારૂપ છેવટની પરમાત્મદશા પ્રાપ્ત કરવાની કૂંચી જેણે પ્રાપ્ત કરી તથા તેને આધારે પરમાત્મદર્શન પ્રાપ્ત કર્યું; તેને હવે સ્વાવલંબનથી આગળ વધવાનો માર્ગ કે પરમાત્મપદમાં અભેદભાવની ઉપાસના કેમ કરવી તે કહે છે.

સદ્ગુરુની આજ્ઞા આરાધતાં આરાધતાં આટલી હદ સુધી જે સુશિષ્ય આવ્યો છે તે જ પરમાત્મા સાથે અભેદભાવ આરાધે છે; 'હું પરમાત્મા છું' એમ માનવામાં, પ્રકાશવામાં તેને માનની પ્રેરણા નથી. કારણ કે ભક્તિ-માર્ગ માન મૂકવાનો માર્ગ છે, ત્યાં અહંભાવનું દર્શન થતું નથી પણ સાચા સ્વરૂપનું જ દર્શન અટળ રહે છે.

જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હવે મારે મારી જ ઉપાસના કર્તવ્ય છે. બીજાની ઉપાસનાની જરૂર નથી. આવી સ્થિતિ કે દશા જે મહાત્માની પ્રગટ થઈ છે તે વંદનીય છે, સત્કારવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે.'' (પૃ.૧૨૪)

બીજી રીતે આમ પણ વિચારી શકાય કે -મારો આત્મા અને પરાત્મા એટલે પરના સર્વ આત્માઓને સમાન માનું. શક્તિ અપેક્ષાએ સમાન માનું. પણ કર્મને લઈને કોઈ આત્માએ ત્રસરૂપ પર્યાય અથવા સ્થાવરરૂપ પર્યાય ધારણ કરેલ છે. કોઈ કીડી કે હાથીના ભવમાં છે. તો કોઈ દેવ, નારકીરૂપે થયેલ છે. પણ આત્મસ્વરૂપે જોતાં સર્વ આત્માઓ અસંખ્યાત પ્રદેશી છે. જ્ઞાની પુરુષોની આવી દ્રવ્યદૃષ્ટિ હોવાથી તે સર્વ આત્માઓને પોતા સમાન માને છે, તેથી રાગદ્વેષ કરતા નથી. તેમ હું પણ એવી દ્રવ્યદૃષ્ટિ કેળવી આત્મા પરાત્માને સમાન માની રાગદ્વેષનો ત્યાગ કરું.

## ૨૪૭. લીધો ત્યાગ ત્યાગું નહીં.

જે વસ્તુનો ત્યાગ કર્યો તેને ફરીથી પ્રાણ જતાં પણ ન ઇચ્છું. ગમે તેવી મુશ્કેલીઓ આવ્યે પણ ત્યાગનો ત્યાગ ન કરું. રાજાની આજ્ઞા ભંગ કર્યે તે દંડને પ્રાપ્ત બને છે તેમ સત્‌દેવગુરુની આજ્ઞાનો ભંગ કરવાથી તે મહાન દંડને પ્રાપ્ત થાય છે. તેનું ફળ ચારગતિમાં ઘણા દુઃખો ભોગવવારૂપ આવશે, એમ જાણી લીધેલ ત્યાગનો ત્યાગ કરું નહીં. પણ લીધેલ ત્યાગનું માહાત્મ્ય સમજી તેમાં દૃઢતા કરું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''(૧૯૩) તીર્થંકર જેવા પણ સંસારપક્ષે વિશેષ વિશેષ સમૃદ્ધિના ધણી હતા છતાં તેમને પણ ત્યાગ કરવાની જરૂર પડી હતી, તો પછી અન્ય જીવોને તેમ કરવા સિવાય છૂટકો નથી.

(૧૯૪) ત્યાગના બે પ્રકાર છે – એક બાહ્ય અને અભ્યંતર. તેમાંનો બાહ્ય ત્યાગ તે અભ્યંતર ત્યાગને સહાયકારી છે. ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે, કારણ કે વૈરાગ્ય થયે જ ત્યાગ થાય છે.

(૧૯૫) જીવ એમ માને છે કે હું કાંઈક સમજું છું, અને જ્યારે ત્યાગ કરવા ધારીશ ત્યારે એકદમ ત્યાગ કરી શકીશ, પરંતુ તે માનવું ભૂલભરેલું થાય છે. જ્યાં સુધી એવો પ્રસંગ નથી આવ્યો, ત્યાં સુધી



પોતાનું જોર રહે છે. જ્યારે એવો વખત આવે છે ત્યારે શિથિલપરિણામી થઈ મોળો પડે છે. માટે આસ્તે આસ્તે તપાસ કરવી તથા ત્યાગનો પરિચય કરવા માંડવો; જેથી ખબર પડે કે ત્યાગતી વખત પરિણામ કેવાં શિથિલ થઈ જાય છે. ?

(૧૯૬) આંખ, જીભાદિ ઇંદ્રિયોની એકેક આંગળ જેટલી જગો જીતવી જેને મુશ્કેલ થઈ પડે છે, અથવા જીતવું અસંભવિત થઈ પડે છે, તેને મોટું પરાક્રમ કરવાનું અથવા મોટું ક્ષેત્ર જીતવાનું કામ સોંપ્યું હોય તો તે શી રીતે બની શકે? એકદમ ત્યાગ કરવાનો વખત આવે ત્યારની વાત ત્યારે, એ વિચાર તરફ લક્ષ રાખી હાલ તો આસ્તે આસ્તે ત્યાગની કસરત કરવાની જરૂર છે. તેમાં પણ શરીર અને શરીર સાથે સંબંધ રાખતાં સગાંસંબંધીઓના સંબંધમાં પ્રથમ અજમાયશ કરવી; અને શરીરમાં પણ આંખ, જીભ અને ઉપસ્થ (કામેન્દ્રિય) એ ત્રણ ઇંદ્રિયોના વિષયના દેશે દેશે ત્યાગ તરફ પ્રથમ જોડાણ કરાવવાનું છે અને તેના અભ્યાસથી એકદમ ત્યાગ સુગમતાવાળો થઈ પડે છે.

(૧૯૭) હાલ તપાસ દાખલ, અંશે અંશે જેટલો જેટલો ત્યાગ કરવો તેમાં પણ મોળાશ ન રાખવી તેમજ રૂઢિને અનુસરી ત્યાગ કરવો એમ પણ નહીં. જે કાંઈ ત્યાગ કરવો તે શિથિલપણા રહિત તથા બારીબારણાં રહિત કરવો. અથવા બારીબારણાં રાખવાં જરૂર હોય તો તે પણ ચોક્કસ આકારમાં ખુલ્લી રીતે રાખવાં; પણ એવાં ન રાખવાં કે તેનો અર્થ જ્યારે જેવો કરવો હોય તેવો થઈ શકે. જ્યારે જેની જરૂર પડે ત્યારે તેનો ઇચ્છાનુસાર અર્થ થઈ શકે, તેવી ગોઠવણ જ ત્યાગને વિષે રાખવી નહીં. જો અચોક્કસપણે એટલે જરૂર પડે ત્યારે મનગમતો અર્થ થઈ શકે એવા આકારમાં ગોઠવણ રાખવામાં આવે તો શિથિલપરિણામી થઈ ત્યાગેલું બધું બગાડી મૂકે છે.'' (વ.પૃ.૭૫૭)

**એક શિથિલ પરિણામી વણિકનું દૃષ્ટાંત** – 'એક વણિકને બટાકા ન ખાવાની બાધા હતી. બીજે ગામ જમવા બેઠો ત્યારે બીજું કાંઈ ન હોવાથી વણિકે પીરસનારને કહ્યું—બટાકાનો રસો આવવા દો. તે રસો પીરસતા એકાદ બટાકાનો ટુકડો તેના ભાણામાં પડવા લાગ્યો ત્યારે વણિક કહે—આમ રડયો ખડ્યો ટુકડો આવી જાય તો વાંધો નથી, કારણ કે વણિકે મનમાં એમ વિચાર્યું કે આ શાક કંઈ મારા માટે બન્યું નથી.'' આમ શિથિલ પરિણામી થવાથી ત્યાગનો જ ત્યાગ થઈ જાય છે.

''અંશે પણ ત્યાગ કરવો તેની પ્રથમથી જ ચોક્કસપણે વ્યાખ્યા બાંધી, સાક્ષી રાખી ત્યાગ કરવો, તથા ત્યાગ કરવા પછી પોતાને મનગમતો અર્થ કરવો નહીં.'' (વ.પૃ.૭૫૭)

**ત્યાગના ચાર પ્રકાર** – ૧. કોઈ જીવો સિંહપણે ત્યાગ લે અને સિંહપણે પાળે.

૨. કોઈ જીવો શિયાળપણે ત્યાગ લે અને સિંહ વૃત્તિથી પાળે.

૩. કોઈ જીવો સિંહપણે ત્યાગ લે અને શિયાળપણે પાળે.

૪. કોઈ જીવો શિયાળપણે ત્યાગ લે અને શિયાળપણે પાળે.

પહેલાના બે પ્રકાર ઉત્તમ છે. પછીના બે પ્રકાર કર્ત્તવ્યરૂપ નથી.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''ત્યાગ અવસ્થામાં જ્ઞાનીનો યોગ હોય તો વધારે લાભ થાય. સંસારની વાસનાનું નિર્મૂળપણું થઈ જાય એટલી એમાં યોગ્યતા છે. સારું હોત તો છોડવા ન કહેત, પણ સારું નથી. અજ્ઞાનને લઈને સારું લાગે છે. જેટલી પોતાની શક્તિ હોય તેટલો ત્યાગ કરવો, પણ તે મોળો મોળો નહીં. મર્મની વાત છે. ત્યાગમાં સુખ છે એ જીવને સમજાયું નથી. ગ્રહણ કરવામાં સુખ માને છે. ત્યાગમાં સુખ છે તેનો મર્મ સમજાયો નથી. ત્યાગ કરે તો સુખ લાગે; પણ ત્યાગનું નામ લેતાં જ એને દુઃખ



લાગે છે. ધર્મ નહીં કરે તો લક્ષચોરાશીમાં ભટકવાનું છે અને ધર્મ કરે તો કર્મ-ક્ષય કરે તેવું છે.'' (બો.૧ પૃ.૨૨૭)

## ૨૪૮. મૃષા ઇ૰ ભાષણ કરું નહીં.

મૃષા એટલે જૂઠ પ્રપંચવાળી ભાષા બોલું નહીં પણ સત્યભાષા બોલું. તેમજ હિત મિત અને પ્રિય વચન બોલું. ન છૂટકે જ ભાષણ કરું; નહીં તો સ્મરણ કરું.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''માણસની કિંમત તેના બોલ ઉપરથી થાય છે. વચનથી જણાય છે. હરીશ્ચંદ્રે કેટલાં કષ્ટ વેઠ્યા પણ સત્ય ખોઈ ના બેઠો. સત્ય ખોઈ બેઠો તો બધી કમાણી ખોવાઈ જશે. કેટલો સંયમ રાખવાની જરૂર છે! એક ક્ષણ વ્યર્થ ભૂલ્યો તો આખો ભવ હારી જાય. જૂઠું બોલીને ઘરેણાં ભેગાં કરે તેથી આત્માનું કલ્યાણ શું થાય? પ્રશ્ન ઉત્તરની શક્તિ મનુષ્યભવમાં જ હોય છે.વચન એ મુખ્ય છે. સ્વાધ્યાયના ભેદો વચનોથી જ થાય છે. બહુ વિચારવા જેવું છે. જીવને ફરી જતાં વાર નથી લાગતી. વચનથી કર્મ બંધાય છે, તેની ખબર નથી. એક વખત જુઠ્ઠૂં બોલ્યો પછી આખો ભવ મુનિપણું પાળે તોપણ કોઈ વિશ્વાસ ન કરે. મનુષ્યનો બધો વ્યવહાર વચન ઉપર છે. જેનું વચન બગડ્યું તેનું બધું બગડ્યું. વગર વિચાર્યે બોલે, મશ્કરી કરે પણ તેનું કેવું ફળ આવશે? તેની ખબર નથી. વિચાર કરીને બોલવા જેવું છે.

ચાર પ્રકારનાં અસત્ય શાસ્ત્રમાં કહ્યાં છે. વસ્તુ છે છતાં તેની ના કહેવી, જે નથી તે છે એમ કહેવું, વિપરીત જ કહેવું અને નિંદાના વચનો કહેવાં, હાસ્ય, તે જૂઠ છે. શાસ્ત્રમાં હોય તેથી વિરોધી વાક્ય બોલવું તે જૂઠું છે.'' (બો.૧ પૃ.૧૦૫)

**'સમાધિસોપાન'માંથી :– ઉત્તમ સત્ય**

''ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સત્ય વડે પ્રવર્તન કરી રહ્યાં છે.'' –શ્રીમદ્ રાજચંદ્ર

''સત્ય વચન છે તે જ ધર્મ છે; સત્ય વચન દયાધર્મનું મૂળ કારણ છે, અનેક દોષો દૂર કરનાર છે, આ ભવમાં તથા પરભવમાં સુખી કરનાર છે; સર્વને વિશ્વાસ ઊપજવાનું કારણ છે. સર્વ ધર્મોમાં સત્ય વચન મુખ્ય મનાયું છે; સંસાર સમુદ્ર ઓળંગવાનું તે જહાજ છે.; સર્વ સદાચરણોમાં સત્ય ઉત્તમ છે; સત્ય જ સમસ્ત સુખનું કારણ છે. મનુષ્યજન્મની શોભા સત્ય છે. સત્ય વડે સર્વ પુણ્ય કાર્યો દીપે છે; અસત્યવાદીનું મહા પુણ્ય કાર્ય પણ પ્રશંસાપાત્ર બનતું નથી. સર્વ ગુણોના સમૂહનો મહિમા સત્યને લઈને છે. સત્યના પ્રતાપે દેવ જેવા સેવા કરે છે. સત્યને આધારે અણુવ્રત કે મહાવ્રત રહેલાં છે. સત્ય વિના વ્રત, સંયમ નિષ્ફળ છે. સત્યના પ્રભાવથી સર્વ સંકટોનો નાશ થાય છે. તેથી જે વચન પોતાને અને પરને હિતકારક હોય તેવાં બોલવાં. કોઈને દુઃખ ઊપજે તેવાં વચન ન બોલવાં. પરને પીડાકારી વચન સાચું હોય તો પણ ન કહેવું. અભિમાન રહિત બોલો, પરમાત્માની પ્રતીતિ કરાવનાર વચનો બોલો; પરંતુ પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક કંઈ નથી એવા ભાવાર્થનાં નાસ્તિક વચનો ન બોલો.'' (પૃ.૨૭૮)

## ૨૪૯. કોઈ પાપ સેવું નહીં.

અઢાર પાપસ્થાનકમાંથી કોઈ પાપ સેવું નહીં.

**'ઉપદેશામૃત'માંથી :–** ''મુમુક્ષુ – પાપ દોષ તો અનંતકાળથી અનેક પ્રકારના કર્યા છે, તે નાશ કરવાનો મુખ્ય ઉપાય કયો?

પ્રભુશ્રી – ભક્તિ, સ્મરણ. પશ્ચાત્તાપના ભાવ કરે તો સર્વ પાપનું નિવારણ થાય. ઉપવાસ આદિ



તપ તો કોઈથી ન પણ થાય. કદાચ કષ્ટ આપે. પરંતુ સ્મરણ-ભક્તિ પ્રેમપૂર્વક કરે ને ભગવાનનું રટણ કરે, સદ્ગુરુમંત્રમાં રહે તો કોટિ કર્મનો ક્ષય થાય. એવો એ ભક્તિનો મહિમા છે.'' (ઉ.પૃ.૪૪૩)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''આપે અઢાર પાપસ્થાનક વિષે કેમ વિચાર કરવા એમ પૂછાવ્યું તે વિષે ટૂંકામાં જણાવવાનું કે નિરાંતનો વખત એને માટે દિવસે કે રાત્રે થોડો રાખવો અને સવારથી સાંજ સુધી કે સાંજથી સવાર સુધી જે જે પ્રવૃત્તિ થઈ હોય તે ઉપર દૃષ્ટિ ફેરવી જવી. જેમકે :

**પહેલે પ્રાણાતિપાત –** આજે કોઈ જીવના પ્રાણ છૂટે તેવી પ્રવૃત્તિ મન, વચન, કાયાથી કરવા-કરાવવા કે અનુમોદવા વડે મારાથી થઈ છે? એમ મનને પૂછવું. તે અર્થે ૮૪ લાખ જીવાયોનિનો પાઠ છે તેનો ક્રમ લેવો કે સાત લાખ પૃથ્વીકાય જીવોની યોનિ કહી છે તેમાંથી કોઈ પૃથ્વીકાય જીવ હણ્યો છે, હણાવ્યો છે કે હણતાં અનુમોદ્યો છે? એટલે માટી વગેરેનું કામ આજે કંઈ પડ્યું છે? મીઠું, રંગ, પથ્થર આદિ સચિત જીવો પ્રત્યે નિર્દયપણે વગર પ્રયોજને પ્રવર્તવું પડ્યું છે? અથવા પ્રવર્તવું પડતું હોય તેમાંથી ઘટાડી શકાય તેવું હતું? એવી રીતે અપ્કાય એટલે સચિત પાણી વગર પ્રયોજને ઢોળ્યું છે? પાણી વાપરતાં આ કાચું પાણી જીવરૂપ છે એમ સ્મૃતિ રહે છે? તેની પ્રવૃત્તિ ઓછી થાય તેમ છે? તેઉકાય એટલે અગ્નિનું પ્રયોજન વિના લગાડવું કે ઓલવવું થયું છે? તેવી રીતે વાયુકાયના જીવોની ઘાત થાય તેવી પ્રવૃત્તિ આજે થઈ છે? પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય આદિ મનુષ્ય સુધીમાં કોઈ પ્રત્યે ક્રુરતાથી વર્તાયું છે? તેમ ન કર્યું હોત તો ચાલત કે કેમ? પાપ થયું હોય તો પશ્ચાત્તાપ કરવાથી આવતી કાલે તે બાબતની કાળજી રાખી વર્તવાનો ઉપયોગ રહે.

**બીજું મૃષાવાદ** -- જેની જેની સાથે દિવસે કે રાત્રે બોલવું થયું હોય તેમાં જૂઠું, મશ્કરીમાં વા છેતરવા બોલાયું છે? પરમાર્થ સત્ય શું છે? તે સમજી મારે બોલવાની ભાવના છે તે કેમ પાર પડે? કેવી સંભાળ લેવી ઘટે? વગેરે વિચારો બીજા પાપસ્થાનક વિષે કરવા.

**ત્રીજું ચોરી** -- કહેવાય તેવું પ્રવર્તન મેં કર્યું છે? કરાવ્યું છે? અનુમોદ્યું છે? તેવું બન્યું હોય તો તે વિના ચાલત કે નહીં? હવે કેમ કરવું? વગેરે વિચાર કરવા.

**ચોથું મૈથુન** -- મન વચન કાયાથી વ્રત પાળવામાં શું નડે છે? દિવસે કે રાત્રે વૃત્તિ કેવા ભાવમાં ઢળી જાય છે? તેમાં મીઠાશ મન માને તેને કેમ ફેરવવું? વૈરાગ્ય અને સંયમ વિષે વૃત્તિ રોકાય તેવું કંઈ આજે વાંચ્યું છે? વિષયની તુચ્છતા લાગે તેવા વિચાર આજે કર્યા છે? નવ વાડથી વ્રતની રક્ષા કરવા પરમકૃપાળુદેવે કહ્યું છે, તેમાં કંઈ દોષ થયા છે? તેવા દોષો દૂર થઈ શકે તેમ હોવા છતાં પ્રમાદ કે મોહવશે આત્મહિતમાં બેદરકારી રહે છે? વગેરે વિચારોથી આત્મનિરીક્ષણ કરવું.

**પાંચમું પરિગ્રહ –** લોભને વશ થઈ જીવને આજે ક્લેશિત કર્યો છે? પાંચ ઇન્દ્રિયોમાંથી વધારે મૂર્છા કયા વિષયમાં છે? અને તેને પોષવા શું શું નવું સંગ્રહ કર્યું? મમતા ધન, ઘર, કુટુંબ આદિ ઉપરની ઓછી થાય છે કે વધે છે? પરિગ્રહ ઘટાડવાથી સંતોષ થાય તેમ છે? મન મોજશોખથી પાછું હઠે છે? બિનજરૂરીયાતની વિલાસની વસ્તુઓ વધે છે કે ઘટે છે?

**છઠ્ઠે ક્રોધ** -- કોઈની સાથે અયોગ્ય રીતે ક્રોધ થયો છે? કોઈના કહેવાથી ખોટું લાગ્યું છે? કોઈ ઉપર રિસાવાનું બન્યું છે? વેર વિરોધ વગેરેના વિચાર ટૂંકામાં જોઈ જવા.



**સાતમે માન** -- પોતાની પ્રશંસા થાય તેવું બોલવું, ઇચ્છવું બન્યું છે? બીજાને અપમાન દીધું છે? વિનયમાં કંઈ ખામી આવી છે? વગેરે વ્યવહાર અને પરમાર્થે લક્ષ રાખી વિચારવું.

**આઠમે માયા** -- કોઈને છેતરવા માટે વર્તવું પડ્યું છે? ઉપરથી રાજી રાખી સ્વાર્થ સાધવાનું કંઈ પ્રવર્તન થયું છે? કોઈને ભોળવી લાભ આદિ વધાર્યો છે?

**નવમે લોભ** -- પરિગ્રહમાં પ્રાપ્ત વસ્તુમાં મમતા છે ને લોભમાં નવી ઇચ્છાઓ વસ્તુ મેળવવાની કરી હોય તે તપાસી જવી.

**દશમે રાગ** -- જેના જેના પ્રત્યે રાગ છે તેમાં વૃદ્ધિ થાય છે? ઓછું થઈ શકે તેમ છે? પોતાને ગમતી ચીજો મળે ત્યારે પરમાર્થ ચૂકી જવાય છે? રાગ ઓછો કરવો છે એવો લક્ષ રહે છે? વગેરે વિચારવું.

**અગિયારમે દ્વેષ** -- પણ તેમ જ.

**બારમે કલહ** -- થાય તેવું કંઈ બન્યુ છે?

**તેરમે અભ્યાખાન** -- કોઈને આળ ચઢાવવા જેવું વર્તન આજે થયું છે?

**ચૌદમે પૈશુન્ય** -- કોઈની નિંદા તેની ગેરહાજરીમાં થઈ છે?

**પંદરમે રતિ-અરતિ** -- ભાવો દિવસમાં કેવા ક્યાં ક્યાં થાય છે?

**સોળમે પરપરિવાદ** -- બીજાનું હલકું બોલવું કે નિંદા થઈ છે?

**સત્તરમે માયામૃષાવાદ** -- માયાથી જૂઠું બોલવું થયું છે?

**અઢારમે મિથ્યાત્વશલ્ય** -- આત્માને વિપરીતપણે માની લેવા જેવું કે કુસંગથી મારી ધર્મશ્રદ્ધા ઘટે તેવું આજે કંઈ બન્યું છે? અન્યધર્મીના યોગે થયેલી વાત વિચારી જવી.'' (બો.૩ પૃ.૬૫૦)

જેમ સંસારમાં લોકો વેપાર કરે, પછી સાંજે સિલક મેળવે તેમ આ અઢાર પાપસ્થાનકોનો આખા દિવસમાં મન, વચન, કાયા વડે કેટલો વેપાર કર્યો, તેમાં નુકશાન થયું કે નફો થયો તેની સાંજે સૂતી વખતે સિલક મેળવી, બીજે દિવસે તેમાંથી કોઈ પાપ સેવું નહીં એવો વિચાર કરી પાપથી પાછો હઠું.

## ૨૫૦. અબંધ પાપ ક્ષમાવું.

ભવિષ્યમાં પણ કોઈ પ્રત્યે પાપ થાય તેની પણ ક્ષમા માંગુ. ક્ષમા એ આત્માનો સ્વભાવ છે. સ્વભાવમાં આવવું હોય તો ક્ષમા રાખું. ખમી ખૂંદુ, સહન કરું. જો સહન નહીં કરું તો નવા કર્મબંધ થશે; તેથી ચારગતિરૂપ સંસારનું પરિભ્રમણ ટળશે નહીં અને આત્મા સ્વભાવમાં આવશે નહીં. માટે અબંધ પાપને પણ ક્ષમાવું. અબંધ પાપ એટલે પાપનો હજુ બંધ થયો નથી. તેવા પાપ પણ આત્માના અનુપયોગે ભવિષ્યમાં જો થાય તો તેને પણ ખરા અંતઃકરણથી ક્ષમાવું છું.

**'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–** ''અત્ર ક્ષણપર્યંત તમ પ્રત્યે કોઈ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન, કાયાના યોગથી જે જે અપરાધાદિ કંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઇચ્છુ છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું, તેમ છતાં પણ કોઈક અનુપયોગે દેહપર્યંતને વિષે તે પ્રકાર ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઇચ્છું છું; અને તે ક્ષમારૂપભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વ પ્રકાર અમ



પ્રત્યેના પૂર્વકાળના, વિસ્મરણ કરવાને યોગ્ય છો.'' (વ.પૃ.૩૫૧)

## ૨૫૧. ક્ષમાવવામાં માન રાખું નહીં. (મુનિ, સામાન્ય)

અજ્ઞાનવશ કોઈ પ્રત્યે મારાથી દોષ થયો હોય તેને નિવારવા અર્થે ક્ષમાવવામાં માન રાખું નહીં; અર્થાત્ હું કેવી રીતે માફી માંગુ એવું માન રાખું નહીં.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–** ''ક્ષમા જ્યારે હોય ત્યારે આત્મા સ્વભાવમાં હોય છે. ક્ષમા આત્માનો ગુણ છે. એ બગડી જાય ત્યારે ક્રોધ થાય છે. એ વિકાર છે. વિકાર ન હોય ત્યારે પોતે જ શુદ્ધ સ્વભાવમાં રહે છે. કર્મના નિમિત્તે જીવનો સ્વભાવ પલટાય છે. કર્મને લઈને વિકાર થાય છે. કષાય એ વિકાર છે. એ જાય ત્યારે સ્વભાવ પ્રગટે છે. ''સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે. (૬૦૯) સ્વભાવમાં રહે તો કર્મ છૂટે. મોક્ષે જવું હોય તો ક્ષમા જોઈશે. માટે ક્ષમા ધારણ કરો.'' (બો.૧ પૃ.૧૧૧)

''મોક્ષે જનાર જે હોય તેને જ ક્ષમા ગુણ પ્રગટે છે. જેટલી ક્ષમા તેટલું મુનિપણું છે. પૃથ્વી જેમ બધું સહન કરે, તેવી રીતે સહન કરવું તે ક્ષમા છે. એક પણ કષાય જીતે તો બીજા કષાયોને જીતવાનું થાય. દશ ધર્મોમાં ક્ષમા ધર્મ આદિ (પ્રથમ) છે. જેને ધર્મ કરવો હોય તે પહેલો ક્રોધ ન કરે. ક્રોધ વખતે સમભાવ રાખવો એ જ ખરો ધર્મ છે.'' (બો.૧ પૃ.૧૧૨)

**'બોધામૃત ભાગ-૩'માંથી :–** ''મૈત્રીભાવ વધે અને ક્લેશના કારણો નિર્મૂળ થાય તે ઉપર લક્ષ રાખવા સર્વ ભાઈ-બહેનોને વિનંતિ છેજી. અમુક સાથે તો મારે અબોલા, અણબનાવ કે વહેવાર પ્રત્યે જેના ઊંચા મન છે એમ હોય તે વિચારી દરેકે પોતાના આત્મહિત માટે નમતું મૂકી કંઈક ઘસાઈને કે તેને પગે પડીને પાઘડી ઉતારીને પણ વૈરભાવ ન રહે તેમ પ્રજ્ઞાપૂર્વક કર્તવ્ય છે. માત્ર ઉપર ઉપરથી દેખાવ કરવા નહીં પણ સાચા દિલથી બીજાના દોષ માફ કરીને તથા પોતાના દોષની ક્ષમા માગીને આ પર્વને સફળ કરવા યોગ્ય છેજી. પરમ વિનયપણું આપણે સર્વ પામીએ એ જ પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રાર્થના છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'' (બો.૩ પૃ.૩૬૯)

'' 'જ્યાં સંપ ત્યાં જંપ' એમ કહેવાય છે તો આ પર્યુષણપર્વ આવીને ગયાં પણ કષાય ને પ્રમાદને કારણે બધા એકત્ર ન થઈ શક્યા. તો હવે તે કારણો દૂર કરી ભક્તિનો રંગ જે પ્રતિષ્ઠા વખતે દેખાતો હતો તે સંભારી ફરી જાગ્રત થવા ભલામણ છેજી. ધન ખર્ચવું સહેલું છે પણ માન મૂકી, અણબનાવ ભૂલી જઈ, બધા પરમકૃપાળુદેવના સંતાન છે એમ દૃષ્ટિ રાખી, કંઈ પોતાને વિપરીત ભાવ થઈ આવ્યો હોય તે પરસ્પર ખમાવી, એક પિતાના પરિવારની પેઠે હળીમળીને ભક્તિ કરો છો એવા તમારા પત્રની રાહ જોઉં છું.'' (બો.૩ પૃ.૩૬૯)

''જેની સાથે વિરોધ હોય, જાણતા હોઈએ છતાં વેર મટાડવા ઉપાય ન લઈએ કે વધારીએ અને દૂર જ્યાં વેર ન હોય ત્યાં પત્રાદિ લખીએ એવી હાલ રૂઢિ થઈ છે તે પલટાવી હૃદયમાં વેરભાવનું કલંક દૂર કરી, ''સર્વ જીવો મારા મિત્રો છે, તેમણે કરેલા દોષો ભૂલી જઉં છું અને મેં તેમના પ્રત્યે કરેલા દોષોની ક્ષમા ઇચ્છું છું'' આવું ઉદાર દિલ જ ''વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ'' પામવા યોગ્ય છેજી. આ પત્ર વારંવાર વિચારી, હૃદય કોઈ પ્રત્યે વેરભાવ ન રાખે તેટલી નમનતા, લઘુતા અને સર્વને ક્ષમાવવાની યોગ્યતા લાવે તેમજ આચરવાની હિંમત ધરી નિઃશલ્ય થાય તેમ કરવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'' (બો.૩ પૃ.૬૦૧)



'' તમારો કાગળ મળ્યો. ક્ષમાપનાના ભાવ વાંચ્યા. તે જ પ્રમાણે હું પણ આપના પ્રત્યે આ ભવમાં કે ભવોભવમાં અપરાધ થયા હોય તેની ઉત્તમ ક્ષમા યાચું છું અને આપના પ્રત્યે પણ સમભાવે ખમું છુંજી. સર્વ ભૂલી જવાનું છે. જેણે વહેલી તે તૈયારી કરી તે વહેલો સુખી થશેજી. જે સંભાર સંભાર કરશે તે પરભવમાં પણ વેરભાવ લઈ જશે એવો સિદ્ધાંત હોવાથી ખમી ખૂંદવું, નિર્વૈર-મૈત્રીભાવ ધારણ કરવો અને સર્વને ખમાવી નિઃશલ્ય થઈ પરભવ માટે તૈયાર રહેવું એ ઉત્તમ સનાતન માર્ગ છેજી'' (બો.૩ પૃ.૫૨૪)

'' આપ મુમુક્ષુ ભાઈબહેનોમાં કોઈ સાંસારિક કારણે કે ધર્મના નિમિત્તે એકબીજા પ્રત્યે વેરવિરોધનાં કારણો ઊભાં થયાં હોય તે પરસ્પર સમજી લઈને એકબીજામાં ધર્મપ્રેમની વૃદ્ધિ થાય તથા એકબીજાને ત્યાં જતાં-આવતાં ન હોય, બોલાચાલીનો પ્રસંગ બંધ થયો હોય તેવા નિમિત્તો સમજૂતીથી પાંચ જણ મળી પતાવી આખા ગામમાં સંપ સલાહ શાંતિથી બધા વર્તો તો આ વર્ષના પર્યુષણ પર્વ યથાર્થ થયા ગણાય. પૂર્વકર્મને લઈને જીવની વૃત્તિ બીજાનું ભૂંડુ કરવામાં, નિંદા ઈર્ષા પોષવામાં જાય છે તેને બદલે બને તેટલા એક, બે, પાંચ કે બધા ગામના માણસોમાં સંપ કરાવવાનો પુરુષાર્થ કરશે તેનું પોતાનું અને બીજાનું કલ્યાણ થવાનું કારણ બને છે. ''કલ્યાણ એટલે શું? એમ ઉપદેશછાયામાં પ્રશ્ન છે અને ત્યાં તેનો ઉત્તર પણ છે કે 'કષાય ઘટે તે કલ્યાણ'. તો આપણો અને બીજા આપણા સંબંધીઓનો કષાય ઘટાડવા અર્થે મહાપુરુષોએ આવા પર્વની યોજના કરી છે, કારણ કે જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવામાં, સત્સંગ ભક્તિ આદિના પ્રસંગોમાં વિઘ્ન કરનાર કષાય છે તે દરેકને પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. તે કષાય ઘટે અને જ્ઞાનીની આજ્ઞા પ્રત્યે જીવોની વૃત્તિ દોરાય, લોકોમાં એમ કહેવાય કે જ્ઞાનીના ઉપાસક બહુ સહનશીલ, ખમી ખૂંદનારા, પરોપકાર કરનારા અને બીજાને સારે રસ્તે ચડાવનારા છે એવું આપણું વર્તન બને તેવા પ્રયત્ન કરતા રહેવા આપ સર્વ ભાઈબહેનોને ભલામણ છેજી.'' (બો.૩ પૃ.૩૬૭)

''પર્યુષણ પર્વ નિર્વૈર થવાને અર્થે છે. મુમુક્ષુઓમાં એકબીજા પ્રત્યે ઊંચુ મન રહેતું હોય તેમણે સાચા ભાવથી સામાના દોષોને ભૂલી જઈ પોતાના દોષોની ક્ષમા, જેના પ્રત્યે દોષ થયો હોય તેની યાચવી, ફરી પ્રસંગ ન આવે તેવી સાવચેતી રાખવી. આમ કરે તો નવા દોષો થવાનો પ્રસંગ ઓછો થાય, માન ઘટે અને થયેલું વેર પણ મટે; એવો લાભ આપનારું આ પર્વ છે.'' (બો.૩ પૃ.૬૫૩)

''સભામંડપમાં જેની સાથે વિક્ષેપ થાય તેવો પ્રસંગ થયો હોય તેની વિનયભાવે ક્ષમા ઇચ્છવા યોગ્ય છે અને ફરી તેવો પ્રસંગ સત્સંગમાં ન બને તેવો લક્ષ રાખવા યોગ્ય છે. પોતાનો વાંક ન હોય તો પણ સામાના ચિત્તને સમાધાન થાય તે અર્થે પણ ક્ષમા માગવા યોગ્ય છે. ટાઢા પાણી (પીવા) કરતાં કષાય પરિણામ થાય તે મોટો દોષ છે. તેવાં પરિણામમાં ફરી ન અવાય તેવો નિશ્ચય તે ખરું પ્રાયશ્ચિત્ત છે. ફરી એકાસણું કરવું તે દ્રવ્ય-પ્રાયશ્ચિત્ત છે.

જીવને 'હું સમજું છું' એવું અભિમાન રહ્યા કરે છે તેથી બીજાઓ સાથે ક્લેશ કરે છે : 'તમે બરાબર જાણતા નથી, આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ' એ આદિ 'હું સમજું છું' એવું જીવનું અવ્યક્ત અભિમાન છે. 'હું અધમ છું' એવો જો નિશ્ચય થાય તો તે એમ જાણે કે 'આખું જગત મારા કરતાં સારું છે' એટલે કોઈથી પણ એને ક્લેશ થાય નહીં.'' (બો.૩ પૃ.૬૨૬)

**ઉદયન રાજાનું દૃષ્ટાંત — સાધર્મી ભાઈ પ્રત્યે ક્ષમાયાચના કરું.** ઉદયન રાજાને ત્યાં ભગવાનની પ્રતિમા હતી. તે પ્રતિમાને સાચવવા માટે રાજાએ એક દાસી રાખી. તે કુબજા હતી. પણ



ગુટીકાના પ્રભાવથી તે બહુ સુંદર બની ગઈ. એક દિવસ ચંડપ્રદ્યોત રાજા ત્યાં આવ્યો. તે દાસીને જોઈ મોહ પામ્યો અને તેને સાથે આવવા જણાવ્યું. પણ તેણીએ કહ્યું કે ભગવાનની પ્રતિમા લો તો જ હું આવું, નહીં તો નહીં. તેથી રાજા ચંડપ્રદ્યોત ભગવાનની



પ્રતિમા તથા દાસી બન્નેને લઈ ગયો. ઉદયન રાજાને ખબર પડવાથી તેની સાથે યુદ્ધ કરી ચંડપ્રદ્યોત રાજાને પકડી લાવ્યો અને તેના કપાળમાં દાસીપતિ એવો પટો કરી ચોંટાડ્યો. જ્યારે પર્યુષણ પર્વ આવ્યા ત્યારે ઉદયન રાજાએ ઉપવાસ કર્યો અને રસોયાને કહ્યું કે ચંડપ્રદ્યોત રાજાને જે ભાવે તે પૂછીને બનાવ. રસોઈઆએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે આજે કેમ પૂછે છે? કોઈ દિવસ તો પૂછતો નથી. ત્યારે રસોઈઆએ કહ્યું કે આજે તો અમારા ઉદયન રાજાને ઉપવાસ છે. ત્યારે ચંડપ્રદ્યોતે વિચાર્યું કે કદાચ મને મારવા માટે એમ કર્યું હશે એમ ધારી તેણે કહ્યું : મારે પણ આજે ઉપવાસ છે. તે વાત સાંભળીને ઉદયન રાજાએ વિચાર્યું કે અહો! આ તો મારો સાધર્મીભાઈ થયો. તેથી તેને કેદમાંથી મુક્ત કરાવ્યો અને પોતે પણ માન મૂકી તેની ક્ષમા માગવા ગયો. ક્ષમા માગી પોતાના રાજ્યમાં પાછો મોકલાવી દીધો. (ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૩)

આમ સહધર્મી ભાઈબહેનો પ્રત્યે ખરા અંતઃકરણથી ખમાવું; પણ ખમાવવામાં માન રાખું નહીં.

## ૨૫૨. ગુરુના ઉપદેશને તોડું નહીં.

સદ્ગુરુ ભગવંત જે ઉપદેશ આપે તેને પોતાના અંતઃકરણમાં આદરપૂર્વક ધારણ કરું. કોઈક વખત સ્મૃતિ દોષથી શબ્દ કોઈ બીજો બોલાઈ જાય તો પણ સભાસમક્ષ ગુરુને જૂઠા પાડવા અર્થે ગુરુના ઉપદેશને તોડું નહીં કે વચ્ચે બોલું નહીં. એમ કરવું તે ગુરુની પ્રત્યક્ષ આશાતના છે.

**'બોધામૃત ભાગ-૧'માંથી :–**

''जे आवि मंदत्ति गुरुं वईत्ता, डहरे ईमे अप्पसुअत्ति नच्चा ।
हीलन्ति मिच्छं पडिवज्जमाणा, करंति आसायण ते गुरुणं ।।२।।

(दशवैकालिक अ.९, उद्देशक १)

**ભાવાર્થ** – વળી ગુરુ મંદ છે એટલે ક્ષયોપશમની વિચિત્રતાથી શાસ્ત્રયુક્તિ વડે સમાલોચના કરવા અસમર્થ છે, સત્પ્રજ્ઞાથી રહિત છે, એમ જાણી અગંભીર દ્રવ્યસાધુ કે સાધકવર્ગ પોતાને આચાર્ય માની, કોઈ કારણસર નાની ઉંમરના કે અલ્પશ્રુતના અભ્યાસી એવાને આચાર્ય તરીકે જ્ઞાનીએ સ્થાપેલા હોય તેમની ઇર્ષ્યાદિકથી મશ્કરીમાં અવગણના એવી કરે કે 'તમે તો વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો;' અથવા સ્પષ્ટ રીતે 'તું પ્રજ્ઞારહિત છે,' ઇત્યાદિ રીતે કહે તો તે સાધુ કે સાધકવર્ગ મિથ્યાત્વ પામે છે. માટે ગુરુની અવગણના, તિરસ્કાર આદિ કરવા યોગ્ય નથી. ગુરુને હલકા પાડવારૂપ આશાતના કરનાર તે



દ્રવ્યસાધુ કે સાધકવર્ગ તત્ત્વને અન્યથા માની ગુરુની સ્થાપનાના અબહુમાન કરવા વડે એક ગુરુની આશાતના કરતાં સર્વ આચાર્યવર્ગની આશાતના કરે છે; અથવા પોતાના સમ્યગ્દર્શનાદિ ભાવના નાશરૂપ આશાતના, ગુરુની આશાતનાના નિમિત્તે આચરે છે.'' - શ્રી હરિભદ્રસૂરિની ટીકાના આધારે

**'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૪'માંથી :–**

**ગુરુ જેને યોગ્ય જાણી આચાર્યપદ આપે તે જ સંઘને માન્ય હોય**

**આર્યરક્ષિત સૂરિનું દ્રષ્ટાંત –** મથુરા નગરીમાં કોઈ નાસ્તિકવાદી ઉત્પન્ન થયો. તેની સામે પ્રતિવાદી તરીકે ત્યાં કોઈ નહીં હોવાથી સંઘે વિચાર કર્યો કે હાલના સમયમાં વજ્રસ્વામી પાસે નવપૂર્વથી કંઈક અધિક ભણેલા આર્યરક્ષિત સૂરિ યુગપ્રધાન છે, એમ ધારી સંઘે બે સાધુઓને દશપુર મોકલ્યા. તે આવીને આર્યરક્ષિત આચાર્યને મળ્યા. ત્યાંની નાસ્તિકવાદીની બધી હકીકત જણાવી. આર્યરક્ષિત સૂરિ વૃદ્ધ હોવાથી જવાને અશક્ત હતા, તેથી વાદ લબ્ધિને ધારણ કરનાર ગોષ્ઠામહિલને મોકલ્યા. ત્યાં જઈને નાસ્તિકવાદીનો પરાજય કર્યો. સંઘના આગ્રહથી ચાર્તુમાસ ત્યાં મથુરામાં જ કર્યો. આર્યરક્ષિત સૂરિએ પોતાનો અંત સમય નજીક આવેલો જાણી વિચાર્યું કે યોગ્ય શિષ્યને જ ગણધર (સૂરિ) પદ આપવું જોઈએ. કહ્યું છે કે - ''ગૌતમ આદિ ધીર પુરુષોએ વહન કરેલો ગણધર શબ્દનો અર્થ જાણતો સતો તેને જ અપાત્રમાં સ્થાપન કરે તે મહાપાપી કહેવાય.''

આચાર્યપદને યોગ્ય તો દુર્બલિકા પુષ્પમિત્ર મુનિ જ છે. સર્વ સાધુઓ મારા મામા ગોષ્ઠામહિલને અથવા મારા ભાઈ ફાલ્ગુરક્ષિતને ઇચ્છે છે. એમ વિચારી સૂરિએ સર્વ સંઘને બોલાવી કહ્યું - ત્રણ પ્રકારના ઘડા હોય છે. જેમ કે એક વાલનો, તેલનો અને ઘીનો ઘડો. વાલના ઘડાને ઊંધો કરીએ તો આખો ખાલી થઈ જાય. તેલના ઘડાને ઊંધો કરવાથી તેમાં કંઈક તેલ ચોંટી રહે. તથા ઘીના ઘડાને ઊંધો કરવાથી તેમાં વધારે ઘી ચોંટી રહે છે. તેવી રીતે દુર્બલિકા પુષ્પમિત્ર, સૂત્ર અને તેના અર્થ સંપૂર્ણ શીખ્યા છે. વાલના ઘડાની જેમ તેણે મારી પાસેથી સર્વ સૂત્રાર્થ ગ્રહણ કર્યાં છે. જ્યારે ફાલ્ગુરક્ષિતે તેલના ઘડાની જેમ તથા ગોષ્ઠામહિલે ઘીના ઘડાની જેમ સૂત્રાર્થ ગ્રહણ કરેલ છે. આર્યરક્ષિત સૂરિની વાત સંઘે માન્ય કરી. તેથી સૂરિએ દુર્બલિકા પુષ્પમિત્રને આચાર્યપદવી આપી. પછી સૂરિ અનશન કરીને સ્વર્ગે ગયા.

ગોષ્ઠામહિલ જ્યારે મથુરાથી પાછા દશપુર આવ્યા ત્યારે પૂછ્યું કે સૂરિએ પોતાના સ્થાને કોને સ્થાપ્યા? ત્યારે વાલ વગરે સર્વ ઘડાના દૃષ્ટાંતપૂર્વક વૃત્તાંત કહ્યો. તેથી તે ખેદ પામી બીજા ઉપાશ્રયમાં રહીને પુષ્પમિત્ર સૂરિની નિંદા કરવા લાગ્યા. તેમજ બીજા સાધુઓને અવળું સમજાવવા લાગ્યા.

પુષ્પમિત્ર સૂરિએ પ્રેમપૂર્વક ગોષ્ઠામહિલ સાથે ઘણા પ્રત્યાખ્યાન વગેરેના પ્રશ્નો કર્યા. તેના ઉત્તરો આપીને ઘણા સમજાવ્યા પણ સમજ્યા નહીં. ત્યારે સૂરિએ બીજા ગચ્છના આચાર્ય બહુશ્રુત પાસે લઈ જઈને પણ સમજાવ્યા. તેમણે કહ્યું કે એ પુષ્પમિત્ર સૂરિ જેમ કહે છે તેમજ આર્યરક્ષિત સૂરિએ પણ પ્રરૂપણા કરેલી છે. સ્થવિર મુનિઓએ ગોષ્ઠામહિલને કહ્યું કે તું મિથ્યા અભિનિવેશ ન કર. એમ કરવાથી તીર્થંકરની આશાતના થાય છે. તો પણ ગોષ્ઠામહિલે માન્યું નહીં. પછી સંઘે કાયોત્સર્ગ કરીને શાસનદેવીને બોલાવી. ત્યારે તે ભદ્રક દેવીએ આવીને કહ્યું : મને આજ્ઞા કરો. હું શું કાર્ય કરું? સંઘે કહ્યું : મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી તીર્થંકર પાસે જઈ પૂછી લાવો કે સંઘ કહે તે સત્ય છે કે ગોષ્ઠામહિલ કહે છે તે સત્ય છે? દેવી તરત ત્યાં જઈ ભગવાનને પૂછીને આવી અને સંઘને કહ્યું કે શ્રી તીર્થંકરે મને કહ્યું છે કે સંઘ કહે છે તે સત્ય છે. વીર



પ્રભુના નિર્વાણ પછી પાંચસો ચોરાશી વર્ષે સાતમો નિહ્નવ થવાનો હતો તે આ મિથ્યાવાદી ગોષ્ઠામહિલ થયેલો છે. બધી વાત સાંભળીને ગોષ્ઠામહિલ બોલ્યો કે આ બિચારી અલ્પ ઋદ્ધિવાળી દેવી તેની મહાવિદેહમાં જવાની શક્તિ જ ક્યાંથી હોય? એમ કહી તેણે તે વાત માન્ય કરી નહીં તેથી સંઘે તેને ગચ્છ બહાર કર્યો. આમ ગુરુના ઉપદેશને તોડું નહીં પણ માન્ય કરું.

## ૨૫૩. ગુરુનો અવિનય કરું નહીં.

સદ્ગુરુ ભગવંત જે કંઈ કહે તે મારા હિતને માટે જ હોય, એમ મનમાં રાખી ગુરુનો અવિનય કરું નહીં. મારા દોષો દૂર કરવા ગુરુ વઢે ત્યારે પણ પોતાના મનમાં વિચારું કે મારા હિતને માટે ગુરુને કેટલી તકલીફ વેઠવી પડે છે, એમ પોતાનો જ દોષ જોઉં.

**ઘડાનું દૃષ્ટાંત – ગુરુની કૃપા વડે ઘણાનું કલ્યાણ.** ઘડો આપણને ઉપદેશ આપે છે કે કુંભાર મને પ્રથમ માટીની ખાણમાંથી ખોદીને લાવ્યો. પછી પાણીથી પલાળી તેને ચોળીને પિંડ બનાવ્યો. પછી ચાક ઉપર ચઢાવી દંડ વડે ટીપીને મને ઘડાનો ઘાટ આપ્યો. ત્યારબાદ તડકે સૂકવી દઈ અગ્નિના ભઠ્ઠામાં મને પકાવ્યો. ત્યારે આજે લોકોને ઠંડક આપે એવું પાણી ભરવાને લાયક હું બન્યો છું. હવે મારા વડે લોકો ઠંડુ પાણી પીને આનંદ પામે છે.

તેમ ગુરુ ભગવંત પણ મને **સારણ, વારણ, ચોયણ** અને **પડિચોયણ** વડે ઘડીને તૈયાર કરે છે. માટે ગુરુનો અવિનય કદી કરું નહીં.

**સારણ** એટલે પ્રમાદને કારણે ધર્મ ભૂલી જતાં સંભારી આપવું. **વારણ** એટલે અનાચારમાં પ્રવર્તતા વારવા. **ચોયણ** એટલે ધર્મથી ભ્રષ્ટ થવારૂપ અકાર્યનું માઠું ફળ સમજાવવું તથા **પડિચોયણ** એટલે નિષ્ઠુર થયેલાને ધિક્કાર આપવા વડે સમજાવી તેનું હિત કરવું. એમ શ્રી ગુરુ શિષ્યને ઘડીને એવો તૈયાર કરે કે તે ઘણા લોકોને સત્માર્ગમાં વાળવા સમર્થ થાય, તથા શ્રી ગુરુનું નામ દિપાવી સત્ધર્મની પ્રભાવના કરે. (ઉ.પ્રા.ભા.ભાગ-૩ પૃ.૮૭ના આધારે)

શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુએ શ્રીમદ્ લઘુરાજ સ્વામીને ઘડીને એવા તૈયાર કર્યા કે તેમની છત્રછાયામાં તથા તેમની આજ્ઞાનુસાર ભક્તિક્રમ આરાધી ભવ્યજીવો આજે પણ પોતાનું કલ્યાણ સાધી રહ્યા છે. તેમજ પૂ.શ્રી બ્રહ્મચારીજીને પણ પ.પૂ.પ્રભુશ્રીજીએ અગિયાર વર્ષ ઘડીને તૈયાર કર્યાં હતા. જેથી ઘણા ભવ્ય જીવોને સત્માર્ગમાં વાળવા તેઓ પણ સમર્થ થયા.

**"ગુરુ કારીગર સારીખા, ટાંકી વચન વિચાર;**
**પત્થરસેં પ્રતિમા કરે, પૂજા લહે અપાર."** -આલોચનાદિપદ સંગ્રહ

**'મોક્ષમાળા પ્રવેશિકા' માંથી :–** "જીવિતની ઇચ્છાવાળો હોઈને સળગતા અગ્નિમાં પ્રવેશ કરે, કે મહા ઝેરી નાગને છંછેડે, કે હલાહલ વિષનું ભક્ષણ કરે, તેના જેવું ગુરુને અપ્રસન્ન કરનાર શિષ્યનું વર્તન છે. અરે! અગ્નિમાં પ્રવેશવા છતાં અગ્નિ ન બાળે, ઝેરી નાગ ચિડાવા છતાં ન કરડે, કે હલાહલ ખાવા છતાં પણ ન મરાય-એ બધું બનવું કદાચિત્ સંભવિત પણ છે; પરંતુ ગુરુની અવહેલના કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું એ તો અશક્ય વસ્તુ છે. આચાર્ય અપ્રસન્ન થાય તો બોધિનો જ નાશ થાય અને પરિણામે અનંત જન્મ-મરણ કરવાં પડે. માટે મોક્ષ-સુખાભિલાષીએ ગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.

અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિને નમસ્કાર કરે છે, તેમ અનંતજ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રુષા કરવી. જેની પાસેથી ધર્મપદો



શીખ્યા હોઈએ, તેના પ્રત્યે વિનયથી વર્તવું જોઈએ, તથા હમેશાં માથું નમાવી, હાથ જોડી, મન વાણી કાયાથી તેનો સત્કાર કરવો જોઈએ.

મુમુક્ષુ જીવને વિશુદ્ધ કરનાર લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય વગેરે ગુણોનો જે ગુરુ મને સતત ઉપદેશ આપે છે, તે ગુરુને હું પણ સતત પૂજું. જેમ રાત્રિ પૂરી થયા બાદ સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમ આચાર્ય પણ પોતાના શાસ્ત્રજ્ઞાનથી, ચારિત્રથી અને બુદ્ધિથી સંપૂર્ણ પદાર્થોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.

ગુરુસેવા બાબત આ બધા ઉપદેશો સાંભળીને મુમુક્ષુએ આચાર્યની પ્રમાદરહિતપણે શુશ્રુષા કરવી. તેમ કરનારો શિષ્ય અનેક ગુણોની આરાધના કરીને અંતે સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એમ હું કહું છું.'' (દશવૈકાલિક વિનય અધ્યયન) (મો.પ્ર.પૃ.૧૬૯)

**'યોગશાસ્ત્ર ભાષાંતર'માંથી :–** ગુરુને જોતાં જ ઊભા થઈ જવું, આવતાં સાંભળી સન્મુખ જવું, દૂરથી મસ્તકે હાથ જોડવા, બેસવાને પોતે આસન આપવું, ગુરુ બેઠા હોય ત્યાં સુધી પોતે આસન ઉપર ન બેસવું, ભક્તિથી વંદના તથા સેવા કરવી. અને ગુરુ આવ્યે છતે તેની પછાડી કેટલાંક પગલાં જવું તથા ગુરુ પાસે ધર્મ સાંભળવો, આ સર્વ ગુરુની ઉચિત આચરણા કહેવાય છે. (પૃ.૧૮૯)

**'ઉપદેશામૃત'માંથી :–**

**ચંડરુદ્રાચાર્યનું દૃષ્ટાંત –** એક ગામમાં એક જ્ઞાની મુનિ શિષ્યો સાથે પધાર્યા. મુનિનો સ્વભાવ ક્રોધી હોવાથી ક્રોધનું નિમિત્ત ન બને માટે પોતે દૂર એક ઝાડ નીચે જઈ બેઠા. સાંજના, હાથે મીંઢળ બાંધેલો એક યુવાન પરણીને મિત્રો સાથે મુનિના દર્શનાર્થે આવ્યો. મિત્રો મશ્કરા હોવાથી એક સાધુને કહ્યું : મહારાજ આને સાધુ કરો. સાધુઓએ એક પછી એક બતાવતાં મોટા ગુરુ મહારાજ પાસે ગયા. ત્યાં પણ વારંવાર દીક્ષાનો આગ્રહ કરતાં જોઈ ગુરુ ક્રોધે ભરાયા. એટલે તેમણે પેલા નવીન પરણેલાને પકડી વાળ ઉખાડી નાખી મુનિ બનાવ્યો. ત્યારે મિત્રો તો ભાગી ગયા. પછી નવીન પરણેલાએ મારા પર મહારાજે મોટી કૃપા કરી એમ માનીને ગુરુજીને જણાવ્યું કે હવે આપણે અહીંથી વિહાર કરવો ઉચિત છે. નહીં તો પરિષહ પડશે. આપનાથી ન ચલાય તો હું મારા ખભે બેસાડી લઈશ. એમ નક્કી કરી ખભે ઉપાડી પર્વત તરફ ચાલી નીકળ્યા. રાત પડી ગઈ તેથી જમીન પુરી દેખાતી નથી. ખાડા, પથરા વગેરેને લીધે પગ ખસે, હેલકારો આવે ત્યારે ગુરુજી તેના લોચ કરેલા માથામાં મારવા લાગ્યા. પણ શિષ્યના મનમાં ગુરુના દોષ ન વસ્યા. ઊલટું એમ વિચાર્યું કે હું કેવો અભાગિયો કે મારે લીધે ગુરુને વિહાર કરવો પડ્યો અને વૃદ્ધાવસ્થામાં તેમને આમ અડચણ વેઠવી પડે છે. ગુરુ તેના ઉપર ક્રોધ કરે કે શું દેખાતું નથી? કેમ આમ ચાલે છે? તેથી વધારે વાંકો વળી નીચે હાથથી ખાડા ટેકરા તપાસતો ધીમે ધીમે ચડવા લાગ્યો. એવામાં શિષ્યને એ પરિષહ સહન કરતાં કેવળજ્ઞાન ઊપજ્યું. તેથી હવે બરાબર ચાલતા જોઈ ગુરુએ પૂછ્યું : શું જ્ઞાન ઊપજ્યું? તેણે કહ્યું, આપના પસાયે. શું શ્રુતજ્ઞાન ઊપજ્યું? તેણે કહ્યું આપના પસાયે. એમ એક પછી એક પૂછતાં અંતે કહ્યું : શું કેવળજ્ઞાન ઊપજ્યું? તો કહે આપના પસાયે. એટલે ગુરુજી ખભા ઉપરથી નીચે ઊતરી પડ્યા અને તેને પગે પડી ક્ષમા માગવા લાગ્યા કે હે ભગવાન! મેં આપને ઘણું દુઃખ દીધું એમ પોતાની નિંદા કરવા લાગ્યા ત્યાં તો ગુરુજીને પણ કેવળજ્ઞાન પ્રગટ્યું.



૧
મિત્રો દ્વારા દીક્ષા આપવાની ભલામણ
ગુરુએ આપેલ દીક્ષા
૨
ચંડરુદ્રાચાર્ય
૩
શિષ્ય ઉપર ગુરુનો ક્રોધ, સમભાવ રાખવાથી થયેલ કેવળજ્ઞાન
શ્રી ગુરુને પશ્ચાતાપ, તેથી થયેલ કેવળજ્ઞાન
૪